[illegible]

भरत — भूमि.

# પ્રભુભક્તિ.

લેખક અને પ્રકાશકઃ—"મણિ"

તે

મણિભાઈ હરિભાઈ દેશાઈ.

નિવાસસ્થાન હાલર.

"It is easy in the world to live after the world's opinion; it is easy in solitude to live after our own; but the greatman is he who in the midst of the crowd keeps with perfect sweetness the independence of solitude."

—*Emerson.*


પ્રથમાવૃત્તિ. પ્રત ૭૦૦.

સંવત ૧૯૭૩. સને ૧૯૧૭.

મૂલ્ય રૂ. ૧—૦-૦.

निन्दन्तु नीतिनिपुणा यदिवास्तुवन्तु
लक्ष्मीःसमाविशतु गच्छतु वा यथेष्टम् ।
अथैव वा मरण मस्तु युगान्तरे वा
न्यायात्पथः प्रविचलन्तु पदं न धीराः ॥

भर्तृहरि.

ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટિંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપી.
સલાપોસ રોડ—અમદાવાદ.

# વિનય–પ્રસ્તાવ.

આ નૂતન સત્ય–માર્ગદર્શક અગમનિગમ અંતઃપ્રેરિત પુસ્તકને હૃદયના અભિપ્રાય અને આંતરના ઉત્સાહ સિવાય અન્ય કોઇ પણ પ્રકારની પ્રસ્તાવનાની આવશ્યકતા જણાતી નથી. વાસ્તવમાં એ પુસ્તક પોતેજ પ્રભુભક્તિની પ્રસ્તાવનારૂપ છે. વર્ષોના ખાલી અધ્યાસોના આભારે સંકુચિત થયેલા અંતરાત્માઓના વિકાસને ઉત્તેજિત કરી, પુસ્તકને સમજવું સ્હેલું કરી આપવાને માટે અને દીર્ઘકાળથી મર્યાદિત રહેલી આંખોને પુસ્તકના સત્યાર્થનો પ્રકાશ ઝટ પહોંચે એમ કરવાને માટે, તેમજ સરલતા અને સહેલાઇને માટે જો યત્કિંચિત અત્રે સહજ વિવેચન કરવામાં આવે તો વાચકવૃન્દ તેને "વિનય–પ્રસ્તાવ" ગણી લેશે.

સામાન્ય રીતે પ્રત્યેક પુસ્તક પોતેજ લેખકના વિચારોના પ્રસ્તાવરૂપ છે. સત્ય કહીએ તો, પુસ્તકો માત્ર એક પ્રકારના અધૂરા વિચારો છે. પુસ્તકના લેખકના દઢ થયેલા અનુભવજન્ય અને કંઇક અંતઃપ્રેરિત અતિસંયોગિક વિચારોના દશ્ય પરિણામે પ્રસ્તાવનારૂપ તેના વિચારો પુસ્તકરૂપે પ્રત્યક્ષ થઇ વ્યક્ત થાય છે. પુસ્તકોની હકિકતો ઉપરથી તો તેના ગ્રંથકારનું સત્ય, પૂર્ણ અને યથાર્થ ભાન વાચકને થઇ શકતું નથી. આ ધારણા કંઇક અંશે અવાસ્તવિક છે. પુસ્તકો કદિ પણ ગ્રંથકર્ત્તાના વિચારોનો સંપૂર્ણ ખ્યાલ આપી શકનાર નથી. **લેખકના વિચારો લેખક પોતેજ ઘણી સારી રીતે સમજે છે.** તેને તેના લખાણના એક શબ્દ માત્રથી પણ પૂર્વ વિચારસંકલના જાગૃત થાય છે. લેખકના પુસ્તકમાં હંમેશાં અપૂર્ણતા હોય છે, કેમકે કવિ પોતે પોતાના લખાણથી વધુ જાણે છે. મણિ કહે છે કેઃ—

Emerson knew more than his Essays.

" **એમર્સન** પોતાના **લેખો** કરતાં કંઇક વિશેષ જાણતો હતો."

સત્યની શોધને માટે દરેક વ્યક્તિ પુરુષાર્થ કરી રહી છે, અને તેમાં પ્રત્યેક કંઇક કંઇક વિશેષતા અને નવીનતા જણાવે છે. આ નૂતન ગ્રંથકર્ત્તાનો પણ આ પુસ્તક લખવામાં તેજ આશય ગુપ્ત રહ્યો છે. " આટલુંજ સત્ય છે, " એમ જણાવી મણિ સત્યને પરિમિત કરવા કોઇ પણ રીતે ઇચ્છતો નથી. તે તો સ્વતંત્રપણે જણાવે છે કે, સર્વજ સત્ય છે; અને આ પુસ્તક ફક્ત તેના અનુભવની થયેલ ઝાંખીનું પ્રથમ પ્રકટિકરણ છે. **વિશ્વમાં વ્યાપ્ત સર્વ દૃશ્ય અદૃશ્ય વસ્તુઓ સત્યજ છે;** માટે કહેવાનું અગર લખવાનું કશું પણ રહ્યું નથી; તથાપિ સનાતન સત્ય ( Universal Truth ) માંથી જેટલું અનુભવ સિદ્ધ સત્ય–પ્રતીત થયું છે, તેટલુંજ અત્રે દર્શાવવું ઉચિત ધારતાં જણાવ્યું છે. યુવાન મણિ અનુભવની સાથે સાથે આગળ વધે છે. આ પ્રથમ પ્રકટ થયેલું પુસ્તક પણ તેના અનુભવનુંજ પરિણામ છે. જેટલું સત્ય તેને અનુભવ સિદ્ધ થતું જાય છે, તેટલું તે પ્રસિદ્ધ કરે છે. અન્યને તે કદાપિ અસત્ય કહેતો નથી. ભેદ માત્ર એટલોજ છે કે, પોતાનાને તે અનુભવસિદ્ધ કરી, વર્ત્તનમાં ઉતારી, પછીથીજ સામાન્ય જનસમૂહ સમક્ષ પ્રસિદ્ધ કરે છે. હજી જેમ વર્ષોની સાથે અનુભવ આગળ વધશે, તેમ તે વિશેષ જણાવતો રહેશે.

**પ્રત્યેક વ્યકિતને પ્રતિપળે સત્યનો વિશેષ સાક્ષાત્કાર થતો જાય છે, પણ વર્ષોના ચાલુ અનુભવ પછી તે અધિક દૃઢ થાય છે.** આજ વાસ્તવિક અનુભવ સિદ્ધ સત્ય (self-experienced.) છે; અને તેજ આખરે સર્વમાન્ય થશે, અને થાય છે. **એમર્સન** અનુભવ વિષે લખતાં જણાવે છે કે;—

The years teach much which the days never know.

"વર્ષો ઘણું શિખવે છે કે જે દિવસો જાણી શકતા નથી."

સત્ય છે; તે એક છે. **एकं सत्** । જગતમાં વિદ્યમાન જણાતા સર્વે ધર્મો તે અપૂર્વ સત્યનો સાક્ષાત્કાર કરવાના ભિન્ન ભિન્ન માર્ગો છે. આમ્રફળ મિષ્ટ છે, એ એક સામાન્ય સત્ય થયું. તે સત્ય છેજ એ વાત નિઃસંદેહ ! પણ અનુભવ વગર તે આપણા માટે સત્ય નથી. જ્યાં સુધી તમોએ તે ચાખ્યું નથી, ત્યાં સુધી તે બિન અનુભવેલું મ્હોડા મ્હોડાનુંજ સત્ય છે. જ્યારે તેનો સ્વાદ લીધો અને તે મિષ્ટ છે એવી તમોને યથાર્થ પ્રતીતિ થઇ, ત્યારે તે સામાન્ય સત્ય અનુભવ-સિદ્ધ થયું કહેવાય. **સત્યને સત્ય તરીકે માત્ર ત્યારેજ કબુલ કરજો કે, જ્યારે તે તમારા અનુભવમાં આવે. કોઇના લખાણ અગર કથન ઉપરથી ઉછીનું લીધેલું સત્ય કદિ પણ તમારૂં પોતાનું થઇ શકે તેમ નથી.** તે વિષે અંતઃકરણમાં શંકા થયા કરે છે; અને શંકાનું પરિણામ આખરે વિનાશમાં આવે છે. આનો અનુભવ લેખકને ઘણી જગ્યાએ થયો છે. સત્યનો સાક્ષાત્કાર ( Self-Realisation ) એજ આત્મોન્નત્તિ અને પ્રભુભક્તિના ઉત્કર્ષનું રહસ્ય છે.

આથીજ મણિ સહૃદય જણાવે છે કે;-મ્હારૂં લખાણ સત્ય છે એમ વાંચવા માત્રથીજ, અનુભવમાં ઉતાર્યા વગર તેને સત્ય તરીકે માન્ય રાખશો નહિ. વિવેક બુદ્ધિથી તેને તપાસી જોજો, અનુભવથી તેને સિદ્ધ કરી જોજો અને પછી જો તમને એવું જ્ઞાન થાય કે, આ પણ સત્યનું એક ઝાંખું કિરણ છે, તોજ તેને સત્યના સામાન્ય પ્રકાશ તરીકે ગ્રહણ કરજો, એમાં કોઇ પણ પ્રકારનો જુલમ નથી. **અંતઃકરણ અંતઃકરણનો સાક્ષી છે.**

પ્રભુભક્તિનાં પુસ્તકોની કંઇ ગુર્જર, આંગ્લ, હિંદી, સંસ્કૃત આદિ કોઇ પણ ભાષામાં ખોટ છે એમ નથી, એટલે ફક્ત તે ખોટ પૂરી પાડવા માટેજ અગર તે ગણત્રીમાં વધારો કરવા અર્થેજ આ પુસ્તક લખાયલું નથી, પણ ઝાંખી થતી દિવ્ય પ્રકાશ પ્રસરાવનારી પ્રભુભક્તિની અનન્ય જ્યોતિને પુરાતન આવરણ અને ગાડરિયાપણાનું આચ્છાદન તથા અંધશ્રદ્ધાના ઘનતિમિરથી મુક્ત કરી જાગૃત અને ઉત્તેજિત કરી પુનઃ પ્રકાશમાં લાવવાજ ગ્રંથકર્ત્તાએ પ્રયાસ કર્યો છે. આવરણોનો જ્યાં સુધી નાશ ન થાય ત્યાં સુધી પ્રકાશનો સાક્ષાત્કાર અસંભવિત છે. દીર્ઘકાલથી મતભેદોવડે આચ્છાદિત થયેલી પ્રભુભક્તિ-જ્યોતિના પુનઃ પ્રકાશન અર્થેજ આ પરિશ્રમ લેવામાં આવ્યો છે, તો વિવેકીવાચક મતાગ્રહથી પ્રેરાઇ એકદર્શી ન થતાં વિશાળતાથી સત્યાસત્યનો નિર્ણય પોતેજ કરી લેશે.

પ્રિય વાચકવૃન્દે એ ધ્યાનમાં રાખવું જોઇએ કે, મણિનું સર્વ લખાણ વિશાળતા (Universality) ના ઉચ્ચ ઉદ્દેશ ઉપર અવલંબેલું છે. **ધર્મો, સંપ્રદાયો અને પંથો તો માત્ર એકજ લક્ષ્યબિંદુએ પહોંચવાના ભિન્ન ભિન્ન માર્ગો છે.** મને તો સર્વ ધર્મો સરખાજ છે. એના સંપૂર્ણ સ્પષ્ટિકરણને માટે આકૃતિ પહેલી અને બીજી બરોબર ધ્યાનમા રાખવી.

**"ભકિતના ભિન્ન ભિન્ન પ્રકારો"** નામના લેખમાં ગ્રંથકારે વિશાળતાની ઉચ્ચ ભૂમિકાની કંઇક ઝાંખી વાચકવૃન્દને કરવવા અલ્પ પ્રયાસ કર્યો છે, તેની યોગ્યતાનો ન્યાય વાચકવૃન્દનું હૃદયજ કરશે.

"પ્રભુભક્તિ" નો અર્થ હાલમાં જેવા રુપમાં સમજવામાં આવે છે, તેવા રૂપમાં લઇને ગ્રંથકર્ત્તા તેની વિશાળતાને સંકુચિત કરતો નથી. વિશાળતા એ મણિનો મુદ્રા લેખ છે.

"પ્રભુભક્તિ" અને "પ્રભુભકત" શબ્દોનો પુસ્તકમાં ઠેક ઠેકાણે

કરવામાં આવેલો પ્રયોગ દ્વીઅર્થી છે. કેટલીક જગ્યાએ "પ્રભુભકત" એટલે "સત્ય-શોધક કિંવા સત્યનો ઉપાસક," એવો અર્થ ધ્યાનમાં લઇ લખવામાં આવ્યું છે; અને કેટલીક જગ્યાએ તેનો સામાન્ય અર્થ " કોઇક અનંત શકિત કિંવા પ્રભુનો ઉપાસક અથવા ભકત" એવો કર્યો છે. વળી "પ્રભુભકિત" એટલે " સત્ય-શોધ કિંવા સત્ય પ્રતિનો પ્રેમ" એમ પણ લેવામાં આવ્યું છે અને બીજી રીતે "પ્રભુભકિત" એટલે "કોઇક સનાતન શક્તિની ઉપાસના કિંવા ઇશ્વરની પ્રાર્થના" એમ પણ અર્થ કર્યો છે આથી યથાનુકૂળ જે અર્થ વ્યાજબી હોય તેજ અર્થમાં તે શબ્દનો ભાવ સમજવો, એમ ન કરતાં જો બન્ને અર્થમાં તે ઘટાવવો હોય તો તેમ પણ બની શકશે. તેમ કરતાં થોડી સૂક્ષ્મબુદ્ધિનો ઉપયોગ કરવો પડશે.

" પ્રભુભકિતનું આધુનિક સ્વરુપ " એ વિષયમાં ઉકત શબ્દોના પ્રયોગો સમ-વિષમ કર્યા છે, તો ત્યાં જરા ધ્યાન આપી વાંચવુ.

વેદાન્ત અને પ્રભુભકિત તેમજ નાસિકતા અને આસિકતા આ સર્વે વિરુદ્ધ દેખાતા અભેદતાના બાહ્ય ભેદો કેવી વિચિત્ર રીતે ઐકયનો સાક્ષાત્કાર કરે છે, તેને લગતી કેટલીક હકીકતો ટુંકમાં આગળ ઉપર જણાવી છે. વિશ્વદષ્ટિની સાથેજ આ સર્વ ભેદ માત્રો પ્રભાતના ઝાકળની માફક ઉડી જાય છે.

" **વેદાન્ત અને પ્રભુભકિત** " ના ચતુર્થ લેખમાં પ્રભુભકિત અને વેદાન્તના મુદ્દાઓને સ્પષ્ટ કરી તેઓની ઐકયતા દર્શાવી છે. પ્રભુભકિત એ સાધન છે જ્યારે વેદાન્ત એ સાધ્ય અવસ્થા છે. આ બન્ને વિષયો કેટલાકોને ભિન્ન જણાય છે પણ તેઓ કેવી રીતે સિદ્ધાંતોમાં ઐકય દર્શાવે છે તે ઉકત લેખની અંદર સ્પષ્ટ કરવામાં આવ્યું છે. પ્રભુભકિતની બે અવસ્થાઓની સામાન્યતા અને વેદાન્તની

અંતિમ અવસ્થાની વિશેષતા જૂદી જૂદી રીતે જણાવી છે તે વાચકને ઉકત લેખ વાંચતાં ધ્યાનમાં આવશે.

"**સ્વસ્વરુપ નિરુપણુ**" નો પાંચમો લેખ યોગ્ય જણાયાથી પાછળથી ઉમેરવામાં આવ્યો હતો. તેમાં મનુષ્યો કોણ છે? તે બાબતનું કેટલુંક જ્ઞાન આપ્યું છે. મનુષ્યનું સત્ય સ્વરુપ શું છે? તે એ લેખની અંદર આલેખવામાં આવ્યું છે. સત્યના જ્ઞાનની સાથે અજ્ઞાન કેવી રીતે દૂર થાય છે, તથા સત્ય જ્ઞાન શી રીતે પ્રાપ્ત કરાય તે બાબતનો કેટલોક ખુલાસો ઉકત લેખમાં કરવો વ્યાજબી ધાર્યો છે. આપણે સદા આનંદરુપ છીએ છતાં દુઃખી કેમ જણાઇએ છીએ તે માટેના પૂર્વના અભ્યાસનું યોગ્ય દર્શન કરાવતાં લેખકે પરાપૂર્વના ઘનતિમિરને સત્ય પ્રકાશથી દૂર કર્યું છે.

વાચક! આખું પુસ્તક જેમ લેખકને વિચારો આવતા ગયા તેમ લખાતું ગયું છે. વિચારોની સંકલના કોઇ પણ રીતે તુટે નહિ તે માટેની બનતી કાળજી રાખી છે; છતાં પણ જો કોઇક જગ્યાએ મણિ વિષયાન્તર થયો લાગતો હોય તો તે ફકત આગળના લખાણને વધુ સ્પષ્ટ સમજાવવાને માટે છે. જો પુસ્તકના વાંચન સમયે કોઈ વિચાર નવીન અગર વિરોધદર્શક લાગતો હોય તો તે ઉપર ખુબ મનન કરજો એટલે સ્પષ્ટ થશે કે, એ વિચાર બીજું કંઇજ નહિ પણ આંતર પ્રતિભાનું દિવ્ય કિરણ છે.

"પ્રકીર્ણ"ના મથાળા નીચે લખાયેલા છેલ્લા ( Sparks of the Eternal Light ) લેખમાં કેટલીક સામાન્ય હકીકતો જેમ વિચારો આવતા ગયા તેમ લખી છે. વિચાર સંકલનાનું સંધાન કદાચ ઉપર્યુક્ત કારણને લીધે યથાર્થ રહ્યું ન હોય તો તે ઉપર વાચક બરોબર મનન કરશે. આ પરિચ્છેદમાં આત્મિક પ્રતિભાના પ્રકાશના કેટલાંક તણખાંઓ ઉડયા છે. પ્રભુભક્તિના મૂળ લેખની સાથે ઉક્ત લેખને

કશો સંબંધ નથી, માત્ર સ્વતંત્ર અને અતઃપ્રેરિત ઉદ્‌ગારોનુંજ ઉદ્‌બોધન કરવા આ લેખમાં પ્રયત્ન કર્યો છે. આ સત્યના પ્રકાશના કિરણો જો વાચકના હૃદયને પહોંચશે તો લેખક પોતાને કૃતાર્થ થયો માનશે.

ગ્રન્થમાંના સર્વ વિષયો ગ્રંથકારે કંઇ ખાસ કોઇનો પક્ષ લઇને લખ્યા છે એમ નથી; તેઓ માત્ર સમતા અને સ્વતંત્રતાનો ઉદ્દેશ સાચવવા માટેજ લખ્યા છે. **કોઇ પણ ધર્મને ખોટા કરી નિંદવાનો આપણને કોઇ પણ રીતનો હક્ક નથી.** વેદાન્ત સનાતન, ક્રિશ્ચિયાનીટી, બૌદ્ધ, આર્યસમાજ એ કંઇ વિશ્વ બહારના ધર્મો નથી. વાસ્તવમાં તેઓ સર્વે એકજ માતા ( સનાતન અનંત સત્ય )ના પુત્રો છે, અને જે આ સ્થૂલ દૃષ્ટિથી ભેદ દેખાય છે એ માત્ર મતાભિમાન અને અંધ શ્રદ્ધાને આભારેજ ! **વિશ્વના સર્વ ધર્મો આપણાજ છે. તે ઉપર પ્રેમ રાખવો એ આપણો ધર્મ છે.**

આ પુસ્તક વાંચતી વખતે "પ્રભુભક્તિ" એટલે "નવરો હજામ પાટલા મૂંડે" તેમ "નવરાશના વખતનો આ કોઇ ઉદ્યોગ છે" એવો ભાવ તમારા મનમાં દાખલ થવા દેતા નહિ. પણ "નિવૃત્તિનાં સમયે સત્યની શોધ" એ ભાવના અંતઃકરણમાં દૃઢ કરજો. લેખકના વિચારોની સાથે માનસિક ઐકય અનુભવ્યા વગર તેના પુસ્તકની યથાર્થ સમજણ વાચકને પડતી નથી, તો પ્રથમ માર્ગભેદ મૂકી પછીથીજ આ પુસ્તકના વાચનમાં પ્રવૃત્ત થવા આ નૂતન સત્યશોધક ખાસ વિનંતિ કરે છે.

**"પ્રભુભક્તિનું આધુનિક સ્વરુપ"** એ સંજ્ઞાથી લખાયેલ તૃતીય લેખ એ શોધકના વર્ત્તમાન અને ચાલુ અનુભવનું સ્પષ્ટિકરણ છે. આધુનિક પ્રભુભકતોના સંસર્ગથી ઉદ્‌ભવ થયેલાં સ્વતઃ જ્ઞાનને કેટલાક ફેરફાર સાથે મણિએ ઉક્ત લેખમાં કંઇક સ્વતંત્ર રીતે પ્રદર્શિત કર્યું છે; તેમજ એજ લેખમાં કરેલા **"સાંપ્રત પ્રભુભક્તિનાં" કારણો** વિષ-

યનો ઉલ્લેખ ફક્ત હિંદુસ્તાનનેજ લાગુ પડી શકે તેમ છે; કેમકે લેખકે અદ્યાપિ બીજા દેશોનો જાતે અનુભવ લીધો નથી, તદપિ હિંદુસ્તાનના સામાન્ય ક્ષેત્રના નિરિક્ષણથી અર્વાચીન પ્રભુભક્તિનું પતિત સ્વરુપ સ્વાભાવિક રીતે વાચકના ધ્યાનમાં આવ્યા વિના રહેશે નહિ. તો આ અધઃપતનના પુનઃ ઉદ્ધાર અર્થે ગ્રંથકાર સહજ પ્રયાસ કરે તો તે અવાસ્તવિક, અસ્થાન અગર અકારણ નહિ કહેવાશે.

"**પ્રભુભક્તિ**"ની ભાષા ઉપર જો કદાચિત્ કોઇ સાહિત્યનો ઉપાસક કટાક્ષ કરે તો તેને ફક્ત એટલોજ જવાબ આપી શકાશે કે, પ્રભુને કાલા-ઘેલા હૃદયપ્રેરિત અર્થસૂચક શબ્દોજ વધુ પ્રિય અને આદરણિય છે, એટલે વાક્યરચના અને શબ્દ વ્યવસ્થાના કરતાં વિચારો ઉપરજ વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. તેમ છતાં પણ વ્યવહારમાં ઉપયોગી થઈ પડે તેવીજ ભાષા લખવા ગ્રંથકારે બનતો પ્રયત્ન કર્યો છે. મહાત્મા એમર્સન લખે છે કેઃ—

Literature looks like word-catching.

અર્થાત્-સાહિત્ય એ તો એક ખાલી શબ્દ પકડવાનોજ ધંધો છે.

શું "ભાષા!" ભાષા તો ફક્ત વિચારો આપ લે કરવાનુંજ સાધન છે. "પ્રભુભક્તિ"ના વિચારો તમે કોઇ પણ પ્રકારે જાણ્યા એટલામાંજ પ્રભુભક્તિની સર્વ ભાષા આવી ગઇ. લખાણમાં ભાષાનો મૂળ ઉદ્દેશ તેની સમજણને માટે ગમે તે રીતે સમજાવો જોઇએ. "જાઉં છું હું" એમ કહેવાથી પણ જો તમે મારા ચલનથી જ્ઞાત થાઓ તો પછી થઇ રહ્યું. આજ ભાષા! અને આજ તેનો ઉપયોગ!

ઉક્ત પુસ્તકમાં પ્રભુભક્તિના આધુનિક સમયમાં કેવા અર્થો થાય છે, હાલ પ્રભુભક્તિને કેટલું માન અપાય છે, તથા સત્ય પ્રભુભક્તિ શું છે ઇત્યાદિ અગત્યના સવાલોનું યથાર્થ સ્પષ્ટિકરણ કરી સત્ય પ્રભુપ્રેમ અને પ્રભુભક્તિની અત્યાવશ્યકતા અને અગત્યનું દિગ્દર્શન કરા-

વવા ગ્રંથકારે પોતાનું અનતું કર્યું છે. પ્રભુભક્તિથી મનુષ્ય કેવી રીતે ઉન્નત દશાએ પહોંચે છે તથા તેથી પ્રાપ્ત થતો પરમાનંદ કેરી રીતે સહેલાઇથી મેળવી શકાય તેમજ પ્રભુભક્તિના કેટલા અને કેવા પ્રકારો છે ઇત્યાદિ વિષયો અને મહત્વના સવાલોનું સ્ફૂટ વર્ણન આવતા પૃષ્ટાંકોમાં કર્યું છે.

કદાચિત્ કોઇક જગ્યાએ પ્રયોજકના વિચારો તદ્દન નવીન અને વિરોધાભાસક લાગશે, પણ તે સર્વ સત્ય અને ભિન્ન ભિન્ન અનુભવ તથા સ્વતંત્ર વિચારનું પરિણામ છે એમ જાણજો. વિવેક બુદ્ધિનો ઉપયોગ કરી જો તે વિચારો ઉપર સ્વતંત્ર રીતે વિચાર, મનન અને નિદધ્યાસન કરવામાં આવશે તો આ નૂતન પ્રકાશની તમોને સાહજિક ઝાંખી થશે. મણિનું આ સર્વ લખાણ અંતઃપ્રેરણા અને હૃદયોર્મિઓને અધીન છે. એટલે પુસ્તકમાં લખાણ માટેની આ સિવાયની અન્ય કોઈ પણ પ્રસ્તાવના લેખક આલેખી શકે તેમ નથી. તમારૂં શુદ્ધ બુદ્ધ હૃદયજ મણિના લખાણની પ્રસ્તાવના છે.

"પ્રભુભક્તિ"ની પ્રસ્તાવના કદિ પણ પૂરી થાય તેમ નથી. તેની પ્રસ્તાવના એ પણ તેનો એક લેખ છે. વાસ્તવમાં સત્ય અને સ્વાતંત્ર્યનો ઉપાસક શિશુ દિનમણિ હજી પ્રસ્તાવનારૂપે બહાર પ્રકાશમાં આવ્યોજ નથી. અજ્ઞાનનો અંધકાર હજી સુધી છે એટલે રાત્રિ પૂર્ણ થયે તે પ્રકાશશે.

દીર્ઘકાળથી પ્રસ્તાવનામાં સ્થિત થયેલા પ્રિય વાચકને "વિનય-પ્રસ્તાવ"થી મુક્ત કરી, પ્રભુભક્તિમાં પ્રવૃત્ત કરવા ઇચ્છી, વિચારોનું અમૃતપાન કરાવી, ટુંક વખત માટે અપરિચિત થવા ઇચ્છનાર—

હાલર-વલસાડ
તા. ૫-૫-૧૯૧૭. } આત્માનંદી 'મણિ.'



# सुमङ्गलम्



**ॐकारं बिंदुसंयुक्तं नित्यं ध्यायंति योगिनः ।**
**कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः ॥ १ ॥**

બિંદુસહિત જે ॐકારનું યોગી પુરુષો નિત્ય ધ્યાન ધરે છે તે કામ અને મોક્ષને આપનાર ॐકાર રુપ પરમાત્માને હું વારંવાર નમસ્કાર કરૂં છું.

**सर्व वेदान्तसिद्धांत गोचरं तमगोचरम् ।**
**गोविन्दं परमानन्दं सद्गुरुं प्रणतोस्म्यहम् ॥ २ ॥**

સામાન્યરીતે જાણી શકાય નહિ તેવા, પરંતુ વેદાન્તના સર્વ સિદ્ધાંતોથી જાણવા યોગ્ય, વેદવાણીનું રક્ષણ કરનારા, પરમ આનન્દમૂર્તિ એવા સદ્ગુરુને હું પ્રણામ કરૂં છું.

**आत्मैव तदिदं विश्वं सृज्यते सृजति प्रभुः ।**
**त्रायते त्राति विश्वात्मा ह्रियते हरतीश्वरः ॥ ३ ॥**

આ વિશ્વ સર્જાય છે અને તેને જે સર્જે છે, જે રક્ષાય છે, અને જે રક્ષે છે, જે સંહાર કરાય છે અને જે સંહાર કરે છે, તે સર્વ આત્માજ છે; અને તે આ જગત્‌ના આત્મા, ઈશ્વર, અને પ્રભુ છે.

**उपहरणं विभवानां संहरणं सकलदुरितजालस्य ।**

**उद्धरणं संसाराच्चरणं वः श्रेयसेऽस्तु विश्वपतेः ॥ ४ ॥**

વૈભવોને આપનારૂં, સકલ પાપની જાલને સંહારનારૂં અને સંસાર (સાગર) માંથી ઉદ્ધારનારૂં વિશ્વપતિનું ચરણારવિંદ તમારૂં કલ્યાણ કરો.

**सच्चिदानन्दरूपाय जगदङ्कुरहेतवे ।**

**सदोदिताय पूर्णाय नमोऽनन्ताय विष्णवे ॥ ५ ॥**

સચ્ચિદાનંદરુપવાળા, જગત્‌રુપ અંકુરના કારણ, સર્વદા અસ્તિત્વવાળા, પૂર્ણ અને અનંત પરમાત્માને મારા નમસ્કાર હો.

**योऽयं देहे चेष्टयितान्तः करणस्थः**

**सूर्ये चासौ तापयिता सोऽस्म्यहमेव ।**

**इत्यात्मैक्योपासनया यं विदुरीशं**

**तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ ६ ॥**

જે આ અંતઃકરણમાં રહેલો શરીરમાં ચેષ્ટા કરાવનાર છે, ને જે આ સૂર્યમાં તપાવનાર છે, તે હુંજ છું. આ પ્રમાણે આત્માના એકપણાની ઉપાસનાવડે જે ઈશ્વરને વિદ્વાનો જાણે છે, તે સંસારાંધકારનો વિનાશ કરનાર પ્રભુની હું સ્તુતિ કરૂં છું.

**दिव्यधुनीमकरन्दे परिमलपरिभोगसच्चिदानन्दे ।**

**श्रीपतिपदारविन्दे भवभयखेदच्छिदे वन्दे ॥ ७ ॥**

દેવનદીરૂપ પુષ્પ રસવાળાં, સચ્ચિદાનંદરૂપ સુગંધને પ્રસ-

જ્ઞતાવાળાં, અને સંસારના ભય તથા ખેદનો વિનાશ કરનારાં શ્રીપતિના ચરણુકમલને હું નમું છું.

**विज्ञानांशो यस्य सतः शक्त्यधिरूढो**
**बुद्धिर्बुद्ध्यत्यत्र बहिर्बोध्यपदार्थान् ।**
**नैवान्तस्थं बुद्ध्यति यं बोधयितारम्**
**तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ ८ ॥**

જે સદ્રુપ વિજ્ઞાનનો અંશ અવિદ્યામાં પ્રતિબિંબિત્ અહિં બુદ્ધિને તથા જાણુવા યોગ્ય બાહ્યપદાર્થોને જાણે છે, જે અંતરમાં રહેલા જાણુનારને બુદ્ધિ જાણુતી નથી, તે સંસારાંધકારનો વિનાશ કરનાર પ્રભુની હું સ્તુતિ કરૂં છું.

**ॐ द्यौः शान्तिरन्तारिक्ष ॐ शान्तिः पृथिवी शान्तिरापः**
**शान्तिरोषधयः शान्तिः सर्व ॐ शान्तिः शान्तिरेवः शान्तिः**
**सामाशान्तिरेधि—ॐ शान्तिः शान्तिः शान्तिर्ब्रह्म शान्तिः**

ॐ આકાશ શાન્ત થાઓ, અંતરિક્ષ શાન્ત થાઓ, પૃથ્વી શાન્ત થાઓ, જલ શાન્ત થાઓ, ઔષધિઓ (વનસ્પતિઓ) શાંત થાઓ, સર્વ શાન્ત થાઓ, સર્વત્ર શાન્તિજ શાન્તિ થાઓ, ॐ શાન્તિ થાઓ. શાંતિ થાઓ, શાંતિ થાઓ. હે બ્રહ્મ ! શાન્ત થાઓ. ॐ !

# વિષયાનુક્રમણિકા.

ॐ

# प्रभुभक्ति.

## ૧–પ્રભુભક્તિનું સત્યસ્વરૂપ.

असितगिरिसमं स्यात् कज्जलं सिंधुपात्रे
सुरतरुवरशाखा लेखिनी पत्रमुर्वी ।
लिखति यदि गृहीत्वा शारदा सर्वकालम्
तदपि तव गुणानामीश पारं न याति ॥ १ ॥

"**નીલ**ગિરિ પર્વત જેટલા કાજળના સંગ્રહની સાહી બનાવી હોય, સર્વે દેવતાઈ ઝાડોની કલમ બનાવી હોય, પૃથ્વીના પડ રૂપી કાગળ હોય, અને સર્વથી સરસમાં સરસ લખવાવાળી **સ**રસ્વતીદેવી સદાકાળ લખ્યાજ કરે, તોપણ હે ઈશ્વર! ત્હારા ગુણોનો પાર આવે નહિ." ૧.

જે આદ્ય શાન્તિ રહી વિશ્વ મહિં જ વ્યાપી,
ચૈતન્ય, બ્રહ્મ, રુપ, ગુણ, ગતિય આપી;
આ વિશ્વચક્ર ફરતું રહ્યું છે હજી જે,
નિર્માણ કાર્ય કરતાં સરવે ફરે છે;

તે શાન્ત અદૃશ્ય શક્તિ પ્રભુરુપ જાણો,
"છું શુદ્ધ તેજ રુપ હું" ચિત્ત એ પ્રમાણો.

પ્રભુભક્તિનું સત્યસ્વરૂપ શું? આવા એક અગત્યના સવાલને તપાસવાને માટે પ્રથમ તો આપણે પ્રભુભક્તિ શું, તે બાબત વિચાર કરવો જરૂરનો છે; કેમકે કેટલીક વખત પ્રભુભક્તિનો સત્યાર્થ ન સમજવાથી સાંપ્રતકાળમાં ઘણીક જગ્યાએ મહાન્ અનર્થો થતા જણાય છે, અને તે અજ્ઞાનના પરિણામે સામાન્ય રીતે ભક્તિના ઉચ્ચ ઉદ્દેશને અનિશ્ચિત માની ત્યજવામાં આવે છે. આ કેટલું વિચિત્ર! આવી રીતે પ્રભુભક્તિના વાસ્તવ અર્થના અભાવે કેટલા ગેરફાયદાઓ વર્ત્તમાન સમયમાં પ્રત્યક્ષ થાય છે, તે તો હાલ વધી ગયેલી સ્વાર્થપરાયણતા અને અધમતા તપાસતાં વાચકને સહજ પ્રત્યક્ષ થશે.

"પ્રભુ" એ શબ્દ-સંજ્ઞાથી આપણે દુનિયાથી પર એવી કોઈક અદૃશ્ય અને અંનન્ત સનાતન વસ્તુની મનઃકલ્પના કરીએ છીએ, અને તે અનાદ્યન્ત શક્તિથી આ સકળ વિશ્વ, ચરાચર જગત્ અને અખીલ બ્રહ્માંડ નિયમિત રીતે ચાલે છે, એવી ઝાંખી અટકળ કરી શકીએ છીએ. દુનિયામાં સર્વત્ર પ્રવૃતેલી એક અનન્ત અને અપૂર્વ શક્તિ કે જેને કેટલાકો કુદરત (Nature) કહે છે, કેટલાકો ગતિ (Motion) કહે છે, કેટલાકો બ્રહ્મ કહે છે, કેટલાકો ખુદા કહે છે, કેટલાકો 'ગાડ' (God) કહે છે તેનેજ આપણે "પ્રભુ" એવા સાંકેતિક શબ્દથી

સંબોધીએ છીએ. "પ્રભુ" એવો સામાન્ય શબ્દોદ્‌ગાર થતાંની સાથેજ આપણને આપણાથી વિશેષ ઉન્નત, ઉચ્ચ અને ઉત્તમ એવી કોઇક અલૌકિક સનાતન શક્તિનો સામાન્ય ખ્યાલ આવે છે. તત્પશ્ચાત્ આ મર્યાદિત જણાતી ભાવનાને હજુ વધુ લંબાવી સમર્થ, સર્વજ્ઞ, અંતર્યામિ, નિરાકાર, સર્વોત્તમ, નિરંજનાદિ વિશેષણો લગાડી તે અપૂર્વ શક્તિની વિશેષતા અને દિવ્યતામાં અભિવૃદ્ધિ કરીએ છીએ. અર્થાત્ "પ્રભુ" શબ્દના ભાવમાં માનવ કલ્પનાથી થઈ શકતો બનતો વધારો કરવા વિવિધ પ્રકારે પ્રયત્ન કરીએ છીએ, અને આ રીતે પ્રભુની ઉચ્ચત્તર સ્થિતિની સર્વોત્તમતા કયા પ્રકારે ઘણી સારી રીતે દર્શાવાય તેમ કરવા અલ્પ-સ્વલ્પ પ્રયાસ કરીએ છીએ.

ટુંકમાં કહીએ તો, **સર્વોપરી અને કલ્પનાથી પણ પર એવી કોઈક પરોક્ષ, સમર્થ અને અનન્ત સત્તા-શક્તિ અથવા ગતિને આપણે પ્રભુની સંજ્ઞાથી ઓળખીએ છીએ.** પ્રભુને બીજા શબ્દમાં આપણે ઈશ્વર પણ કહીએ છીએ. આ "પ્રભુ" શબ્દની એક સામાન્ય વ્યાખ્યા થઈ.

## [ ભક્તિ એટલે શું ? ]

એ વિષે નિર્ણય કરીએ. વાસ્તવમાં ભક્તિનો ટુંકો અર્થ આંતરભાવ કિંવા વૈશેષિક ( Super-natural ) પ્રેમ એવો થાય છે. "અમૂક ચીજ પ્રત્યે મ્હને ભકિત છે," એમ કહેવામાં તમારો આશય એવો છે કે, તે ચીજ તમોને અતિ પ્રિય છે; અર્થાત્ તે ચીજ પ્રત્યે તમે વિશુદ્ધ પ્રેમ રાખો છો. **અનન્ય અને અદ્વિતીય પ્રેમ એજ સત્યભકિત છે. "ભક્તિ"**

શબ્દનો કદાપિ પણ એવો અર્થ થતો નથી કે;-(૧) ભકિત કરનાર મનુષ્ય પોતે તદ્દનજ અધમ હોય, તે જેની ભકિત કરે છે તે અંતિમ સાધ્ય વસ્તુ (તમારાથી કદિ પણ કલ્પી ન શકાય તેટલી) વિશેષ ઉત્તમ છે; (૨) અથવા તો હદથી પણ અત્યંત દીનતા બતાવી, તે ઇષ્ટ વસ્તુને અધમ રીતે આજીજી કરી તેના વિશુદ્ધ પ્રેમને પ્રાપ્ત કરવાને માટે 'હું પાપી છું,'* કહી તૃણ-વત્ થઇ જવું.

## [ ભક્તિ (પ્રેમ) કોની વચ્ચે હોઇ શકે ? ]

જ્યાં અધિકાર (Authority) નો ભાવ છે, ત્યાં પ્રેમની ન્યૂનતા સ્વાભાવિકજ રહે છે; કેમકે અધિકાર ભાવમાં વિનય, વિવેક અને મર્યાદા સાચવવાં પડે છે. એટલુંજ નહિ પણ એ બે ભિન્ન અને ઉચ્ચ-નીચ સ્થિતિના પાત્રો વચ્ચે અભેદ ભાવ-નામય શુદ્ધ પ્રેમ સંભવતો પણ નથી. તેમ છતાં જો કદાચિત્ તે કોઇ સ્થળે દૃશ્ય થતો હોય તો તે ફકત બાહ્ય આડંબરનું જ સ્વરુપ છે. કેમકે ત્યાં ભેદભાવ રહ્યો છે. આથી પ્રતિત થાય છે કે, **ભેદભાવ રહિત જ્યાં યોગ્ય સમાનતા છે, ત્યાંજ સત્ય પ્રેમ હોઈ શકે.**

બે મિત્રોની વચ્ચે વાસ્તવ પ્રેમ અને મિત્રતા ઉદિત થવાનું મૂળ કારણ, ગુરુ અને શિષ્ય વચ્ચે શુદ્ધભાવ ઉત્પન્ન થવાનું કારણ તેમજ સમાન સ્થિતિના સ્ત્રી અને પુરુષ વચ્ચેના સત્ય પ્રેમ અને ભકિતનું મુખ્ય કારણ દરેક સ્થળે ભિન્ન હોય અન્તે ઐક્ય અને સમાનતા દર્શાવે છે. મિત્રો વચ્ચે અકથ્ય પ્રેમ થવામાં

---

* पापोहं पापकर्माहं पापात्मा पाप संभवः (લૌકિક.)

વિચારોની એકતા મુખ્ય છે. ગુરુ-શિષ્યના અનન્યભાવમાં એક માર્ગ અને સત્યની શોધ મૂળ છે, અને સ્ત્રી-પુરુષના નિર્મળ પ્રેમમાં સમાનતા અને સુખની ઐક્ય પામેલી મહત્વાકાંક્ષા ઘણે અંશે કારણભૂત છે. વધુ સ્પષ્ટ શબ્દમાં કહીએ તો, **કોઇ પણ પ્રકારની સમાનતા** (Equality) **અને એકતા** (Oneness) **સિવાય ભાવ, પ્રેમ અગર ભક્તિ સંભવિત નથી.**

આથી એટલું તો સ્પષ્ટ થશે કે, કેટલીક વખત શુદ્ધભાવ ઉત્પન્ન થવામાં (તે મનુષ્ય કે જેના ઉપર આપણને ભાવ થયો હોય છે) તેવા થવાની ભાવી ઉમેદ અગર તીવ્ર ઇચ્છા (Strong Desire) મુખ્યત્વે કારણભૂત હોય છે. જેવી રીતે કોઇક બલિષ્ટ મલ્લને જોઇ તમો તેના જેવા મલ્લ થવાની ઇચ્છા કરો છો, કોઇક પૈસાદારને જોઇ, તમો તેના જેવા દ્રવ્યવાન થવાની આકાંક્ષા રાખો છો, તેમજ કોઇક સદ્‌ગુણીને જોઇ, તમો તેના જેવા સદાચારી થવાની ઇચ્છા ધરાવો છો, તેવી રીતે **તે વસ્તુરૂપ બનવાને માટે, તમો તે વસ્તુની ભક્તિ કરો છો.** આ અનુભવસિદ્ધ સત્ય તમે જાણો કે ન જાણો, તો પણ અદૃશ્ય રીતે તે તમારા હૃદયમાં સ્થાપિત છે એ વાત નિઃસંદેહ! પૂર્ણ કાળજી સાથે જો વિવેકબુદ્ધિથી તમારા અંતઃકરણને તપાસવામાં આવે, તો તમને સત્વર પ્રત્યક્ષ થશે કે, આ અવ્યક્ત ભાવના તમારા હૃદયનાં ઉંડાણમાં કેટલી પ્રબળ રીતે છૂપાઈ રહી છે. મલ્લને તમે માન આપો છો, પૈસાદારની તમે પ્રશંસા કરો છો અને સદ્‌ગુણીની તમે ભક્તિ કરો છો, એ સર્વ શા માટે? એમાં મૂળ કારણ એ છે કે, તમો તેવી ઉચ્ચ શક્તિઓ (શારીરિક, વ્યાવહારિક અને નૈતિક) મેળવી તેવા

બની સર્વ રીતે પૂર્ણ થવા ઇચ્છો છો, એટલે ખરી રીતે તમે તે માણસને પૂજતા નથી, પણ તેનામાં છૂપી રહેલી (Latent) અદ્ભૂત અને પ્રશંસનીય શકિતઓ કે જેને તમે તમારામાં ગ્રહણ કરી પ્રકાશિત કરવા માગો છો, તેનેજ પૂજો છો. મહાત્મા એમર્સન જણાવે છે કે:—

We honour the rich, because they have externally the freedom, power, and grace which we feel to be proper to man, proper to us.

"આપણે પૈસાદારને માન આપીએ છીએ, કેમકે તેઓ પાસે બાહ્ય રીતે સ્વતંત્રતા, અધિકાર અને પ્રભાવ છે કે જે આપણે મનુષ્યત્વ માટે, બલ્કે આપણા પોતાને માટે યોગ્ય છે એમ ગણીએ છીએ."

હવે "**પ્રભુ**" અને "**ભકિત**" એ બન્ને શબ્દના અર્થો તો સ્પષ્ટ થયા. એટલે પ્રભુભકિતનો સામાન્ય અને સત્ય અર્થ સમજવો રહેલો થઇ ગયો. તેની સાથેજ 'પ્રભુભકિત'નું સત્ય-સ્વરૂપ પણ તમારા ધ્યાનમાં કિંચિત્ આવ્યું; એટલે હવે તો ભકિતના ઉપર દર્શાવેલા જૂદા જૂદા અર્થો લઇ આપણે પ્રભુ-ભકિતની તુલના અને તેના યથાર્થ સ્વરુપનો વિચાર કરીએ.

## [ પ્રભુભક્ત ( સત્યનો ઉપાસક ) કોણ નથી ? ]

"પ્રભુભક્તિ" એટલે સત્ય કિંવા સત્ય–શોધપ્રતિ પ્રેમ અને તેને લઇને પ્રત્યક્ષ થતાં સર્વ પ્રકારનાં વ્યાવહારિક કાર્યો એ સર્વે એક પ્રકારની પ્રભુભક્તિજ છે !

સત્યની શોધમાં ભ્રમણ કરતાં મનુષ્ય માત્ર તેમજ તેની સાથે ઉન્નતિક્રમમાં આગળ વધતાં સર્વ પ્રકારનાં પ્રાણીઓ અને

વાણીથી વિમુખ પણ મૌનમાં એકલીન કિંવા તદ્રુપ બનેલાં સર્વ કુદરત પ્રેમી વૃક્ષો, આ સર્વ પ્રભુની-**સત્યની** એકરૂપે અનન્ય ભક્તિ કરી રહ્યાં છે. પ્રભુભક્ત કોણ નથી ? સત્ય-શોધક સર્વ છે, અણુ અણુ અને પરમાણુઓ પણ અદ્વિતીય પ્રભુભકતો છે. ઝેપલીનનો શોધક જર્મન વૈજ્ઞાનિક તેમજ ફોનોગ્રાફ આદિ વાજિંત્રોના ઉત્પાદક અમેરીકન એડિસન જેવા સર્વ સત્યશોધકો એક રીતે પ્રભુભકતોજ છે.

**॥ श्रद्धा भक्ति योगाद् वेहि ॥**

केवल्योपनिषद.

## [ પ્રભુભક્તિ કયારે હોઇ શકે ? ]

જો પ્રભુને આપણે આપણાથી પર એવી અધિકાર ભોગ-વતી કોઇક સમર્થ અને અનન્ત શક્તિ માનીએ તો તે ઠીક છે, પણ તેનાથી આપણે ઘણાજ અધમ અને નીચા છીએ, એમ ગણી તેની પ્રાર્થના અથવા ભક્તિ ભિન્નભાવથી કરવા માગીએ તો ત્યાં ઉપરીપણાનો ભેદ રહે છે અને તેથી અધિકાર વિષેના વિચા-રને કારણે અનાવશ્યક સંકોચ થાય છે. એટલે વિનય અને વિવેકનો સહજ બહારનો આડંબર આવતાં સત્ય પ્રેમભક્તિમાં સ્વાભાવિક ન્યૂનતા દાખલ થાય છે. **સત્ય પ્રભુભકિત અર્થે પ્રથમ ભેદ રહિતપણા** ( Non-Distinction ) **ની અત્યાવશ્યકતા છે. પ્રેમમાં વિવેક એ પ્રેમની એક પ્રકારની ન્યૂનતા છે.**

પ્રેમ વિનયને જાણતો નથી, પ્રેમ મર્યાદા શીખ્યો નથી, પ્રેમ વિવેકથી બાધિત નથી, પણ પ્રેમ-સત્યપ્રેમ-શુદ્ધ પ્રેમ

મસ્તીને ઓળખે છે.

પ્રભુપ્રેમમાં ઉન્મત્ત થયેલી રાધિકાજી શ્રી કૃષ્ણને પુષ્પહાર પ્હેરાવવા ગઈ; પણ દૂરથી તેને જોતાંજ તે પ્રેમને લીધે વિનયને ભૂલી એટલે નિકટ આવતાં તે કૃષ્ણને કંઠે વળગી પડી. સુમનમાળાને કંઠારોપણ કરવાનું સ્વાભાવિક રીતે ભૂલી ગઇ. આ પણ પ્રેમની પરાકાષ્ઠા !

વિદુરજીની સ્ત્રી પારસિત્ર પ્રભુ પ્રેમમાં અંધ બની મર્યાદાને ભૂલી; વસ્ત્રો દૂર મૂકી નગ્ન સ્નાન કરવા બેઠી હતી, તે વખતે પ્રભુને ઘેર પધાર્યા જાણી, ' પોતે વસ્ત્ર રહિત છે ' એ વાત તદ્દન ભૂલી જઈ શ્રી કૃષ્ણભગવાનનો સત્કાર કરવા તેજ સ્થિતિમાં દ્વાર તરફ દોડી ગઇ. 'ભગવાન્ ભૂખ્યા હશે,' એમ ધારી તેમના ભોજન માટે થોડાંક કેળાઓ લઈ આવી અને હર્ષ સહિત પ્રાશન કરાવવા સ્હામે બેઠી. પ્રેમ નીશામાં મસ્ત બનેલી તે નારીએ શ્રીકૃષ્ણ પ્રભુને કેળાંમાંનો ગર્ભ દૂર નાંખી છાલો આપવા માંડી. પ્રેમમાં ' પ્રભુને પોતે શું આપે છે ' તે બાબતનો તેને સહજ પણ વિવેક રહ્યો નહિ. અને શ્રીકૃષ્ણભગવાન્ પણ તે કેળાંની છાલો પૂર્ણ પ્રેમથી આરોગવા લાગ્યા. એટલામાં બહાર ગયેલા વિદુરજી ઘરમાં આવી પહોંચ્યા, તેને આ જોઇને ઘણું જ આશ્ચર્ય લાગ્યું. એટલે પોતાની સ્ત્રીને તેની સત્ય સ્થિતિથી જ્ઞાત કરી. પછી વિદુરજી વિનયથી ખવડાવવા બેઠા. પણ વિનય અને વિવેકમાં પ્રભુને અપૂર્ણતા જણાઇ, તેથી વિદુરજીને ઉદ્દેશી કહ્યું કે:—" તમારા આ વિનયથી આપેલો કેળાંનો ગર્ભ મ્હને તમારી સ્ત્રીના ભાવથી આપેલા કેળાંની છાલ જેટલો પણ સ્વાદિષ્ટ લાગતો નથી." જૂઓ ! આ સત્ય પ્રેમ ! એમાં કયાં

રહ્યો વિનય અને ક્યાં રહ્યો વિવેક ! !

**પ્રભુગૌરાઙ્ગ** શું ઈશ્વર સાથે કોઇ પણ પ્રકારનો ભેદ રાખી ભક્તિ કરતા હતા ? જો તેમજ હોત તો તેમના પ્રેમપૂર્ણ ચક્ષુઓમાંથી અશ્રુધારાઓ અસ્ખલિતપણે વહેત નહિ. એટલુંજ નહિ પણ કૃષ્ણપરમાત્મા સાથે તેમની એકતા પણ ન થાત. વસ્તુતઃ તેઓમાં પ્રભુ સાથે અણુમાત્ર પણ જૂદાઇ હતી નહિ. એજ સત્ય પ્રેમ છે, અને એજ સત્ય પ્રભુભકિત છે ! શું તેઓ ( શ્રી ગૌર મહાપ્રભુ ) ઈશ્વર સાથે જોઇતી મર્યાદા, વિવેક અથવા વિનયથી વર્ત્તવાનો પ્રયત્ન કરતા હતા ? શું તેઓ ઉભયની અંદર યોગ કિંવા ભકિત સમયે અધિકાર અથવા દીનતાનો કિંચિત્ પણ ભેદભાવ રહ્યો હતો ? જો આમ વિનયનો ભાવ તેઓમાં હોત તો મસ્ત થઈ પોતાની સ્થિતિ ભૂલી કદાપિ તેઓ નૃત્ય કરત ખરા કે ? અને પ્રભુ સમક્ષ બેશુદ્ધ થઇ ઐક્ય પામી કહેવાતી મર્યાદા વિરુદ્ધ વચનોનું ઉચ્ચારણ સરખું પણ કરત કે ? નહિ ! નહિ ! ! તેઓમાં ભેદભાવનો સહજ પણ અંશ રહ્યો ન્હોતો. તેઓ પ્રભુ સાથે પ્રેમથી વાતો કરતા હતા. આથીજ તેઓનો પ્રેમ વધુ પ્રશંસનીય, આકર્ષક અને આદર્શરૂપ થઇ પડયો હતો.

વાચક ! સત્ય પ્રભુ ભક્તિ પણ આવીજ હોવી જોઇએ. પણ એ સદ્‌ભક્તિ સમાનતા સિવાય સંભવતી નથી. જો આપણે અધિકારનો ભેદ રાખી, પ્રભુ સાથે આંતરિક ભિન્નતા રાખી વિનય અને મર્યાદા જાળવી અભેદભાવનાયુક્ત ભક્તિ કરવા જઇએ તો અવશ્યમેવ તે ભક્તિમાં ન્યૂનતા આવ્યા વિના રહેશે નહિ. માટે ભેદ રહિત થાઓ તોજ ભક્તિ ફળશે. **અભે-**

**દતા અનુભવી-સત્યનો સાક્ષાત્કાર કરવો એજ આ માનવદેહનું અંતિમ લક્ષ્યબિન્દુ છે.**

## [ પ્રભુભક્તિની આવશ્યકતા ? ]

આપણા ઉપર કોઈક સમર્થ અને સર્વ શકિતમાન્ તથા સર્વજ્ઞ અને સર્વવ્યાપક (Omnipresent) એવી અનન્ત અને અદ્‌ભૂત શકિત પોતાના અલૌકિક બળના આધારે અધિકાર ભોગવી રહી છે. એટલે એ શકિત કે જેની ઇચ્છા માત્રથી એક પળની અંદર હજારો બ્રહ્માંડો ખડાં થઈ જાય છે અને કરોડોનો પ્રલય થઇ જાય છે; જેના હુકમથી સૂર્ય પ્રકાશે છે અને ચંદ્ર તેજ આપે છે; જેની આજ્ઞાથી વાયુ વહન કરી રહ્યો છે અને સકળ વિશ્વ ગતિમાન્ છે, જેના આદેશથી રાત્રિ-દિવસ પોતાના નિર્માણ કાળે ફેરવાયા કરે છે અને ચ્હડતી પડતી ચાલી જાય છે; આવી એક કલ્પનાથી પર એવી શકિતને-આત્માને-પુરૂષને આપણે પુરુષોત્તમ કહીએ છીએ અને તેનીજ ભકિત યથાર્થ છે.

કેટલાકો આ અવર્ણનીય અને અનિર્વાચ્ય એવી પોતાના ઉપર સરસાઇ ભોગવતી પરાત્પર શકિત-પ્રભુની ભકિત કરી તેના ફળરૂપે પોતે સુખી થવાની ઇચ્છા રાખે છે. અને તેટલામાંજ તેની આવશ્યકતા સમાઇ ગઇ એમ માને છે. કેટલાકો પ્રભુભકિતની આવશ્યકતા તેના કૃપાકટાક્ષ અને અમીદૃષ્ટિમાંજ આવી ગયેલી ગણે છે, કેટલાકો આવી અલૌકિક શકિતના કોઈપણ પ્રકારના રોષના નિવારણ અર્થેજ ભકિત કરતાં માલમ પડે છે, જ્યારે કેટલાકો માત્ર મોક્ષ મેળવવાની અભિલાષામાંજ પ્રભુભકિતની આવશ્યકતાને સંકુચિત કરે છે.

આ પ્રમાણે પ્રભુભક્તિની આવશ્યકતા માટે ભિન્નભિન્ન વિચારો ચાલી રહ્યા છે તથા જૂદા જૂદા ધર્મોદ્વારા એજ વિચારને સ્થાપિત કર્યો છે, પણ હાલ મણિ પ્રભુભકતના અગત્યનું એક એવું કારણ આપવા માગે છે કે જે સામાન્ય મત વિરૂદ્ધ જણાતું હોઈ સર્વાંશે સત્ય છે; તો વિવેકી વાચક ગાડરીઆ પ્રવાહના સામાન્ય મતમાં ન ઘસડાતાં વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી તેના સત્યાસત્યનો નિર્ણય પોતેજ અંતકરણની સહાયથી કરી લેશે.

મોક્ષની ઇચ્છા એ કંઈ પ્રભુભક્તિનું સત્ય અને વાસ્તવિક કારણ નથી, સુખની વાંચ્છા એ પણ પ્રભુભક્તિનું મૂળ નથી. તેમજ અચ્યુત પ્રભુની કૃપાદૃષ્ટિ એ કંઇ પ્રભુભક્તિના અગ્રગણ્ય કારણોમાં મુખ્ય નથી. શુદ્ધ અને સાત્વિક પ્રેમ કિંવા તેનાથી પ્રાપ્ત થતો **પરમાનન્દ એજ પ્રભુભક્તિનું સત્ય રહસ્ય** છે.

## [ પ્રભુભક્તિનું વાસ્તવ કારણ શું ? ]

આજે મણિ એક એવા અગત્યના સિદ્ધાન્તનું પ્રકટિકરણ કરવા ઇચ્છે છે કે જે કિંચિત્ શાન્તિ, ધૈર્ય–વિવેકબુદ્ધિ કિંવા સર્વદર્શીપણા વગર સંપૂર્ણપણે સમજવું અતિ કઠિણ છે.

**પ્રભુભક્તિમાં પ્રભુરૂપ બનવાની મહત્વાકાક્ષા એજ મૂળ ઉદ્દેશ છે.**

આજ મણિનો ટુંકો સિદ્ધાન્ત છે. આમાં કશું પણ નવીન નથી. એ તો સનાતન સત્ય હતુંજ, પણ મણિએ તેને વિશેષ સ્ફૂટ શબ્દોમાં કહ્યું. ભેદ માત્ર એટલોજ !

જો આ સિદ્ધાન્તને સરલતાથી તપાસી તેના અર્થમાં તમો સહજ વધુ ઉંડા ઉતરશો તો પ્રત્યક્ષ થશે કે, આ ટુંકા અર્થસૂચક

સિદ્ધાન્તમાં કેટલી મહત્વતા અને ગુહ્યાર્થ રહ્યા છે. પણ જો ફાવે તેમ તેના અર્થો મરડી-મચરડી તેને જૂદા જૂદા ભાવો આપી તપાસવા જશો, તો તેટલા પૂરતા તમે સત્યાર્થથી ચ્યૂત થયા એમ સમજજો. આ અમૂલ્ય સિદ્ધાન્ત કે જેના ઉપર પ્રભુભક્તિનો મૂળ પાયો રચાયો છે, તેવા અગત્યનાં સૂત્રને વિશેષ સ્ફૂટ રીતે સમજાવવા માટે નીચે દૃષ્ટાન્તોથી તેને વધુ સ્પષ્ટ કર્યો છે.

જેમ ચોરોને પકડવાને માટે 'ડીટેકટીવો' ને ચોરરૂપ બનવાની જરૂર પડે છે, જેમ ખૂનીઓને શોધવા માટે કેટલીક વખત તેઓને ખૂનીઓ સાથે ભળવું પડે છે અને રાજદ્રોહીને કેદ કરવા માટે જાણી જોઇને પણ રાજદ્રોહ કરવો પડે છે; તેમ પ્રભુને પકડવાને માટે-તેને મેળવવાને માટે-તેને કેદ કરી હૃદયમાં રાખવા માટે પ્રથમ તો આપણે તેના રૂપ થવું જોઇએ કિંવા તેવા ગુણો ગ્રહણ કરી કાર્ય કરવું જોઇએ. અને ત્યારેજ આખરે તે અચ્યુત પ્રભુ આપણા હાથમાં આવે છે.

વસ્તુતઃ **જ્યારે તમે પ્રભુરૂપ બનશો ત્યારેજ તમે પ્રભુને પ્રાપ્ત કરી શકશો,** આજ માટે પ્રભુરૂપ બનવાની તમારી શ્રેષ્ઠ ભાવી મહાત્વાકાંક્ષા અદ્રશ્ય અને ગુપ્ત રીતે તમારા હૃદયમાં વાસ કરી રહી છે, અને આ ભાવનાને માર્ગ આપવો એજ તમારો સત્યધર્મ છે.

પૈસાદાર, સદાચારી તથા જ્ઞાનીઓની ભક્તિ તમે આંતર અને બાહ્ય, જાણે અગર અજાણે કરોછો, પણ તેમાં ગુપ્ત રહેલા તેવા ગુણો ગ્રહણ કરી તેવા બનવાની આકાંક્ષા-અભિલાષા યા ઉદ્દેશને તમો પ્રત્યક્ષ રીતે જાણી શકતા નથી, દ્રવ્ય, સદાચાર અને જ્ઞાનથી મળતાં સુખોને જોઈ તે પ્રાપ્ત કરી તમે સુખી થવાની

ઇચ્છા રાખો એ સાહજિક છે. આથી તેઓ તરફની તમારી અનન્ય ભક્તિ, તેજ સ્થિતિની ઉત્તમતા તથા તમારી તે સ્થિતિ પ્રાપ્ત કરવાની તીવ્ર અને પ્રબળ ઈચ્છાને અજાણતાં પણ અન્ય કોઈ માર્ગે પ્રકટ કરે છે એ ખાત્રીથી માનજો. પછી ભલે તે ઈચ્છાઓને તમે જાણી શકો યા નહિ તે એક જૂદી વાત છે.

પ્રભુ પ્રત્યેની તમારી પૂજ્ય ભક્તિમાં પણ આજ પ્રમાણે તેનાં (પ્રભુનાં) ઉચ્ચ ગુણો ગ્રહણ કરી તેવાં કાર્યો કરી તેવા થઇ પૂર્ણ થવાની તમારી ઉચ્ચત્તર આકાંક્ષા ગુપ્ત રીતે મૂળ કારણ રૂપ છે, પછી ભલે તે અગોચર સિદ્ધાન્તને તમો ન જાણવાથી કબૂલ કરો યા ન કરો, પણ તેનાં સત્યની પ્રતિતી મણિને થઇ છે. એટલે અનુભવજન્ય સત્ય તરિકે તે તેને જણાવે છે.

તમે સર્વ ભૂતમાત્ર ઉપર વિશ્વવ્યાપી પ્રેમ રાખો; સર્વ જીવોપર કૃપાદૃષ્ટિ રાખી દયાનિધિ થાઓ; ગરીબોનો ઉદ્ધાર કરી અધમઉદ્ધારક થાઓ; શત્રુભાવ ત્યજી દઇ સમદર્શી થાઓ, પાપીઓને જ્ઞાન અને ઉપદેશથી શુદ્ધ બનાવી પતીતપાવન થાઓ; મોહ, કામ, ક્રોધ મદ, લોભ અને મત્સર આદિ વિકારોથી રહિત થઇ નિર્વિકારી થાઓ, અને પરોપકારી બની પરદુઃખભંજન થાઓ, એટલે પછી **તમે પોતે જ પ્રભુ છો.** પ્રભુમાં મનુષ્યથી એટલીજ વિશેષતા છે. એ વિશેષતા જેમણે પ્રાપ્ત કરેલી છે તેઓ સર્વે પ્રભુમાંજ ગણાયા છે. **તત્વમસિ** ॥ “ તે તુંજ છે. ”

**શ્રીગૌરાંગ** પ્રભુ ઇશ્વરાવતાર કેમ લેખાયા ? અયોધ્યાવાસી રામ પ્રભુ કેમ મનાયા ? **મહાત્મા બુદ્ધ** ઇશ્વરાવતાર કેમ મનાયા ? **શ્રીકૃષ્ણપ્રભુ** પરમાત્મા કેમ બન્યા ? આનો સત્ય

જવાબ માત્ર એજ છે કે, તેઓ સર્વમાં ઉપયુકત ઉત્તમ ગુણો હતા. અર્થાત્ તેઓ સદ્ગુણોથી પૂર્ણ હતા કિંવા તેઓ પૂર્ણતાની પ્રતિમાઓ હતી. જૈનોની અંદર પૂજાતા તિર્થંકરો પણ કોણ હતા ? ક્રાઇસ્ટ એ પણ આંગ્લદેશમાં ઈશ્વરાવતાર કેમ બન્યા ? તેઓ પણ ગુણો ગ્રહણ કરી પૂર્ણ થયેલા દશ્ય રૂપે મનુષ્યોજ હતા. **પ્રભુ તમારાથી કોઇ રીતે જુદો નથી, તેમજ તમે પ્રભુથી કોઇ પણ પ્રકારે ભીન્ન નથી.** આતો માત્ર પૂર્વ દાર્શનિક નવીન સત્ય છે. એનો પ્રકાશ ઘણાને મળ્યો હતો અને હજુ મળે છે. તમે પણ તેવા આદર્શગુણો ગ્રહણ કરો, તે ઉચ્ચ સ્થિતિએ પહોંચો, ભેદભાવ ભૂલી જાઓ એટલે **તમેજ સાક્ષાત્ પ્રભુ છો.** આ નિઃસંશય છે.

તમારી શુદ્ધ ભાવનાઓને તમે કોઇપણ સ્થિતિમાં ભૂલી જશો નહિ, **તમારા અંતિમ ઉદ્દેશને કદિ પણ ત્યજી દેશો નહિ અને તમારી ઉચ્ચતર મહદ્ આકાંક્ષાને કોઇ કાળે અગર સ્થળે છુપાવવાનો પ્રયત્ન કરશો નહિ** નહિ તો સામાન્ય પરિણામ એ આવશે કે તમારામાં ભાવના પ્રાબલ્યની ન્યૂનતાને લીધે અધમતા, દીનતા અને નિર્માલ્યપણું અગોચર માર્ગે દાખલ થશે. આટલું થયું એટલે પછી તો થઇજ રહ્યું !

લોકોના સામાન્યમતથી દોરાઇ, ગાડરીઆપણાના પ્રવાહમાં આકર્ષાઇ, સત્યાસત્યના વિવેક વિના જો તમો કોઈ પણ ઉદ્દેશ રહિત લક્ષ્યશૂન્ય ભકિત કરશો, તો તે ભકિતમાં હમેશાં નિષ્ફળતા પ્રાપ્ત થશે. પ્રભુરૂપ બનવાની ભાવના અંતઃકરણમાં દઢ કરો અને જીવન પરિક્રમણના પ્રત્યેક ક્રમે તે ભાવનાઓને વિશેષ દઢ કરતા જાઓ, પછી જાઓ કે કાળે કરી તમારી મહદ્

ઇચ્છા પૂર્ણ થાય છે કે નહિં. અને આ રીતે પ્રભુભકિતનું લક્ષ્ય-બિન્દુ સાધ્ય થયું એટલે તે સાથેજ પ્રભુભકિતની સમાપ્તિ !

સ્વાર્થની ક્ષુદ્ર ઇચ્છાને અધીન થઈ, સ્વાર્થી કાર્યોને ખાતર ભકિત કરી ઐહિક અને પારલૌકિક ચીરસ્થાયિ સુખનો ધ્વંશ હાથે કરીને ન કરો. "પ્રભુ પ્રસન્ન થઈ આપણને કંઇક વરદાન આપશે, પ્રભુ પ્રસન્ન થઇ કોઈક અજબ સિદ્ધિનો માર્ગ બતાવશે કિંવા પ્રભુની કૃપાદૃષ્ટિથી સર્વ સારૂ થશે." આવી આવી ક્ષુદ્ર અને મર્યાદિત ભાવનાઓથી દોરાઈ જો તમે પ્રભુભકિત કરશો તો યાદ રાખજો કે, તમે પ્રભુના પવિત્ર સદ્‌ભકતો ન હોતાં નીચ સ્વાર્થી ભકતો છો ! અને આવી પરિમિત ભકિતનું ફળ પણ આખરે તેવુંજ !

પ્રભુને તમારા સુખનું એક સાધન ગણી કિંવા તેને હથિયાર તરિકે વાપરી તેની મારફતે જો તમે સુખ મેળવવાની અધમ અભિલાષા રાખતા હો તો તે તમારા નોકરો પાસે ચાકરી કરાવી સુખ મેળવવાની વાંચ્છાનાની માફક પ્રભુને ચાકરની તુલના બલ્કે ઉપમા આપી સ્વસેવા કરાવ્યા જેવું ગણાશે. શું આ સત્ય અને વિશુદ્ધ પ્રભુભકિત છે? અરે ! આતો પ્રભુભકિતનું છેક અધમોધમ સ્વરૂપ થયું ૐ ! ૐ !!

ઈશ્વર પ્રતિ પ્રેમ રાખવો એ જીવનનો અંતિમ ઉદ્દેશ છે. પ્રભુ એટલે સત્ય અને સત્ય પ્રાપ્ત પ્રતિનો અનન્ય પ્રેમ એજ વાસ્તવિક પ્રભુભકિત છે. મહાત્મા શ્રી રામકૃષ્ણ પરમહંસ જણાવે છે કેઃ—

"શ્રદ્ધાં અને ભકિત એ બે ઇશ્વર પ્રાપ્તિના સાધન છે. ભકિત વડે તેને સ્હેલાઇથી પામી શકાય છે. ઇશ્વર પ્રેમાધીન છે."

તમો સર્વ સદ્‌ગુણો ગ્રહણ કરી પ્રભુરૂપ થવા ઇચ્છો છો એટલે પ્રભુભક્તિમાં પ્રભુરૂપ બનવાનો તમારો મુખ્ય ઉદ્દેશ ગુપ્ત અને અવ્યકત રહ્યો છે એ વાત કદિ પણ ખ્યાલથી બહાર રાખવી નહિ. અને આજ શુદ્ધ ભાવના દૃઢ કરી ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત કરો, શુદ્ધ હૃદયથી સતત પ્રભુભકિત ચાલુ રાખો, નિઃસ્વાર્થી, પૂર્ણ અને સાત્વિક પ્રેમથી પ્રભુભકિતમાં તન્મય બનો, પ્રભુનેજ તમારૂં દૃષ્ટિબિન્દુ અને કેન્દ્ર રાખો; અને હર હમેશ ઉચ્ચભાવનામાં આગળ વધી તમારી ઇચ્છિત વસ્તુને પ્રાપ્ત કરો. આજ ભક્તિ !

પ્રભુને ખાલી પુષ્પો સુંઘવાની ઇચ્છા નથી. પ્રભુને વિધવિધ ફળફળાદિનું નૈવેદ ભાવતું નથી, પ્રભુને આભૂષિત થવાને માટે શૃંગારો જોઇતા નથી, પ્રભુને સ્વચ્છ રહેવાને ખાસ જલથી ન્હાવાનો શોખ નથી, પ્રભુને શાન્તિ અને આનન્દથી રહેવા માટે કોઇ જૂદા મન્દિરોની જરૂર નથી, પ્રભુને આનંદને માટે સુખાસનોની સહજ પણ વાસના નથી, તેને ઘંટડી વગાડી નાદોથી રાજી કરવા પણ પડતા નથી; પણ પ્રભુને પ્રેમરૂપી વિકાસ પામેલાં પુષ્પો સુંઘવાં ગમે છે, તેને પ્રેમથી આપેલી તાંદુલજાની ભાજી અને સૂકી ખીચડી ભાવે છે, તેને સદ્‌ગુણના શૃંગાર સહુથી વિશેષ પ્રિય છે, તેને સ્નાનને માટે પ્રેમાશ્રુઓની અતિ આવશ્યકતા છે, તેને પ્રેમી હૃદયસ્થાનમાંજ રહેવું ગમે છે, તે પ્રેમશય્યામાંજ આનંદ માને છે અને પ્રભુપ્રેમના રટણમાંજ પ્રસન્ન રહે છે. આજ પ્રભુભકિતનાં સાહિત્યો !

**સત્યભકિત માત્ર બાહ્ય આડંબરોથીજ હોઇ શકતી નથી.** પ્રભુભકિતમાં આંતરપ્રેમ જોઇએ છે. પ્રેમભકિત એજ પ્રભુભક્તિનું મુખ્ય સાધન અને સત્ય સ્વરુપ છે.

**સ્વામી રામ કહે છે કેઃ—**

ભાઈ! સાચી ઉપાસના એનું નામ છે કે, જેમાં જીભ તો શું પણ શરીરના પ્રત્યેક સ્નાયુ શાન્ત થઇ જાય ને નાડી માત્રનાં પરમાણું હલમલી રહે એમ સ્વતઃ ન થાય તો આંખો મરડો, નાક મરડો, કાન મરડો, ગાઓ, બજાવો, નાચો કૂદો એ સર્વ ચિત્રો કોઇ કુશળ ચિત્રકારનાં નિર્જીવ ચિત્રોજ માત્ર છે. પછી તે ચિત્રને અતિ સુન્દર કહો કે રાજારવિવર્માનું કહો, પણ માત્ર એ નિર્જીવ ચિત્રથી શું લાભ ભલા?

અન્ય સ્થળે તે જણાવે છે કેઃ—

"આંતર બાહિર જે રમતો,
તુજ પાસ રહીને તે રટતો;
પ્રભુ નામ કદિ હું સહસ્ર લઉં,
તે સઘળાં હું તુજને અર્પું."

આ લઘુસૂત્ર શું સૂચવે છે?

ભક્તિમાં કોઇ પણ પ્રકારની દીનતાની જરૂર નથી, ભક્તિમાં અધમતા જોઇતી નથી, ભક્તિમાં બાહ્યડોળનું તો કામજ નથી; પણ પ્રભુભક્તિમાં આંતરપ્રેમની અતિ આવશ્યકતા છે, તેજ પ્રભુને જોઇએ છે. શુદ્ધ અંતઃકરણથી પ્રભુભક્તિ કરો, પ્રભુની ઉપર પ્રાણથી પણ અધિક પ્રેમ રાખો, પ્રભુને પ્રેમથી બાંધી લ્યો એજ તમારી સત્યભક્તિ છે. પ્રભુભક્તિનું આજ સત્યસ્વરૂપ છે!

***"કૃષ્ણ કૃષ્ણ મેં કરતીથી તો મેંહી કૃષ્ણ હો ગઇ!"**

---

* આજ ભાવ ઉપર લખાયેલું મહાત્મા એમર્સનનું વાક્યઃ—

The simplest person, who.....worships God, becomes God.

## ૨—વિશ્વવ્યાપી પ્રેમ અને પ્રભુભક્તિ.

**किं चित्रमच्युत तवैतदशेषबन्धो**
**दासेष्वनन्यशरणेषु यदात्मसात्त्वम् ।**
**योऽरोचयत्सह मृगैः स्वयमीश्वराणां**
**श्रीमत्किरीटतटपीडितपादपीठः ॥ २ ॥**

"તમારા ભકતો તમારી કૃપાથીજ કૃતાર્થ થઇ જાય છે. હે! **શ્રીકૃષ્ણ**! હે! સર્વના બંધુ! જેઓને તમારા વિના બીજું શરણ નથી એવા દાસ લોકોને તમો પોતે વશ થઇને રહો તેમાં આશ્ચર્ય શું? કેમકે, બ્રહ્માદિક દેવતાઓ જેમના ચરણપીઠમાં પોતાના મુકુટોની અણીઓ ઘસે છે એવા આપે **રામાવતારમાં** વાનરોની સાથે **પ્રેમથી** મિત્રતા સ્વીકારી હતી." ૨

પ્રભુ તણુ અથાગ એક રુપમાં વિરાજીને,
અનેક રુપમાં ફરે છે, પ્રેમ એક ભાસીને;

* * * *

કંઇક મિત્રરૂપમાં આવી ભુલાવે સર્વને;
એ શત્રુરૂપમાં પ્રત્યક્ષ થઇ ઉતારે ગર્વને.
એ વિશ્વવ્યાપી પ્રેમ થાતાં, રિપુને રીઝાવું હું,
ભુલીને સર્વ શત્રુતા, હું સ્નેહને જગાડું છું.
અભિન્ન ભેદ રુપમાં રહેલ મ્હારાં રુપને,
બાઝું હું ગાઢ **પ્રેમથી**, અભેદતા વિચારીને.

વિશ્વવ્યાપી પ્રેમ (Universal Love) થવો એજ સાક્ષાત્કારનું અંતિમ ચિન્હ છે. ક્વચિત્ આથી વિપરિત કેટલીક જગ્યાએ એવું પણ અનુભવવામાં આવશે કે, જ્યાં સાક્ષાત્કાર પછી પ્રેમ પ્રગટ થયો હોય છે. આત્મસાક્ષાત્કાર (Realization) એજ જીવનની સાર્થકતા છે! અને સાક્ષાત્કાર પ્રેમથીજ સંભવિત છે. સત્ય કહીએ તો, પ્રેમ (Love) એ એક સાક્ષાત્કારનું સાધન છે. શુદ્ધ અને સાત્વિક પ્રેમ એજ ઉન્નતિનો રાજ્યમાર્ગ છે.

ગમે તે સ્થિત બિંદુ (standpoint) અને ન્યાયદૃષ્ટિથી અવલોકવામાં આવે, તથાપિ એટલું તો સર્વ માન્ય રાખશેજ કે, પ્રેમ એ કોઇક અજબ બુટ્ટી છે. તે રડતાને હસાવે છે; તે દુઃખીને દિલાસો આપે છે; તે ક્રોધને શાન્ત કરે છે; તે ઉત્સાહને પ્રેરે છે; તે નવીનતા વધારે છે; તે શત્રુતા ભૂલાવે છે; તે મિત્રતા કરાવે છે; તે અભેદતા બતાવે છે; તે એકતા દર્શાવે છે; અને, અહાહા!! તેજ આખરે તેજ પ્રભુપ્રતિ લઇ જાય છે. ખરેખર! પ્રભુ પ્રાપ્તિનો સત્ય અને ઉન્નત માર્ગ **વિશ્વવ્યાપી પ્રેમ** છે. સત્યની શોધમાં વિશ્વવ્યાપી પ્રેમ મૂખ્ય સાધનભૂત છે, અને વિશ્વદર્શી થવામાં તે અગ્રગણ્ય છે.

**વિશ્વવ્યાપી પ્રેમ એજ ઉત્કર્ષનું રહસ્ય છે.**

( Love is the vital principle of success* ) પ્રભુ–કૃષ્ણ જે સ્નેહરૂપ છે તેને સ્નેહજ જોઇએ છે. વિભુની સૃષ્ટિ પણ સ્નેહથીજ પૂર્ણ છે; તેની સ્નેહમાંજ સ્થિતિ છે; અને તે સ્નેહમાંજ–પ્રેમમાંજ અન્તે લીન થશે.

પ્રેમ એ એક વિશ્વ જીતવાનું અદ્ભુત સુદર્શન છે. ન જીતાચેલા અસુરો અને રાક્ષસો પ્રેમથી જીતાયા છે. શ્વાપદો તેમજ અન્ય હિંસક પ્રાણીઓ પ્રેમથી વશ થાય છે. **પ્રેમથી તો** "તવાની કે ફીલી બ મુઇએ કસી." **હાથીને પણ એક વાળના આધારથી વશ કરી દોરી શકાય છે.** આજ સર્વે પ્રેમના પ્રભાવો! પ્રેમથી શું નથી થયું ?

જ્યાં આનંદ છે ત્યાં પ્રેમ હોવોજ જોઇએ.+ આત્મા આનંદ રૂપ છે; આત્મામાં પ્રેમ છે. આત્મા પ્રેમ અને આનંદથી પૂર્ણ છે, અને તેથીજ આત્મામાં મસ્ત રહેનાર '**આત્માનંદી**' **મણિ** હંમેશાં પ્રેમ અને આનંદજ અનુભવ્યા કરે છે. તે પ્રેમથીજ આ સર્વ જાણી શકયો છે, અને પ્રેમનીજ સહાયથી તે અભેદતા જોઈ શકયો છે. વિશ્વવ્યાપી પ્રેમ એ તેનું મૂલસૂત્ર છે.

પોતાનું સત્યસ્વરૂપ મુકી અન્યમાં મનુષ્યો પ્રેમ શોધે છે, તેથીજ તેઓ દુઃખી થાય છે. વાસ્તવમાં સુખ, આનંદ અને પ્રેમ

---

* Lectures by Swami Rama.

\+ Serene will be our days and bright
And happy will our nature be,
When love is an unerring light
And joy its own security.
Wordsworth's '*Ode to duty.*'

કે જેને માટે અખિલ વિશ્વ અને દશ્યજગત્ વિવિધ પ્રકારે પુરુષાર્થ કરી રહ્યું છે તે કયાં છે? તે હજી તેઓને સમજાયું નથી. એનાજ પરિણામે તેઓ પોતાનાથી બહાર એવી ચીજમાં સત્ય પ્રેમને શોધે છે. તેઓને '**મનપ્રદેશમાં ચિદ્‌ભાનુ**' નો અનુભવ અગર પ્રતિતી યદ્યપિ યથાર્થ રીતે થઇ હોય એમ જણાતું નથી. કસ્તુરી મૃગ પોતાની કસ્તુરીની સૂવાસથી આનંદ પામે છે, તે તેમાં મોહ પામે છે, અને તેના પર પ્રેમ કરે છે. પણ તે જાણતો નથી કે આ **આનંદ અને મોહનું કારણ પોતામાંજ છે** કિંવા પોતેજ છે; અને તેથી આ સત્યના અજ્ઞાનને લીધે તે પોતાના આનંદનું કારણ પોતાનાથી બહાર શોધે છે; અને તેના પરિણામમાં આપણે જોઇએ છીએ કે તે જંગલોમાં મિથ્યા અથડાઈ દુઃખી થાય છે. પ્રત્યેક વ્યક્તિ **આજ પ્રમાણે પ્રેમ અને આનંદનું સ્થાન પોતામાં ન શોધતાં તેનું કારણ બીજામાં ધારી તે માટે અન્ય સ્થળોમાં ભ્રાન્તિ અને અજ્ઞાનને લીધે ફાંફાં મારે છે;** અને અન્તે સ્વાભાવિક નિ-રાશા મળતાં પોતે દુઃખી થાય છે. જગતમાં દુઃખો જણાય છે તે માત્ર આ અજ્ઞાનનુંજ પરિણામ! વાસ્તવમાં **દુઃખ જગતમાં નથી.** જગત્ પ્રેમ અને આનંદથી ભરેલું છે. એ **સર્વના કર્તા તમે છો.** અજ્ઞાનને લીધે તમો તેની ના પાડો છો અને તેથી દુઃખી થાઓ છો.

પ્રેમનું કારણ તમારા પોતામાંજ છે; તમે પોતેજ પ્રેમ છો. મોહથી ઓળખાતા પ્રેમનું ઝરણ પણ તે અખુટ ભંડારમાંથીજ સતત વહ્યા કરે છે. ભેદ માત્ર એટલોજ છે કે આ ઝરણ–મોહનું પાણી મેલા અને ગંદા રસ્તેથી આવવાના કારણે મેલું અને ગંદુ

હોય છે; પણ તેજ ઝરણુ સહજ સહજ વિકાસ પામતું આગળ વધે છે અને મ્હોટી નદિનું રુપ પકડી તે અનંત ઉદધિ-વિશ્વ-વ્યાપી પ્રેમમાં અન્તે લીન થઇ જાય છે. ત્યાં આવાં કરોડો ઝરણો ભિન્ન ભિન્ન માર્ગેથી આવી એકત્રિત્ થાય છે.

પ્રેમની કહાણીઓ અદ્‌ભૂત છે; પ્રેમનો પ્રકાશ દિવ્ય છે; પ્રેમના દુઃખો આલ્હાદક છે; પ્રેમનો નિશો અલૌકિક છે; અને પ્રેમનો ઇતિહાસ વિચિત્ર છે. **વિશ્વ પ્રેમમાં મસ્ત બનનાર ભાગ્યશાળી પુરૂષજ જીવના સત્ય ઉદ્દેશને યથાર્થ સમજ્યો છે** એમ કહી શકાય. પ્રેમની અસર જાદુઈ છે. પ્રેમથી જે થાય છે તે અન્યથી થતું નથી.

એન્ડ્રોકલીસ અને સિંહ ( Androclis and the Lion ) ની જગવિખ્યાત્ કથાથી પ્રેમની દિવ્ય અસરો સિદ્ધ થાય છે. સિંહ જેવાં ભયંકર અને હિંસક પ્રાણીઓ પણ પ્રેમના ઉચ્ચ સ્વરુપ આગળ ગુલામ છે. પ્રેમથી શું નથી થતું? વિશ્વની કોઇ પણ ચીજ પ્રેમ આગળ રાંક છે. પ્રેમથી સર્વ વસ્તુ સાધ્ય છે.

પ્રેમથીજ સર્વને જીતાય છે, બળથી નહિં; પ્રેમથીજ કાર્ય પૂર્ણતા પ્રાપ્ત થાય છે, અધિકારથી નહિં; પ્રેમથીજ વિશેષતા મેળવાય છે, અભિમાનથી નહિં; પ્રેમથીજ શત્રુને શાન્ત કરાય છે, ક્રોધથી નહિં; પ્રેમથીજ સર્વમાં આનંદ મળે છે, મોહથી નહિં; અને સત્ય કહીએ તો, પ્રેમથીજ એકતા-અભેદતા-અનુભવાય છે. જ્ઞાનથી નહિં; એટલુંજ નહિં પણ પ્રેમની મહત્ત્વતા અધિક વધારી એમ પણ કહી શકાય કે, અસાધ્ય વસ્તુઓ પ્રેમના પ્રભાવથી સાધ્ય થઈ શકે છે. અદ્‌ભુત રચનાઓ પ્રેમના પ્રકાશથીજ થાય છે. આમાં કોઈ પણ-પ્રકારની અતિશયોક્તિ

નથી; જો તેની પ્રતિતી ન થતી હોય તો પ્રેમના અનુભવીને તે વિષયે પૂછજો. વિશ્વવ્યાપી પ્રેમનો એક વખત સ્વતઃ અનુભવ કરી જૂઓ પછી પ્રેમના વર્ણનની જરૂર ન રહેશે. એક વખત પ્રેમસાગરમાં ડુબકી મારી જુઓ પછી મીઠાની પૂતળીની માફક તમોજ તેમાં ઓગળી જશો.

કોઇ એક યુવાનને ગુલાબના પુષ્પો પ્રતિ સ્વાભાવિક પક્ષપાત હતો. ગુલાબની ઉપરના તેના અતિઘણા પ્રેમને લીધે તેને ગુલાબ રોપવાનું કુદરતીજ સ્ફુરણ થયું; અને તેથી તેણે એક પ્રતિકૂળ જગ્યામાં, વાતાવરણની વિરૂદ્ધતા છતાં, થોડાંક ગુલાબના ડાળાંઓ રોપ્યાં, પ્રતિદિન તે આ ઝાડોને પોતાની જાતે પાણી કહાડી પાતો, અને જેમ જેમ તે ડાળાંઓ મ્હોટાં થતાં ગયાં તેમ તેમ તેના પર તે અધિક પ્રેમ રાખતો ગયો. થોડાજ વખતમાં તેણે તે પ્રતિકૂળહવામાં પણ સુંદર પુષ્પો તૈયાર કર્યા. આ નવાઈ જોઇ તેના એક મિત્રે પુછ્યું, “ આવી ખરાબ જમીનમાં પણ તમે પુષ્પો શી રીતે ઉત્પન્ન કર્યા ? ” પેલાએ ફક્ત એટલોજ ઉત્તર આપ્યો, “ મ્હારા પુષ્પો ઉપરના વિશેષ પ્રેમના આભારે ! ”

પ્રેમ વિશ્વમાં શું નથી કરી શકતો ? તેને શાની ખોટ છે ? શું સાધનો ! એતો તદ્દન મૂર્ખતા !

**॥ क्रियासिद्धिःसत्वे भवति महतां नोपकरणे ॥**

**“ મહાન પુરૂષોની કાર્યસિદ્ધિ આંતરબળથી થાય છે. બાહ્યસાધનોથી નહિં ”**

પ્રેમને કોઇપણ પ્રકારના બાહ્યાત સાધનોની જરૂર નથી. સાધનો વગર પ્રેમ પોતાનું કાર્ય કરી શકે એમ છે. સત્ય પ્રેમ

થાય છે એટલે સાધનો તો પોતાની મેળેજ યથાનુકૂળ આપો. આપ અન્યરીતે આવી એકત્ર થાય છે. માત્ર શુદ્ધ કિંવા સાત્વિક પ્રેમ થવાનોજ વિલંબ ! પ્રેમ થયો એટલેજ કાર્યસિદ્ધિ ! સત્ય પ્રેમની સાથે આત્મબળ આવે છે. અને પ્રેમનું કાર્ય આત્મા પોતે જ કરી લે છે.

* * * *

વિશ્વ એ એક લાંબી સાંકળ છે, કે જેમાં પ્રત્યેક વ્યક્તિ પૃથક્ પૃથક્ કડીઓ છે. ( Every man is a link to that great chain ) આ ભિન્ન ભિન્ન કડીઓનો સંબંધ તે મૂળ સાંકળ સાથે એવા પ્રકારનો છે કે, કોઇપણ એક કડી હલાવવાની સાથેજ આખી સાંકળમાં તેના આંદોલનો પહોંચે છે; પણ પ્રથમ તો એક કડી હલાવવી એજ મુશ્કેલ છે. એક ચીજને હલાવવી ક્યારે સ્હેલી પડે કે જ્યારે તેનું કેન્દ્ર જણાય. એક સત્ય શોધક લખે છે કેઃ—

“ જો મ્હને મ્હારૂં કેન્દ્રસ્થાન ( Centre ) જડયું હતે તો હું આનંદથી કદિ દુર ન રહેતે. ”

આર્કીમીડીસ હંમેશાં એમ કહેતો કેઃ—

“ જો મને કોઈ બરાબર નિયત મધ્યબિંદુ માલમ પડે તો હું આખી પૃથ્વીને પણ ખસેડી શકું. ”

પણ તે બીચારા ઉત્સુક સત્ય–શોધકને પોતાનું કેન્દ્ર આખી જીંદગી સૂધીમાં જડયું નહિ કેમકે તે તેને (પોતાના કેન્દ્રને) પોતાની બહાર શોધતો હતો. **તમારૂં કેન્દ્રસ્થાન એ વિશ્વનું કેન્દ્ર છે. તે કેન્દ્ર આત્મામાં છે.** તે ધારતો હતો કે પોતાનું

કેન્દ્રસ્થાન તે પોતાની બહારની કોઈક વસ્તુ હશે. ભાઇઓ ! વર્તુલનું મધ્યબિંદુ શું કદિ વર્તુલથી બહાર હોય છે? જરા વિચાર તો કરી જૂઓ કે, દડાનું મધ્યબિંદુ દડાની બહાર શોધનાર મનુષ્ય કેટલો બુદ્ધિહીન છે? તદાનુસાર સાકરની મીઠાશને સાકરની બહાર જાણનાર કિંવા શોધનાર મનુષ્ય કદિ પણ સત્યતત્વ—ગુપ્ત રહસ્ય જાણી શકશે? દરેક સત્ય—શોધકે યાદ રાખવું જોઇએ કેઃ—

**બુદ્ધિનું મ્હોડું બીજા તરફથી પોતાના તરફ ફેરવો. એજ સત્ય શોધવાનો સરલ માર્ગ છે.***

પૂર્વે થઈ ગયેલા બનાવોને તમારા જીવનના બનાવો સાથે સરખાવી જૂઓ; નેપોલીઅનના સાહસોનું તમારી જીંદગીના સાહસો સાથે ઐકય કરી જૂઓ; શંકરાચાર્યની બુદ્ધિની સાથે તમારી બુદ્ધિની એકતા અનુભવી જૂઓ; પછી તમને જણાશે કે, **દુનીઆના બનાવો એ સર્વ તમારા પોતાનાજ ઇતિહાસો છે. સર્વ શાસ્ત્રો એ તમારાં મગજો છે, અને વિશ્વ એ તમારીજ કૃતિ છે.**

નરસેસીસને પોતાના અપૂર્વ સૌંદર્યનું ભાન હતું નહિ તેથી તેણે પોતાના સ્વરુપ ઉપરજ મોહ પામી જીવનનું બલિદાન આપ્યું આ સ્વસ્વરુપનું એક પ્રકારનું દૃઢ અજ્ઞાન છે.

---

* સરખાવોઃ—

The student is to read histoty actively and not passively; to esteem his own life the text, and bocks the commentry. '*History.*'

Emerson.

મનુષ્યો પણ આજ પ્રમાણે પોતાના ભિન્ન ભિન્ન રુપે પ્રત્યક્ષ થતાં સ્વરૂપો ઉપરજ પ્રેમ કરી તેના ઉપર મોહ પામે છે; અને આવી રીતે સત્યના અજ્ઞાનને લીધે જીવનાન્ત સૂધી સુખ, પ્રેમ અને આનંદને માટે પોતાનાથી બહિષ્કૃત એવી બાહ્યસૃષ્ટિની અંદર ફાંફાં મારે છે. આ પરિણામનું વાસ્તવ કારણ એ છે કે, તેઓને હજી પોતાની ડુંટી* જડી નથી. આથી માત્ર સુખ દુઃખના અધ્યાસ તેઓ અનુભવે છે. પોતાના ઘરથી બહાર નીકળી ઘર શોધનાર મનુષ્યને શું પ્રાપ્ત થાય છે ?

**નિરાશા અને નિરુત્સાહ આપણે પોતાને હાથેજ વહોરી લઇએ છીએ. આપણા પોતાના સિવાય દુઃખ અને સુખ આપનાર અન્ય કોઇ નથી.** 'જણાય છે' એ માત્ર ભ્રાન્તિ છે. સત્ય કિંવા આત્માના સાક્ષાત્કાર પછીજ આ સર્વ વધુ સ્પષ્ટ થાય છે. મણિ તમારે કોટે છે. તેને ગુમ થયો ધારી તમે બહાર શોધો તે કયાંથી જડે ? એક માણસનો રૂપીઓ ઘરની અંદર તેણે

---

* 'ડુંટી' શબ્દના અર્થો ગમે તે અપેક્ષાથી જોતાં ફાવે તેમ લઇ શકાય એમ છે. 'ડુંટી' શબ્દનો અર્થઃ–(૧) નાભિ પણ થાય. એટલે તે અપેક્ષાથી જોતાં કસ્તુરી મૃગ પોતામાંથીજ પ્રસરેલી કસ્તુરીની સોગંધ માટે પોતાનાથી બહાર એવી કોઇક વસ્તુમાં તેની શોધ કરે છે. અર્થાત્ મૃગ પોતાના ઉપરજ મોહપામી તે પોતાની ડુંટીને શોધે છે; કેમ કે સામાન્ય માન્યતા એવી છે કે, કસ્તુરીની સુવાસ તે મૃગની પોતાની નાભિમાંથીજ નિકળે છે. એટલે તે કસ્તુરી મૃગોને હજી સુધી પોતાની નાભિ જડી નથી. અન્ય અપેક્ષાથી 'ડુંટી' શબ્દનો અર્થ (૨) બિંદુ યાને કેન્દ્ર ( center ) થાય છે. શરીરશાસ્ત્રીઓ નાભિને અંગનો મધ્યભાગ ગણે છે. ગં. પ્ર.

મુકયો હતો તેનું તેને વિસ્મરણ થયું; અને એવી ભ્રાન્તિ થઈ કે, રૂપીઓ ઘર બહાર રસ્તે જતાં ખોવાયો છે; આથી તેણે બહાર નીકળી સડક ઉપર શોધવા માંડયું પણ તે કયાંથી જડે? એવામાં એક માણસે આવી પૂછયું, "અલ્યા! તું શું શોધે છે?" પેલાએ જવાબ આપ્યો, "ભાઈ! મ્હારો રૂપીઓ ઘરમાં મૂકયો હતો તે ખોવાઈ ગયો છે તેને શોધું છું." એટલે પેલા આવનાર માણસે કહ્યું, "મૂર્ખા! ઘરમાં ખોવાએલો રૂપીઓ ઘરની બહાર જડે ખરો કે! જા, ઘરની અંદર જઈને તેને શોધ. તે ત્યાંથીજ મળશે" ભાઇઓ! આજ પ્રમાણે તમે તમારા સુખના કેન્દ્રને તમારા પોતાના ઘર (શરીર) બહાર શોધો છો તે કયાંથી જડે? તમારા પોતાનો આત્મા એજ તમારા સુખ અને પ્રેમનું કેન્દ્ર છે. તમારા પોતાના તરફ જરા નજર કરો! પછી માલમ પડશે કે, મણિ કયાં છે? મણિ તો સદાકાલ ત્હમારા હૃદયમાંજ છે. કણ્ઠે ધારણ કરેલા હારની વિસ્મૃતિ થતાં મનુષ્ય દુઃખી થાય છે ગ્રિવા–આત્મા તરફની ઝાંખી નજર પણ તેને આનંદની ઝાંખી કરાવવા બસ છે. તમે કોણ છો? એનો તો જરા વિચાર કરી જુઓ. તમારા સ્વસ્વરુપને તમે ભૂલ્યાછો તેટલા પૂરતાંજ આ દેખાય છે તે સર્વ દુઃખો! પોતાને ઓળખો. Know theyself એટલે દુઃખો અને ઉપાધિઓ એની મેળેજ જતાં રહેશે, અને વિશ્વવ્યાપી પ્રેમ પણ ત્યારેજ થશે.

* * * *

આંગ્લ વિખ્યાત્ લેખક **સેમ્યુઅલ સ્માઈલ્સ** પ્રેમ માટે લખે છે કેઃ—

"આ સકલ વિશ્વમાં ઉત્સાહ અને ચૈતન્યની હંમેશની સ્થિરતા ( Residance. ) અને વિદ્યમાનતા ( Presence ) નું કારણ ઇશ્વરી પ્રેરણા–દિવ્ય આસક્તિ ( Divine Passion ) યાને પ્રેમને આભારી છે. * * * * * પ્રેમ કે જે પૂજ્યભાવ અને પ્રસંસાનું પરિણામ છે. તેમાં ચારિત્રને પવિત્ર અને ઉન્નત કરવાનો મ્હોટો ગુણ છે."

**મણિ કહે છે કે:—**

Love reigns in the heart and the Universe. It sparkes like a gem in the quany of this material world.

"પ્રેમ અંતઃકરણ અને વિશ્વમાં સામ્રાજ્ય ભોગવે છે. તે આ આધિભૌતિક સૃષ્ટિરૂપી ખાણમાં રહીને પણ પોતાનો પ્રકાશ આપે છે.

લોકોનું સામાન્ય કથન Love is God; and God is Love "પ્રેમ એ ઇશ્વર છે; અને ઇશ્વર એ પ્રેમ છે." એ સર્વાંશે અનુભવસિદ્ધ સત્ય છે. **પ્રેમ સિવાય અન્ય ઇશ્વર સંભવિત નથી.** વેદ તો ખુલ્લું જણાવે છે કે:-

**॥ रसो वै देवः ॥**

**મોઝીઝની પહેલી આજ્ઞા એ છે કે:—**

"પ્રેમ સિવાય બીજો કોઇ ત્હારો ઇશ્વર નથી."

પ્રભુ પ્રેમરૂપ છે; અને પ્રેમ સ્વરૂપમાંજ ચિરકાળ સ્થિતિ ભોગવે છે. પ્રેમના આંતરગત્ સ્વરૂપમાં પ્રભુની મૂર્તિજ પ્રત્યક્ષ થાય છે. પ્રેમથીજ તે જોઇ શકાય છે. સૃષ્ટિનો ચલાવનાર જો કોઇ ઇશ્વર ગણાતો હોય તો તે માત્ર પ્રેમજ છે. પ્રેમથીજ આ સૃષ્ટિ ચાલે છે.

"જો ઇશ્ક ના તો શું ખુદા ? આલમ કરી ત્હોયે ભલે !
જો ઈશ્ક ના તો શું જહાં એને ખુદા એ શું કરે ?
આ કારખાંનું ઇશ્કનું જો જો તપાસી ખૂબ ખૂબ !
આ ખેલને આ ખેલનારો એક નૂરે ઈશ્ક છે !

* * * *

* * * * * * * *

જો હો ખુદા તો હો ભલે ! તેની હમોને શી તમા ?
છે ઈશ્કથી તો ના વડો જે ઇશ્ક મ્હારૂં તાજ છે !"

(કુલાપી.)

પ્રેમ કહોકે તેનીજ શાખા મોહ એ આ સૃષ્ટિના વર્તમાન-ક્રમોનું કારણ છે. પ્રેમજ સૃષ્ટિનો ચાલક છે. કોઇ પણ પ્રકારના પ્રેમ વિના સૃષ્ટિ ચાલી જ શકતી નથી. પ્રેમશૂન્ય સૃષ્ટિ અસ્તિત્વમાં હોઇ શકતી જ નથી. જીવન પ્રેમને માટે છે.

પિતાને પુત્ર ઉપર પ્રેમ છે તેથીજ તે પુત્રને ગમે તેવાં સંકટોમાં પણ બાલ્યાવસ્થાના લાલનપાલનો પૂર્ણ કરી, સંભાળથી ઉછેરી મ્હોટો કરી, તેને વિવિધ પ્રકારે શિક્ષણ આપી, સર્વ પ્રકારે પૂર્ણ થયેલો જોવા ઇચ્છે છે. માતાને બાળક ઉપર પ્રેમ છે તેથીજ તે પ્રેમથી સ્તનપાન કરાવી, તે બાળકને સારી રીતે સ્વચ્છ રાખી, તેના શારીરિક સુખોની યથાર્થ કાળજી રાખે છે. પુત્રને પિતા ઉપર પ્રેમ છે તેથીજ તે તેનું (પિતાનું) તેની વૃદ્ધાવસ્થામાં, પૂર્વ પ્રેમનું સ્મરણ કરી, પોષણ કરે છે. પતિને પત્નિ ઉપર પ્રેમ છે ( પછી ભલે જોઇએ તો તે મોહનો પ્રકાર હોય) તેથીજ તેઓ આનંદ—ઐક્ય અનુભવે છે; અને પરિણામે એક મેક ઉપર પ્રેમભાવ રાખી પ્રત્યેક વ્યક્તિ એક બીજાને સર્વ

પ્રકારે સુખ આપવા ઈચ્છે છે. આ રીતે પ્રેમના પ્રકાશને લીધે જ અન્યોન્યને સુખ કિંવા આનંદનું સાધન થવાની ભાવના પ્રત્યેક હૃદયમાં જાગ્રત થાય છે. આ પ્રેમની સહાયથીજ મનુષ્યો વ્યવહારના સંબંધોમાં વિધવિધ પ્રકારે એક બીજાને વળગી રહ્યા છે. સત્ય કહીએ તો, અનુભવ દૃષ્ટિએ જોતાં આ પ્રેમવડે જ સૃષ્ટિ અદ્યાપિ ચાલુ રહી શકી છે, પ્રેમની સુવર્ણ સાંકળે સર્વ કડીઓને-મનુષ્યોને એક બીજા સાથે બાંધી રાખ્યા છે; નહિ તો દરેક માણસ ક્યારનો છૂટો પડી ગયો હોત.*

જો પ્રેમ અને તેનુંજ સહજ અશુદ્ધ રુપાન્તર સર્વકાળે સૃષ્ટિમાં કોઈ રીતે વિદ્યમાન ન હોત તો કોઈ કોઇની દરકાર રાખત નહિ, અને અન્તે પરિણામમાં સર્વત્ર વ્યાવહારિક શૂન્યતા વ્યાપી રહેત. પ્રેમ-પ્રકાશથીજ વર્તમાન સૃષ્ટિ સર્વાંશે પોતાનું અસ્તિત્વ સાચવી શકી છે. પ્રેમ સૃષ્ટિનો પોષક છે. ૐ! ૐ!!

શું પ્રેમ ઈશ્વર નથી? જો પ્રેમ ઈશ્વર ન હોત તો Christ and Krishna are but the forms of Love. "ક્રાઇસ્ટ અને કૃષ્ણ માત્ર પ્રેમના સ્વરુપ છે." એ ભાવના-યુક્ત વાક્યની પ્રતિતી શી રીતે થાત? શ્રીકૃષ્ણ શું પ્રેમમૂર્તિ

---

* True Love's the gift which God has given,
To man alone beneath the heaven;
It is not fantasy's hot fire
Whose wishes soon as granted fly;
* * * *

વધુ માટે જૂઓઃ—

'*Last Minsterl.*' Scott.

નહતા? પ્રભુ ગૌરાઙ્ગ શું પ્રેમદેવનું રૂપ નહતા? સત્ય કહીએ તો, કૃષ્ણ એ કૃષ્ણ ન હતા; કૃષ્ણ એ પોતે ઈશ્વર ન હતા; ગૌરાઙ્ગ કંઇ પ્રભુ નહતા; પણ **શ્રી**કૃષ્ણ પોતે પ્રેમ હતા, અને ચૈતન્ય મહાપ્રભુ (ગૌરાઙ્ગ) પ્રેમનું રુપક હતા. એની સાબિતી જો તમારે જોઈતી હાય તો **શ્રી**કૃષ્ણ અને પ્રભુ ગૌરાઙ્ગના ચરિત્રામાંથી તેઓનો પ્રેમ સર્વાંશે બાદ કરો; તેઓના પ્રેમપૂર્ણ સર્વ બનાવો તેઓના જીવન પરિક્રમણમાંથી દૂર કરો પછી જૂઓ કે તેઓનું જીવન કેવું હતું? આ રીતે જોવાથી તે ઉન્નત જીવન તમને તદ્દન સામાન્ય લાગશે. એટલે **શ્રી**કૃષ્ણની વિશેષતા અને મહત્વતા, તથા **શ્રી**કૃષ્ણ ચૈતન્યનું ઈશ્વરપણું એ સર્વે તેઓના શુદ્ધ અને વિશ્વવ્યાપી પ્રેમના આધારે છે. આ વિશ્વવ્યાપી પ્રેમ ઉપરજ **શ્રી**કૃષ્ણના કૃષ્ણપણાનું, લૉર્ડ ક્રાઇસ્ટના ક્રાઈસ્ટપણાનું અને પ્રભુ ગૌરાઙ્ગના પ્રભુપણાનું અવલંબન છે.

અર્થાત સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો, **શ્રી**કૃષ્ણ એ કૃષ્ણ નથી પણ પ્રેમ છે. વિશ્વવ્યાપી પ્રેમદ્વારા તેઓ પ્રભુ રૂપ બન્યા. આપણે માટે પણ આજ માર્ગ ખુલ્લો છે.

હાલ અધમતા અને વિચિત્રતા તો એ આવી છે કે, લોકો "**પ્રેમ**" શબ્દનો અર્થ ઘણોજ નીચ અને અધમ લે છે. 'પ્રેમ' એટલે 'કામવિકાર' એવી લોકોના મગજમાં સામાન્ય છાપ પડી ગઇ છે. પરન્તુ તેઓ જાણતા નથી કે, 'કામવિકાર' એ તો પ્રેમનું એક અધમ અને પતિત સ્વરુપ છે. **શુદ્ધ કિંવા સાત્વિક પ્રેમ તો સર્વ પ્રકારના સ્વાર્થી મોહ અને વિકારોથી પર છે.** નિર્દોષપણું એ પ્રેમનું પ્રથમ ચિન્હ છે. સત્યપ્રેમપ્રકાશ

કોને કહે છે તે લોકો હજી સ્વાર્થના ધનતિમિરને લીધે જોઇ શક્યા નથી; અને તેથીજ તેઓ સ્વાર્થીય આસક્તિ ( Selfish passion ) ને પ્રેમ માને છે. દ્રવ્ય પ્રેમ, સ્ત્રી પ્રેમ, સંસાર પ્રેમ, દેશ પ્રેમ આદિ સર્વ પ્રકારના પ્રેમની સાથે કંઇક કંઇક પરિમિતપણું અને યત્કિંચિત્ સ્વાર્થ જોડાયલો જણાય છે. **વર્તમાન સ્થિતિમાં તો ' પ્રેમ ' શબ્દના ઉચ્ચારની સાથેજ વિકાર ભાવ ઉત્પન્ન થાય છે.** આ પ્રમાણે મનુષ્યોના માનસિક વિકારોના પરિવર્તનની સાથે સાહજિક રીતે શબ્દોના અર્થોમાં પણ યોગ્ય ફેરફાર થયો હોય એમ આધુનિક અનુભવ ઉપરથી કહી શકાય છે. આ પણ હિંદના એક અધઃપતનની નિશાનીજ !

આસક્તિ એ વ્યર્થ નથી તેનું કંઈ પણ કારણ તો હોવું જોઇએજ. કોઈ પણ પ્રકારની આસક્તિ થઈ એટલે તે ભાવ કુદરતમાં છે એ વાત નિઃસંદેહ ! નહિ તો સવાલ એજ થાય કે, તે આવીજ કયાંથી ? કુદરતી રીતે એ ભાવના તમારાં ઉદિત થઈ એટલે તે ઉપરથી નક્કી થાય છે કે, કુદરતમાં એ ભાવના હોવીજ જોઇએ; નહિ તો કુદરતમાંજ જો એમ હોય તો તમારામાં એ ભાવના ઉદ્‌ભવે કયાંથી ? મણિ તો સ્પષ્ટ કહે છે કે: " આસક્તિ એ પણ કુદરતનો એક ગુણ છે. " એમાં જરૂરનું માત્ર એટલુંજ કે, અપેક્ષા ભિન્નતા હંમેશાં ધ્યાનમાં રાખવી જોઇએ, કેમકે અપેક્ષા પ્રમાણે અર્થ ફરે છે. (જો કે સર્વનું મુળ તો એક જ છે.) આસક્તિને જ્યારે ( દિવ્ય Divine ) રૂપી વિશેષણ લાગે છે ત્યારે તેનો ભાવ સ્વાર્થીય (Selfish) આસક્તિથી તદ્દન વિરુદ્ધ થાય છે. દિવ્ય આસક્તિ એજ કાંચનમય પ્રેમ છે. સ્વા-

ર્થનો તેમાં કિંચિત્ પણ ભાવ નથી. એ તો માત્ર આત્માનું આત્મા તરફ આકર્ષણ છે.

જ્યારે વિશ્વવ્યાપી પ્રેમથી અભેદાનંદ અનુભવાય છે ત્યારે એટલું તો અનુમાની શકાય કે, એક સામાન્ય દેશ પ્રેમ કિંવા ધર્મપ્રેમ આદિ પરિમિત પ્રેમથી પણ ચરિત્ર ઉન્નત બને છે ખરૂં. તો શરૂઆતમાં આવા સંકુચિત પ્રેમથી શરૂ કરી, તેવા પ્રેમની પ્રાપ્તિને માટે પુરુષાર્થ કરી, સ્વચરિત્ર ઉચ્ચ બનાવી, તેનો પરિમિત સ્થિતિમાંથી વિકાસ કરી અપરિમિત બનાવવા પુરુષપ્રયત્ન કરવો એજ સર્વ મનુષ્યોનું કર્તવ્ય છે. Charity begins at home. એ ન્યાય પ્રમાણે સ્વગૃહની અંદર પ્રેમને વિસ્તાર આપી, પછી ગામ, દેશ અને આખરે તેજ પ્રેમને વિશ્વવ્યાપી કરવો. આ વિશ્વવ્યાપી પ્રેમથીજ સત્ય આનંદ અનુભવાશે.

Love! Sweet Love! in all the
happy hearts, you reign
Free and fair, upon this
Universal plain.
Dare none to oppose you
or desdain,
As care you not, nor wish
a penny to gain.

(*Mani.*)

"પ્રેમ! મધુર પ્રેમ! આ સમસ્ત વિશ્વના વિશાળક્ષેત્ર ઉપર વિરાજિત સર્વ આનંદી આત્માઓના હૃદયોની ઉપર તું નિષ્ક-

લંકિત્ અને સ્વતંત્રરીતે સામ્રાજ્ય ભોગવે છે. તું કોઇની દરકાર કરતો નથી, તેમજ એક પાઇ પણ પ્રાપ્ત કરવાને માંટે તું સ્વાર્થી બનતો નથી; આથીજ કોઇ પણ તારી સ્હામે થઇ શકતું નથી અગર તો ઘૃણા દર્શાવતું નથી."

પ્રેમ એ એક વિશ્વ-સાંકળને હલાવવાની અલૌકિક કુંચી છે. આ અજબ કુંચીથી ઘણાંજ મ્હોટાં અભેદતાના તાળાંઓ ફડાક દઇને ઉઘડી જાય છે. પ્રેમના પ્રભાવથી થોડી મહેનતે કેટલીક વખત ઘણું કામ આપોઆપ થાય છે. પ્રેમના એક સદ્ગુણથી સર્વ પ્રકારના ઉચ્ચ ગુણો દાખલ થાય છે. જે મનુષ્યમાં પ્રેમ નથી તે કશું પણ જાણી શકનાર નથી. પ્રેમ મનુષ્યને સર્વ શીખવે છે. જ્ઞાન પણ પ્રેમથીજ આવે છે.

"પોથી પઢ પોપટ ભયો, પંડિત ભયો ન કોઈ,
એકો અક્ષર પ્રેમકા, પઢે સો પંડિત હોઈ."

અભેદતાની અંતિમ દશાએ પણ શુદ્ધ, સાત્વિક અને સત્ય પ્રેમજ પહોંચાડે છે. વિશ્વવ્યાપી પ્રેમ થયો, સર્વ રુપોને પ્રભુ રૂપ માની લીધાં, અને સ્વસ્વરુપો ગણી તે સર્વ પ્રતિ વિશુદ્ધ પ્રેમભાવ કર્યો કે તે સાથેજ તમે મનુષ્ય નહિ પણ પ્રભુ થયા સમજજો. સામાન્યતામાંથી વિશેષતામાં આજ સમયે તમે દાખલ થાઓ છો.

પ્રેમ શત્રુને જોતો નથી; પ્રેમ મોહને વશ નથી; પ્રેમ લોભમાં પડતો નથી. એજ વિશ્વપ્રેમ, તે શુદ્ધ પ્રેમ, તે સાત્વિક સ્નેહ મદ અને મત્સર ઉભયથી પર (above) છે. વિશુદ્ધ પ્રેમ સ્વાર્થને તો કદિ જાણતોજ નથી. જયાં સ્વાર્થ છે ત્યાં પ્રેમ નથી. જે પ્રેમ જેવું જણાય છે તે માત્ર કૃત્રિમ સ્નેહ છે; અને કૃત્રિ-

મતા એ સત્યસ્વરુપથી તદ્દન વિરુદ્ધ છે. સત્યપ્રેમ હંમેશાં સ્વાર્થ ત્યાગમાંજ સંભવિત છે; અને સંપૂર્ણ સ્વાર્થત્યાગ આંતર આત્મિક બળ વગર હોતો નથી. નિસ્પૃહા, નિષ્કામ કર્મ અને પરમાર્થ બુદ્ધિ આદિ પ્રેમ ઉદ્દિપનનાં અંગભૂત સાધનો છે. આ સાધનો–વિચારો જ્ઞાનથી ઉદ્‌ભવ થાય છે. અર્થાત્ સત્યજ્ઞાન એજ શુદ્ધ પ્રેમનું વાસ્તવિક કારણ છે.

કોઇ પણ ચીજના સત્યજ્ઞાન વગર તે વસ્તુ પ્રતિ પ્રેમ ઉદ્‌ભવતો નથી. આમ્રફળનું જ્યાં સૂધી તમને યથાર્થ જ્ઞાન નથી ત્યાં સૂધી આમ્રફળ પ્રતિ તમને યોગ્ય કિંવા યથાર્થ પ્રેમ થતો નથી. અમૃતનું તમે કદિ નામજ ન સાંભળ્યું હોય અગર તેના ફળની તમને કશી માહીતીજ ન હોય કિંવા તેના પાનથી પ્રાપ્ત થતા અલૌકિક અમરપણાથી તમે જ્ઞાતજ ન હો તો તમને તે અમૃત ઉપર પ્રેમજ કયાંથી થાય? અને જયારે કોઇ વસ્તુ પ્રતિ પ્રેમ ન થયો ત્યારે તેને પ્રાપ્ત કરવાને માટે ઉત્સુક હૃદયે પુરુષાર્થ પણ શી રીતે થાય?

આજ પ્રમાણે પ્રભુપ્રતિ શુદ્ધ, સાત્વિક કિંવા સત્યપ્રેમ ઉદિત થાય તે પહેલાં તે અનન્ત શક્તિના સર્વ પ્રકારના આદર્શ ગુણોથી જ્ઞાત થવાની ઘણી જરૂર છે. પ્રભુના અવર્ણનીય ગુણો અને અદ્‌ભુત કાર્યોનું યથાર્થ જ્ઞાન થવા પહેલાં કરાયેલો પ્રભુ ઉપરનો પ્રેમ વાસ્તવિક રીતે કહીએ તો કૃત્રિમ સ્નેહ (Artificial Love) છે. અમુક કોઇ માણસના ગુણ દોષ જાણ્યા વગર તેના પ્રતિ પ્રેમ કરવો એ તો માત્ર અંધશ્રદ્ધા! પરિણામે તે ભયંકર નિવડે છે. આમાં તમારી સ્વતંત્ર બુદ્ધિનો શો ઉપયોગ થયો ભલા? એ તો વિવેકબુદ્ધિની સ્હામે એક પ્રકારનો દ્રોહ કરી જુલમથી

ઉપજાવી કહાડેલો હંગામી (Acting) પ્રેમ છે. સત્ય કહીએ તો એ માત્ર ભાડે આણેલો પ્રેમ થયો. આથી અન્તે તે નાશવંત છે; તો આવા અલ્પકાળી પ્રેમથી વાસ્તવમાં શું ફાયદો? પ્રભુ કંઇ એવા તુટક-છુટક પ્રેમથી રાજી થતો નથી. તેને તો અસ્ખલિત, અખણ્ડિત અને અવ્યભિચારી પ્રેમ જોઇએ છેઃ **વિશ્વવ્યાપી પ્રેમ એ પ્રભુના ગુપ્ત દ્વાર ઉઘાડવાની સરલ કુંચી છે.** આ વિશ્વપ્રેમ તે દિર્ઘકાળે અનુભવ અને જ્ઞાનથી પ્રદિપ્ત થયેલો સ્નેહ-દીપ છે.

પ્રભુ ગૌરાંગ પ્રભુ પાછળ પ્રેમમાં મસ્ત બની ગમે તેમ બોલતા અને વર્તતા હતા માટે આપણે પણ તેમ બોલવું અને વર્તવું કિંવા તેવો ઢોંગ કરવો; તેમજ **રાધા શ્રીકૃષ્ણ** પાછળના પ્રેમમાં ફાવે તેમ વર્તતી હતી માટે આપણે પણ તેમ કરી, ફાવે તેમ વર્તી, **રાધા** હોવાનો બાહ્ય ડોળ કરવો; અને અનેકાનેક સદ્ પ્રેમી ભકતો પ્રેમમાં પાગલ થઇ જતા હતા તે સાંભળી માત્ર તેમનું અનુકરણ કરતાં, પ્રભુ ઉપર અસિમ પ્રેમ હોવાનો ખાલી ઢોંગ કરી, લોકોમાં પૂજાવાને માટે બાહ્ય દૃષ્ટિએ (અાંતરમાં તો કંઇજ નહિ) પાગલ થઈ જવું; એ સર્વ પ્રભુપ્રેમ (ભક્તિ)ની બનાવટ (Imitation) ની શી ખુબી બતાવે છે!! **મી**રાંબાઇ પ્રભુ ઉપર પ્રેમ રાખતાં હતાં અને તેથી તેના દુઃખ દૂર થઇ જતાં હતાં માટે આપણે પણ પ્રભુ ઉપર પ્રેમ રાખવો જોઇએ એ તો યુરોપી પ્રજા મદ્યમાંસ ભક્ષણ કરે છે અને તેથી તેઓ મજબુત છે માટે આપણે પણ તેમ કરવું એવા પ્રકારનો ન્યાય થયો. કેટલાક લોકો કહે છે કેઃ-"ચ્હા પીવાથી ફાયદો થાય છે" એટલે તે લોકોનું અનુકરણ કરી ચ્હા પીવી એ તો

માત્ર બુદ્ધિશૂન્યતાનું પરિણામ! જ્યાં સૂધી તમે ચ્હાના ફાયદા ગેરફાયદાથી જ્ઞાત થાઓ નહિ કિંવા ચ્હાથી થતી અસરોનું પૂર્ણ જ્ઞાન મેળવો નહિ ત્યાં સૂધી ચ્હા પીવી શરૂ કરવી એ તો એક દેખાદેખીનું ગાર્દભિક* કાર્ય થયું. હિંદુસ્તાન તો ખરેખર આવાં પ્રાણીઓથીજ ભરપુર છે.

"અગ્નિ હાથમાં લઇશ નહિ." એ એક અધૂરો ન્યાય થયો; કેમકે "શા માટે?" એ સવાલનો જવાબ ઉક્ત આજ્ઞાએ આપ્યો નથી. એટલે ઉપર્યુક્ત વાકયમાં નિષેધક આજ્ઞા કરી તો ખરી કે, "અગ્નિ હાથમાં લઇશ નહિ." પણ "તેથી તું દાઝશે." એ તે વિષયસંપૂર્ણતા સૂચક વાકયનું જ્ઞાન અપૂર્ણ રહ્યું. "અગ્નિ હાથમાં લઇશ નહિ." એ નિષેધક આજ્ઞાથી તો ઉલટી કુતૂહલ ખાતર કોઈક દિવસ અગ્નિ હાથમાં લેવાની ઇચ્છા થઇ આવે પણ ખરી, કેમકે તે આજ્ઞાનું યોગ્ય કારણ તે માણસને તે ( આજ્ઞા ) સાથે દર્શાવ્યું નથી. આથી **સંપૂર્ણ જ્ઞાન અને યોગ્ય કારણ વિના અપાયેલી આજ્ઞામાં તેનો ( આજ્ઞાનો ) લોપ થવાનો સંભવ છે.** ઉલટ પક્ષે જો ઉક્ત આજ્ઞામાં અગ્નિ હાથમાં ન લેવાનું કારણ બતાવી તે સાથેજ "તું દાઝીશ" અગર "તેથી તું દાઝીશ" એવું કારણદર્શક જ્ઞાન આપવામાં આવ્યું હોત તો સામાન્ય રીતે કોઇને પણ કદિ અગ્નિને હાથમાં લેવાની ઈચ્છા થાત નહિ.

---

* ગધેડો પોતાના એક જાતિય બંધુને ભૂંકતો સાંભળે કે તરતજ પોતે તેને દેખીને પ્રત્યુત્તરમાં પોતાનો મધુર સ્વર પુરી તેનું અનુકરણ કરે છે; અને આજ પ્રમાણે બીજાં સર્વે. **અં. પ્ર.**

**બાયબલમાં એક જગ્યાએ લખ્યું છે કેઃ-**

Love thy neighbour as thy self.

" ત્હારા પાડોશી ઉપર ત્હારી પોતાની જાત" જેટલોજ પ્રેમ રાખજે "

ઉકત વાકયની અપૂર્ણતાના કારણને લીધે હાલ એ ધર્મ આદેશ બર આવતો નથી. ઉપર્યુક્ત આજ્ઞામાં " શા માટે ? " એવા સાહજિક પ્રશ્નનો જવાબ **બાયબલ** આપતું નથી; અને તેથીજ યોગ્ય કાર્ય કારણ ( Cause and Effect ) ના યથાર્થ જ્ઞાનની ન્યૂનતાને લીધે એક **ખ્રિસ્તીનો** પોતાના પાડોશી ઉપર પ્રેમ ટકી શકતો નથી.

આજ પ્રમાણે પ્રભુ પ્રેમમાં પણ ધર્મઆજ્ઞાઓ અને ગાર્દભિક અનુકરણ કદાચિત્ થોડા સમયને માટે પ્રભુ ભક્તિ-પ્રેમ કરાવવામાં ફળીભૂત થાય પણ તે ચિરસ્થાયી નથી, કેમકે એ પ્રેમ કરવાનું કારણ તે પ્રેમ કરનાર પોતે હજી જાણતો નથી, આ તો ખરેખર, તદ્દન ' મશીન ' ! !

**જ્યાં સૂધી પ્રભુ પરત્વેનું સંપૂર્ણ જ્ઞાન થયું નથી ત્યાં સૂધી પ્રભુ ઉપર શુદ્ધ પ્રેમ થવો બની શકે એમ નથી; અને જ્યાં સૂધી શુદ્ધ પ્રેમ થયો નથી ત્યાં સૂધી તે ચિરકાળ ટકનાર નથી;** અને જ્યાં સૂધી તે ચિરકાળ ટકનાર નથી ત્યાં સૂધી તેને કોઈ પણ પ્રકારે પ્રાપ્ત કરવા સતત પુરુષાર્થ પણ થનાર નથી; અને પુરુષાર્થના સહજ પણ બળ વગર ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત થનાર નથી; અને ઈષ્ટ વસ્તુની અ-પ્રાપ્તિ એટલે અન્તે જીવનની નિષ્ફલતા. એ તો પછી ' મરવાને માટે જીવવું અને

જીવવાને માટે મરવું*' એમ થયું.

પ્રભુ પ્રેમ ( ભક્તિ ) કોઈના અનુકરણથી કરવો નહિ પણ જાતેજ તેનું સંપૂર્ણ જ્ઞાન મેળવી ઉત્પન્ન થવા દેવો. ગમે તે બાબતમાં કોઈ પણ વ્યક્તિનું અનુકરણ તો કદિ કરશોજ નહિ. **અનુકરણ કર્યું એનો અર્થ એ થયો કે તમે તમારૂં સ્વાતંત્ર્ય તે વ્યક્તિને વેચ્યું.** તે વિચાર કિંવા આચાર ( કે જેનું તમે અનુકરણ કર્યું હોય તે ) તમારા પોતાનામાંથી ઉદ્‌ભવ થયો નથી, પણ અન્ય પાસે તમે ભાડે આણ્યો છે. આતો એક રીતે તમારા આત્મિક પ્રવાહ અને બળ ઉપર અવરોધ ( check ! ! આમ કર્યાથી તમારા આત્માની શક્તિ જેટલી ક્ષીણ કરી તેટલા પ્રમાણમાં તે આત્મહત્યા થઈ કહેવાય. અનુકરણ ! અનુકરણ માટે તો મહાત્મા **એમર્સન** લખે છે કેઃ-

Imitation is suicide.

**" અનુકરણ એ આત્મ હત્યા છે. "**

પ્રેમની પ્રથમોત્પત્તિ આત્મામાંથી થાય છે, અને અન્તે તે તેમાંજ સમાય છે. આત્મા એજ પ્રેમનું મૂળ અને મુખ છે. એક નદિની માફક તે આગળ વધતાં વિસ્તાર પામે છે. પ્રથમ તો તે સંકુચિત અને મર્યાદિત હોય છે પણ ધીરે ધીરે અનુક્રમે તે વિશાળતા પામે છે, અને તેનું ક્ષેત્ર મ્હોટું થતું જાય

---

* એજ ભાવ માટે જૂઓઃ-

**पुनरपि जननं पुनरपि मरणम् ।**
**पुनरपि जननि जठरे सयनम् ॥**

चर्पटपंजरीकास्तोत्र.

છે. નદિની શરૂઆતનું પાણી તદ્દન શુદ્ધ હોય છે, પણ જે પ્રકારની પૃથ્વીનો તેને સંસર્ગ થાય છે તે પ્રમાણે તેના પાણીમાં ગુણ દોષ દાખલ થાય છે. કાળી માટીવાળી જમીનમાંથી પસાર થતાં નદિના પ્રવાહનું પાણી કાળું દેખાય છે. વળી રાતી જમીનમાં વહેતાં તેનુ તેજ પાણી રતાશ પડતું જાય છે; અને આજ પ્રમાણે ગંદી અને મેલી જમીનમાંથી પોતાનો માર્ગ લેતાં તેજ પાણી પોતે ગંદુ અને મેલું રુપ ધારણ કરે છે. પાણીના નદિના મૂળમાં આ માટેનો કોઇ પણ પ્રકારનો દોષ નથી, પણ એ દૃશ્ય પરિણામો સ્થાન અને સંજોગોના આધારે પ્રત્યક્ષ થતા બાહ્ય ફેરફારો છે. સત્ય કિંવા મુળ પ્રવાહ તો હંમેશાં એકજ ચાલુ છે, પણ પ્રત્યક્ષ ફેરફારો માત્ર સ્થાનુકૂળ સંસર્ગને પરિણામે દેખાવમાં આવેલા ભિન્ન ભિન્ન ભેદો છે. મૂળ પ્રવાહમાં આગળ વધતાં ક્રમે ક્રમે નદિ વિશાળ થાય છે, અને ગમે તે માર્ગેથી જૂદી જૂદી ભૂમિઓમાંથી પર્યટન કરી તે અગાધ ઉદધિમાં સમાય જાય છે, અને અન્તે બાષ્પ થઇ આકાશે ચ્હડે છે કે જયાંથી તેની પ્રથમોત્પત્તિ થઈ હતી.*

પ્રેમ-ઝરાનું વહન પણ આજ રીતે આત્મામાંથી થાય છે. તે ઝરણુ શરૂઆતમાં સંકુચિત રહી ન્હાના પ્રવાહરૂપે ધીરે ધીરે આગળ વહે છે. આ સ્થિતિ બાળકની છે કે જયાં તે અન્ય ઉપર પ્રેમ ન કરતાં પોતાની જાત ઉપરજ પ્રેમને મર્યાદિત

---

* અવનિમાંથી નભ ચ્હડયું
વારી પડયુંજ પાછું ત્યાંને ત્યાં.
'સરસ્વતીચંદ્ર ભા ૧.' ગો. મા. ત્રિ.

કરે છે. તે પોતાની માતાને, પિતાને કિંવા વિશ્વને જાણતો નથી. તેનો પ્રેમ પરિમિત છે, તે ધીરે ધીરે વિકાસ પામે છે. પ્રેમ-ઝરો હંજી આગળજ જગ્યા શોધે છે. તે હવે માતા, પિતા, ભગિની, ભ્રાત આદિ જૂદાં જૂદાં ક્ષેત્રોમાંથી પ્રવાહ કરે છે. પ્રેમ-નદિનો પ્રવાહ આ દ્વિતીય સ્થિતિમાં સહજ વિસ્તાર તો પામે છે પણ તેમાં યત્કિંચિત્ મલિનતા દાખલ થાય છે. થોડો વખત જતાંજ તે માતા, પિતા આદિ આપ્ત જનોમાં સ્વાર્થ વૃત્તિને પ્રાદુર્ભાવ થયેલી જુવે છે. આથી પરિણામમાં સામાન્ય રીતે ક્ષેત્રમૃતિકા-આત્મિયજનોના સંસર્ગને લીધે તેના પ્રેમ-પ્રવાહના જલને મલિનતાની કિચિંત્ સંસર્ગઅસર થાય છે. હજી તેનો પ્રવાહ આગળ વહ્યો જાય છે, અને તે પોતાની સ્ત્રી ઉપર અત્યંત પ્રેમ કરતાં શીખે છે. હવે તે પ્રેમ ક્રમસઃ રુપાન્તર પામી સ્વાર્થીય આસક્તિમાં ફેરવાઇ જાય છે. પછી તે મિત્રો અને કેટલાક સંબંધીઓ તેમજ સંસર્ગમાં આવેલા વ્યવહારોપયોગી મનુષ્યો ઉપર પ્રેમ કરતાં શીખે છે. આ વખતે તેને મોહરૂપી બીજો પ્રવાહ આવી મળે છે. આ દ્વંદથી વિસ્તાર પામેલી પ્રેમ-મહાનદિ હજી પણ આગળ જતાં વિસ્તાર પામ્યા કરે છે. અને તે પ્રેમની બિશાળતા ક્રમસઃ કુટુમ્બ, ગામ, પ્રાન્ત અને દેશમાં બિસ્તાર પામે છે. આ વખતે દેશભક્ત થઈ દેશ ઉપર તે પ્રેમ કરતાં શીખે છે એટલે એના પ્રેમનું ક્ષેત્ર જો કે મ્હોટું થાય છે તોપણ હજી તેમાં યત્કિંચિત્ ન્યૂનતા રહે છે. હજી તેનો પ્રેમ પોતાના દેશમાં મર્યાદિત છે. તે વિશ્વવ્યાપી થયો નથી. કેટલાક સમય પછી અન્તે આ પ્રવાહ ઉન્નતિ ક્રમમાં આગળ ધકેલાતો વિશ્વ-ઉદધિમાં પૂર્ણ વિકાસ પામી, મળી લીન

થઇ જાય છે. અહિં સ્વાર્થ મોહ આદિ પ્રેમ ઉદધિમાંની કેટલીક આસક્તિયુક્ત મલિનતા જ્ઞાન–રવિના પ્રકાશથી દૂર થતાં શુદ્ધ પ્રેમ–જલ બાષ્પરૂપે બ્રહ્માકાશ તરફ ઉંચે ચ્હડે છે; અને આ રીતે પોતાની મૂળ સ્થિતિ પ્રતિ પાછું વળે છે. આજ તે આનંદમય સ્થિતિ છે કે જ્યાં તે સ્વાર્થી પ્રેમ નિઃસ્વાર્થતાનું રુપ પકડે છે. એજ તે જ્ઞાનમય દશા છે કે જ્યાં સમાનતા અને વિશ્વપણું આવે છે.

આ શુદ્ધ સ્થિતિમાં તેને આત્મસાક્ષાત્કાર થાય છે. આ ઉચ્ચ ભૂમિકાની પોતાની સ્થિતિમાં તે વિશ્વને પોતામય જુવે છે. પ્રેમ–સાગરમાં તેને સર્વત્ર વિધવિધ રૂપે સ્નેહ–રસ ઉભરાતો જણાય છે. આ સ્થિતિમાં પ્રેમ પોતાના મૂળમાંજ અન્તે લીન થાય છે. **આત્મા પ્રેમરૂપ છે.** પ્રેમ એ તો તમારા પોતાના સત્યસ્વરુપનો પ્રકાશ માત્ર છે. તમારા પોતાના આત્મામાંજ સર્વ વસ્તુઓની ઉત્પત્તિ છે.* **સચ્ચિદાનન્દ આત્મા એજ સર્વના ઉદય અને લયનું સ્થાન છે.** માત્ર 'હજી કોઇક' એવો અધ્યાસ દૂર થવો બાકી. એટલું થયું એટલે પછી તમે પોતેજ આ પ્રેમના કર્તા અને ભોક્તા છો એ વાત આપોઆપ સ્પષ્ટ થશે. ૐ !

વિશ્વવ્યાપી પ્રેમ થયો એટલે સ્વાભાવિક સમભાવના ઉદ્ભવે છે; અને તેની સાથેજ ષડ્‌વિકારો પ્રાયઃ નષ્ટ થઇ જાય છે.

---

* સરખાવો:—

There is no great or no small,
To the soul that maketh all. '*History.*'
Emerson.

આ રીતે વિકારો કિંવા મલિનતાનું આવરણ દૂર થતાં તમારો આત્મા પ્રકાશે છે. અરે! તે તો સદા સર્વદા પ્રકાશ આપ્યાજ કરે છે પણ માત્ર ત્યારેજ તમને તે જ્ઞાનદૃષ્ટિથી પ્રકાશતો જણાય છે. દિનમણિના સત્યપ્રકાશની સાથે અજ્ઞાનાંધકાર પ્રભાતના ઝાકળની માફક ઉડી જાય છે. સત્યજ્ઞાન કિંવા આત્મજ્ઞાનથી પ્રેમ ઉત્પન્ન થાય છે; અને વિશ્વવ્યાપી પ્રેમથી વિશાળતા આવે છે. જીન પોલ રાઇટરનું કથન તદ્દન સત્ય છે. તે એથીજ સુખી હતો. તે કહે છે કેઃ—

"મ્હારી જાત કરતાં મ્હારા કુટુંબ ઉપર હું વધારે પ્રેમ રાખું છું. કુટુંબ કરતાં દેશ ઉપર મ્હારો પ્રેમ અધિક છે; અને સમસ્ત વિશ્વ ઉપર તો મ્હારો પ્રેમ સૌથી વિશેષ છે."

પ્રેમનું માધુર્ય જાણવું હોય તો રાધાને પૂછજો કે, કૃષ્ણ પાછળ તું કેમ ગાંડી થઇ હતી? પ્રેમના સૌંદર્યની ઝાંખી કરવી હોય તો શ્રી ગૌરાઙ્ગને પૂછજો કે, પ્રભુ પાછળ ગાંડા થઈ તમે કેમ નૃત્ય કરતા હતા? હજી પણ પ્રેમનું રહસ્ય અગર સત્ય હકીકત જાણવી હોય તો મજનુનને એટલુંજ પૂછજો કે, લયલી પાછળ તું કેમ દિવાનો બન્યો છે? આજ સત્યપ્રેમની અભેદતા! ઐક્ય તે આનું નામ, અને ભક્તિ તે આજ!

પ્રેમપાત્રના નામમાંજ કેટલી મોહકતા રહી છે? તેના ઉચ્ચાર માત્રમાંજ કેટલું રહસ્ય સમાયું છે? "કૃષ્ણ" નામના ફક્ત ઉચ્ચારથીજ રાધા કેટલી વિહ્વળ બની જતી હતી? "લયલી"ના ધ્વનિથીજ મજનુનની શી સ્થિતિ થતી હતી? પ્રેમીના શબ્દોમાં પણ કેટલું બળ! પ્રેમનો અનુભવીજ પ્રેમની હકીકતો જાણે છે. આંધળાને સૂર્યનો પ્રકાશ શી રીતે બતાવાય?

વર્ણન પ્રેમ આગળ થાકી જાય છે, એટલે શબ્દોમાં તો તે કદિ સમાય એમ નથી.* **સ્વાનુભવ વગર પ્રેમની દિવ્યતા સમજાય એમ નથી; તેમજ અનુભવી તે દર્શાવી શકે એમ નથી.** પ્રેમનો જાતે અનુભવ કરો પછી જૂઓ તેનો આભેદાનન્દ !

પ્રેમ કશું જાણુતો નથી. તે તો માત્ર એટલુંજ જાણે છે કે, પોતાના પ્રેમ પાત્રમાં કોઈક લોહચુંબકની શક્તિ છે. આ શક્તિને તે જાણી શકતો નથી. તે તો માત્ર પ્રેમ કરી જાણે છે. સત્ય પ્રેમની આજ નિશાનીઓ ! વિશુદ્ધ પ્રેમ કાર્યકારણ શોધતો નથી.

પ્રેમની કથા પ્રેમીજ જાણે છે. અનુભવ વગર પ્રેમને ઓળખી શકાતો નથી. લયલીમાં શું બળ હતું તે બિચારો **મજનુન** એકજ જાણે છે. કૃષ્ણમાં શું હતું ? તે ફક્ત રાધાજ જાણતી હતી. જ્યાં સૂધી રાધારૂપ તમો થશો નહિ ત્યાં સૂધી કૃષ્ણને તમો યથાર્થ ઓળખી શકનાર નથી. એક કોઈ પુરૂષ પોતાની નજદિકમાં રહેનાર એક સ્ત્રી ઉપર અત્યંત મોહ પામ્યો હતો. તેનો દિવસે દિવસે એટલો તો પ્રેમ વધતો ગયો કે તે પ્રેમના ભોગે તેનું શરીર કૃશ થવા લાગ્યું. તે પ્રેમમાં દિવાનો થયો હતો. ત્યાંના રાજાને આ વાતની ખબર પડતાં તેણે તે સ્ત્રીને બોલાવી અને પેલા પુરુષને પણ તેડાવ્યો. પછી રાજાએ પેલા પુરુષને ઉદ્દેશી કહ્યું:–

"આ સ્ત્રીમાં તું શા માટે પ્રેમ ધરે છે ? એનાથી બીજી વિશેષ સારી સ્ત્રી હું તને આપું. એમાં શું છે ?" પેલાએ

---

* સજ્જન બાતાં સ્નેહકી ઇસ મૂખ કહી ન જાય,
મુંગેકુ સ્વપ્નો ભયો સમજ સમજ પરતાય. (લૌકિક.)

ગદ્દગદિત કણ્ઠે કહ્યું;–"એ મ્હને પુછશોજ નહિ. હું કશું જાણુતો નથી; પણુ જરા મહેરબાની કરી મારી જગ્યાએ આવો અને પછી જૂઓ કે એમાં શું છે?"

પ્રેમ પાત્રમાં શું છે? તે પ્રેમી જાણુતો નથી. તે તો માત્ર કોઈક આકર્ષણુથી પોતાના પ્રેમપાત્ર તરફ ખેંચાય છે. આના સત્યને માટે તો તમારે તે દૃષ્ટિથી જોવું પડશે. તમો જાતે મજનુન થાઓ પછી જૂઓ કે લયલીમાં શું હતું? તમો જાતે પ્રભુભક્ત થાઓ પછી જુઓ કે પ્રભુ પ્રેમમાં શું છે? રાધા એક સમયે દીપક પ્રગટાવવા શ્રીકૃષ્ણુને ત્યાં ગઈ હતી. દીપક પ્રગટાવી રહ્યા પછી તે શ્રીકૃષ્ણુનું ચંદ્રવદન નિહાળવા ઉભી. પ્રેમમાં તે લીન થતી હતી; પોતાની સ્થિતિ તે ભુલી ગઇ. 'દીપક પ્રગટાવી પોતે હાથમાં ધર્યો છે,' તે વાતની તો તેને તદ્દનજ વિસ્મૃતિ થઇ. તે આનંદમાં સ્થિર ઉભી હતી. દીપકના સતેજ અગ્નિની જવાળથી તેનો સુકોમળ હાથ બળવા માંડ્યો. રાધાને આની ખબર ન હતી. પ્રેમ દુઃખને જાણુતો નથી. રાધા તો પ્રેમને જાણુતી હતી. દુઃખને તો તે ઓળખતીજ હતી નહિ! બે વર્ષ સૂધી લયલીનું નામ રટતો ઝાડે અઢેલી ઉભો રહેલો મજનુન દીર્ઘકાળ ઉભો રહેતાં પણુ થાકયો ન હતો ઉલટો તેને તે સમય બહુ મધુરો લાગ્યો હતો. પ્રેમ! પ્રેમ! મધુર પ્રેમ!!!

મહાત્મા એમરસન પ્રેમ માટે લખે છે કેઃ–

All other pleasures are not worth its pains;

"અન્ય બીજાં સર્વે સુખોની કિંમત પ્રેમના દુઃખ જેટલી પણુ નથી."

અર્થાત્ પ્રેમના માર્ગમાં પડતાં દુઃખો પણ અન્ય સુખો કરતાં વિશેષ આલ્હાદક અને મધુર છે.

બીજી જગ્યાએ તે લખે છે કેઃ–

"આ પરમાનંદ–પ્રેમનું પ્રગટીકરણ યાને પ્રથમોત્પત્તિ એક મેકની સાથેના ગુપ્ત, અગંદ અને નવિન ખિલતા સંબંધનું પરિણામ છે. એ કુદરતીપ્રેમ માનુષ જીવનમાં એક અલૌકિક અને અદ્‌ભૂત જાદુઈ બંધ ( Tie ) છે, કે જે ઇશ્વર પ્રેરિત જુસ્સા અને ઉત્સાહથી મનુષ્યને કોઇક સમયે ચુપકીદીથી બાંધી લે છે; અને આ રીતે તેના મન અને શરીરમાં એક અમુલ્ય પરિવર્તન કરી મુકે છે. તે પ્રેમ મનુષ્યને તેની જાતિ સાથે સંસર્ગમાં આણે છે, તેને કૌટુંબિક અને નાગરિક સંબંધમાં મુકે છે, તેને કુદરત તરફ નવીન લાગણીથી પ્રેરે છે, તેની વિચાર, વિવેક, બુદ્ધિ આદિ અનેક શક્તિઓને વિકસિત કરે છે, તેની કલ્પના શક્તિને જાગ્રત કરે છે, તેના વિરત્વભર્યો ચારિત્ર અને પવિત્ર ધર્મગુણોમાં અભિવૃદ્ધિ કરે છે, તેને પવિત્ર લગ્ન ગાંઠોથી સાંધે છે, અને માનુષિ સંયોગીકરણના અનાદિપણાને પુષ્ટિ આપે છે."

સ્વામી રામ એજ પ્રેમના શુદ્ધ સ્વરૂપ માટે જણાવે છે કેઃ–

Oh! Love! Sweet Love!!
For ages and ages
Thou gavest me the dor
Now hiding behind the fols and friends,
Nor disappeariny in the Critieisms and praise
Nor lost in pleasures and pride

Concealed in foorbls and pains
Then out of sight in life's trials
Forgotton in the midst of losses and gains.
O Love ! Sweet Love !!
For ages and ages
Thou gavest me the dor.

" ઓ પ્રેમ! મધુર પ્રેમ !! તેં મને યુગોના યુગો સૂધી ઠગ્યો છે,
ઘડીમાં શત્રુઓ અને મિત્રોની પાછળ સંતાઈને,
ઘડીમાં નિંદા અને સ્તુતિમાં અદૃશ્ય થઇને,
ઘડીમાં આનંદ અને અહંકારમાં ખોવાઇ જઇને,
ઘડીમાં વિપત્તિ અને દુઃખોમાં દબાઈ જઈને,
ઘડીમાં સંસારનાં સંકટોમાં લપાઇ જઇને,
ઘડીમાં નફા અને તોટાની વચ્ચે ભુલાઇ જઇને,
ઓ પ્રેમ ! મધુર પ્રેમ ! યુગોના યુગો સુધી તેં મ્હને ઠગ્યો છે"

**પ્રભુ ઉપરનો તમારો પ્રેમ ત્યારેજ સત્ય કહેવાય કે જ્યારે તમો વિશ્વ પ્રેમ રાખતા શીખો.** ઐહિક સુખમાં પ્રેમનું મર્યાદિત થવું એ પ્રેમની ન્યૂનતા અને સ્વાર્થ પરાયણતાનું પરિણામ છે. કોઇ એક મનુષ્ય ઉપર પ્રેમ અને ઇતર પ્રતિ દ્વેષ એતો ભિન્નતા અને દ્વૈતનું રૂપ થયું. પ્રભુ ઉપર પ્રેમ અને અન્ય મનુષ્યો પ્રતિ ઇર્ષા એતો પ્રભુને ક્રોધિત કરવા જેવું થયું. એક માણસ પ્રત્યે તમો પ્રેમ રાખો, પણ તેના પુત્ર કે જેના ઉપર તે મનુષ્યનો પૂર્ણ પ્રેમ છે તેના પ્રતિ તમે દ્વેષ ભાવથી જૂઓ એતો પેલા મનુષ્ય પ્રતિના વાસ્તવ પ્રેમમાં એક પ્રકારની ન્યૂનતા થઇ. જો તે મનુષ્ય પ્રતિ તમને સંપૂર્ણ અને શુદ્ધ પ્રેમ હોત તો તેના પુત્ર

તરફ તમને તેટલોજ પ્રેમ થવો જરૂરનો છે, અને જો કદાચિત્ તેમ ન થાય તો વિશ્વવ્યાપી પ્રેમના નિયમ પ્રમાણે તેના પ્રતિ પ્રેમ રાખવાની તેની ફરજ છે કેમકે તે મનુષ્ય પણ ફળનુંજ ફળ છે. તે પુત્ર તે એ મનુષ્યનો પ્રતિનીધિ (Representative) છે, એટલે પ્રતિનિધિ તરફનો દ્વેષ એ તે મનુષ્ય કે જેનો તે પ્રતિનીધિ છે તેનાજ તરફ દ્વેષ થયો કહેવાય.

હે! ખ્રિસ્તીઓ, મુસલમાનો, હિન્દુઓ અને સમસ્ત દુનીયાના સર્વ સંપ્રદાયવાળાઓ! સર્વ જીવમાત્રો પ્રતિ વિશુદ્ધ પ્રેમ રાખો અને ઐક્ય જૂઓ, ભેદ ત્યજી અભેદતા અનુભવો એટલે તમારા સત્ય સ્વરુપનો તમને અન્ય સર્વ સ્વરુપોમાં સાક્ષાત્કાર થશે. મનુષ્ય માત્રો તમારાજ સ્વરુપો છે. એક અદ્વિતીય પ્રભુના આપણે સર્વ પુત્રો છીએ. આથી મનુષ્ય પ્રતિનો આપણો દ્વેષ એ સ્વસ્વરુપ પ્રત્યેજ દ્વેષ કર્યાં બરોબર થયું. પ્રભુ પ્રતિ પ્રેમ રાખી, મનુષ્યોને ધિક્કારીએ કિંવા તેઓ પ્રત્યે ઇર્ષા રાખીએ એતો એક પ્રકારની પ્રભુ પ્રેમ (ભક્તિ)ની ન્યૂનતા થઇ. મનુષ્યો કે જેઓ પ્રભુના વ્યક્ત ભિન્ન ભિન્ન સ્વરુપો છે તેઓ પ્રતિ દ્વેષ રાખી. કેટલાકોને શત્રુ કરી, કેટલાકોની સાથે દુશ્મનાવટ બાંધી, કેટલાકોને નુકશાન કરી, કેટલાકોને દુઃખ દઈ જો તમે પ્રભુને પ્રેમથી રાજી કરવા માગતા હોતો પ્રભુવતી હું જ તમને આ માટે પ્રતિઉત્તર આપુ છું કેઃ–" આવા પક્ષપાતથી હું તમારા ઉપર કદિ પણ રાજી થનાર નથી."

કોઈક માણસને રાજી કરવાને જેમ આપણે તેના છોકરાંને હાથમાં લઈ વહાલ કરીએ છીએ; અને પેલા સ્હામા મનુષ્યનો પ્રેમ મેળવવા ખાતર તેને રમાડીએ છીએ તેમ જો પ્રભુને રાજી

રાખવા ઈચ્છતા હો, જો તેમનો પ્રેમ પ્રાપ્ત કરવો હોય તો, ઈષ્ટ વસ્તુ એ છે કેઃ—પ્રથમ મનુષ્યજાતિ પ્રતિ પ્રેમ કરતાં શીખો, તેઓના દુઃખે દુઃખી થાઓ, તેઓને પ્રેમરસથી અભિષેક કરાવો. અર્થાત્ વિશ્વવ્યાપી પ્રેમ કરો એટલે તેજ સત્ય પ્રભુપ્રેમ ગણાશે, **વિશ્વપ્રેમ એજ પ્રભુ–પ્રેમ છે. અરે ! તેજ સત્ય પ્રભુભકિત છે.**

પ્રભુને જગતથી ભિન્ન માની, અન્યરુપે ખાલી પ્રભુપ્રેમનો ડોળ કરવો અને મનુષ્ય જાત પ્રત્યે ઘૃણા રાખવી એતો હડહડતું અજ્ઞાન ! **જ્યાં સૂધી જગત્માં તમારો એક પણ શત્રુ હશે ત્યાં સુધી તમે પ્રભુપ્રેમ કર્યો છે એમ કહેવાશે નહિં.** વિભુ શું તમારા દુશ્મનથી દૂર છે ? પ્રભુ ચરાચર વ્યાપ્ત્ છે. તે તમારામાં તેમજ તમારા શત્રુમાં પણ એકજ રુપે રહ્યા છે. એટલે તમારા દુશ્મન ઉપરનો દ્વેષ એ પ્રભુસ્વરુપનો તિરસ્કાર થયો. અખિલ વિશ્વ એ પ્રભુનું સત્ય સ્વરુપ છે; અને જ્યાં સૂધી તમોને સમસ્ત વિશ્વ ઉપર પ્રેમ થયો નથી ત્યાં સૂધી સર્વ પુરુષાર્થ વ્યર્થ છે. તમે ધારો છો તેવો, પ્રભુ કંઈ એટલો બધો અંધસ્વાર્થી નથી કે માત્ર પોતાના ઉપરના પ્રેમથી ફૂલાઇ તે રાજી થઇ જાય; તે કંઇ છેક એવો એકલપેટો નથી કે પોતાના ઉપર બતાવેલા સ્વાર્થી પ્રેમથીજ સંતોષાય; તે કંઈ એવો અલ્પદર્શી નથી કે પોતાના પ્રત્યેના પ્રેમમાંજ લુબ્ધ થઇ જાય અને તમારૂં અંતઃકરણ ન જાણે. તે તો પોતે વિશાળ છે અને વિશાળતાનેજ પોતે ઇચ્છે છે. તે પ્રેમને પણ વિશાળ રુપમાંજ જોવા માગે છે.

પ્રેમને સ્વાર્થનો ડાઘ લાગવા દેશો નહિ; પ્રેમને મોહનો નિશો ચઢાવશો નહિ; પ્રેમને ભિન્નતાનો ભુત વળગાડશો

નહિ; પ્રેમને કૃત્રિમત્તાના રંગથી રંગશો નહિ; અને પ્રેમને મર્યાદાના બંધથી બાંધશો નહિ. પ્રેમ અવિચ્છિન્ન છે, તેને કશો કાયદો નથી. પ્રેમ અપરિમિત છે, તેને કશો બાધ નથી.

સ્વાર્થ ત્યાગ એજ પ્રેમનો શુદ્ધ ઉદ્દેશ છે, અભેદતા એજ પ્રેમનું કારણ છે, અને ઐકય એજ પ્રેમનો અનુભવ છે. આ ત્રણ સ્થિતિઓ વગર વિશુદ્ધ અને નિર્મળ પ્રેમ સંભવતો નથી.

જ્ઞાનની સહાયથી વિશ્વવ્યાપી પ્રેમ થવો એ પૂર્ણાંશે નિઃસ્વાર્થતાનું પરિણામ છે; અને સમયાનુકૂળ કારણવશાત્ મર્યાદિત પ્રેમ થવો એ શુદ્ધ સ્વાર્થપરાયણતાનું લક્ષણ છે. પ્રેમના શુદ્ધ સ્વરુપમાં "પોતાપણુ" રહેતું નથી. "હું પણું" જતાંની સાથે પ્રેમીની પ્રેમ પાત્રમાં તાત્કાલિક એકતા થાય છે. પ્રભુ ઉપર પ્રેમ કરનારનો પ્રેમ ત્યારેજ સત્ય કહેવાય કિંવા ત્યારેજ તે સાર્થક થાય કે, જ્યારે તે પ્રભુરુપ બની જઈ ઐકય અનુભવે. આમ ન થાય તો જાણવું કે, તે પ્રેમીનો પ્રેમ ભિન્ન અને વિરોધભાષક કિંવા સ્વાર્થી છે. યાદ રાખજો કે, પ્રેમે જુદાઈ તો કદિ જોઈજ નથી. ૐ !

અબુ–બીન–આદમ નામના એક વિશ્વપ્રેમી મનુષ્યને એક રાત્રે એવું સ્વપ્નું આવ્યું કેઃ– કોઈ દિવ્ય ફિરસ્તો એક અદ્ભૂત પુસ્તકમાં સર્વ સદ્પ્રભુભક્તોનાં નામો સુવર્ણાક્ષરે લખે છે. થોડા વખતની શાન્તિ પછી તે ફિરસ્તાએ અબુ–બીન–આદમને પૂછ્યું કે;–" પ્રભુ–ભક્તોમાં તમારૂં નામ કેટલામું લખું ? " અબુ–બીન–આદમે એના પ્રત્યુત્તરમાં માત્ર એટલુંજ કહ્યું કે, " મનુષ્ય જાત પ્રતિ પ્રેમ રાખનારાઓમાંના એક તરીકે મ્હારૂં નામ

લખવા ચુકશો નહિ.” બીજે દિવસે તે ફિરસ્તો પાછો આવ્યો; અને તે સદ્ભક્તોની નામાવળીનું પુસ્તક ઉઘાડી તેને બતાવ્યું. અહોહા !!! કેટલું આશ્ચર્ય ! જુઓ, અબુ-બીન-આદમનું નામ સર્વથી પ્રભુભક્તોમાં પહેલું લખાયું હતું.

વિશ્વ ઉપર પ્રેમ કરનાર મનુષ્યોજ સત્ય-પ્રભુ ભક્તો છે. આથીજ અબુ-બીન-આદમનું નામ સર્વ પ્રભુના નામોમાં તે દિવ્ય ફીરસ્તે પ્રથમ લખ્યું હતું. પ્રભુ આવા ભક્તો ઉપરજ રાજી રહે છે. **વિશ્વ પ્રેમ એજ પ્રભુ પ્રેમ છે અને તેજ સત્ય પ્રભુ ભક્તિ છે. ૐ ! ૐ !! ૐ !!!**



# ૩—પ્રભુભક્તિનું આધુનિક સ્વરૂપ.

**नैवोपयन्त्यपचितिं कवयस्तवेश**
**ब्रह्मायुषापि कृतमृद्धमुदः स्मरन्तः ॥**
**योऽन्तर्बहिस्तनुभृतामशुभं विधुन्व—**
**न्नाचार्यचैत्यवपुषा स्वगतिं व्यनक्ति ॥ ३ ॥**

" હે ઈશ્વર ! આપ બહાર આચાર્યથી અને અંદર અંતર્યામીરૂપથી રહીને સર્વ પ્રાણીઓની વિષય વાસનાનો નાશ કરો છો; અને તેઓને પોતાનું સ્વરૂપ દેખાડો છો; અને આપે કરેલા ઉપકારને સંભારતા તથા પરમ આનંદમાં આવી ગયેલા તે બ્રહ્મવેત્તાઓ બ્રહ્મના આયુષ્ય જેટલા કાળથી પણ આપના ઉપકારનો બદલો વાળી શકતા નથી. આપના ઉપકારનો બદલો આપની આત્યંતિક સેવાથીજ વાળી શકાય છે. "

---

રે ! રે ! સર્વે જન જગતના સ્વાર્થથી છે ભરેલા,
નિસ્વાર્થીએ જન જગતમાં છે પ્રભુએ કરેલા.

પ્રેમે જે નવ ભક્તિ કરતા, રાખે હૃદે સ્વાર્થને;
તે સ્વાર્થી છે સર્વ અરે ! અરે !! પૂજે સદા અર્થને.

અહા હા ! ક્યાં તે પૂર્વનો સ્મર્ણશેષ વિશુદ્ધ પ્રેમ અને ક્યાં આધુનિક સ્વાર્થપૂર્ણ ભક્તિ ?! અરેરે! ક્યાં તે રાધાનો આંતર્ગત અસિ-સમ પ્રેમ અને ક્યાં આ અર્વાચીન સ્વાર્થી ભકતોનો અવ્યક્ત સ્વાર્થ ?! પ્રભુ ! ક્યાં તે પૂર્વની ઐકયતાનો આદર્શનાદ અને ક્યાં આ વર્તમાન ભિન્નતાનો વિચિત્ર સાદ ?! વિભુ ! ક્યાં તે પ્રાચીન અંતઃકરણનો શુદ્ધભાવ અને ક્યાં અર્વાચીન મલીન હૃદયનો સ્વાર્થી સ્વભાવ ?!

ત્યારે આ બધા ફેરફારોનું શું કારણ ?! આ સર્વ વિપરિત ભાવો જણાય છે એ શું ? સૂક્ષ્મ વિચાર કરતાં વિવેકી કિંવા બુદ્ધિશાળી મનુષ્યને પ્રત્યક્ષ થશે કે, આ પરિણામનું મુખ્ય કારણ દેશ અને કાળ એ ઉભયનું પરિવર્ત્તન છે. પ્રાચીન શુદ્ધ નિયમો પણ નષ્ટ થયા જણાય છે. જુનું દૂર થતાં નવીનતાએ તેની જગ્યા લીધી છે; અને સર્વત્ર નવીનતા ને નવીનતાજ જણાય છે. આમાં કોનો દોષ ? “ જુના રીત-રિવાજો ફેરવાય છે અને તેની જગ્યાએ નવા રીત-રિવાજો દાખલ થાય છે અને આ રીતે ઇશ્વર પ્રકૃતિ (Action) ના નિયમને પૂર્ણ કરે છે નહિતો કોઈ સારો

નિયમ પણ વખત જતાં જડતા ઉત્પન્ન કરે. "*

સાંપ્રત સમયમાં પ્રભુભક્તિનું કેવું સ્વરૂપ છે, તે ફક્ત શબ્દોની સંકલનાથી કોઈ પણ રીતે દર્શાવી શકાય તેમ નથી. તેને માટે તો ખાસ અનુભવની જરૂર છે. પ્રત્યક્ષ અને સ્વતઃ અનુભવ સિવાય **મણિ**ના લખાણની પ્રતિતી સુજ્ઞ વાચકને થાય એ કેટલેક અંશે અસંભવિત છે. યત્કિંચિત સ્થળાંતરે લેખમાં પ્રત્યક્ષ થતા કેટલાક આક્ષેપો આધુનિક સદ્ પ્રભુભક્તો ઉપર નથી પણ અર્વાચીન નજરે પડતી પ્રભુભક્તિ ઉપરજ છે. સહજ સરલતા અને સ્પષ્ટતાને ખાતર કહો કે વર્તમાન પ્રભુભક્તિ કિંવા પ્રભુભક્તોની ઉન્નતિ યાને ઉદ્ધારને માટે જો પ્રયોજક કંઇ પણ મર્યાદા વિરૂદ્ધ લખે, તો તે તેની ભૂલ નથી; પણ તેના અનુભવનીજ ભૂલનું પરિણામ છે એમ માની લેવું. કેમકે 'વિનય પ્રસ્તાવ'માં સૂચવ્યા પ્રમાણે અત્રે માત્ર લેખકનો હિંદુસ્થાનનો જ અનુભવ આપવામાં આવ્યો છે.

**મણિ** આજરોજ એક સાર્વજનિક ધર્મશાળા પાસેથી પોતાનો રસ્તો લે છે, વટેમાર્ગુઓની અધિક પ્રમાણમાં થયેલી ભીડ અને ઉભરાતા સાધુઓ અને આવતા જતા મુસાફરોના અતિ-ઘણા ઘોંઘાટમાં પણ રહેલા કંઇક ગુપ્ત રહસ્યને જાણવાની ઈચ્છાથી તે અટકે છે. **'સ્વાર્થની આ ફાની દુનિયાંમાં આ શાની મારા-મારી ચાલી રહી છે?'** એવો એક ઝાંખો પણ અંતઃપ્રેરિત ઉદ્ગાર તેના

---

* The old order changeth, Yielding place to new.
And God fulfills himself in many ways,
Lest one good custom should corrupt the word..
Lord Tennyson.

હૃદયમાંથી સાહજિક બહાર નીકળ્યો. ધર્મશાળામાં જઈ યોગ્ય તપાસ કરી જોતાં તેને માલમ પડયું કે;–કેટલાક સાધુઓ કંઇક અંદર અંદરના નજીવા કારણુસર ઝગડો કરે છે. " શું સાધુ થયા પછી તેઓમાં તકરાર ? શું પ્રભુભકતોમાં પણ માંહો-માંહે ટંટો ? " આવો વિચાર તેના મનમાં તત્કાળ આવ્યા વિના રહ્યો નહિ. તે સાથેજ " તેઓ વાસ્તવિક સાધુઓ નથી. "એવો ચોખ્ખો અને સત્ય ન્યાય તેના સ્વતંત અને ઉચ્છૃંખલ અંતઃકરણમાંથી સત્વર જાહેરમાં આવ્યો.

અર્વાચીન સમયમાં, વર્ષારૂતુમાં ઉભરાઈ જતી ઉધાઇઓની માફક દુષ્કાળના પરિણામે વધી ગયેલા સાધુઓ* કે જેઓ સદ્ પ્રભુભક્ત હોવાનો દાવો કરે છે, તેઓ સત્યાર્થમાં પ્રભુભકતો છે કે નહિ, એ એક મહત્વનો વિચારવાનો યોગ્ય સવાલ રહ્યો પ્રાચીન ઋષિ–મુનિઓ અને સંત–મહાત્માઓનો યથાર્થ ખ્યાલ થતાં સત્યશોધકને હાલના કેટલાક રખડતા ' છપ્પનીઆ સાધુઓ ' કે જેઓ ફકત કહેવાનાજ સાધુઓ છે, તેઓ પ્રતિ સ્વાભાવિકજ કટાક્ષ થયો. આવા અયોગ્ય કટાક્ષનું કારણ બીજું

---

* " સાધુ " શબ્દ હાલ ઘણોજ સામાન્ય થઈ ગયો છે અને તેનો અર્થ એવો કરવામાં આવે છે કે, સાધનના અભાવે અન્ન ન મળવાથી ભગવો વેષ ધારણ કરી રખડતો નીકળી પડેલો કોઇક માણુસ. અહિં 'સાધુ' શબ્દનો પ્રયોગ આવી જાતના માણસો માટે કરવામાં આવ્યો છે. સાધુનો મૂળ અર્થ A good man એવો થાય છે. અર્થાત્ સારો માણસ; તો અન્ય સાધુઓ કે જેમાંના કેટલાકો ઘણેભાગે પવિત્ર અને પરમભક્ત હશે, તેઓ પોતે આ જ્ઞાતિના છે, એમ માની લઈ ઉપર્યુક્ત આક્ષેપ પોતા પર વ્હોરી લેવા પ્રયત્ન કરશે નહિ. ગં. પ્ર.

કંઇજ નહિ, પણ પૂર્વના સાધુપુરૂષોની જ્ઞાનયુક્ત નિઃસ્વાર્થતા અને વર્તમાન દરિદ્ર સાધુઓની અજ્ઞાનમય સંપૂર્ણ સ્વાર્થપરાયણતા એ ઉભયની ભિન્નતા છે.

પ્રભુભક્તિના પ્રાચીન સત્ય સ્વરુપ અને અર્વાચીન વિપરિત રુપની તુલના કરતાં સાહજિકજ આધુનિક પ્રભુભક્તિમાં સર્વાંશે ન્યૂનતા કિંવા અપૂર્ણતા પ્રત્યક્ષ થઇ. હાલમાં તો પ્રભુભક્તિ જેવા અત્યુત્તમ શ્રેષ્ઠ અને નિસ્વાર્થી એવા સ્વઉન્નતિના સત્યકાર્યમાં પણ વર્તમાન સર્વત્ર વ્યાપી રહેલા સ્વાર્થના પ્રચંડ વાયુની પ્રબળ અસર પૂર્ણાંશે થઇ હોય, એવું પ્રભુભક્તિના આધુનિક દશ્યસ્વરૂપ ઉપરથી અનુમાન થઇ શકે છે.

સાંપ્રત અને પૂર્વસમયની પ્રભુભક્તિ એ ઉભયની સંપૂર્ણ વિરૂદ્ધતા દર્શાવવા જો કદાચિત્ લેખક યત્કિંચિત્ યત્ન કરવા ધારે તો આ સ્થાને લગભગ અસંભવિત જેવું છે, કેમકે અન્યોન્યની ભિન્નતા માત્ર આંતર અને બાહ્ય જેટલીજ છે.

વ્યાવહારિક જીવનમાં કેટલાક સંયોગોને ધ્યાનમાં લઈ સહેજ છૂટને ખાતર કદાચ કહીએ તો ભૌતિક અને ઐહિક સ્વાર્થ કોઈક વખત કાર્ય પૂર્ણતાને માટે ચાલે, પણ પ્રભુ જેવી એક અનાદ્યન્ત શક્તિ સાથેના શુદ્ધ કિંવા પવિત્ર સંબંધમાં પણ ભક્તહૃદયે સ્વાર્થનું આવાહન કંઈ ઓછું આશ્ચર્યજનક નથી.

કેટલાક એવા પણ અનુભવના પ્રસંગો જોવામાં આવ્યા છે કે, જ્યાં માત્ર પેટ પૂરતું પણ ખાવાનું ન મળવાને લીધે તેમજ ઐશ્વર્યના પરિપૂર્ણ અભાવને લીધે ઘણા ખરા નિર્વિર્ય પુરુષો, પુરૂષાર્થથી ડરી જઇ સાધુ થઇ ગયા હોય છે. તેઓ ધારે છે કે, સાધુ થઇ જવાથી ઉદ્યોગ કરવો નહિ પડે અને બેઠા બેઠા

વિના ઉદ્યમે પેટ બરોબર ભરાશે. એટલુંજ નહિં પણ સ્વાદિષ્ટ ભોજનો પણ વખતો વખત મળતાં રહેશે. શું આ તે પ્રભુ-ભક્તોની સત્ય સ્થિતિ કહેવાય? આવા પ્રભુભક્તો ખરેખર 'મારી બાંધીને કરેલા મુસલમાનો' જેવાજ છે. શું આવી રીતે સાધુ થવામાં અન્નની પ્રાપ્તિથી ક્ષુધાની તૃપ્તિરૂપી સ્વાર્થ આડકતરી રીતે તે થયેલા 'છાપનીયા સાધુ' માં નથી રહ્યો. આવા હજારો ભિખારીઓ બલ્કે પચાસ લાખ નામર્દો હિંદુસ્થાનમાં પ્રભુભક્ત ના ઉત્તમ નામ નીચે પ્રભુભક્તિને પોતાના રક્ષણની ઢાલ તરિકે વાપરી પોતાનું ગુજરાન ચલાવે છે; અને આ રીતે દેશને નિરુ-દ્યમી બનાવવામાં સહાય કરે છે. એટલેથીજ બંધ કરી સહેજ વિસ્તીર્ણ અર્થમાં કહીએ તો, **આધુનિક પ્રભુભક્તિ કેટલાક નપું-શક લોકોને એક ગુજરાન સાધન માત્ર થઈ પડ્યું છે.**

મહાત્મા એમર્સન કહે છે કે;—

He knew not what to do, and so he read.

"શું કરવું તે તેને સૂઝ્યું નહિ એટલે તેણે વાંચ્યું."

લૉર્ડ બાયરન પણ જેક બન્ટિંગ માટે લખતાં જણાવે છે કે;—

He knew not what to say and so he swore.

"શું બોલવું તે તેને સમજાયું નહિ એટલે તેણે સોગન ખાધા."

તેમજ આધુનિક પ્રભુભક્તિ માટે લખતાં મ્હારે જણાવવું પડે છે કે;—

They knew not how live and so they prayed.

"જીવન શી રીતે વ્યતિત કરવું તે તેઓને સમજાયું નહિ, માટે તેઓએ પ્રાર્થના કરી." (સાધુ થયા.)

વાસ્તવમાં આ અમૂલ્ય મનુષ્ય જીવનને કેવી રીતે ઉન્નત બનાવી ઉત્કૃષ્ટ થવાય તે વિષેનો કોઇ પણ વિચાર ન સૂઝતાં કિંવા ઉન્નત્તિનો કોઇ પણ માર્ગ હાથ ન લાગતાં અંતે થાકી તેઓએ પ્રભુભકિત શરૂ કરી. આ રીતે વર્ત્તમાન પ્રભુભક્તિનું મહદ્‌સૂત્ર સૂક્ષ્મ નિરિક્ષણથી જોતાં 'અશકિતમાન્ ભવેત્ સાધુ' હોય એમ જણાય છે.

સેંકડો રસ્તા લઇ જુવે, હજારો માર્ગ ફરી વળે અને કરોડો ધંધા કરી ચૂકે પણ જ્યારે કોઇ પણ પ્રયોગમાં કશી ટીકી લાગે નહિ અને જ્યારે તે સર્વ બાજૂથી હતાશ થાય છે, ત્યારે આખરે થાકી અન્ય કોઇ પણ પુરુષાર્થનો માર્ગ ન સૂઝતાં પ્રભુભક્તિનો હાલ થઇ પડેલો સોંઘો-સસ્તો અને બીન મહેનતનો ધંધો તે હાથમાં લે છે.

માનવ જીવનનો આ ઉત્કૃષ્ટ માર્ગ-પ્રભુભકિત કે જે પ્રત્યેક વ્યકિતનું અંતિમ સાધ્ય અને ઇષ્ટ વસ્તુ છે, તેના આંતર હેતુને યથાર્થ ન સમજવાથી આધુનિક પ્રભુભકિત ઘણે અંશે દૂષિત થઇ છે.

આટલું તો ઘણી જગ્યાએ અનુભવવામાં આવ્યું છે કે, જ્યાં સૂધી કોઈ પણ મનુષ્ય સુખ શાન્તિમાં રહેતો હોય, જ્યાં સુધી દુઃખનું એક ઝાંખુ કિરણ પણ તેના હૃદય પટપર કોઇ રીતે પડયું ન હોય અને જ્યાં સુધી ભૌતિક સાધનોની ખોટ તેને ન લાગી હોય ત્યાં સુધી **મ**ણિએ તો એવો કોઇ વીરલ **બુદ્ધ** પુરુષ જોયો નથી કે જેણે આંતર પ્રેરણાથી સર્વસ્વ ત્યજી દઇ ઉન્નત્તિને માટે પ્રભુભકિત કરી હોય. ( કવચિત્ એવા કોઇક આંતર વૈરાગી મહાત્માઓ જોવામાં આવે છે, પણ તે ઘણાજ થોડા એટલે માત્ર અપવાદ રૂપજ. ) જ્યારે પોતાના સુખમય

જીવનમાં કોઈક અણધારી આફત આવી પડે છે, જ્યારે અનિવાર્ય ચિંતાથી તે પીડાતો હોય છે, ત્યારેજ તે કંટાળી શાન્ત્વનનાં સાધનરુપ પ્રભુભક્તિ કરવા પ્રેરાય છે.

**પ્રભુ અમારાં દુ:ખો દૂર કરો અમને ન્હાના પ્રકારનાં સુખ આપે એટલા પુરતીજ અર્વાચીન પ્રભુભકિત છે.**

## સાંપ્રત પ્રભુભક્તિનાં કારણો.

આધુનિક પ્રભુભકિતનાં કારણો ઉંડા ઉતરી શોધવા જવામાં પક્ષપાત થવાનો ઘણોજ સંભવ રહે છે, તોપણ અન્ય સર્વ સામાન્ય પ્રકારના આવા દોષોથી દૂર રહી ફકત પોતાનો અનુભવ રજુ કરવો વ્યાજબી છે; માટે અમૂક કારણ આપવામાં શું પ્રમાણ છે એમ જો કદાચ મને પૂછવામાં આવે તો તે બદ્દલ માત્ર એટલુંજ જણાવવું હું ઉચિત ધારૂં છું કે;–" **મ્હારા જેવો અનુભવ કરો પછી તમને પણ મ્હારા જેવુંજ જણાશે. મ્હારી આંખોથી તેને તપાસો એટલે હું જે જોઉં છું તેજ તમને દેખાશે.**"

ગ્રંથકારનો પોતાનો આ સાંપ્રત પ્રભુભકિતનાં કારણો બતાવવામાં કોઇપણ પક્ષ નથી; કેમકે કુદરતી રીતે તે ઉભય પક્ષથી પર છે. તેને **અર્વાચીન અને પ્રાચીન સવ સૂક્ષ્મદૃષ્ટિથી સમાન** છે. આધુનિક પ્રભુભક્તિમાં પણ તેને કશું લેવા દેવાનું નથી; પણ વસ્તુની બે બાજુ બતાવવી એ પોતાનો ધર્મ સમજે છે. ઘણી વખત **એકદર્શી હોવાનાં કારણને લીધે કેટલીક જગ્યાએ ખુલ્લો અન્યાય થાય છે.** અનુભવજન્ય જ્ઞાનને તે સંપૂર્ણ સત્ય માને છે.

* * *

સાંપ્રત સમયમાં જે પ્રભુભક્તિનાં સ્વરૂપનો આપણને સાક્ષાત્કાર થાય છે તેમાં પણ મુખ્યત્વે કરીને હિંદુસ્થાનમાં જે પ્રભુભક્તિનું વર્ત્તમાનસ્વરૂપ આપણા જોવામાં આવે છે, તેનાં કેટલાં અને શું શું કારણો છે તે તપાસતાં નીચે આપવામાં આવેલાં પાંચ મુખ્ય કારણોમાં અર્વાચિન પ્રભુભક્તિનો સમાવેશ થઇ જાય છે. યાદ રાખજો કે, આ નીચે આપવામાં આવેલાં સાંપ્રત પ્રભુભક્તિનાં કારણો કંઈ મણિનાં મનની માત્ર કલ્પનાઓજ નથી, પણ પૂર્વે જણાવ્યું તેમ પોતાના અનુભવનું દિગ્દર્શન છે.

**આત્મરક્ષા યાને ઉદર નિર્વાહ.**

સાંપ્રત પ્રભુભક્તિનાં કારણોમાં આત્મરક્ષા એ સર્વત્ર મુખ્ય કારણભુત જણાય છે. કેટલાક ભૂખે મરતા અને તેથી લગભગ ટુંક મુદતમાં પ્રભુદ્વારે પહોંચવાની અણિપર આવેલા મનુષ્યો પોતાના પ્રાણની કિંવા આત્માની રક્ષાને ખાતર પ્રભુભક્તિના—ઉદર નિર્વાહના સરલ ઉદ્યોગના માર્ગ તરફ નિરૂપાયે પ્રયાણ કરતા જણાય છે. આ રીતે કેટલાક કહેવાતા પ્રભુભક્તો પ્રભુભક્તિના ઉત્તમ અને ઇષ્ટ માર્ગ પ્રતિ મહા મુશ્કેલીએ ભરણપોષણની વિટંબનાને લીધે આડકતરી રીતે ખેંચાય છે. આવા પ્રકારના સર્વ સ્વરક્ષકોને કિંવા પ્રભુભક્તોને અન્યવર્ગના ભક્તોથી જુદા પાડી તાત્કાલિક ઓળખવાને માટે મણિએ તેઓને ‘ છપનીઆ સાધુ ’ની ઉપાધિ આપવી વ્યાજબી ધારી છે.

હવે આત્મરક્ષા કિંવા પ્રાણરક્ષાનાં કારણ નીચે એનાથી કેટલાક ઉતરતી શ્રેણીના સરલ અને સ્પષ્ટ શબ્દો મૂકી ( કે જે સર્વ પણ આધુનિક પ્રભુભક્તિનાં કારણરૂપ છે તે ) પ્રભુભક્તિના

આધુનિક સ્વરૂપનો સંપૂર્ણ ખ્યાલ વાચકને આપવા માટે અલ્પ પ્રયાસ કરૂં છું.

આધુનિક પ્રભુભક્તિનાં કારણોમાં દર્શાવેલી વર્તમાન આત્મ-રક્ષા એટલે વિશેષ સ્ફુટશબ્દોમાં કહીએ તો ઉદરનિર્વાહ. અર્થાત્ જે પ્રભુભકતનો દાવો કરનાર 'છપ્પનીઆ સાધુ'ઓ જણાય છે તે સર્વાંશે ગુજરાનનો કોઈ પણ યથાર્થ માર્ગ હાથ ન લાગતાં પ્રભુભકિતની સહાય માટે પ્રભુ રક્ષણમાં આવેલા મનુષ્યો છે કે, જેઓ ક્ષુદ્ર સ્વાર્થ કિંવા વાસનાને આધીન થઇ પ્રભુભકિતના ઉચ્ચતરમાર્ગે દાખલ થયા હોય છે. આ સર્વ લોકોનો ભરણ પોષણ એ મહામંત્ર છે.

જ્યારે કોઇ મનુષ્યને ભરણપોષણને માટે યોગ્ય સાધન હોતું નથી, જ્યારે તેનાથી અતિશય આલસ્યને લીધે અન્ય કોઇ પણ પ્રકારના પુરુષાર્થ પ્રતિ આવશ્યક વ્યાયામ થતો નથી અને જ્યારે સર્વ દિશા તરફથી પ્રતિકૂળ સંયોગોને લીધે તે નિરૂત્સાહ થાય છે, ત્યારે તે ક્ષુધાની તૃપ્તિને માટે કિંવા પોતાના પેટની વેઠ કરવાને માટે હાલમા કહેવાનું પ્રભુમય જીવન શરૂ કરે છે.

સમજે અગર અણસમજે, બાહ્ય અગર આંતરથી પ્રભુનાં કીર્ત્તન ગાતાં ફરતા ટહેલીઆઓ; પ્રભુનામનો મુખેથી સત્ય અગર અસત્યપણે જાપ કરતા કેટલાક સાધુઓ; અને ભગવો વેષ ધારણ કરેલા અન્ય સાંઇ–ફકીરો; તેમજ 'અલ્લા તેરા ભલા કરેગા' નો સ્વાર્થી આશીર્વાદ આપી આધુનિક કૃત્રિમ પ્રભુભકિતનું દિગ્દર્શન કરાવનાર ભીખ માગતા કેટલાક ભિખારીઓ; આ સર્વ તરફ વિવેકથી દૃષ્ટિપાત કરતાં સહજે સ્વાર્થવૃત્તિ પ્રત્યક્ષ થાય છે. અને આ સાથે શંકા થાય છે કેઃ–**આધુનિક પ્રભુભકિત**

ક્ષુધાતૃપ્તિ કિંવા ઉદરનિર્વાહ માટેજ માત્ર કરવામાં આવે છે કે કંઇ બીજા કારણથી પણ?

હજી પણ કંઈક વિસ્તીર્ણ અર્થમાં આત્મરક્ષાને તપાસીએ તો તેનો અર્થ કેટલાક વખતો વખત મળતા અનુભવ ઉપરથી જીહ્વાલૌલ્ય થઇ શકે છે.

**પ્રાચીન પૃથા યાને અંધ શ્રદ્ધા.**

હિંદવાસીઓના લગભગ નેવું ટકા જેટલા લોકો કિંવા પોણો ઉપર ભાગ "જઈ જતાની પાછળ કૂવે પડી મરવાનો*" ઉદ્દેશ ઘણીજ સંભાળ પૂર્વક અત્યાર સૂધી સાચવી રહી, પોતાની વિવેકબુદ્ધિનો સહજ પણ ઉપયોગ ન થાય, તે માટે કાળજી રાખી, તેનો કોઈ પણ રીતે વ્યય ન કરતાં, અન્ય લોકને એટલે સામાન્ય જનસમૂહને અમુક કાર્ય કરતા જોઈ તે પ્રમાણે કરે છે. 'પ્રાચીન પૃથા છે' એમ જાણી, તેટલેથીજ સંતોષ માની, તેને સત્યની હદ ગણી લઈ, તેથી ઉદ્ભવ થવા પામતા અંધશ્રદ્ધાને પરિણામે સત્યાસત્યનો કશો પણ નિર્ણય કરવાનો શ્રમ લીધા વિના ગાડરિયા પ્રવાહની માફક સનાતન પ્રભુભક્તિ પણ પરાપૂર્વથી માત્ર એક પૃથા તરિકે ચાલતી રહી છે.

"પોતાના પૂર્વજો મૂર્ત્તિઓને જળથી ન્હવડાવી શુદ્ધ કરી ચંદન પુષ્પ ચઢાવી પૂજા કરતા હતા, તેમજ લોકો પણ તેથી થયેલા અગણિત ફાયદાઓની દંતકથા કહે છે, અને પોતાની આજુ-બાજુના બીજા સંબંધીઓ પણ અદ્યપિ તેજ નિયમને અનુસરે છે માટે આપણે પણ તેમજ કરવું વ્યાજબી છે." આ નિયમને માન આપતાં કેટલીક જગ્યાએ પ્રભુભક્તિ

* 'સ્નેહમુદ્રા.'

અસ્તિત્વમાં છે. આવા લોકો ગતાનુગતિ રીતિથી વૃદ્ધ અને અનુભવી મનુષ્યોના શબ્દ ઉપરજ સંપૂર્ણ વિશ્વાસ મૂકી ઇશ્વરનું અસ્તિત્વ અને તેની ભક્તિ ઉપર શ્રદ્ધા રાખે છે; પરંતુ આવા મનુષ્યોએ જાણવું જોઇએ કે;–**કેવળ અંધપરાથી ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખવી એ પોતાના મન અને વિચારશક્તિની ક્ષુદ્રતાનું લક્ષણ છે.**

પ્રાચીન પૃથાના ઘનતિમિરને દર્શાવતાં સદ્ગત સાક્ષર શ્રી **ગોવર્ધનરાય માધવરાય ત્રિપાઠી** લખે છે કે:—

*　　*　　*　　*　　*

" ઓ દુષ્ટ હિન્દુ આચાર ! ભુલાવ્યો મુજને,
" આ હિન્દુલોકનો ચાલ સર્વેએ માર્ગ એક લેવાનો,
" જઈ જતાની પાછળ કુવે પડી મરવાનો.
" ઘનતિમિર તુલ્ય આચાર થયેલ પુરાણ, તેથી થઇ જાયે;
" જન લોચનવન્તા અંધ-હોય જગમાંહે."

(સ્નેહમુદ્રા.)

ઉક્ત ન્યાયાનુસાર જો સાંપ્રત સમયમાં તપાસીએ તો આધુનિક પ્રભુભક્તિનાં કારણભૂત ઘણીક જગ્યાએ પ્રાચીન રૂઢી અગ્રગણ્ય છે.

આધુનિક જમાનો પૈસાનોજ છે, એટલે '**सर्वेगुणाकांचनमाश्रयंति**' એ સૂત્રના કથાનુસાર વિવેકી મનુષ્યની નિંદા, હાંસી, કિંવા ઉપેક્ષા થાય એ તદ્દન સાહજિક છે. **વર્ત્તમાન સમયમાં ધનહીન મનુષ્ય ગમે તેટલો પંડિત અગર સ્વતંત્ર વિચારક હોય પરંતુ દ્રવ્યના અભાવને લીધે તેની જનસમૂહમાં મૂર્ખમાં ગણત્રી થાય છે. એટલેથીજ બસ**

**દ્રવ્યપ્રાપ્તિ અને સુખેચ્છા.**

નહિ પણ દારિદ્રતાનાં કારણુને લીધે તેના પ્રતિ સ્વાભાવિક ઘૃણા દર્શાવાય છે. એટલે વર્ત્તમાન સૃષ્ટિમાં સારી રીતે રહેવું એતો દ્રવ્ય વિના કદિ પણ બનીજ ન શકે એવી બાબત થઇ. પૈસાથીજ હાલવું-ચાલવું એતો આ વર્ત્તમાન સૃષ્ટિનો સામાન્ય ક્રમ થઈ ગયો. આથી પરિણામમાં “ પૈસો મ્હારો પરમેશ્વર અને હું પૈસાનો દાસ ” એ સૂત્ર શિક્ષિત અને અશિક્ષિત, જ્ઞાની અને અજ્ઞાની, ભક્ત અને અભક્ત, સાધુ અને સંસારી, ત્યાગી અને રાગી સર્વને એક સરખી રીતે લાગુ પડ્યું.

આથી અર્વાચીન પ્રભુભકતોનું વલણ પણ સામાન્ય રીતે દ્રવ્ય તરફ ઢળ્યું હોય તો તેમાં કશી નવાઈ જેવું નથી. એતો સ્વાભાવિક છે; માટે સાધારણ અનુભવ ઉપરથી તેમ બનતું ઘણી જગ્યાએ જોવામાં આવે છે. આથી “ પ્રભુભક્તોને પણ દ્રવ્યની આવશ્યકતા છે ” એમ કહીએ તો કોઇ રીતે ખોટું ન ગણાય, અને તેમ કરવા તેઓ પ્રયત્ન કરે એ પણ અયોગ્ય ન ગણાય. આજ આ કાંચનમય જમાનાની બલિહારી છે !

દ્રવ્યના ઐહિક સાધનથી પ્રાપ્ત થતાં શારીરિક સ્થૂલ સુખોની ક્ષુદ્ર વાંચ્છનાથી આકર્ષાઈ કેટલાક મનુષ્યો પ્રભુભક્તિને દ્રવ્યપ્રાપ્તિનો સરલ અને સુલભ માર્ગ ગણી હસ્તગત કરવો ઉચિત ધારે છે, અને તેમ કરતાં પ્રભુભક્તિનો બાહ્ય આડંબર ધારણ કરે છે. આમ કરવામાં ઘણી વખત તેઓ ફાવે છે એટલે આવા પ્રકારના પ્રભુભક્તિના માર્ગથી દ્રવ્યસંપાદન કરવાના સંપ્રદાયમાં સંખ્યાની વૃદ્ધિ થતી જાય, તેમાં કશું આશ્ચર્ય નથી. વર્ત્તમાન પ્રભુભકતોની સંખ્યામાં કેટલાક આવા દ્રવ્યભકતો સ્થળે-સ્થળે નજરે પડે છે, વળી ઘણીક જગ્યાએ તો પ્રભુભક્તિ

એ માત્ર એક દ્રવ્ય સંપાદનને માટે થતો ખુલ્લો વ્યાપારજ જણાઇ આવે છે. આ પ્રકરણ પણ પ્રભુભક્તિના આધુનિક અધઃપતન શિવાય અન્ય શું સૂચવે છે?

ખરેખર! પ્રભુને જો હિંદ ઉપર હજુ પ્રેમ રહ્યા હોય તો તે અધમ ઉદ્ધારકે આ પ્રભુભક્તિનાં પતિત સ્વરૂપનો પુનઃ ઉદ્ધાર કરી—નૂતન ઉત્સાહ પ્રેરી આ અધમ અને પાપી મનુષ્યોને સત્ય માર્ગ દર્શાવી, સદ્‌માર્ગે વાળવા પોતાની શકિત વાપરવી વર્ત્તમાન સમયમાં જરૂરી છે. નહિ તો ભવિષ્યમાં તેની કેટલી અધોગતિ થશે તે કલ્પી શકાતું નથી. હજી પણ કશું બગડયું નથી. 'It is never too late to mend.'

"સંસાર સર્વ મિથ્યા છે." કહી સંસારથી સંપૂર્ણ વૈરાગ્ય ન આવ્યા છતાં પણ વિરક્તતા બતાવવી અને તત્પશ્ચાત્ દ્રવ્યના લોભને વશ થઇ માયાના મોહમાં બીજી રીતે બંધાવવું એ કેટલું અયુક્ત? અને વિષયાદિક બંધનોમાં ફરી બંધાવું એ કેટલું શોચનીય? કેટલાક લોભી મનુષ્યો તો લાભાલાભ અને સત્યાસત્યનો કશો પણ નિર્ણય કર્યા વગર તેમજ પ્રભુભક્તિનો યથાર્થ મુદ્દો કિંવા રહસ્ય સમજ્યા વિના જૈનમંદિરોમાં અગર અપાસરાઓમાં તેમજ મોટા શિવાલય અને મહાલયોમાં "અમૂકમાં મ્હને (પ્રભુભક્તિનો ડોળ કરતાં) ઠીક ધન પ્રાપ્તિ થશે." એમ વિચારી ઉપયુક્ત દ્રવ્યના ક્ષુદ્રલોભથી આકર્ષાઇ ધનપ્રાપ્તિથી સ્થૂલ સુખો મેળવવાને માટે પ્રભુભક્તિ સ્વીકારે છે.

કેટલાક પ્રભુભકતો તો હાલ એવા પણ જોવામાં આવે છે કે, જેઓનાં હૃદયમાં સહજ પણ પ્રભુભક્તિનો અંશ હોતો નથી,

તથાપિ પણ વેઠે પકડી આણતા હોય તેમ તેઓ દ્રવ્યપ્રાપ્તિને માટે ખાલી ભક્તિનો બાહ્ય ડોળ કરી જનસમૂહને છેતરે છે. અને તેત્રીસકરોડમાંના ઘણા તેમના ભોગ (Victim) બને છે.

દ્રવ્યના સાધનથીજ પ્રાપ્ત થતાં ભૌતિક સુખોની હજી અનષ્ટ એવી રહી ગયેલી સુખેચ્છાઓ અને આનંદમય અપૂર્ણ વાંચ્છનાઓ અર્વાચીન પ્રભુભકતના હૃદયમાં સર્વાંશે રમી રહી છે, એમ કેટલાક પ્રત્યક્ષ જોયેલા બનાવો ઉપરથી અનુમાન કરી શકાય છે. જ્યારે એમજ છે ત્યારે દ્રવ્યપ્રાપ્તિ અને સુખેચ્છાને આધુનિક પ્રભુભક્તિનાં કેટલાક કારણોમાં એક ગણીએ તો તે ભૂલ કહેવાય નહિ.

દ્રવ્ય જેવા ક્ષુદ્ર સાધનને ખાતર પ્રભુભક્તિ થાય એ કેટલું આશ્ચર્ય ? પ્રભુ ! સત્ય ભક્તિનો શું આ પ્રકાર છે ?

ઘણા શોચની વાત તો એ છે કે, વર્તમાન સમયમાં મનુષ્યો જનસમૂહના સામાન્ય અભિપ્રાયથી તરતજ દોરાય છે. તેમાં મુખ્યત્વે હિંદમાં તો અધમતા એટલી બધી આવી છે કે, લોકો ઘણે ભાગે પોતાને માટે જીવતા કીર્ત્યાભિલાષા. નથી, પણ બીજાને માટે જીવે છે. "He does not live for himself but for others." ઉક્ત 'અંગ્રેજી' વાકયમાં કેટલી સત્યતા છે તેની પ્રતીતિ વર્ત્તમાન મનુષ્યોનાં જીવન પરિક્રમના અવલોકનથી માલમ પડશે.

કોઇ પણ કાર્ય થતાં પહેલાં, "લોકો મ્હારા માટે શું ધારશે અગર મને શું કહેશે ?" એ સવાલ બીજા સર્વ કારણો કરતાં પ્રથમ ધ્યાનમાં લેવાય છે. પછી તે કાર્ય કરવાથી ફાયદો થશે કે નુકશાન તે બાબતનો ખ્યાલ તો કાર્યવાહકના સ્મરણ-

માંથી પણ દૂર થઇ જાય છે. અને જાણે લોકોને માટેજ તે કાર્ય આપણે કરતા ન હોઇએ ! તેમ હાલ લોકોના સામાન્ય અભિપ્રાયને પ્રથમ ધ્યાનમાં લેવામાં આવે છે.

અમૂક કોઈ કાર્ય કરવા પૂર્વે તેનાથી આગળ પાછળ શું લાભ થશે તથા તે શુદ્ધ કિંવા સત્કાર્ય છે કે નહિ ? તે વિષે સ્વતંત્ર વિવેક વૃદ્ધિથી નિર્ણય કરવો તો બાજૂએજ રહી ગયો પણ એ કાર્ય કરવાથી "મ્હારી આજુ બાજુનો જનસમૂહ મને શું કહેશે ? મ્હારે માટે તે લોકો શું ધારશે ?" ઇત્યાદિ અનેકાનેક ક્ષુદ્ર વિચારો જાણે લોકોને માટેજ તે કાર્ય થતું ન હોય ને ! તેમ બીકણુ કાર્યવાહકોના મગજમાં ઘર ઘાલી રહ્યા છે. પરિણામે આવા વિચારોનું વારંવાર થતું સ્મરણ તેઓને બાયલા, નિરૂત્સાહી અને નપુંશક બનાવે છે. તેઓએ જાણવું જોઇએ કે;—

**પ્રત્યેક વ્યક્તિ પોતાને માટે જીવે છે* તે સદા સર્વદા સ્વતંત્ર છે. લોકવાયકા× એ તો ખાલી ક્ષણ પ્રતિક્ષણે પરિવર્ત્તન પામતા અવિશ્વાસપાત્ર અધ્યાસ છે.**

"What I should do is all that concerns me."

—*Emerson.*

"હું જે પણ કંઇ કરૂં તેજ ફક્ત મ્હારી સાથે સંબંધ

---

* Every man's life is for himself.

× એમરસનનું એજ ભાવનાનું વાક્યઃ—

The sour faces of the multitude, like their sweet faces, have no deep cause, but are put on and off as the wind blows, and a news paper directs. *'Self Reliance.'*

રાખે છે." કોઇ પણ મનુષ્યને મ્હારા કાર્ય અગર વિચારની વચ્ચે આડા આવવાનો સહજ પણ હક્ક નથી.

આધુનિક પ્રભુભક્તિનાં કારણોમાં પૂર્વે જણાવ્યા પ્રમાણે લોકોના તરફથી કીર્ત્તિ મેળવવાની આશા મૂળ કારણરૂપ છે. "પ્રભુભક્તિ એ વાસ્તવમાં શું છે? પ્રભુભક્તિથી શું પ્રાપ્ત થાય છે અને પ્રભુભક્તિ શામાટે કરવી જોઇએ?" વિગેરે અગત્યના સવાલોમાંના કોઇ એકનો પણ સ્વતઃ વિવેકબુદ્ધિથી નિર્ણય કર્યા વગર અન્યના અભિપ્રાયે દોરાનારા મનુષ્યો માત્ર "લોકો મને સારો અથવા સદ્ગુણી કહેશે; તેઓ મને પરમભક્ત તરિકે ઓળખશે, અને આથી તેઓ માન આપશે." આવા આવા વિચારતરંગોમાં તણાઈ જઇ (ઘણી વખત પ્રભુભક્તિના સત્ય ઉદ્દેશથી પણ અજ્ઞાત રહી) લોકોને ફક્ત 'પોતે પ્રભુભક્ત છે' એમ બતાવવા ખાતરજ પ્રભુસ્તવન કરતા માલમ પડે છે. પણ યાદ રાખજો કે, **તમારૂં જીવન કોઇ પ્રેક્ષકને માટે નથી, પણ તમારે પોતાને માટેજ છે.**

મહાત્મા **એમરેસન** કહે છે કેઃ—

My life is for itself and not for a spectacle.

"મ્હારૂં જીવન મ્હારે પોતાને માટે છે; તે માત્ર દેખાવને માટે નથી." લોકોના "વાહ! વાહ!! ધન્ય છે! ધન્ય છે!!" આવા પરિણામે હાનિકારક પણ શરૂઆતમાં કર્ણપ્રિય લાગતા ધ્વનિઓ સાંભળવાને માટે કેટલાક માત્ર એકાદ પૂંછડું પકડાઇ ગયું હોય છે તેનેજ આદિથી અંતપર્યંત પકડી રાખે છે. તે ખોટું હોય તોપણ "હવે તેને મૂકીશ તો લોકો મને ફિટકાર કરશે" એવો લોકભયનો પરતંત્ર વિચાર આવતાંજ

'પોતાનું માનભંગ થશે' એમ ધારી તે ખોટું છે એમ જાણ્યા પછી પણ તે મકવાની નિર્વીયની હિંમત ચાલતી નથી.

સામાન્ય જનસમૂહ તરફથી માન અને ધન્યવાદ મેળવવાને અર્થેજ હાલ ઘણીક જગ્યાએ 'સાંપ્રત પ્રભુભક્તિ' પ્રત્યક્ષ થાય છે. "અમુક મનુષ્ય ઘણોજ પ્રભુભક્ત છે; શું તેની ભક્તિ ?" આવી લોકો પોતાને માટે વાત કરશે–સ્પષ્ટ કહીએ તો માત્ર પ્રસંસાના આટલા શબ્દોજ હાલના કેટલાક કીર્ત્યાભિલાષી ભક્તોને પ્રભુભક્તિ પ્રતિ દોરવા બસ છે. વાસ્તવમાં કીર્તિના લોભને લીધે પણ ઘણા પ્રભુભક્તો કેટલીક વખત સત્યાર્થમાં અને કેટલીક વખત દાંભિક રીતે ભક્તિ કરે છે.

પ્રભુ ! આ વર્તમાન પ્રભુભક્તિની કેવી હૃદયાકર્ષક સ્થિતિ ! શું આ અધમ મનુષ્યો તરફ તું દયા ન કરે ? તેઓને આ દુઃખદ અવસ્થામાં તું ક્યાં સૂધી રાખશે ? ૐ ૐ ! !

વાચક ! ઉપયુક્ત ચાર મુખ્ય કારણોની સાથે આધુનિક પ્રભુભક્તિની દૃશ્ય થતી અધમતા દર્શાવી; પણ હંમેશાં યાદ રાખવું જોઇએ કે, A black sheep in every flock. ઉક્ત નિયમાનુસાર પ્રત્યેક અશુદ્ધ જણાતાં કાર્યમાં પણ ગુપ્ત રીતે વિશુદ્ધતા રહી હોય છે; કહેવાતાં સંપૂર્ણ પાપમય નિંદિત કાર્યમાં પણ કંઇક પુણ્યનો સંચાર રહ્યો હોય છે; દેખાતાં હડહડતા અસત્યમાં પણ કેટલુંક સત્ય અદૃશ્ય રીતે છુપાયું હોય છે. આજ ઉક્તિ પ્રમાણે ઉલટ પક્ષે શુદ્ધ જણાતા કાર્યમાં પણ કેટલેક અંશે અશુદ્ધતા રહી

**મોક્ષેચ્છા અને સત્યપ્રેમ.**

હોય છે; તો દૃશ્ય થતી સંપૂર્ણતામાં અપૂર્ણતા રહે એ સાહજિક છે. **અમેરીકન** મહાત્મા **એમર્સન** કેહે છે કે;–"**તેઓની મૂર્ખાઈમાં પણ મને એશ્વર્યનું દર્શન થાય છે.**"

સ્થૂલમાં અપૂર્ણતા હોવાનો ઘણો સંભવ છે. પ્રભુ–આત્મા સિવાય પૂર્ણ હોવાનો દાવો કરવાને કોઇને પણ હક્ક નથી. આ સર્વ બાબતોમી પ્રતીતિ આપણુને સંપૂર્ણ જ્ઞાનમય સ્થિતિ–સાક્ષાત્કારમાં થાય છે.

આજ અપેક્ષા કિંવા દૃષ્ટિબિંદુથી તપાસતાં આધુનિક પ્રભુભક્તિના અધમ સ્વરુપમાં પણ કિંચિત્ ઉચ્ચતા અદૃશ્ય રહી હોય એમ જણાય છે. હિંદુસ્તાનમાં હાલની પ્રભુભક્તિનો ઘણો ખરો ભાગ વિશેષે કરીને જો કે ઉપલાં ચાર કારણોને પોતાના અસ્તિત્વને માટે આભારી છે તોપણ આ સાથે સત્યને ખાતર એટલું તો જણાવવું પડશે કે, કેટલાક એવા પણ શુદ્ધ અને સાત્વિક પ્રભુભકતો હજી હિંદુસ્તાનમાં વિદ્યમાન છે કે જેઓ ખાસ આંતર પ્રેમથી નિઃસ્વાર્થી રીતે સતત ભક્તિ કર્યે જાય છે. આ વર્ગના પુરુષો જો કે ઘણાજ થોડા છે તોપણ તેઓ ઇતર કનિષ્ઠ શ્રેણીના મનુષ્યોને તો પૂજનીય છે એમ કહ્યા વગર ચાલશે નહિ. આવા શુદ્ધ, પ્રેમી અને નિઃસ્વાર્થી સદ્પ્રભુભકતોનો ભેટો ઈહ કાળે અતિશય દુર્લભ છે; તોપણ કવચિત્ કવચિત્ આ અલૌકિક મહાત્માઓનાં અણધારેલે સ્થાને દર્શન થાય છે.

આ પ્રકારની પ્રભુભક્તિમાં બે ઉદ્દેશો રહેલા છેઃ—

(૧) **મોક્ષેચ્છા;** અને
(૨) **સત્ય પ્રેમ.**

આ પાંચમા વર્ગના પ્રભુભકતોમાં પણ બે પ્રકારના ભકતો

છે. બન્નેના ઉદ્દેશો ઉચ્ચ અને સ્તુતિપાત્ર છે.

(૧) આ જાતના પ્રભુભક્તો એવા છે કે, જેઓ સાત્વિક સ્થિતિમાં રહી, મોક્ષ મેળવી પરમાનંદ પ્રાપ્ત કરવાના ભાવિ ઉદ્દેશથી પ્રભુભક્તિ કરે છે. તેઓ આ સ્થૂલ સૃષ્ટિના સાધનોથી કંટાળી ગયા હોય છે; અને અનંત શાન્તિને માટે પ્રયત્ન કરે છે. મોક્ષ મેળવી તેઓ ચિરકાળ આનંદમાં રહેવા ઇચ્છે છે.

(૨) બીજી જાતના પ્રભુભકતો એવા છે કે, જેઓ મોક્ષ અગર ઇતર કોઈ પણ પ્રકારનો સ્થૂલ અથવા સૂક્ષ્મ લોભ રાખ્યા સિવાય માત્ર આંતર વિશુદ્ધ પ્રેમના પ્રકાશથીજ આનંદ માની શુદ્ધ હૃદયે પ્રભુભક્તિ કરી તેમાંજ મસ્ત રહે છે. તેઓ આ જાતના પ્રેમ—આનંદમાંજ સદાકાળ મગ્ન રહેવા ઇચ્છે છે. તેઓ કહે છે કે;—"**પ્રભુભક્તિને માટે હજારો જન્મ લેવા અમે રાજી છીએ.** અમારે મોક્ષ જોઇતો નથી. પ્રભુના પ્રેમમમાંજ અમને આનંદ છે. તેની ભક્તિ એજ અમારો મોક્ષ છે."

જીવનપરિક્રમમાં કેટલાક ઉપર બતાવેલા પાંચમા વર્ગના સત્ય અને પ્રેમી પ્રભુભકતો મ્હારા જોવામાં આવ્યા છે કે જેઓ હરહંમેશ પ્રભુપ્રેમના નિશામાં મસ્ત બનેલા હોય છે. તેઓને પ્રભુભજન સિવાય અન્ય કશા સ્થૂલ પદાર્થોમાંથી આનંદ મળતો નથી. સત્ય—પ્રભુપ્રેમની અહોનીશ ઝાંખી કરતા રહી, તેઓ ઇતર વિષયોને ત્યજી પ્રભુભજનમાંજ મોજ માને છે. આવા ઉચ્ચ કોટિના દિવ્ય પુરુષો આદર્શ જીવન વ્યતિત કરી આધુનિક જમાનાના પતિત અને સ્વાર્થી મનુષ્યોને પ્રભુપ્રેમના સત્યસ્વરુપનો સાક્ષાત્કાર કરાવે છે; અને તેઓને સદ્‌માર્ગે વાળવા પોતાનો

બનતો પ્રયાસ કરે છે. તેઓની વિભૂતિ પરોપકારને અર્થે હોય છે.*

આ પ્રમાણે સાંપ્રત પ્રભુભક્તિના બધાં કારણોનો એકંદર સમાવેશ ઉપયુક્ત પાંચ મૂખ્ય કારણોમાં થાય છે. એમાંના ચાર કારણો અનિચ્છિત અને એક ઇચ્છિત છે. હજી પણ કેટલાંક ન્હાનાં ન્હાનાં કારણો દર્શાવવાં રહી જાય છે તથાપિ લંબાણના ભયથી અત્રે આપવામાં આવ્યાં નથી. એટલુંજ નહિ પણ તેનો સંપૂર્ણ અનુભવ ન થયો હોવાના કારણને લીધે તેવા બીનઅનુભવજન્ય કારણ વિષે કંઇ પણ અયોગ્ય લખી સામાન્ય લોકોમાં પ્રભુભકિત પ્રત્યે તિરસ્કારની લાગણી ઉત્પન્ન કરવાનો કિંચિત્ પણ ઉદ્દેશ ન હોવાથી અત્રે તે બાબત ઉલ્લેખ કરવો યોગ્ય ધાર્યો નથી.

સુજ્ઞ વાચક ! અર્વાચીન પ્રભુભકિતના વાસ્તવિક સ્વરુપનો કોઇ પણ પ્રકારનો સંપૂર્ણ ખ્યાલ આપવા પહેલાં, આધુનિક પ્રભુભકતો અને પ્રભુભકિત વિષયે, તેના યથાર્થ સ્પષ્ટિકરણને માટે, સહજ ખુલાશાવાર લખી, તે ઉભયનો ચિતાર આપવો વ્યાજબી ધારવામાં આવે, તો તે કોઇ પણ રીતે અયોગ્ય કિંવા અસ્થાન ન ગણાશે. વળી તે બાબતનો સંપૂર્ણ ચિતાર આપતાં આગળ ઉપરનું લખાણ બરોબર સમજાય એ પણ બનવા યોગ્ય છે. અને જો તેમ નહિ થાય તો ઉપયુકત લખાણ કેટલેક અંશે અસત્ય છે એમ કહેવાનો અવકાશ રહે. આ માટે આગળ ઉપર વપરાયેલા ‘ પ્રભુભકતો ’ અને ‘ પ્રભુભકિત ’ આદિ શબ્દો

---

* ઘણાજ અફસોસની વાત છે કે, આધુનિક જમાનામાં આ ઉચ્ચ પ્રકારના પ્રભુભકતો ઘણાજ જુજ કિંવા ગણેલા ગાંઠેલા રહ્યા છે. જો કે એટલા પણ રહેવા પામ્યા એ હિંદનું અહોભાગ્યજ ! **ગ્રં. પ્ર.**

કયા અર્થમાં વાપરવામાં આવ્યા છે તે સ્પષ્ટ થતાં સર્વ લખાણ સમજવું સ્હેલું થઈ પડશે.

વર્તમાન સમયમાં 'પ્રભુભકતો'નો શો અર્થ થાય છે? હાલમાં કોને પ્રભુભક્ત કહેવામાં આવે છે? તેમજ હાલ 'પ્રભુભકતો કેવા હોય છે? અને હાલ 'પ્રભુભક્તિ' શબ્દના પ્રયોગથી કેવી ભાવના ઉત્પન્ન થાય છે? તથા હાલ પ્રભુભક્તિની સત્ય સ્થિતિ શું છે? વિગેરે બાબતો સહજ વિસ્તારથી લખી, લોકોના પ્રચલિત અભિપ્રાયોથી અજ્ઞાત રહેલા કેટલાક વિવેકી વાચકોને તે જણાવવું અતિ ઉચિત ધારવામાં આવે છે.

## [ આધુનિક પ્રભુભકતો અને તે વિષે વિચાર. ]

(अ) સામાન્ય રીતે હાલમાં તો લોકોની સામાન્ય માન્યતા એવી છે કે, મુખેથી 'રામ, રામ,' બોલનાર કોઇ પણ મનુષ્ય, તેમજ દરેકે દરેક (કહેવાનો) સાધુ (પછી ભલે તે કોઇ પણ જાતનો હોય), તેમજ ટીલાં ટપકાં આદિ બાહ્યાત ચિન્હોના 'રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક'થી વિભૂષિત કોઈ પણ પુરુષ પ્રભુભકત છે.

(ब) કેટલાક વૃદ્ધ પુરાણીઓ 'પ્રભુભક્ત'નો અર્થ પોતાની અક્કલ પ્રમાણે એવો કરે છે કે, 'સંસારથી વિરક્ત થયેલો જણાઇ, પ્રભુભક્તિમાં બાહ્ય દૃષ્ટિથી મચ્યો રહ્યો જણાતો, કોઇ પણ મનુષ્ય.' પણ તેઓના આ પ્રકારના અનુમાનમાં ભૂલ એટલી થાય છે કે, તે લોકો તેની બાહ્ય વિરકતતા અને પ્રભુભક્તિના ખાલી દંભથી ભોળવાય ગયા હોય છે. એટલુંજ નહિ પણ તેઓના આંતર વિચારો તપાસવાની કદિ પણ તસ્દી લેવામાં આવતી નથી. આથી સામાન્ય પરિણામ એ આવે છે કે, બાહ્ય

**ડાળ કિંવા ઢોંગ ઉપર સત્ય કરતાં હાલ વિશેષ શ્રદ્ધા મુકવામાં આવે છે.**

(क) આ સર્વથી વિરુદ્ધ પક્ષે કેટલાક એવા પણ ઉગતા નવીન અને સ્વતંત્રવિચારકો છે કે, જેઓ 'પ્રભુભક્ત' નો અર્થ 'ખાલી ભક્તિનો ઢોંગ કરી, પોતાના ગુજરાન અને કીર્તિને માટે લોકોને છળનાર દંભી મનુષ્ય' એમ કરે છે. આથી મહાન્ અનર્થ એ થાય છે કે, સર્વ પ્રકારના પ્રભુભકતોને એક સરખા ગણવામાં આવે છે; એટલે કેટલાક મહાત્માઓ અને સદ્પ્રભુ-ભકતોને ઘણી રીતે અન્યાય મળે છે. આખરે સ્વાભાવિક રીતે પરિણામ એ આવે છે કે, દંભ કિંવા અસત્યની સાથે સાથે સત્ય પ્રતિ પણ તેઓને માન અગર પ્રેમ હોતો નથી. આ સહજ એકદર્શીપણાનું કાર્ય છે.

મૂર્ખ્યત્વે કરીને હાલ હિંદુસ્તાનમાં 'એક લાકડીએ બધાં ઢોર હાંકવામાં આવે છે.' **સત્યાસત્યનો નિર્ણય કરવાનો ઈજારો હિંદુસ્તાનના લોકોએ પોતાના હાથમાં રાખ્યો નથી.** પરમાર્થના પુતળાંઓએ તે હક્ક અન્ય પ્રજાને સોંપી દીધો છે. હાલ નિવૃત્તિ અવસ્થામાં છે; તે એટલે આવી ક્ષુદ્ર બાબતોનો વિચાર કરવાનું તેને અયોગ્ય જણાય છે. બુદ્ધિનો ઉપયોગ કરતાં ક્યાંતો તે જતી રહે અગર તો વપરાય જાય એની તેઓને બહુ બ્હીક છે.

કોઇ એકાદ જગ્યાએ એક બનાવ જોયો કે તરતજ તે ઉપરથી ફાવે તેવું અનુમાન કરવા બુદ્ધિશાળી લોકો ચુકે નહિ. ઉંડા ઉતરી અમુક બાબતમાં સત્ય શું છે તેની શોધ કરવી એ તો હિંદુસ્તાનના લોકોને માટે **न भूतो न भविष्यति ।** અમુક

જગ્યાએ કોઈક દંભી પ્રભુભક્તે ચોરી કરી હોય, અગર કોઈક જગ્યાએ એકાદ ઢોંગી સાધુએ લોકોને કિમીયાના બ્હાનાથી ઠગ્યા હોય, અથવા તો કોઈ બીજી જગ્યાએ કોઈકે વ્યભિચાર કર્યો હોય તો તે સાથે ઉપર્યુક્ત ન્યાયાનુસાર અન્ય સદ્પ્રભુભક્તોને પણ તેવાજ ગણી-માની લઈ આખા પ્રભુભક્તના વર્ગને ધિક્કારવામાં આવે છે. આતો બકરાંના ટોળામાં જઈ રહુડેલા સિંહને પણ બકરૂં કહેવા જેવું થયું.

સારા તેમજ નબળા અને સદાચારી તેમજ દુરાચારી અને સત્ય તેમજ ઢોંગી પ્રભુભકતોની વર્તમાન સમયમાં એટલી તો સેળભેળ થવા પામી છે કે સત્ય અને અસત્યને શોધી કહાડવું ઘણુંજ મુશ્કેલ થઈ ગયું છે. આતો ' એકને પાપે વહાણ ડુબે.' આથી કેટલીક વખત એવું બનતું જોવામાં આવે છે કે, કેટલાક વંદનીય અને પૂજ્ય પ્રભુભકતો કિંવા મહાત્માઓ ઘણી વખત અપમાન અને તિરસ્કારને પામે છે.

## [ વર્તમાન પ્રભુભકતો ( સત્ય-શોધકો ) ની દુઃખદ સ્થિતિ. ]

હાલની ચાલતી કાંચનમય સૃષ્ટિમાં પ્રવૃત્તિથી કંટાળી નિવૃત્તિ તરફ વળેલા પ્રભુભકતોને અને ઉન્નત્તિક્રમમાં આગળ વધવાનો પરમ પુરુષાર્થ કરતા સત્ય-શોધકોને સારી રીતે માન સાથે રહેવું તો કયાંથીજ બની શકે પણ ઉદર નિર્વાહ જેટલું પ્રાપ્ત કરી સાધારણ સ્થિતિમાં સંતોષથી રહેવું પણ ઘણુંજ મુશ્કેલ થઇ પડયું છે.

જેઓ વાસ્તવિક રીતે સદ્ભકતો છે કિંવા જેઓ માત્ર શુદ્ધ

અને નિઃસ્વાર્થી પ્રભુભક્તિમાંજ મસ્ત અને તલ્લીન રહેનારા છે તેઓને કોઈ પણ પ્રકારના માર્ગેથી દ્રવ્ય સંપાદન થાય એમ ન હોવાથી આધુનિક સુવર્ણસૃષ્ટિમાં દ્રવ્યના અતિશય સંકોચને લીધે ઘણુંજ સહન કરવું પડે છે. આથી કેટલીક જગ્યાએતો એવું બને છે કે, ઘણા ખરા શુદ્ધ, નિઃસ્વાર્થી અને પ્રેમી ભકતોની કિંવા સત્ય-શોધકોની ઘણી અધમ સ્થિતિ થાય છે. કેટલીક વખત તો તેઓની સ્થિતિ એટલી બધી દયાજનક હોય છે કે, " શું પ્રભુભક્તિ ( સત્ય-શોધ ) નું આજ ફળ ! " એવા ઉદ્ગારો સાહજિક વિવેકી હૃદયમાંથી સ્વતઃ નીકળે છે.

આ સ્થિતિમાં મનુષ્યોની ઉન્નતિ શી રીતે થઈ શકે? તો આખા દેશની ઉન્નતિની તો વાતજ શી ? જ્યાં સત્ય-શોધકો ( પ્રભુભકતો ) ને સહાય નથી મળતી ત્યાં નવીન સત્ય કયાંથી પ્રગટ થાય ? જ્યારે આ પ્રમાણે વસ્તુ સ્થિતિ હોય અને તેથી આવી-દારિદ્ર સ્થિતિમાં દેશ ચાલ્યા કરે તેમાં દોષ પણ કોનો ? **હિંદના સત્ય-શોધકોની અધમતા એજ દેશની અધોગતિનું મૂળ કારણ છે.** તેઓના ઉત્સાહને—તેઓના કાર્યને—સહાય આપો પછી જૂઓ કે કેટલો સુધારો તાત્કાલિક થાય છે.

હાલ દૃષ્ટિગોચર થતા કેટલાક અજ્ઞાન પણ ભોળા હૃદયના સરલ ભકતો ( કે જેમાનો ઘણો ભાગ ' જેશી કીશનીયા* છે તે ) ને તો જાણે પ્રભુએ ખાસ મશ્કરી અને ટીકાનુંજ સાધન કર્યું ન હોયની તેમ વર્તમાન નવીન પ્રજાવર્ગ અનેક

* જેઓ પ્રભુભક્તિના સત્ય રહસ્યથી જ્ઞાત્ નહોતાં માત્ર " જે **શ્રી**કૃષ્ણ ! જે **શ્રી**કૃષ્ણ ! ! " નો ખાલી ઉચ્ચાર વિના સમજ્યે કરે છે તેઓને ' જેશી કીશનીયા ' શબ્દથી નામાભિધાન કર્યાં છે. **ગ્રં. પ્ર.**

પ્રકારે તેઓની હાંસી કરે છે; તેઓને ધૂર્ત, મૂર્ખ અને ચ્યુત ગણે છે; અને આ રીતે તેઓની પોતાનાથી થતી સર્વ પ્રકારની નિંદા કરવા ચુકે નહિ.

આવા અશિક્ષિત અને અજ્ઞાન મનુષ્યોને સત્ય રહસ્ય સમજાવી તેઓને કોઇ પણ પ્રકારે સુધારવાનો પ્રયત્ન કરવો, તેઓની મશ્કરી કરવાના કરતાં વિશેષ જરૂરી છે. ભક્તિનું યથાર્થ સ્વરુપ બતાવી તેઓને તેમનાજ માર્ગમાં ચાલવા દઇ સીધો રસ્તો બતાવવો એ સુધારકનો પ્રથમ ધર્મ છે. તેઓને તેઓની સત્ય સ્થિતિ સમજાવવી, તેઓ કોણ છે ? તેનું ભાન કરાવવું અને ઉન્નતિને અર્થે ભકિત કેવા પ્રકારની કરવી તે વિષયે યોગ્ય જ્ઞાન આપવું એજ હાલ ભક્તિના અધમ સ્વરૂપને સુધારવાને આવશ્યક છે.

આ પ્રકારના 'જેશી કીશનીયા' નો એક મધ્યમ વર્ગ થયો. એ વર્ગ "સર્વ મિથ્યા છે, અને પ્રારબ્ધમાં હશે તેમ થશે." એવી માન્યતાવાળા પ્રારબ્ધવાદિઓ હોઇ પુરુષાર્થ ત્યજી દેવાના કારણે આ કાંચનમય સૃષ્ટિમાં વ્યવહાર પક્ષે ( દ્રવ્યના અભાવથી ) કષ્ટ ભોગવે છે.

વર્તમાન પ્રભુભકતોનો છેલ્લો વર્ગ તો સર્વ પ્રકારે ઉતરતો હોઈ તદ્દનજ કનિષ્ટ ગણાય છે. આ પ્રકારના લોકોને સ્થૂલ સૃષ્ટિમાં કટુ વચન, લાત પાટુ અને ગાલી પ્રહાર સિવાય અન્ય કશું પણ માન કે અપમાનમાં ( પ્રભુભકિતના ફળરૂપે ) મળતું નથી. તેઓના પ્રતિ કિંચિત્ દયાની કિંવા પ્રેમની અગરતો ભ્રાતૃભાવની લાગણી દર્શાવવામાં આવતી નથી, પણ ઉલટું તેઓના પ્રતિ ધણા દર્શાવાય છે. આથી પરિણામમાં તે બીચારો

તદ્દન અજ્ઞાન અને પશુવત્ વર્ગ હજી પોતાની મૂળ સ્થિતિજ ભોગવી રહ્યા છે. તેઓના સુધારાને અર્થે કોઇ પણ શિક્ષિત પુરુષ પ્રયત્ન કરતો નથી; એટલે સ્વાભાવિકજ તેઓની ઉન્નતિ અને જન્મ સાફલ્ય ઉપર તાળુ મરાયું છે.

લક્ષ્મીના અકૃપાના કારણે આ અધમ વર્ગ અતિશય કષ્ટ ભોગવી રહ્યા છે, અને હજી તે પતિત દશામાંજ સડબડે છે, પણ કોઇ દેશોદ્ધારક તેની કાળજી લેતો નથી.

દેશને માટે સ્વરાજ્ય માગનારાઓ ! જરા વિચાર કરો કે આ તમારા દેશબંધુઓ હજી કેવી અધમ સ્થિતિમાં છે ? તેઓને સ્વરાજ્યની ઝનુન કેમ આવશે ? તેઓ પોતાની સ્થિતિથી તદ્દન અજ્ઞાત છે. તેઓને તેઓની અને તેઓના દેશની સત્ય–અધમ સ્થિતિ સમજાવો, એટલે તેઓ પણ તમને ત્હમારાં કાર્યમાં મદદ કરશે. તેઓની સહાય લ્યો. તેઓને યોગ્ય શિક્ષણ આપી સ્વરાજ્યને લાયક બનાવો અને પછી સ્વરાજ્યની પ્રાપ્તિના કાર્યમાં તેઓની સહાય લ્યો. તેઓ તમને ઘણા સહાયભૂત થઇ થઇ પડશે. આજ સ્થિતિમાં જો હજી તેઓ રહેશે તો **આફ્રીકાના ' નીગ્રો '** લોકોના કરતાં ભવિષ્યમાં તેઓની સ્થિતિ સારી ન રહેશે. આ બાબતનો જરા આંખ ઉઘાડી વિચાર કરો. " ઉન્નતિ ! ઉન્નતિ ! ! " અને સુધારાના બણગાં કુંકનારાઓ ! જો તમે જરા તમારા પતિત દેશબંધુઓ કિંવા આત્મબંધુઓ પ્રતિ સહજ દૃષ્ટિ કરશો તો તમને પ્રત્યક્ષ થશે કે પોતાનો દેશ હજી કેટલો સુધર્યો છે. સત્યના ઉપાસકો ! સત્ય અને ન્યાયને ખાતર જરા વિચારો કે, તમારા ભ્રાતૃઓ કેટલી અધમતા ભોગવે છે. હે, સ્વતંત્રતાના ઉપાસકો ! જરા ધ્યાન તો

આપો કે તમે સ્વતંત્રતાને માટે પ્રયત્ન કરો છો પણ તમારા દેશબંધુઓ કેટલી પરતંત્રતા ભોગવે છે. આ પૂજ્યાત્માઓને સત્ય જ્ઞાન આપો, તેઓને સત્માર્ગે વાળો, અને તમારી સાથે તેમની પણ ઉન્નતિ કરો. ભાઇઓ ! આજ હાલના કર્મવીરોનું મહદ્ કર્તવ્ય છે.

**'परोपकाराय सतां विभूतयः ।'**

"પરોપકારને અર્થે મહાપુરુષોની વિભૂતિ છે." એ સૂત્રને ચરિતાર્થ કરનાર વિરલ પુરુષોનીજ હાલ હિંદુસ્તાનને ઘણી જરૂર છે. બોલનારાઓ અને લખનારાઓ એવા '**परोपदेश पाण्डित्यम्**' એ સૂત્રના અનુયાયીઓ હાલ હિંદમાં ઘણાજ વધી ગયા છે પણ તેથી શું ફાયદો ભલા ?

જે મનુષ્ય પોતાના અધમ ભ્રાતાઓની દુઃખદસ્થિતિ જોઇ દુઃખી થાય છે તેજ સત્પુરુષ છે.

**परदुःखेत दुःखिता विरलाः ।**

પણ આટલાથીજ કંઇ હિંદુસ્તાનની ઉન્નતિ થાય એમ નથી. દુઃખ જોઇને દુઃખી થવું એ સત્પુરુષોનું કર્તવ્ય છે ખરૂં પણ તે દુઃખ નિવારણ કરવાને માટે જે પરમ પુરુષાર્થ કરે છે તેજ વીર નર છે.

* * * * * *

પ્રિય વાચક ! અન્તે એટલું જણાવવું બસ થશે કે, વાસ્તવિક રીતે કહીએ તો, બાહ્યદૃષ્ટિથી આ સ્થૂલ સૃષ્ટિમાં હિંદુસ્તાનના પારીઆઓની આ કનિષ્ટ પ્રભુભક્તોની સ્થિતિ ઘણીજ દુઃખદાયી છે.

## [ સાંપ્રત પ્રભુભક્તિની સ્થિતિ. ]

હાલ પ્રભુભક્તિનો સામાન્ય અર્થ ઘણોજ અધમ થાય છે "હે, પ્રભુ! હે, દિનાનાથ!! હું તમારો દાસ છું." વિગેરે આજીજી કિંવા પ્રાથનાસૂચક શબ્દોથી થતું પ્રભુનું બાહ્યરુપયુક્ત સ્તવન, તથા નિરુદ્યોગી લોકોને ગુજરાતને માટે હાથ લાગેલું કાંઈક પ્રભુપ્રશંસાનું કાર્ય એવો 'પ્રભુભક્તિ' શબ્દનો હાલ અર્થ થાય છે.

એટલુંજ નહિ પણ પ્રભુભક્તિના વાસ્તવ સ્વરુપમાં એક અદ્ભૂત લીલા તો એ બની છે કે, ઝાડના ડાળ, પાંદડાં અને મૂળનેજ હાલ ફળ ગણવામાં આવે છે. આવાં એક પ્રત્યક્ષ અનર્થને પણ લોકો હજી સમજી શકવાની સ્થિતિમાં આવ્યા નથી એ કેટલું આશ્ચર્યજનક! અજ્ઞાનની એ કેટલી હદ!! અને આ રીને પ્રભુભક્તિને અન્તે કંઈ પણ પ્રાપ્ત ન કરે એમાં શું નવાઇ!!!

ઝાડ રોપવામાં જેમ તેના રોપનારનો મૂખ્ય ઉદ્દેશ ફળ પ્રાપ્તિની આશા છે તેમ ભક્તિ કરવામાં પણ પ્રભુભકતની આનંદરૂપી ફળ પ્રાપ્તિની અવ્યકત આશા ગુપ્ત રહી હોય છે. વળી વૃક્ષનું થડ, ડાળ અને પાંદડાં જેમ તેના ફળની પ્રાપ્તિને માટે બાહ્યાત સાધન છે તેમ ભજન, કિર્તન, પૂજન, અર્ચન, સ્તવન, અને ઉપાસના આદિ સર્વ પ્રભુભક્તિના સાધનો માત્ર પ્રભુ પ્રેમના ફળ પ્રાપ્તિના અર્થેજ જરૂરના છે. આથી જો બાહ્યાત સાધનોને સાધ્ય ફળ પ્રાપ્તિ (Desired Goal) કહીએ કિંવા ગણી લઇએ અને કારણ માત્રને જો મૂળ કાર્ય બનાવીએ તો આ પ્રકારનો ન્યાય ખરેખર! બુદ્ધિહીનતાજ ગણાય.

ઉકત સાધન-સાધ્યની અપેક્ષાથીજ તપાસી જો આપણે થડ, ડાળો અને પાંદડાંઓને તે સાધનની સહાયથી પ્રાપ્ત થતું સાધ્ય ફૂળ કહીએ અગર કહેવાની મૂર્ખાઇ કરીએ કિંવા તેમ ગણી તેને આચારમાં મૂકીએ તો તે એક કેટલી ક્ષુદ્ર વિવેક-બુદ્ધિનું પરિણામ કહેવાય ? વળી એજ ન્યાયાનુસાર જો આપણે પૂજન, કિર્તન, સ્તવન, ભજન, અર્ચન વગેરે પ્રભુભકિતના માત્ર બાહ્ય સાધનોનેજ વાસ્તવ ભકિત અને સત્ય પ્રભુ પ્રેમ (અંતિમ સાધ્ય) ગણી તે પ્રમાણે વર્તન રાખીએ તો તે કેટલી બુદ્ધિ-શૂન્યતા લેખાય ?

સાંપ્રત સમયમાં સર્વત્ર ઉક્ત ઉક્તિ પ્રમાણે થાય છે. હાથમાં મૃદંગ ધરવાં, કણ્ઠે માળા રાખવી, મુખે “ રામ ” નામ જપવું તેમજ અંગે ભભૂતિ લગાવવી ઇત્યાદિ જે સામાન્ય પ્રભુભક્તિના માત્ર બાહ્યાત ચિન્હો કિંવા સાધનો છે તે ચિન્હો-નેજ-તે પ્રાથમિક સાધનોનેજ પ્રભુભક્તિનું સત્ય સ્વરુપ માની લીધું છે. મૂર્તિ કે જે પ્રભુ પ્રેમ કિંવા ભક્તિ પ્રતિ વળવાનું એક પ્રાથમિક સાધન માત્ર છે તે સ્થૂલ સાધનનીજ પૂજા અને અર્ચા સામાન્ય રીતે લોકોમાં સત્ય પ્રભુભક્તિ ગણાવા લાગી. પ્રભુ ! આતે ક્યાં સૂધીનું અંધેર !

આ પરિણામ આવવાનું મુખ્ય કારણ એ છે કે, મૂર્તિ-પૂજામાં **સત્ય શું છે તે શોધવાનો કોઈએ અદ્યાપિ પ્રયત્ન કર્યો નથી.** માત્ર એટલું થયું છે કે, **પરંપરાથી ચાલતા આ-વતા કાયદાને લોકો અંધપણે માન આપતા જાય છે.** આથી સત્ય-પ્રકાશ ઉપર અજ્ઞાન-અંધકારનું વાદળ ફરી વળ્યું છે, એટલે સત્યને પુનઃ પ્રકાશમાં લાવવાને માટે આ અજ્ઞાન-અંધ-

કારના આવરણને દૂર કરવું એટલુંજ માત્ર બાકી રહ્યું. એ આવરણયુક્ત સનાતન સત્ય પુનઃ પ્રકાશમાં આવશે કે તે સાથેજ સર્વ ચીજો બરોબર થઇ જશે. ૐ ! ૐ !!

અલબત, એટલું તો ખરૂં અને તેટલું કબૂલ કરીશું કે, કોઈ પણ પ્રકારના સાધન વગર કાર્યની પૂર્ણતા હોઇ શકતી નથી, એટલે સાધ્ય વસ્તુ પ્રાપ્ત કરવાને માટે બાહ્ય સાધનોની સહાય જરૂરની છે, એ વાત નિઃસંદેહ; પણ તેજ સ્થૂલ સાધન કારણનું પરિણામ કિંવા અંતિમ સાધ્ય હોય એ બનવું તદ્દનજ અસંભવિત છે. એક એકના અવલંબન માત્રથીજ એક પોતે બીજું છે એમ કહેવું એ ઉક્તિ તદ્દન અતાર્કિક છે. પાત્રના આધારે ઘી છે, અને ઘી રહેવાને માટે પાત્રના સહાયની જરૂર છે કિંવા ઘીની સ્થિતિનું અવલંબન પાત્ર ઉપર છે માટે પાત્ર એ ઘી છે અને ઘી એ પાત્ર છે એમ માત્ર તર્કથી ન્યાય કરવો અવાસ્તવિક છે.

હા ! ઝાડને થડ, પાંદડાં અને ડાળીઓ માત્ર ફળ પ્રાપ્તિને અર્થેજ ઉપયોગી અને જરૂરનાં છે એ નિઃસંદેહ ! વળી તે સાથે આ કથન પણ યત્કિંચિત્ સત્ય ગણાય કે, સર્વ બાહ્યાત સાધનોની સહાય અને પૂર્ણતા સિવાય ફળની ઉત્પત્તિ કિંવા પ્રાપ્તિ સંભવિત નથી. ઉકત ન્યાયાનુસાર પ્રભુભક્તિમાં પણ પૂજન, અર્ચન, નામ સ્મરણાદિ સાધનો અને ઉપસાધનો જો કે પ્રભુપ્રેમની પ્રાપ્તિને અર્થે આવશ્યક છે એ વાત નિર્વિવાદ ! પણ તેથી કંઈ એવો તર્ક ન કરી શકાય કે, તે સાધનો પોતેજ ફળ—અંતિમ સાધ્ય કિંવા આનંદ પ્રાપ્તિ છે. જેમ ઉપર્યુક્ત દૃષ્ટાંતમાં પેલાં પાંદડાંઓ પોતે કંઇ ફળ નથી તેમ આ

પ્રભુભક્તિના સ્થૂલ અને બાહ્ય સાધનો કંઈ પોતેજ પ્રભુભક્તિ કિંવા પ્રભુપ્રેમ અગર સત્યાનંદ ( અંતિમ સાધ્ય ) નથી.

આધુનિક પ્રભુભક્તિની મૂર્ખાઇનું પ્રકરણ હજી એટલેથીજ અટકયું નથી પણ કેટલીક જગ્યાએ તો માત્ર ચમત્કારોનેજ પ્રભુભક્તિ કહેવામાં આવે છે, વળી ઘણી જગ્યાએ તો ફક્ત સિદ્ધિ અને મંત્ર તંત્ર તથા કિમીયામાંજ સત્ય પ્રભુભક્તિ સમાય ગઈ જણાય છે; અને ઠેક ઠેકાણે તો ભક્તિના ખાલી બાહ્ય કિંવા સ્થૂલ સાધનો અને ઢોંગોનેજ પ્રભુભક્તિનું સત્ય સ્વરુપ માનવામાં આવે છે.

આ પ્રમાણે સાંપ્રત સમયમાં પ્રભુભક્તિના ભિન્ન ભિન્ન અર્થો અનુભવજન્ય દૃષ્ટિથી થાય છે; અને તેજ અર્થો આચારમાં પણ મૂકાય છે. આ પણ પ્રભુભક્તિના સત્ય રહસ્યનું અજ્ઞાન નહિ તો શું ?

સત્ય અને ન્યાયને ખાતર કહીએ તો, **હાલ હિંદુસ્તાનમાં વાસ્તવ પ્રભુભક્તિ રહીજ નથી,** એટલુંજ નહિ પણ પ્રભુભક્તિ ( સત્ય-શોધ ) નું આધુનિક સ્વરુપ પૂર્ણાંશે પતિત, કનિષ્ઠ અને સ્વાર્થી થયું છે. ૐ ! ૐ ! !



# ૪—વેદાન્ત અને પ્રભુભક્તિ.

वदन्तु शास्त्राणि यजन्तु देवान् ।
कुर्वन्तु कर्माणि भजन्तु देवताः ॥
आत्मैक्यबोधेन बिनापि मुक्ति ।
न सिद्धयति ब्रह्मशतान्तरेऽपि ॥ ४ ॥

" ભલે શાસ્ત્રો ભણે, દેવોને પૂજે, (શાસ્ત્રમાં કહેલાં) કર્મો કરે, અને દેવોની ભક્તિ કરે પણ (ઈશ્વર સાથે) આત્માની એકતાના જ્ઞાન વિના સો બ્રહ્માનું જીવન પુરૂં થતાં સૂધી પણ મુક્તિ પ્રાપ્ત થનાર નથી. "૪

* ન નહિ જીવન જુઠું, સત્ય આ જીંદગી છે;
કબર નહિ કદિ એ લક્ષ્યબિંદુ કહાવે.

* મૂળ 'અંગ્રેજી' નીચે પ્રમાણેઃ—

Life is real! Life is earnest!
And the Grave is not its goal.
Dust thou art to dust returnest
Was not spoken of the soul.

*Longfellow.*

"ભૂમિ મહિં ઉપન્યું જે ભૂમિમાં તે સમે છે;"
કથન કદિ નહિ એ આત્મને ચોગ્ય આવે.

વેદાન્ત અને પ્રભુભક્તિ માત્ર જૂદા દેખાતા બે શબ્દોજ છે. વાસ્તવમાં બન્નેનું સત્ય સ્વરુપ એકજ છે. પ્રભુભક્તિના ઉદ્દેશો અને વેદાન્તના ઉદ્દેશો એકજ છે. વેદાન્તને પ્રભુભકિતથી જૂદો માનનાર મનુષ્ય વેદાન્તના રહસ્યને હજી જાણી શકયો નથી. વેદાન્તના જે ઉપદેશો છે તેજ પ્રભુભકિતના પણ ઉદ્દેશો છે. વેદાન્ત અને પ્રભુભકિત સાંકળની કડીઓની માફક એક બીજાને જોડાયેલાં છે. જો એક ન હોય તો બીજું સંભવિત નથી અને જ્યાં એક હોય છે ત્યાં બીજું પણ આવે છે.

વેદાન્ત અને પ્રભુભકિતમાં ભેદ માત્ર ઉપાસના અને જ્ઞાન જેટલો છે. વેદાન્ત જયારે જ્ઞાન છે ત્યારે ઉપાસના એ ભકિત છે. પ્રભુભકિત એ મ્હોડે કરવાના આંક છે જયારે વેદાન્ત તેને સમજવાની કુંચી છે. આઠને બેએ ગુણવાથી સોળ થાય છે. આમાં ગુણાકાર ભાગાકાર ગણવાની વિધિ એ ભકિત છે, અને બીજગણિતની ગુણાકાર ભાગાકારની રીતનું કારણ જાણવું અને એ ગુણાકારની વિધિ સમજવી એનુ નામ જ્ઞાન કિંવા વેદાન્ત છે. આમાં ખાલી ગુણાકાર પદ્ધતિ એ ઉપાસના છે અને અક્ષરગણિત તેને સમજવાની કુંચી કિંવા જ્ઞાન છે.

દરેક વસ્તુને વેદાન્ત સ્વતઃ આરોપણ કરે છે. જ્યારે પ્રભુભક્તિમાં સર્વ વસ્તુનું ત્રીજા પુરુષમાં આરોપણ થાય છે. વેદાન્ત કહે છે કેઃ—"હું પ્રકાશોનો પ્રકાશ છું, હું સચ્ચિદાનંદ સ્વરુપ છું. હું અનંત સત્તાધીશ છું. હું સર્વ રશ્મિ ભંડારનો તેજ છું" ઇત્યાદિ. જ્યારે આજ વાકયોને પ્રભુભક્તિમાં ઇશ્વરારોપણ કરવામાં આવે છે. ભક્તિ કહે છે કેઃ—"હે, ઇશ્વર! તું અનેક ગુણોનો ભંડાર છે. તું સર્વ પ્રકાશરુપ છે. આ સૂર્ય અને ચંદ્ર ત્હારી આજ્ઞાથી ફરે છે. આ અખિલ બ્રહ્માંડ ત્હારી ઇચ્છાથી ચાલે છે" ઇત્યાદિ. વેદાન્ત અને ભક્તિમાં ભેદ માત્ર "તું" અને "હું"નો છે.

ભક્તિ એ ઉન્નતિનું સાધન છે. વેદાન્ત એ અંતિમ્ સાધ્યદશા છે. પ્રભુભક્તિ એ સાક્ષાત્કારનું પગથીયું છે જ્યારે વેદાન્ત એ સત્ય સાક્ષાત્કારની સ્થિતિ છે. ઉભયનો અન્ત આખરે એકમાંજ આવે છે. એક સહાય કરે છે; બીજું સ્થિતિ બતાવે છે.

સત્ય પ્રભુભક્તિની ત્રણ સ્થિતિઓ છે; અને પ્રભુભકતની ત્રણ અવસ્થાઓ છેઃ—

(૧) પ્રથમ અવસ્થામાં ભકત કોઈક પરાત્પર શક્તિને ત્રીજા પુરુષમાં સંબોધે છે; અને પોતે તે શક્તિનો ઉપાસક છે એમ માને છે. અને તે અપ્રતિમ શક્તિની સ્તુતિ કરતાં કહે છેઃ—

पितासि लोकस्य चराचरस्य
त्वमस्य पूज्यश्च गुरुर्गरीयान् ।
न त्वत्समोऽस्त्यभ्याधिकः कुतोऽन्यो
लोकत्रयेऽप्यप्रतिमप्रभावः ॥ भ० गी०

શબ્દાર્થ:—હે, અપ્રતિમ પ્રભાવવાળા! તમે આ સ્થાવર જંગમાત્મક લોકના પિતા છો, પૂજ્ય છો, ગુરુ છો, અને ગુરુના કરતાં પણ મ્હોટા છો. ત્રણ લોકમાં પણ ત્હમારા સમાન બીજો કોઇ નથી ત્યારે તમારા કરતાં અધિક તો ક્યાંથીજ હોય?

આ અવસ્થામાં "હું તેનો છું" 'तस्यैवाहम् ।' એવી ભાવના હોય છે. આ વખતે પોતે સંબોધેલી શકિત ઘણેજ દૂર છે એવો તેને અનુભવ થાય છે. તેથી તે તેને "તે" કહી બોલાવે છે.

આ ભકતની શરૂઆતની સ્થિતિ છે.

(૨) આ સ્થિતિમાંથી આગળ વધતાં તે બીજી અવસ્થામાં જાય છે કે જ્યાં પૂર્વનું જૂદાપણું સહજ ઓછું થતાં ભકત તે અનંત શકિતને પોતાની પાસે માને છે. આ વખતે તેને દૂર ભાવના જતી રહીને પાસે-નજદિકની ભાવના થાય છે. આ વખતે પ્રભુને તે પોતાની પાસે માને છે.

આ ભૂમિકામાં તેને સત્યનું યત્કિંચિત્ જ્ઞાન થાય છે. એટલે તે નીચે પ્રમાણે સ્તવન કરે છે:—

**सत्यपि भेदापगमे नाथ तवाहं न मामकीनस्त्वम् ।**
**सामुद्रो हि तरङ्गः क्वचन समुद्रो न तारङ्गः ॥**

वि० चु०

સત્યાર્થ:—હે નાથ! ભેદની નિવૃત્તિ થયે સતે પણ હું તમારો છું. તમે મ્હારા નથી. તરંગ સમુદ્રનો છે, પણ સમુદ્ર કદી પણ તરંગનો નથી.

આ વખતે તેને પ્રભુનું કંઇક ભાન થાય છે. તે જાણે છે

કે, પ્રભુ એવી કોઈક ચીજ પોતાનીજ પાસે છે; અને પોતે તેના અંશરૂપ છે. તે અપૂર્વ શકિતનો પોતે અંશ છે એમ ભાવ થતાં તે "હું ત્હારો છું" '**तवेवाहम्** ।' એમ કહે છે.

આ સ્થિતિમાં પણ પ્રભુ સાથે તેને ભેદ રહ્યો છે, જો કે તે પ્રથમ અવસ્થા જેટલો નથી. ભેદ તુટતાં કિંચિત્ તેને પ્રેમ થાય છે. પ્રથમ સ્થિતિના કરતાં આ વખતનો તેનો પ્રેમ વિશેષ છે; એટલે તેનાથી એટલું કહેવાય છે કેઃ–"હું ત્હારો છું." આ વખતે તેને પ્રભુ પ્રત્યે દાસત્વભાવ હોય છે. "હું ત્હારો છું" '**तवेवाहम्** ।' એમ કહેવામાં પણ તેને આનંદ મળે છે.

કેટલાક પ્રભુભકતો આ સ્થિતિમાં આનંદ માની એટલેથી અટકે છે, અને એથી આગળ ન જતાં પોતે તે સમર્થ શક્તિના ઉપાસક કિંવા ભકત હોવામાંજ આનંદ માને છે. અહિંજ કેટલાકોની પૂર્ણતા છે. તેઓ ભકત તરિકે દાસત્વ સ્વીકારી તે અનન્ત જયોતિની એકતા અનુભવવા પ્રયત્ન કરતા નથી. આ દ્વીતિય અવસ્થા તે પ્રેમી ભકતોનો ભકિતયોગ છે.

(૩) પૂર્વ સ્થિતિમાં કેટલોક સમય રહી સત્ય ભકતો આનંદ પ્રાપ્તિને માટે આગળ વધે છે. આ પ્રભુભક્તિની તૃતિય અવસ્થા છે. જેમાં સર્વ પ્રકારનો ભેદભાવ નાશ પામે છે ત્યાં કોઈ પણ પ્રકારનો ભાવઃ–સખ્યભાવ, દાસ્યભાવ, પિતૃભાવ એ સર્વ જતા રહે છે.

આજ અંતિમ આનંદમય દશા છે, કે જયાં આત્મતત્વ કિંવા સત્યનો સાક્ષાત્કાર થાય છે. ભકત પોતાની સ્થિતિ ભૂલી જાય છે. તેનો દ્વીતિય અવસ્થાનો ભાવ આપોઆપ દૂર થાય છે;

અને તે ઇપ્સિત પૂજ્ય વસ્તુરુપ બની જાય છે. તેનો આનંદ અવર્ણનીય છે.

આ સ્થિતિમાં—

**अत्र पिताऽपिताभवति, माताऽमाता, लोकाऽलोकाः देवाऽदेवाः, वेदाऽवेदाः । अत्र स्तेनोऽस्तेनो भवति, भ्रूणहा—ऽभ्रूणहा,—चाण्डालोऽचाण्डालः,पौल्कसोऽपौल्कसः, श्रमणोऽश्रमणः, तापसोऽतापसः ॥ ब्रह० उप०**

"પિતા અપિતા થાય છે; માતા અમાતા થાય છે; લોક-(જગત્) અલોક થાય છે; દેવ અદેવ થાય છે; વેદ અવેદ થાય છે; ચોર અચોર થાય છે; ચાણ્ડાલ અચાણ્ડાલ થાય છે; ઘાતક અ-ઘાતક થાય છે; પૌલ્કસ (જે મનુષ્યની માતા ક્ષત્રિય અને પિતા શૂદ્ર હોય તે.) અપૌલ્કસ થાય છે; ભિક્ષુ અભિક્ષુ થાય છે; તપસ્વી અતપસ્વી થાય છે."

આ તે ઉન્નત દશા છે કે જ્યાં સદાકાલ આનંદજ હોય છે. ત્યાં સર્વ પ્રકારની ઉપાધિઓ આપોઆપ નષ્ટ થાય છે. અભેદતા સિવાય અન્ય કશાનો ત્યાં સાક્ષાત્કાર થતો નથી "પોતાપણું" ત્યાં જતું રહે છે. જોનાર અને જોવાની વસ્તુ ઉભય એક બની જાય છે. ત્યાં ભિન્નતા રહેતી નથી. એમરસન કહે છે કે તે જગ્યાએઃ—

The act of seeing and the thing seen, the seer and the spectacle, the subject and the object are one.

"જોવાનું કાર્ય અને જોયેલી વસ્તુ, દ્રષ્ટા અને દ્રશ્ય, કર્તા (જોનાર) અને કર્મ (જોવાની ચીજ) એક બની જાય છે."

આ અભેદાવસ્થા કિંવા બ્રહ્માકારની સ્થિતિ છે. અને આજ સ્થિતિને માટે સર્વ ભૂત માત્ર વિવિધ પ્રકારે પુરુષાર્થ કરી રહ્યાં છે. આ બ્રહ્મસાક્ષાત્કાર, આત્મસાક્ષાત્કાર કિંવા પ્રભુદર્શન એક વખત થયું કે પછી દાસત્વ જતું રહે છે અને સ્વામિત્વ આવે છે. સત્યજ્ઞાન શું ? તે પ્રભુભક્તને આજ વખતે માલમ પડે છે. આ જાણ્યા પછી કશું જાણવાનું રહેતું નથી; એના જ્ઞાન પછી બીજુ કશું જ્ઞાન બાકી નથી, એના અનુભવ પછી અન્ય અનુભવ બાકી નથી.

આ સ્થિતિનું વર્ણન કોઇથી થઇ શકે તેમ નથી. નેતિ । નેતિ । કહી વેદ વાક્યો પાછાં વળે છે. આ વખતે ચિત્તની એવી આનંદમય દશા હોય છે કે:—

**यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह ।**

અર્થ:—જ્યાંથી મન સહિત વાણી અપ્રાપ્ય થવાથી નિવૃત્ત થાય છે.

આ આનંદમયકોશનું વર્ણન કોઇથી થઈ શક્યું નથી. " હું પણું " નો ત્યાં નાશ થયો હોય છે એટલે વર્ણન કરનાર કોઇ રહેતું નથી. પ્રભુભક્તિની આજ અંતિમ સાધ્ય અવસ્થા છે. અહિં સૂર્યનો પ્રકાશ જઇ શકતો નથી. સર્વ એક-પ્રભુમય બની જાય છે.

"જ્યાં સૂર્ય શશિ નર્થી ભાસતા જ્યાં નાદ પ્રાણ સમી જતા,
ત્યાં સર્વનું જીવન રહ્યું છે મિષ્ઠ આત્મ સમાધિમાં;
ત્યાં ઇશ નહિ, નહિ માનવી, ત્યાં વિશ્વ કે દ્રષ્ટા નહિ,
ત્યાં દિવ્ય ધન શાન્તિ અને જ્યોતિ વિના બીજું નહિ."

( સ્વા. રા. પ્ર. )

આ સ્થિતિનું વર્ણન કરવા કોઈ સમર્થ નથી, ત્યાં ભેદ માત્ર જતો રહે છે. દૃષ્ટા અને દૃશ્ય, પ્રભુભક્ત અને પ્રભુ આ સમયે એક રૂપ થઇ જાય છે. એ તો પાણીનો પરપોટો પાણીના પ્રવાહને શોધતાં પોતેજ તેમાં સમાય જાય છે.

સત્ય જ્ઞાન અને બ્રહ્મનો સાક્ષાત્કાર થતાં તે નીચે પ્રમાણે સ્તુતિ કરે છે:—

**निषेधे कृते नेति नेतीति वाक्याः**
**समाधिस्थितानां यदाभाति पूर्णम् ।**
**अवस्थात्रयातीतमद्वैतमेकं**
**परंब्रह्म नित्यं तदेवाहमस्मि ॥** श्रीविज्ञान०

સત્યાર્થઃ—" આ નહિ, આ નહિ, આવાં વાકયોવડે નિષેધ કરે છે તે સમાધિમાં સ્થિર થયેલાને જે પૂર્ણ, ત્રણ અવસ્થાઓ (જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ) થી પર અદ્વૈત અને એક પ્રતીત થાય છે, તે નિત્ય પરબ્રહ્મ હુંજ છું."

તેનો ભેદભાવ નાશ પામતાં તેને સ્વસ્વરુપ સિવાય અન્ય કશું જણાતું નથી. આ વખતે તે પોતે બ્રહ્મરુપ થઇ જાય છે; અને પછી એટલી બધી અભેદ ભાવનામાં દાખલ થયા છે કે, પ્રભુને હવે કઇ સ્થિતિમાં પૂજવા તેનું તેને ભાન રહેતું નથી. તે પ્રભુમય બની જાય છે એટલે તેના ઉદ્‌ગારો નિકળે છેઃ—

૧

*" રે ! કલ્પ કેરા કાળમાં વર્ષો ઋતુના વેગ શા,
પલ વિપલ ચાલ્યાં જાય એના વેગને શા લેખવા ?

---

* હરિગીત છંદ.

એ કાળ કેરા વહનમાં ઘણીવાર ઉપન્યો ને શમું;
અવિનાશી અજ તું નિરંતર તો કયાં સૂધી તુજને નમું ?

૨

જલ, સ્થલ, મરૂતને તેજ, નભ, પરમાણું થકી તે વિશ્વમાં,
શીત, હિમ, પાવક, જ્વાલ, ચરને અચર તત્વો સર્વમાં;
તુજ વાસ મ્હારા હૃદયમાં ભુલૂં યદિ તુજમાં ભમું,
તું સભર ભરીઓ વિશ્વમાં તો કયાં ખસી તુજને નમું ?

૩

શશિ, સૃષ્ટિ, ગ્રહ, ગણ, સુરજ ગણ નિસ્તેજ કંઇ પૂર તેજમાં,
આપે પ્રભાને ઉષ્ણતા ભમતા ફરી નિજ વેગમાં.
ગતિમાન ભાસે વિશ્વ યદિ તુજમાંહિ વિલસ્યુ વિરમ્યું.
હું કયાં કરી મુજ સ્થિરતા ઉભો રહી તુજને નમું ?

૪

વ્યવહાર સઘળા સ્વપ્નના ભાસે ખરા તે સ્થિતિમાં–
તે જગત્ શું જુઠા જણાય ન સાર વૈર સુ–પ્રીતિમાં.
તો આ સ્થિતિ શું જાગતી ? ના ! સ્વપ્નવત્ એમાં રહું,
સાચી સ્થિતિમાં ભેદ સ્વલ્પ ન શી રીતે તુજને નમું ?

૫

તું એક દેહી અનેકમાં ભિન્ન ભિન્ન થઈ ભાસ્યો ભલો,
અવલોકું રુપ અસંખ્ય યદિ તું અખિલ વિશ્વે એકલો.
ના નાત્વ ભૂવન સકલમાં ભાસ્યું યદિ મૃગજલ સમું,
સંભવ નહિ જ્યાં હું તણો તો કોણ હું તુજને નમું ?

૬

રૈયત નહિ, રાજા નહિ, નવ ગુન્હા, નવ કંઈ કાયદા-
નહિ હર્ષ શોક ન સુખ દુઃખ ન હાનિ કે કંઇ ફાયદા;
જોવા કહેવા માત્ર પણ ના અન્ય સ્થલ જ્યાં વિરમું,
જ્યાં થયું નષ્ટ હું ત્યાં કવણ કે કવણ હું તુજને નમું ?

૭

પરપોટડો પયમાં બને તે પવનનાં અવલંબને;
તે શોધવા નીરને જતાં નીરમાંહિ પાછો વિરમે;
જુદો ન યદિ જુદો લહી તુજ શોધવાને અનુક્રમું,
તુજ શોધતાં તુજમાં ગળ્યો તો, કોણ હું તુજને નમું ?

૮

શક્તિ નહિ તલમાત્ર તેમની યુક્તિને વશ બાપડાં,
વાદી નચાવે તાર ધરીને સ્થૂલ સઘળાં પુતળાં.
સહુ તુંથી થાય મનાય કરૂં હું વૃથા એજ રમુજ છે,
હું બોલું ચાલું આ રચું એ હું નહિ પણ તુંજ છે.

૯

એ તું હશે કે હું હશે ? જગમાંહિ તેહ જણાય ના-
એ તું નહિ મણિ હું નહિ તો શું કંઈ ઉચરાય ના.
પ્રસરી રહ્યું, વિલસી રહ્યું, જામી રહ્યું, સ્ફુરી રહ્યું,
એ તું નહિ ને હું નહિ "**સોહમ્**" સદા ઉચરી રહ્યું."

આ અભેદાનંદની સ્થિતિ બોલવાના કરતાં અનુભવવી ઘણીજ કઠિન છે. પ્રભુભક્તિની આ ત્રીજી અવસ્થાને આત્મસાક્ષાત્કારની સ્થિતિ કહી છે. વેદાન્તની એ અંતિમ ભૂમિકા છે.

એ સ્થિતિએ પહોંચતાં મનુષ્યને સર્વ બ્રહ્મમય લાગે છે. ચરાચર જગત્ તેને બ્રહ્મથી પૂર્ણ જણાય છે. '**सर्वं खल्विदं ब्रह्म।**' 'અખિલ વિશ્વ બ્રહ્મમય છે' એ વાકયનો તેને ઉકત સ્થિતિમાં અનુભવ થાય છે; અને તે સાથે પોતે પણ બ્રહ્મ છે એમ તે જાણે છે; એટલે તે કહે છે, "**अहम् ब्रह्मास्मि।**" "હું બ્રહ્મ છુ." "પોતે અનન્ત પ્રકાશનો પણ પ્રકાશ છે, સર્વ સત્યમાં સારરૂપ છે, ચરાચર જગતને ચલાવનાર છે, તથા સર્વ ભૂતમાત્રોના આધારરૂપ છે." આ સર્વ વાકયોની પ્રતિતી તેને આ તૃતિય ભૂમિકામાં થાય છે. તેને આ વખતે ભાન થાય છે કે, પોતે કોણ છે? સ્વસ્વરુપનું તેને આ વખતે જ્ઞાન થાય છે. દેહાધ્યાસ ટળી જાય છે. પ્રભુને જાદા માનતાં ભૂલી જાય છે અને પોતે પ્રભુ છે એમ ઉચ્ચારે છે. **सोहम् ! सोहम् !!**

પ્રથમ સ્થિતિમાં તે એક પથ્થરની સ્થિતિ ભોગવે છે કે જે ગંગામાં સ્નાન કરતાં બહારથી ભીજાય છે. આ વખતે તેને કશું જ્ઞાન અગર ભકિત હોતી નથી. માત્ર બાહ્ય રીતે તેને કંઇક અસર જણાય છે. જો તે પથ્થરને વિષયોના અગ્નિ આગળ ધરવામાં આવે તો તેની બહારનું પાણી (કે જે ગંગાના સ્નાન વખતે) તેને લાગ્યું હોય છે તે સહજવારમાં ઉડી જાય છે. આ સમયની તેની ભકિત કનિષ્ઠ છે.

બીજી અવસ્થામાં તે એક કપડાંની પુતળી કે જેને પાણીમાં ભીજવવામાં આવી છે તેના જેવી સ્થિતિ અનુભવે છે. આ વખતે તે અંદર અને બહારથી ભીજાય છે; એટલે તેને અંતઃકરણમાં પણ ભકિતભાવ ઉદિત થાય છે. આ વખતે તેને પોતાપણું

રહ્યું હોય છે. તેનું સ્વરુપ હજી દૃશ્યમાન છે. અંતર બહાર ભીંજ્યાં છતાં તેને પોતાનું વ્યકિતત્વ છે. તે હજી સંપૂર્ણ પ્રભુ મય બન્યો નથી. આ સ્થિતિમાં તે પોતાના સ્વસ્વરુપને ઉપાસ્ય વસ્તુથી ભિન્ન માને છે. ભિન્નતાની ન્યુનતાને લીધે તેને સ્વ-રુપ ભાન રહે છે. આ સત્ય ભકિતની મધ્યમ અવસ્થા છે.

તૃતિય ભૂમિકામાં તે પ્રભુભકતની સ્થિતિ સમુદ્રના પાણી માપવા નિકળેલી એક મીઠાની પૂતળીના જેવી છે. આ વખતે તે અંતર બહાર ભીને છે એટલુંજ નહિ પણ તે પોતાનું મૂળ સ્વરુપ ભૂલી જાય છે. તેનું પોતાપણું આ સમયે જતું રહે છે. તે અનન્ત ઉદધિમાં મળી એકલીન થઈ જાય છે. આ વખતે પ્રભુ ભક્ત પોતેજ પ્રભુરુપ બની જાય છે. તેની ભેદભાવના જતી રહે છે અને તેની સાથેજ તે અભેદતા અનુભવે છે. આ વખતે તે કશું જોતો નથી. તેને સર્વત્ર બ્રહ્મ જણાય છે. પોતા-નાજ સ્વરુપને વિસ્તાર પામેલો તે જુવે છે. આ વખતે તે પૂત-ળીની માફક તે અગાધ સાગરમાં એકરૂપ થઇ જાય છે. “ હું પણા ”નો અધ્યાય જતો રહે છે એટલે અભેદભાવના જાગ્રત થાય છે; તેજ વખતે તેને સ્વસ્વરુપનાનુભવ થાય છે. ત્યાં ‘તેનો’ અને ‘ ત્હારો ’ એ બન્ને ભાવના નાશ પામે છે અને ‘ હું ’ એવી તૃતિય ભાવના ઉદ્‌ભવે છે. અહિં ‘ **त्वमेवाहम्** ’ ‘ હું તું છું ’ એ વાકયની યથાર્થ પ્રતિતી થાય છે. ઉક્ત સ્થિતિનો મનુષ્ય ‘ **सोहम्** ’ની ભાવના કર્યા કરે છે. તેને પોતાથી કશું ભિન્ન લાગતું નથી. આ પ્રભુભકિતની અંતિમ સ્થિતિ છે.

પ્રભુ ગૌરાઙ્ગ પણ જ્યારે આ સ્થિતિ અનુભવતા હતા ત્યારે પોતાને પ્રભુ કિંવા કૃષ્ણ તરિકે જાહેર કરતા. લૉર્ડ ક્રાઇસ્ટ પણ

કહે છે કે, " હું અને મ્હારો પિતા એક છે." પ્રભુભક્ત મીરાંબાઈ પણ એજ ભાવના સુચવે છે. કોઇ કોઇ વખત તે કહેતી, " કૃષ્ણ કૃષ્ણ મેં કરતીથી તો મેંહી કૃષ્ણ હો ગઇ." આ સ્થિતિ પ્રભુભકતોએ અનુભવેલીજ સ્થિતિ છે. પ્રભુભક્તિથી વેદાન્ત કોઇ પણ રીતે જૂદો નથી. ભક્તિ એ સાધન છે, વેદાન્ત એ તેનું અંતિમ સાધ્ય છે. ઉદ્દેશ ઉભયનો એક છે.

## ૧. ઉભયનું સાધ્ય.

વેદાન્ત અને પ્રભુભક્તિ ઉભય એકજ જગ્યાએ પહોંચવાને પુરુષાર્થ કરી રહ્યાં છે. પ્રભુભક્તિને સ્થિતિઓ છે. (૧) પથ્થરની શીલા, (૨) કપડાંની ઢીંગલી, અને (૩) મીઠાની પુતળી. જ્યારે વેદાન્તને તેમાંનું કશું નહોતાં માત્ર અંતિમ સાધ્ય વસ્તુ સાથેની એકતા છે. સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો, પ્રભુભક્તિની તૃતિય સ્થિતિને વેદાન્ત કહેવામાં આવે છે.

વેદાન્ત અને ભક્તિ મુખ્યત્વે કરીને નીચે આપેલી વસ્તુઓ પ્રાપ્ત કરવા મહેનત કરે છેઃ—

(अ) આનંદ.
(ब) પૂર્ણતા.
(क) ચિત્તની એકાગ્રતા.
(ड) સ્વતંત્રતા.
(फ) સત્ય.

( अ ) આનંદની પ્રાપ્તિને માટે પ્રત્યેક વ્યક્તિ પુરુષાર્થ કરે છે. આનંદ એજ સર્વ ભૂતમાત્રની ઇંપ્સિત વસ્તુ છે. વેદાન્ત તેનો આત્મસાક્ષાત્કારમાં સમાવેશ કરે છે. જ્યારે પ્રભુભક્તિ

તેને પ્રભુદર્શન સાથે પ્રાપ્ત થાય એમ માને છે. વેદાન્તિ આત્મૈક્ય અને અભેદતાનો અનુભવ થતાં આનંદને પ્રત્યક્ષ થયેલો જુવે છે, જ્યારે પ્રભુભકત પ્રભુસ્વરુપના સાક્ષાત્કારની સાથે આનંદ અનુભવે છે. વેદાન્ત જ્ઞાનથી મુક્તિ અને આનંદ માની સત્યજ્ઞાન અને અભેદતા અનુભવવા પ્રયત્ન કરે છે. પ્રભુભકિત ભકિતથી મુકિત માની પ્રભુસાક્ષાત્કાર અર્થે વિવિધ પ્રકારે ભકિત કરે છે. પણ ઉભયનો તે પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ એક છે. એક અમુકમાં આનંદ માને છે, જ્યારે બીજો તેને બીજામાં શોધે છે. એક પ્રભુ પ્રાપ્તિ સાથે આનંદને સમાપ્ત કરે છે; બીજો આત્મસાક્ષાત્કાર સાથે તેનો અંત માને છે. આથી આનંદને માટે ઉભયનો પુરુષાર્થ છે એ વાત તદ્દન નિઃસંદેહ છે.

(બ) હવે ધ્યાનમાં રાખવું જોઇએ કે, સંપૂર્ણ આનંદ ક્યારે મળે છે? **અપૂર્ણતાથી આનંદ મળતો નથી. અપૂર્ણ વસ્તુમાં આનંદ આપવાની શક્તિ નથી. જ્યાં સૂધી તમે પોતે "હું પૂર્ણ છું" એમ માનો નહિ ત્યાં સૂધી તમને આનંદ મળશે નહિ.** અપૂર્ણતાથી લોભ અને અસંતોષ ઉત્પન્ન થાય છે. તમે ૧૦૦૦ રૂપીઆને પૂર્ણતાનું સ્થાન માનતા હો અને જો તમારી પાસે ૯૯૯ રૂપીઆ હોય તો તમને એકને માટે લોભ થાય છે, અને તેથી તેટલા પ્રમાણમાં અસંતોષ રહે છે. આથી તમારા યથાર્થ આનંદાનુભવમાં ન્યૂનતા આવે છે, એટલે સ્હેજ સ્પષ્ટ થશે કે, પૂર્ણતાથી આનંદ મળે છે; અને તે પૂર્ણતા પ્રાપ્ત કરવી એ દરેક મનુષ્યનો ઉદ્દેશ છે.

વેદાન્ત આત્માને પૂર્ણ માને છે અને તેના સાક્ષાત્કારથી પૂર્ણ થઇ આનંદ મેળવવા ઇચ્છે છે. પ્રભુભક્તિ એક પ્રભુને પૂર્ણ

માને છે અને તેના દર્શન કરી, પોતે સર્વ રીતે પૂર્ણ બની નિત્યાનંદની પ્રાપ્તિને માટે પ્રયત્ન કરે છે. પૂર્ણતાનો ઉદ્દેશ ઉભયની અંદર એક રીતે વ્યાપ્ત છે. પ્રભુદર્શન ન થાય ત્યાં સૂધી પ્રભુભક્ત પોતાને તેટલો અપૂર્ણ માને છે. આથી તેના આનંદમાં ન્યૂનતા રહે છે તે અપૂર્ણતા પ્રભુ સાક્ષાત્કાર સાથે પૂર્ણ થાય છે. એટલે તેને યથાર્થ આનંદ મળે છે. વેદાન્ત પણ પૂર્ણતાનોજ ઉપદેશ આપે છે. તે આત્માની સાથે પૂર્ણતા દર્શાવે છે.

(क) સત્ય સુખની ઝાંખીનું અવલંબન ચિત્તની એકાગ્રતા ઉપર રહ્યું છે. જ્યાં સૂધી ચિત્ત ચંચળ હોય છે ત્યાં સૂધી મનઃસ્થિતિ વ્યગ્ર રહે છે, અને તેથી સત્યાનંદનો યથાર્થ અનુભવ થઈ શકતો નથી. આનંદ એ એક પ્રકારની ચિત્તની સ્થિરતાજ છે. આત્મા, કહો કે પ્રભુ ચિરકાળ આનંદ રુપજ છે. તેનો સાક્ષાત્કાર આપણને ચિત્તની એકાગ્રતા વખતે થાય છે. ચિત્ત એક બીલોરી કાચ માફક છે. તે જ્યારે સ્થિર હોય છે ત્યારે તેમાં આત્માના—પ્રભુના સ્વરૂરુપનું પ્રતિબિંબ પડે છે; અને તેના સ્વભાવનો અનુભવ પણ ત્યારેજ થાય છે. આથી ચિત્તની સ્થિરતાની સાથે આપણને આનંદ મળે છે.

વેદાન્ત જ્ઞાન બળથી આત્મામાં ચિત્તની સ્થિરતા કરાવે છે. પ્રભભક્તિ પ્રભુમાં પ્રેમથી ચિત્તને એકાગ્ર કરે છે. ભજન, કિર્તન, પૂજન એ સર્વે પ્રભુભુક્તિના પ્રકારો ચિત્તને એકાગ્ર કરવાને માટેજ છે. ચિત્ત જ્યારે સંપૂર્ણ એકાગ્ર થાય છે ત્યારે યથાર્થ આનંદ અનુભવાય છે. વેદાન્ત અને પ્રભુભકિત એ

બન્ને ચિત્તની એકાગ્રતાને માટેજ અનેકાનેક જ્ઞાનના અને ભક્તિના માર્ગો બતાવે છે.

(૭) **પરાધીનતા સમું દુઃખ નથી.** મનુષ્ય ગમે તેટલો સુખી કહેવાતો હોય પણ જ્યાં સૂધી તે પરતંત્ર છે ત્યાં સૂધી તેને સંપૂર્ણ આનંદ મળતો નથી. પરતંત્ર હોય ત્યાં સૂધી માણસ અપૂર્ણ છે. અપૂર્ણતામાં દુઃખ છે. દુઃખ છે એનો અર્થ એ થયો કે તેને આનંદનો અનુભવ યથાર્થ થતો નથી. આનંદનો **સંપૂર્ણ અનુભવ કરવાને માટે સ્વતંત્ર થવાની પ્રથમ જરૂર છે. સ્વતંત્રતાજ સુખ આપી શકે એમ છે.** જીવમાત્ર સ્વતંત્રતાને ઇચ્છે છે. કુદરત પણ સ્વતંત્રતાજ શીખવે છે. જન્મથી તેણે દરેક પ્રાણીને સ્વતંત્ર બનાવ્યાં છે. **મનુષ્યની અર્ધ દગ્ધ બુદ્ધિએ સર્વને પરાધીન કર્યા છે.** સ્વતંત્રતાના જીવન ઉદ્દેશની ખાતરી કરવી હોય તો એકાદ પક્ષીને પકડો, પછી જૂઓ કે તે છુટવાને માટે કેટલો પ્રયત્ન કરે છે. પોતાની પાંખો તુટી જશે તેની તેને જરા દરકાર નથી પણ કોઇ પણ ભોગે તે છુટવા પ્રયત્ન કરે છે. કુદરત પણ સ્વતંત્રતાજ માગે છે. મનુષ્ય માત્રનો ઉદ્દેશ સ્વતંત્રતા છે, તે કોઈ પણ પ્રકારે પ્રાપ્ત કરવી એનેજ માટે આ સર્વ પુરુષાર્થ છે.

વેદાન્ત પણ મુક્તિને માટેજ ઉપદેશ દે છે. તે જણાવે છે કે, દરેકે દરેક મનુષ્ય મુક્તિને માટે ઇચ્છા રાખે છે. મોક્ષ એ મુક્તિનું બીજું નામ છે. મુક્તિ એટલે છુટાપણું. વિષયાદિક બંધનોથી છુટી મુક્ત થવું એનું નામ મુક્તિ. પ્રભુભક્ત પણ સર્વ વિષયોને ત્યજી ફક્ત પ્રભુમાંજ સ્થિરતા કરી સર્વ રીતે મુક્ત થવા માગે છે. આત્મજ્ઞાનની સાથે 'અહમ્' અ-

ધ્યાસ ટળતાં મનુષ્ય સ્થૂલ વિકારોથી છુટો થાય છે. તે પોતાને બ્રહ્મ તરીકે ઓળખે છે. '**अहं ब्रह्मास्मि।**' "હું બ્રહ્મ છું." ભક્તિ સાથે પ્રભુમાં ઐક્ય થતાં પ્રભુભક્તની સર્વ વાસના નાશ પામે છે અને ઇન્દ્રિયજન્ય વિષયોથી તે પર-છુટો થાય છે. આ રીતે સ્વતંત્રતા એ પ્રભુભક્તિ અને વેદાન્ત ઉભયનો ઉદ્દેશ છે એ સ્પષ્ટ થાય છે.

(क) વિશ્વમાં સત્ય શું છે એ જાણવાની દરેકની ઇચ્છા હોય છે; પછી તે કેટલે અંશે પૂર્ણ થાય છે એ સવાલ તો બાજુએજ રહ્યો. અમુક કાર્યમાં સત્ય શું છે તે શોધવાને માટે પ્રત્યેક વ્યક્તિ મહેનત કરે છે. સત્ય શોધ એજ સર્વ પ્રાણી માત્રનો જીવન ઉદ્દેશ છે. પ્રભુભક્તિનો અર્થ સત્ય શોધ થાય છે. પ્રભુ તે સત્ય અને તેને શોધવાને માટે કરેલા વિધવિધ પ્રયત્નો તે એક પ્રકારની પ્રભુભક્તિ છે. વેદાન્ત પણ સચ્ચિદાનંદ-સત્, ચિત્ અને આનંદની પ્રાપ્તિને માટેજ આજ્ઞા કરે છે. દરેક ધર્મ પોકારીને કહે છે કેઃ—

**नास्ति सत्य समो धर्मो ।**

"સત્યના સમાન બીજો ધર્મ નથી."

મુક્તિનો સત્ય-શોધ એજ એક માર્ગ છે.

**नान्य पन्था विद्यतेऽयनाय ।**

એ સત્ય તેં જીવન અરે ! નથી સત્ય સમ ઉત્કર્ષ કંઈ,<br>
એ સત્ય માટે જીવન અર્પી સત્યની સાથે રહી;<br>
દુઃખો મહિં પણ સત્યને જે સત્યને વળગી રહે—<br>
તે મણિ હવે કદિ સત્યને કદિએ નહિ તેને છળે.

## ૨. ત્યાગનો ઉપદેશ.

સત્ય (માનસિક) ત્યાગ વગર આનંદનો અનુભવ થઇ શકતો નથી. જ્યાં સૂધી વિષયાદિક બંધનોમાં મનુષ્ય બંધાયો હોય છે ત્યાં સૂધી સત્યનો પ્રકાશ તેને પહોંચતો નથી. વિષ્ટા જ્યાં સૂધી મ્હોંમાં હોય છે ત્યાં સૂધી મિષ્ટાનના સ્વાદની ઝાંખી થતી નથી. જ્યાં સૂધી દરેક વસ્તુ ઉપર માનસિક ત્યાગ થયો નથી ત્યાં સૂધી તે ઉપર મોહ રહે છે; અને મોહને લીધે અન્તે દુઃખ ઉત્પન્ન થાય છે.

"મ્હારૂં" અને "ત્હારૂં" એવી જૂદાપણાની ભાવના સાથે મોહ રહે છે; અને ત્યાં સૂધી અભેદતાનો આનંદ અનુભવાતો નથી. "મ્હારૂં" કહ્યું ત્યાંથી તે ઉપર મોહ થાય છે. જ્યારે "મ્હારાપણું" જતું રહે છે ત્યારે ચિત્ત નિવૃત્ત થાય છે, એટલે સુખાનુભવની ઝાંખી થાય છે.

કોઈ એક માણસનો પુત્ર બહાર દેશાવર ગયો હતો. ઘણાં વર્ષો થયાં પણ હજી તે આવ્યો ન હતો. શેઠને આથી ફીકર થતી હતી. એટલામાં તેનો પત્ર મળ્યો; તેમાં તેણે જણાવ્યું હતું કે, "થોડા દિવસોમાં હું તમારા તરફ આવનાર છું." આથી શેઠ ઘણોજ રાજી થયો. આ પત્ર આવ્યા પછી થોડા દિવસમાં તે શેઠના શહેરમાં એક અકસ્માત બન્યાની ખબર શેઠને મળી. તે અકસ્માતમાં કોઇ એક પચીશ વર્ષનો માણસ 'મોટર'ના ધક્કાથી મર્ણ પામ્યો હતો; પણ શેઠને ખબર હતી નહિ કે તે પોતાનો છોકરો છે. આથી શેઠને તે અશુભ સમાચારથી કશું લાગ્યું નહિ. થોડા સમય પછી કો-

ઇક માણસે આવી તે શેઠને કહ્યું કે, "શેઠ ! તમારો છોકરો 'મોટર' નીચે હમણાંજ છુંદાઇ ગયો છે." શેઠે કહ્યું, "હેં ! કોણે કહ્યું ?" પેલી આગંતુક મૂર્તિએ કહ્યું, "રસ્તામાં મ્હેં તેના શરીરને મોટર નીચે છુંદાયલો જોયો." શેઠે આતુરતાથી પુછ્યું, "શું એ સાચી વાત છે ? શું તું ખાત્રીથી જાણે છે કે, તે **મ્હારોજ** છોકરો છે ?" પેલાએ કહ્યું "હા ! હા !! "આ સાંભળી શેઠનું હૃદય હાથમાં રહ્યું નહિ. તે પેલા માણસ સાથે તે શબને જોવાને માટે ચાલતો થયો. અકસ્માતની જગ્યાએ આવી શેઠે પેલા શબને તપાસ્યું તો તે પોતાના છોકરાનું શબ છે એમ માલમ પડયું. "હા ! એજ **મ્હારો** છોકરો !" એટલાજ શબ્દો તેના મ્હોંમાંથી નિકળી શકયા, તે બેશુદ્ધ થઈ જમીન ઉપર પડી ગયો.

ભાઇઓ ! આજ પ્રમાણે આપણને 'પોતાપણા'નો અધ્યાસ રહ્યો છે તેથી આપણે દુઃખી થઇએ છીએ. "**મ્હારૂં**" એ **ભાવના નષ્ટ થતાંની સાથેજ આપણને કોઈ પણ પ્રકારની ચિંતા રહેતી નથી.** જયાં સૂધી શેઠને તે છોકરો પોતાનો છે એમ હતું નહિ ત્યાં સૂધી તે બનાવની તેના મગજ ઉપર કશી પણ અસર થઈ નહતી, પણ જયારે તેના જાણવામાં આવ્યું કે, તે 'મોટર' નીચે છુંદાયેલો માણસ પોતાનો છોકરો છે ત્યારે તેને દુઃખ થયું અને તેથી શોકના કારણે તેને મુર્છા આવી. **"હું અને મ્હારાપણું" નષ્ટ થયું કે તે સાથેજ સર્વ દુઃખોનો અંત આવ્યો જાણજો.**

જીવન પરિક્રમમાં વ્યવહારપક્ષે કર્મો કરવાની તો જરૂર છે, પણ તેમાં મોહ હોવો ન જોઇએ. **કર્મ કરવું પણ તેના ફળની**

**આસક્તિ કદિ પણ રાખવી નહિ.** આપણે તો માત્ર કર્મને માટેજ છે. ફળ શું આવશે તેના ઉપર આપણે આશા રાખી રહેવાનું નથી. **आशाहि परमं दुःखं निराशा परमं सुखम् ।** **ફળનો વિચાર કરતાં શુદ્ધ કાર્યોનો ત્યાગ કરવો વ્યાજબી નથી. ફળ ગમે તે મળે પણ કર્મ શુદ્ધ છે એટલુંજ આપણે જાણવું બસ છે; અને એટલું જાણ્યું કે તે કર્મ વ્યહવારમાં મુકવા કદિ પણ ડરવું નહિ.** તમો તો ફક્ત તેના સત્યને માટે જવાબદાર છો; તેના ફળના જવાબદાર નથી.

ગીતાજીનો ઉપદેશ તો એજ છે કે, કર્મની આશક્તિ ત્યજી દ્યો. સત્ય આનંદ અનુભવવાને માટે ત્યાગ સિવાય બીજો માર્ગ નથી. "ગીતા"ને ઉંધી રીતે વાંચતાં "તાગી, તાગી" એવો ઉચ્ચાર થાય છે જેનો અર્થ એવો છે કે, "ત્યાગી થાઓ! ત્યાગી થાઓ !!"

"ત્યાગ" એટલે કર્મોનો ત્યાગ નથી, કેમકે કર્મયોગ કર્યા વિના કર્મોનો સંન્યાસ કિંવા કર્મોનો ત્યાગ શી રીતે થઇ શકે? પણ કર્મો કર્યા છતાં તેમાં આસક્તિ ન રાખવી એજ સત્ય ત્યાગ છે. ત્યાગ એ માનસિક ભાવયુક્ત છે. બાહ્યત્યાગ એ ત્યાગ નથી, સત્ય ત્યાગ તો માનસિક ત્યાગ છે. સત્ય માનસિક ત્યાગી કોણ છે? કે જે:—

**नैव किंचित्करोमीति युक्तो मन्येत तत्त्ववित् ।**
**पश्यन्शृण्वन्स्पृशञ्जिघ्रन्नश्नन्गच्छन्स्वपन्श्वसन् ॥**
**प्रलपन्विसृजन्गृह्णन्नुन्मिषन्निमिषन्नपि ।**
**इन्द्रियाणींद्रियार्थेषु वर्तंत इति धारयन् ॥**

भ० गी०

અર્થસઃ વિવરણઃ—કર્મ કરનારો પુરુષ ક્રમ પ્રમાણે તત્ત્વવેત્તા થયા પછી દર્શન કરતાં, સાંભળતાં, સ્પર્શ કરતાં, સુંઘતાં, ખાતાં, જતાં, નિદ્રા લેતાં, શ્વાસ લેતાં, બિલાપ કરતાં, ત્યાગ કરતાં, ગ્રહણ કરતાં, આંખ ઉઘાડતાં તથા આંખ મીંચતા છતાં પણ હું એમાંનું કશું કરતો નથી; એ તો ઇન્દ્રિયો ઇન્દ્રિયોના વિષયોમાં વર્તે છે, એમ માને છે. એટલે કે જોવું, સાંભળવું, અડકવું, સુંઘવું, ખાવું, વિગેરે જ્ઞાન નેત્ર આદિક ઇન્દ્રિયના વિષયો છે, ચાલવું એ ચરણનો વ્યાપાર છે, નિદ્રા એ બુદ્ધિનો વ્યાપાર છે, શ્વાસ લેવો એ પ્રાણનો વ્યાપાર છે, બોલવું એ વાણીનો વ્યાપાર છે, આંખો મીંચવી, ઉઘાડની એ કૂર્મ નામના પ્રાણનો વ્યાપાર છે આમ બુદ્ધિથી નિશ્ચય કરીને હું કંઇ પણ કરતો નથી એમ જે માને છે તે તત્વવેત્તા પુરુષ કર્મો કરતાં છતાં પણ કર્મોથી બંધાતો નથી.

વેદાન્ત પણ ત્યાગનોજ ઉપદેશ આપે છે. તે કહે છે કે, '**जगन्मिथ्या ।**' "જગત્ મિથ્યા છે." એના ઉપર મોહ કરવો એ મૃગજળવત્ છે, એ સર્વ સ્વપ્ન માત્ર છે; વિશ્વ એ ખાલી ભ્રાન્તિ છે. તેના ઉપરનો મોહ અન્તે નાશવંત અને દુઃખકર છે. સત્ય માત્ર બ્રહ્મ છે. **ब्रह्मसत्यम् ।** તેને એકને મેળવવાને માટેજ પુરુષાર્થ કરવો. વિશ્વ સર્વ અધ્યાસ છે. વેદાન્ત આત્મામાં ઐકય કરાવી સર્વ સ્થૂલ વસ્તુઓ ઉપરથી મોહ ઉતારી દે છે. તે કહે છે કે, સત્ય ત્યાગ વગર જ્ઞાન સંભવિત નથી.

**मोक्षस्य हेतुः प्रथमो निगद्यते,**
**वैराग्यमत्यन्तमानित्यधस्तुषु ।**

तत: शमश्चापि दमस्तितिक्षा,
न्यास: प्रसक्ताखिलकर्मणां भृशम् ॥
वि० चु०

ભાવાર્થઃ—અનિત્ય વસ્તુઓમાં અતિ દૃઢ વૈરાગ્ય (માનસિક ત્યાગ) એ મોક્ષનું કિંવા મોક્ષના સાધનરૂપી આત્મજ્ઞાનનું પ્રથમ સાધન કહેવાય છે. ત્યાર પછી મનોનિગ્રહ, ઇન્દ્રિયનિગ્રહ, સહનશીલતા અને અન્ય અજ્ઞાનયુક્ત સર્વ શુભાશુભ કર્મોનો (કર્મો સહિત તેના અભિમાન અને ફળનો અત્યંત (માનસિક) ત્યાગ; આ સર્વ જ્ઞાનનાં સાધનો છે.

પ્રભુભક્તિ પણ પ્રભુ પ્રાપ્તિ અર્થે સર્વનો ત્યાગ કરવાનો કહે છે. **નરસિંહ** મહેતો પોતાના પૂત્રના મર્ણ વખતે શું કહે છે ? તે કહે છે કે:—

" ભલું થયું ભાંગી જંજાળ,
સુખે ભજશું **શ્રી**ગોપાળ. "

**પ્રભુ સ્વરુપમાં ચિત્તની સ્થિતિ થઈ કે તે સાથેજ બાહ્ય વસ્તુઓનું ભાન આપોઆપ જતું રહે છે.** જયારે એક વસ્તુ તરફ ચિત્તનું આકર્ષણ થાય છે કે તે સાથેજ અન્ય સર્વ વસ્તુ પ્રતિનો મોહ ઉતરી જાય છે. પ્રભુભક્તિની ધૂન લાગી કે સ્થૂલ વિષયોની સ્મૃતિ ધીરે ધીરે દૂર થાય છે. જ્યાં સૂધી વિષયો તરફ વૃત્તિઓ દોરાયલી રહે છે ત્યાં સૂધી પ્રભુ તરફ વૃત્તિઓ સ્થિર થતી નથી. એક પાત્રમાં બે વસ્તુઓ સમાઈ શકતી નથી; અને જો કદાચ સમાય તોપણ તે બન્ને અપૂર્ણ!

જ્યાં રામ તહાં કામ નહિ, કામ તહાં નહિ રામ;
એક સાથ દોઉ ના મિલે, રવિ રજની એક ઠામ.

જ્યાં સૂધી સંસારમાંથી સાંસારિક વિષય આદિ કામનાઓનો મોહ ઉતર્યો નથી ત્યાં સૂધી ઈશ્વર પ્રાપ્તિ અતિ દુર્લભ છે. **બાયબલ** કહે છે કે;—

You cannot love God and mammon.

એકજ વખતે હૃદયમાં વિષય વાસના અને ઈશ્વર પ્રેમ સમાઇ શકતો નથી. ક્યાં તો બેમાંથી એક થઇ શકે એમ છે. બન્ને સાથે કરનાર મનુષ્યો ઘણાજ વિરલ છે. **જો સંસાર સુખો ભોગવવાં હોય તો ઈશ્વરને પડતો મુકો; અને જો તેમ ન થાય તો સંસારનો ત્યાગ કરો.** આ સિવાય બીજો કોઇ માર્ગ નથી.

**नान्यः पन्था विद्यतेऽयनाय ।**

પ્રભુભક્તિમાં પ્રભુ-કૃષ્ણ પ્રેમનું પ્રાધાન્ય છે. વેદાન્તમાં બ્રહ્મ એકજ સત્ય છે. ત્યાગનો ઉપદેશ ઉભય આપે છે. એક **कृष्णार्पण ।** કરે છે; જ્યારે બીજામાં સર્વ **ब्रह्मार्पण ।** કરવામાં આવે છે; પણ સર્વ રીતે ત્યાગ ઉદ્દેશ ઉભયનો એક છે.

## ૩–ઐક્ય.

પ્રેમ અગર જ્ઞાન ઉભયથી ઐક્ય અનુભવાય છે. પ્રેમથી એકતા અનુભવવી ઘણીજ સહેલી થઇ પડે છે. જ્ઞાનને કિંચિત્ એકતા અનુભવતાં મુશ્કેલી નડે છે. આથીજ ભક્તિનું કેટલીક જગ્યાએ પ્રાધાન્ય છે. પ્રેમ એ ઐક્યનો તાર છે. કોઇ વસ્તુ ઉપર પ્રેમ થયો કે તે સાથે તે સિવાયની અન્ય વસ્તુ ભૂલી જવાય છે અને તત્પશ્ચાત્ થોડા વખતમાં તે વસ્તુ સાથે અભેદતા અનુભવાય છે. આજ ઐક્ય કિંવા અભેદતા છે.

પ્રભુભક્તિ સર્વ જગતને કૃષ્ણરૂપ કિંવા કૃષ્ણથી પૂર્ણ માને

માને છે. કૃષ્ણને તેઓ સર્વ વ્યાપ્ત માને છે. **जलेविष्णु स्थले विष्णु, विष्णुः पर्वत मस्तके ।** અખિલ વિશ્વ–કૃષ્ણ પરમાત્માની લીલા છે અને એકરૂપે તે સર્વત્ર વ્યાપિ રહ્યો છે. આ માન્યતા પ્રભુભક્તિની છે. વેદાન્ત અખિલ બ્રહ્માંડને બ્રહ્મમય કિંવા બ્રહ્મથી પૂર્ણ માને છે. તે કહે છે કે;–**सर्वंखल्विदं ब्रह्म ।** "અખિલ વિશ્વ બ્રહ્મરૂપ છે."

આ બ્રહ્મની સાથે એકતા અનુભવવી કિંવા તેમાં તદ્રુપ બનવું એટલે કે આત્મસાક્ષાત્કાર કરવો એ વેદાન્તનો ઉદ્દેશ છે. પ્રભુભકિત પ્રભુ–કૃષ્ણ સાથે ઐકય અનુભવી પ્રભુરૂપ બનવા કહે છે. એક જ્ઞાનથી એકતા કરાવે છે, બીજું પ્રેમથી અભેદતા શીખવે છે. વેદાન્ત સર્વ જગતને બ્રહ્મમય જોવાનું કહે છે. પ્રભુભક્તિ સર્વ જગતને પ્રભુથી પૂર્ણ અને તેના સ્વરુપનો સર્વત્ર સાક્ષાત્કાર કરવાને સૂચવે છે. અભેદતા કિંવા ઐકય એ પ્રભુભક્તિ અને વેદાન્ત ઉભયનો ઉદ્દેશ છે. બન્નેના જણાવવાના અને પ્રાપ્ત કરવાના માર્ગો સહજ ભિન્ન છે એટલુંજ !

## { વેદાન્તને પ્રભુભકિતની જરૂર. }

કોઇ પણ પ્રકારના સાધન વગર કાર્ય અસાધ્ય છે. એટલુંજ નહિ પણ કેટલાંક સૂક્ષ્મ કાર્યો તો સ્થૂલ સાધન વિના તદ્દનજ અસંભવિત છે. કોઇક ગતૂમિત્રની ( મનઃકલ્પિત ) મુખાકૃતિ યાદ કરતી વખતે જો તેની છબી તમારી પાસે હોય તો તેના કલ્પિત સ્વરુપની યથાર્થ ઝાંખી તમને તાત્કાલિક થાય છે. લખવાને માટે લેખિનીની આવશ્યકતા છેજ અને તે ( લેખિનીના સાધન ) વગર લખાણનું કાર્ય તદ્દનજ અસંભવિત છે.

**સાધન વગર સાધ્ય વસ્તુ પ્રાપ્ત થતી નથી.**

ધ્યાનથી ઐક્ય અનુભવાય છે; અને ધ્યાનને માટે કોઇ પણ વસ્તુની જરૂર છે. કદાચિત્ તમે પુછશો કે, શું કોઇક ખાલી ( મનઃકલ્પિત ) પ્રકાશ અગર નિરાકાર દ્રવ્ય (matter) ઉપર ધ્યાન, આરાધના અગર એકાગ્રતા થઈ શકે એમ નથી ? પણ યાદ રાખજો કે, ત્યાં એ સાધનની જરૂર તો છેજ ! અહિં મનઃ કલ્પિત પ્રકાશ એ તમારૂં સાધન બન્યું, અને નિરાકાર દ્રવ્ય એ પણ તેનુંજ પરિણામ થયું; કેમકે બુદ્ધિજન્ય પ્રત્યેક વિષય સ્થૂલ સાથે ઘણોજ સંબંધ રાખે છે. એટલુંજ નહિ પણ કોઇ સૂક્ષ્મ દ્રવ્ય ઉપર ધ્યાન કરવું અને તે પણ સતત અને યથાર્થ ! એ કંઇ સાધારણ શ્રેણીના મનુષ્યનું કામ નથી. એટલે સામાન્ય મનુષ્યો માટે પ્રથમ તો કોઈ પણ સાકાર પદાર્થ ઉપર ચિત્ત સ્થિર અને એકાગ્ર કરી પછીથી આગળ વધવું ઉચિત છે.

પ્રભુભક્તિ અને વેદાન્ત ઉભયને એકાગ્રતા જોઇએ છે. અને તે કોઇ પણ સ્થૂલ સાધન વગર થઇ શકે એમ નથી. સર્વત્ર બ્રહ્મભાવના અનુભવવી એ કંઇ એકદમ સ્હેલાઇથી થઇ જાય એવું કાર્ય નથી. પ્રભુભક્તિમાં પરાપૂજા કિંવા મૂર્તિપૂજા એ એકાગ્રતાનું અને પ્રભુપ્રાપ્તિનું અંગભૂત સાધન છે. હવે વેદાન્તને તેની જરૂર તપાસીએ.

यस्त्व विज्ञानवान् भवत्युक्तेन मनसा सदा ।
तस्येन्द्रियाण्यवश्यानि दुष्टाश्वा इव सारथेः ॥

कठोपनिषद.

**અપેક્ષાઓ ભિન્ન કરતાં સ્વાભાવિક રીતે પ્રમાણો ફરી જાય છે. એકદર્શી થતાં સત્ય જાણવામાં વિક્ષેપ પડે છે, અને**

માત્ર એક બાજુજ જોવાની ટેવ પાડતાં તે અંધશ્રદ્ધા, થઈ જાય છે. આ માટે મૂર્ત્તિપૂજાની આવશ્યકતાને માત્ર પ્રભુભક્તિની અપેક્ષાથીજ ન તપાસતાં વેદાન્તની દૃષ્ટિબિંદુથી તપાસીએ.

આ માટે આપણે વેદાન્તની અપેક્ષાથી આપણે મૂર્ત્તિપૂજાની અગત્યતા તપાસીએ.

વેદાન્તની અભેદતાનો ડંકો હાલ સર્વ જગ્યાએ ગડગડી રહ્યો છે. **આર્યાવર્ત્ત**, **અમેરિકા**, ઇંગ્લંડ આદિ દેશોમાં સર્વ જગ્યાએ વેદાન્ત માન્ય અને અનુભવ સિદ્ધ થઇ ચુકયો. **મનસુર** આજ ભાવ દર્શાવતાં '**અનલહક્ક**' કહી ગયો છે; અને એકંદર તપાસતાં પ્રત્યેક વિવેકી હૃદયમાં વેદાન્તની સત્ય જ્યોતિ પૂર્ણપણે વ્યાપી રહી છે. આધુનિક વિજ્ઞાનના અનેક ફટકાઓની સામે ફકત એક વેદાન્તજ અદ્યપિ ટકી શકયો છે. તો તેજ વેદાન્તની સહાયથી આપણે પરાપૂજાની આવશ્યકતા તપાસી જોઈએ.

વેદાન્તના અપૂર્વ સત્યને માટે કોઇ પણ સુજ્ઞ હૃદય ના કહી શકે તેમ તો નથીજ. એટલે તે વિષે કશો નિર્ણય કરવો અત્ર નિષ્પ્રયોજન છે. અદ્યાપિ વેદાન્તની અભેદ દૃષ્ટિથી પણ મૂર્ત્તિપૂજામાં અતિ ગૂઢ રહસ્ય જણાય છે. આ કથન કદાચ કેટલાકને વિપરીત લાગશે, પણ તે ભ્રમ નીચેની વિગતો ઉપર ધ્યાન આપતાં આપોઆપ દૂર થશે.

"**अहम् ब्रह्म**" કહેનાર વેદાન્તિને મૂર્ત્તિપૂજાની શી જરૂર ? અને પત્થરમાં ઇશ્વર માનવાનું તેને શું કારણ ? આદિ સામાન્ય પ્રશ્નો સ્વાભાવિક રીતે તાર્કિક મગજમાં ઉત્પન્ન થાય, પણ તેના શંકા નિવારણાર્થે આટલોજ ખુલાસો પૂરતો જણાશે કે, પુરુષો, સ્ત્રીઓ, પશુઓ અને પક્ષિઓ તેમજ અન્ય ચૈતન્યમય-

દેહધારીઓમાં એક સામાન્ય બ્રહ્મદૃષ્ટિના મનુષ્યે **બ્રહ્મ**નો અનુભવ કરવો એ તો તદ્દન સાધારણ છે, પણ એ બ્રહ્મભાવના ત્યારેજ સત્ય અને તેનું **અહમ્ બ્રહ્મ**નું કથન ત્યારેજ યોગ્ય ગણાય કે, જ્યારે તે એક પત્થર જેવી જડ અને સ્થૂલ વસ્તુમાં પણ પ્રભુને–**બ્રહ્મ**ને કહો કે પોતાના સત્ય સ્વરૂપને જુઓ; ત્યારેજ તે સંપૂર્ણ બ્રહ્મભાવનામય સત્ય વેદાન્તિ કહેવાશે. વાસ્તવિક રીતે વેદાન્તની આજ સત્ય સ્થિતિ છે અને વેદાન્તિની આજ પૂર્ણ જ્ઞાનમય દશા છે.

વેદાન્તનું મહાન્ સૂત્ર એ છે કે,–" **સર્વં ખલ્વિદં બ્રહ્મ** " 'અખિલ બ્રહ્માંડ–વિશ્વ બ્રહ્મરૂપ છે;' તો હવે મ્હારે એટલું પૂછવું જોઇએ કે, શું પત્થર બ્રહ્મરૂપમાંથી બાકી રહી ગયો ? એતો ખુલ્લો પક્ષપાત! વેદાન્ત જો માન્ય હોય તો તમારે કબૂલ કરવુંજ પડશે કે, **માત્ર પત્થરજ નહિ, પણ તેથી** ઉતરતી **શ્રેણીની જડ ચીજો સુદ્ધાં બ્રહ્મરૂપજ છે.** જ્યારે આમજ છે ત્યારે પત્થરને બ્રહ્મરૂપે કિંવા ઈશ્વરરૂપે જોવો એ શું કોઈ રીતે અયોગ્ય છે ?

વેદાન્તને અનુસરી જ્યારે તમે કહો છો કે, " **અહમ્ બ્રહ્માઽસ્મિ** " 'હું બ્રહ્મરૂપ છું.' ત્યારે શું પત્થર એ તમારૂં સત્ય સ્વરૂપ ન થયું ? જ્યારે છે ત્યારે તેની પૂજા કરવામાં બાધ શો ? કેમકે તે વખતે તમો માત્ર પત્થરની સ્થૂલરૂપની પૂજા નથી કરતા, પણ તમારા પોતાનાજ શુદ્ધ સ્વરૂપને અન્ય માર્ગે પૂજો છો. એટલે વાસ્તવમાં મૂર્તિપૂજા એ કોઇ પણ પ્રકારે વેદાન્તિને બાધ કર્ત્તા નથી. એટલુંજ નહિ પણ ઉલટું વેદાન્તની દૃષ્ટિથી તે (મૂર્તિપૂજા) બ્રહ્મભાવનાના વિકાસમાં અભિવૃદ્ધિ કરે છે.

જ્યારે તમારી બ્રહ્મભાવના વિકાસ પામતાં પામતાં પત્થરો જેવી જડ કિંવા સ્થૂળ ચીજોમાં પણ બ્રહ્મતત્વ અનુભવશે, એટલે કે પત્થરને ફક્ત પત્થર તરિકે ન જોતાં બ્રહ્મરૂપે જોતાં શીખશે, તેનું (બ્રહ્મભાવનાનું) સ્થૂલમાં પણ આરોપણ કરશે, ત્યારેજ તેની સમદૃષ્ટિ થઇ કહેવાશે—ત્યારેજ તે સત્ય અને અનુભવ પૂર્ણ વેદાન્તિ ગણાશે, અને તેજ વખતે તે વિશ્વદર્શી થશે. આજ શુદ્ધ નગદ ધર્મ છે. તેજ સત્ય વ્યાવહારિક વેદાન્ત છે. અને તેજ ઉત્ક્રાન્તિ ( Evolution ) નો યથાર્થ માર્ગ છે.

સ્વામી રામ પત્થરની પ્રતિમા વિષે ઉલ્લેખ કરતાં જણાવે છે કે:-

“આવી ન્હાનામાં ન્હાની ચીજને પણ પ્રતિમા બનાવવાનું રહસ્ય એ હતું કે,જ્યારે એ ન્હાનામાં ન્હાની જડ વસ્તુ, પત્થરને પણ બ્રહ્મ જાણીએ ત્યારેજ ઇશ્વરભાવનાનો—બ્રહ્મદૃષ્ટિનો સમુદ્ર રેલી રહે; અને તે સમયે પદાર્થ માત્ર અને સમસ્ત જગત્ અવશ્યમેવ બ્રહ્મરૂપ પ્રતીત થાય; પણ જે એ ન્હાનો પત્થરજ બ્રહ્મ છે, એટલોજ બ્રહ્મ છે, એવોજ બ્રહ્મ છે એમ માની મૂર્તિપૂજા કરે તેમની વૃત્તિ તો પત્થરરૂપ જડજ બનવાની.”

વળી બ્રહ્મકારમાં લીન થઇ અભેદારણ્યમાં જતાં તે જણાવે છે કે;—

“ જુઓ આ રાનનાં વૃક્ષો, જીગરમાં એ સગાં મ્હારાં;
જીવન મુજમાં ધડકતું જે, ધડકતું તેજ ખડકોમાં.

* * * *

ઉછળતા સાગરે અગણિત, મહા છોળો સમા એ તો.”

ઈશ્વરને સર્વ વ્યાપી તરિકે માન્ય કર્યા એટલે અણુઅણું અને પરમાણુંઓમાં પણ તેનું અસ્તિત્વ આપણે કબૂલ કરવું પડે છે. આથી સ્વાભાવિક પરિણામ એ આવે છે કે, **વિશ્વની પ્રત્યેક ચીજો ફક્ત સ્થૂલ કિંવા બાહ્યરુપો નહોતાં વસ્તુત: ઇશ્વરજ છે.**

અભેદતા, ઐક્ય અને ઇશ્વરનું સર્વવ્યાપીપણું વેદાન્ત તેમજ પ્રભુભકિત ઉભય કબૂલ કરે છે.

## ૪–ઉભયની ઇષ્ટપ્રાપ્તિની વિધિ.

વેદાન્ત જણાવે છે કે:–" તમે સર્વ પ્રકાશના પ્રકાશરૂપ છો, તમે સર્વ વસ્તુના કર્તા છો તમે અખિલ વિશ્વના માલિક છો; તમે જ્ઞાનરૂપ છો, તમે આનંદરૂપ છો." **तत्वमासि** । " તે તું છે." માત્ર આનો અનુભવ કરવો એટલુંજ તમારે બાકી છે. તે થયું એટલે તમારો મોક્ષ થયો સમજજો."

પ્રભુભક્તિ આથી સહજ જુદો માર્ગ લઇ તે અનન્ત શક્તિ–પ્રભુની ઉપર પ્રેમ કરી તેને પ્રાપ્ત કરે છે. પ્રથમ સ્થિતિમાં ભક્તાને તે ઇષ્ટ વસ્તુની મરજી સાચવવી પડે છે. જેમ એક નવોઢા સ્ત્રીને પોતાના પતિને રાજી કરી તેનો પ્રેમ મેળવવાને માટે તેની ઇચ્છા પ્રમાણે ચાલવું પડે છે, અને તેની મરજી પ્રમાણે કરવું પડે છે, તેમ પ્રથમ સ્થિતિમાં પ્રભુભક્તને પ્રભુની ઇચ્છાને અધીન થવું પડે છે; અને પછી ધીરે ધીરે તેનો પ્રેમ મેળવી તે ઇષ્ટ વસ્તુ સાથે એકતા અનુભવે છે. એ રીતે ભકતનો દ્વૈત ભાવ જતો રહેતાં તે અભેદતા અનુભવે છે, અને તે રૂપ-થીજ તેને આનંદ અને ઇષ્ટ વસ્તુનો સાક્ષાત્કાર થાય છે.

વેદાન્ત એથી વિરુદ્ધ પક્ષે કહે છે કે;–પ્રભુને ત્યાં જતી વખતે મેલા અગર ગંદા વેષમાં જઈએ તે શોભે નહિ. કોઈક શેઠને મળતી વખતે જેમ ભિખારી વેષમાં જઈએ તો આપણુને દારિદ્ર ધારી દ્વારમાંથીજ ધકેલો મારવામાં આવે છે તેમ પ્રભુ પાસે પહોંચવાને માટે જો આપણે "હું પાપી છું; હું દ્રારિદ્ર છું" એમ કહી જો દ્વારમાંથી જવા કહીએ તો તરતજ આપણે બહાર કહાડવામાં આવે છે એટલે પ્રભુદર્શન થતાં નથી. આથી જેમ કોઈ શેઠીઆને મળવાને માટે આપણે તેવા શેઠીઆનાજ 'લેબાસ'માં જવું યોગ્ય છે તેમ પ્રભુના દરબારમાં જવાને માટે ભિખારીના લુગડાંની જરૂર નથી પણ તેના જેવાંજ ઉત્તમ શણગારોની આવશ્યકતા છે. આજ વખતે પ્રભુ આપણુને મળે છે.

આ રીતે બન્નેની વિધિઓ જોકે પરસ્પર વિરોધભાષક છે તોપણ તે બન્ને સત્ય છે એ વાત નિર્વિવાદ ! ઇષ્ટ પ્રાપ્તિના એ ઉભય માર્ગો છે. કયાં તો "હું ત્હારો છું" એટલે દાસ્યબુદ્ધિ રાખવી; दासोहम् । કે કયાં તો "હું તું છું" એ સ્વામિત્વ ભાવ રાખવો; सोहम् । ઇષ્ટપ્રાપ્તિના એ બન્ને માર્ગો સત્ય છે.

જો પ્રભુભક્તિથી ઇશ્વરને પ્રાપ્તિ કરવી હોય તો દાસ્યભાવ સ્વીકારો, અને તે અપૂર્વ શક્તિના દાસ થઈ બનતી સેવા ઉઠાવો; નહિ તો વેદાન્તનો જ્ઞાનમાર્ગ કબૂલ કરો. એ પણ પ્રભુપ્રાપ્તિ અર્થેજ છે. એમાં ફક્ત "હુંજ બ્રહ્મ છું" 'अहम् ब्रह्मास्मि ।' એ ભાવનાને દૃઢ કરવી એટલુંજ બાકી છે. વેદાન્ત તો પોકારીને કહે છે કે,–મોક્ષ તમારા પોતાનાજ હાથમાં છે. તમારે માત્ર એટલીજ ભાવના કરવાની છે કેઃ—

"I am owner of the sphere,
Of the seven stars and the solar year:
Of Ceaser's hand and Plato's brain,
Of Lord Christ's heart and Shakeshpere's strain."*

ભાવાર્થ:—

હું સ્વામી હું આ સઉ પૃથ્વી કેરો,
નવે ગ્રહોને વર્ષો ઋતુનો;
હું ભીમ-ભૂજ વિવેક-શાંકર,
હું કૃષ્ણ-પ્રેમ કવી કાલીદાસ.

* '*History*.' Emerson.

# ૫—સ્વસ્વરૂપ નિરુપણ.

स्वरूपानुसन्धानरूपां स्तुति यः
पठेदादराद्भक्तिभावो मनुष्यः ।
शृणोतीह वा नित्यमुद्युक्तचित्तो
भवेद्विष्णुमद्यैव वेद प्रमाणात् ॥ ५ ॥

" જે ભક્તિભાવવાળો મનુષ્ય આદરથી સ્વરુપાનુસંધાનરુપ સ્તુતિ ભણે છે, અથવા ઉદ્યોગી ચિત્તવાળો થઇ નિત્ય અહિં સાંભળે છે, તે વેદના પ્રમાણથી અહિંજ વ્યાપક-બ્રહ્મ થાય છે." ૫.

શકું જે જે જોઇ કબુલ મન ના તે કરી શકે,
વિભૂતિ ભાસે જે અસત સઉ છે એ મન બકે.

કદિ ઉલકાપાતે સકલ ભુમિ જો ભભડશે,
તથાપિ આત્મા ત્યાં અજર સઉ સ્થાને વિલસશે.



વિશ્વમાં જણાતાં દુઃખો અને સંકટો માત્ર અજ્ઞાનનુંજ પરિણામ છે. સત્ય વસ્તુને ભૂલી જવાથી અજ્ઞાન ઉદ્‌ભવ થવા પામ્યું છે; અને એ અજ્ઞાન જ્યાં સૂધી નષ્ટ થશે નહિં ત્યાં સૂધી દુઃખો દૂર થનાર નથી. " હું પોતે કોણ છું ? " એ મનુષ્ય જાણતો નથી અને તેને લીધે પોતાનાજ સ્વરુપ પર મોહ પામી કસ્તુરી મૃગની માફક ઇતર સ્થળે ફાંફાં મારે છે.

સત્ય જ્ઞાન એ પ્રભુ ભક્તિનો ઉદ્દેશ છે, અને આ જ્ઞાન સ્વસ્વરુપ–આત્માનાં નિરુપણ વિના પ્રાપ્ત થાય એમ નથી. પ્રભુ ભક્તિનો આનંદ એ અંતિમ્ સાધ્ય છે; અને તે આનંદ સ્વ-સ્વરૂપને જાણ્યા વિના મળી શકે એમ નથી.

ભાઇઓ ! જરા વિચાર તો કરો કે, તમે કોણ છો ? કોઈ પણ પ્રકારની અધમ દશામાં આવી જવાનું કારણ ત્હમારાં સત્ય સ્વરુપનું અજ્ઞાન છે. આત્માના ઉંડાણમાં ઉતરી જરા શોધો કે ત્હમારૂં સત્ય સ્વરુપ શું છે ? જ્યાં સુધી આ જીવનનો હેતુ જાણવામાં આવશે નહિં ત્યાં સુધી ત્હમારૂં જીવન દ્રારિદ્ર અને દુઃખી ર્‌હેશે. મનુષ્યો દુઃખી થાય છે એ શાથી ? પોતાનું સત્ય સ્વરુપ ન જાણવાથી !

પૂર્વે એક ધનાઢ્ય વેપારી હતો. તેના બાપદાદાઓ પણ

ઘણાજ પૈસાદાર હતા, એટલે 'પૂત્રોને ભવિષ્યમાં દ્રારિદ્રતાનું દુઃખ ન પડે' તે ધ્યાનમાં લઇ એક મ્હોટો ચરૂ, પૈસાથી ભરપુર ઘરના મધ્ય ભાગમાં દાટયો. પિતાનો કાળ અકસ્માત્ થવાથી પૂત્રને આ હકીકત જણાવવી તે ભૂલી ગયો. બાપના પૈસા હતા તે થોડો વખત ચાલ્યા પણ દૈવયોગે તે પૂત્ર દ્રારિદ્ર દશામાં આવી ગયો. આથી તે ઘણોજ દુઃખી થવા લાગ્યો અને જેમ તેમ જીવન ગાળવા લાગ્યો. એવામાં તેના બાપના કોઇક મિત્રને આ બાબતની ખબર પડી. તેણે વિચાર્યું કે:-"આ માણસનો બાપ બહુજ અક્કલવાળો હતો, અને પોતાની સારી સ્થિતિમાં પૂત્રને માટે કશું ન મુકી જાય એ બનવા યોગ્ય નથી. નક્કી એના ઘરમાં કોઇ પણ જગ્યાએ રૂપીઆ હશે." આમ વીચારી તે પેલા દારિદ્ર શેઠની પાસે આવ્યો અને તેની આવી સ્થિતિ જોઈ ઘણોજ દુઃખી થયો. આથી તેણે કહ્યું:-"શેઠ તમારા ઘરમાં અઢળક પૈસા છે છતાં તમે કેમ દુઃખી થાઓ છો?" શેઠને તો તેનું આ કહેવું 'પોતાની કંગાલ સ્થિતિ ઉપર કરેલું ઉપહાસ્ય લાગ્યું.' તેણે કહ્યું:-"ભલા! જો હું પૈસાદાર હોઉં તો આમ દુઃખી થાઉં ખરો કે?" પેલા મિત્રે તેને પોતાના ઘરમાં સર્વ જગ્યા ખોદી જોવા માટે કહ્યું. મજુરો બોલાવી ખોદવામાં આવ્યું તો ઘરના મધ્ય ભાગમાંથી સોનાનો ચરૂ જડયો. શેઠ એ જોઇ ઘણોજ રાજી થયો. તેનો આનંદ વર્ણવી શકાય એમ નથી.

સત્ય શોધકો! જરા જ્ઞાનના સાધનથી ત્હમારા હૃદયનાં ઉંડાણમાં તે સત્ય જ્યોતિને શોધો કે જેની સત્તાથી આ સર્વ જગત્ ચાલી રહ્યું છે.

**भीषास्माद्वातः पवते । भीषोदेति सूर्यः ।**
**भीषास्मादाग्निश्चेन्द्रश्च । मृत्युर्धावतिपञ्चम इति ॥**

**तैत्तरीय उपनिषद्.**

ભાવાર્થઃ—એના ભયથીજ વાયુ વાય છે; સૂર્ય ઉદય પામે છે; અગ્નિ, ઈન્દ્ર અને પાંચમો અગ્નિ એ સર્વ એનાજ ભયથી ધાવન કરે છે.

આ સર્વનો ચાલક અને મૂળ—આત્મા ત્હમારા પોતાનામાં છે.* માત્ર તેને તમે જાણતા નથી એટલુંજ અજ્ઞાન! સોનાનો ચરૂ ત્હમારા ઘરમાં છે પણ "તે ક્યાં છે ? અને હશે કે નહિ ?" એ બાબતની તમોને શંકા થયા કરે છે. તમે પણ શેઠની માફકજ જવાબ આપો છો કેઃ—"જો મ્હારામાં સર્વનો નિયામક આત્મા—પ્રભુ હોય તો હું દુઃખી થાઉં ખરો કે !" પણ તમને ખબર નથી કે તમારા ઘરમાં સોનું ભર્યું છે. એતો કોઈ બ્રહ્મજ્ઞાની સદ્ગુરુ પેલા મિત્રની માફક આવી જ્ઞાન સાધનથી આત્મક્ષેત્ર ખોદવાનું કહેશે ત્યારે તમને ત્હમારૂં ધન પ્રાપ્ત થશે. ત્યાં સૂધી તમે ત્હમારૂં ધન જાણી શકો એમ નથી.

વ્હાલાંઓ ! તમે નકામા દુઃખી થાઓ છો. તમે સર્વ સ્વરુપ અનંત બ્રહ્માંડના માલીક છો આની પ્રતીતિ અનુભવથી કરી જૂઓ. દુઃખો એની મેળેજ નાસી જશે. તમે દારિદ્ર નથી; દુઃખી શા માટે થાઓ છો ? આત્મજ્ઞાન પ્રાપ્ત કરો, હૃદય ભંડાર ખોલો, પછી જૂઓ કે તમે કેટલા પૈસાદાર છો ! મિથ્યા

---

* The soul circumscribes all things. '*The over-soul.*' Emerson.

ક્લેશ શામાટે વેઠો છો ? દૂનીઆ બધી ત્હમારી આજ્ઞા પ્રમાણે ચાલે છે.' સૂર્ય, ચંદ્ર અને તારાઓ ત્હમારા પ્રકાશથી પ્રકાશે છે; નદિઓ અંને ઝરણો ત્હમારી ઇચ્છાથી વહે છે. આનું તમને ભાન નથી તેથી તમે દુઃખી થાઓ છો. એ જ્ઞાન જ્યારે થશે ત્યારે જ તમને ત્હમારી શક્તિ માલમ પડશે. તમે પોતે અઢળક ધનના માલીક છો એમ જ્યારે જાણુશો ત્યારે તમારા આનંદનો અવધિ રહેશે નહિ.

જરા વીચાર કરી જૂઓ કે, તમે કોણુ છો ? તમે દુઃખી અગર દ્રારિદ્ર શેઠ નથી પણુ સઘળા પૈસાના માલીક છો ત્હમારો બાપ બહુ અક્કલવાળો છે. તે સર્વ સમર્થ છે. તેણે ત્હમારે માટે બધું સંઘરી રાખ્યું છે, તે જાણવું એટલુંજ માત્ર ત્હમારે બાકી છે. **મણિ** પૂછે છે કેઃ—

Who are men ? Men are but the manifestations of their ownselves.

" મનુષ્યો કોણુ છે ? મનુષ્યો પોતાના સત્યાત્માના દૃશ્ય સ્વરુપો છે. "

**આપણે પોતાને સ્થૂલ દેહ માની લઇએ છીએ એથીજ આ સર્વ દુઃખ જણાય છે. "હું આત્મા છું" એમ દૃઢ ભાવના રાખો એટલે પાપો અને દુઃખો પોતાની મેળેજ નાસીજશે.**

મહાત્મા **એમરસન** લખે છે કેઃ—

What we commonly call man, the eating, drinking, planting, counting man, does not as we know him, represent himself, but misrepresents himself. Him we do not respect but the soul whose organ he is.

"જેને આપણે સામાન્ય રીતે ખાતો, પીતો, હરતો-ફરતો માણસ કહીએ છીએ તે, આપણે જાણીએ તે પ્રમાણે, પોતાના સત્ય સ્વરુપમાં નથી, તે મિથ્યા રુપમાં છે. આપણે તેને માન આપતા નથી; પણ તેના આત્માને આપીએ છીએ કે જેનો તે એક અંશ કિંવા અવયવ છે."

સૃષ્ટિની ઉત્પત્તિનું મૂળ આ આત્મામાંજ છે. તે સર્વત્ર હોવા છતાં સર્વથી નિર્લેપ છે. તે દૃષ્ટા છે, તે સાક્ષી છે." આ દેહમાં રહેલો અને દેહથી પર એવો એ પુરુષ–સર્વનો દૃષ્ટા (સાક્ષીરુપે જોનારો), અનુમોદન આપનારો, પોષણ કરનારો, ભોગવનારો, મહેશ્વર કિંવા પરમાત્માએ નામથી કહેલો છે."* આજ તે સર્વ રુપોમાં વ્યાપી રહેલો આત્મા, અને આજ ત્હમારૂં સત્ય સ્વરુપ! 'सर्वं खल्विदं ब्रह्म।' આખું જગત બ્રહ્મરુપ છે." આ ત્હમારો આત્મા પણ સચરાચર બ્રહ્મ છે. 'जीवो ब्रह्मैः केवलम्।' તું પણ બ્રહ્મરુપ છે. "તું તે છે." तत्वमसि।

"હું બ્રહ્મ છું." એવી ભાવના રાખો. 'अहम् ब्रह्मास्मि।' એટલે જગત્ તમને એક રમત થઇ જશે. આ અટપટી દેખાતી ચીજો માત્ર અજ્ઞાનનું પરિણામ છે. "હું ક્ષુદ્ર છું, હું તો અલ્પ છું, હું પાપી છું:-

पापोहं पापकर्माहं, पापात्मा पाप संभवः।"

એવી ભાવના રાખી જે પ્રતિદિન તેમજ બોલ્યા કરે છે તે હાથે કરીને પોતે પાપી બને છે. પ્રભુએ તમને પાપી બ-

---

* उपद्रष्टानुमंता च भर्ता भोक्ता महेश्वरः।
परमात्मेति चाप्युक्तो देहेऽस्मिन्पुरुषः परः॥ भ. गी.

નાખ્યા નથી. પ્રભુ પાપને તો કદી જાણતાજ નથી. તે પોતે પાપી નથી.' તો તેની ઉત્પત્તિ પાપી કયાંથી હોય? તમે પોતે 'પાપી' કહી પાપી બનો છો; તમને "પાપી' કહેવા અગર બનાવવા કોઇ આવ્યું નથી. તમારી ખુશીથી તમે પાપી થયા છો.

મનશક્તિ શાસ્ત્રના નિયમ પ્રમાણે:–Assertions repeatedly made come after a while to be believed.

"વારંવાર ઉચ્ચારેલી પ્રતિજ્ઞાઓ વખત જતાં સત્ય ઠરે છે."

એકને એક ભાવના ઘણા સમય સૂધી ચાલુ રાખવાથી તે ભાવના અન્તે સત્ય તરીકે પોતાનું રુપ પ્રગટ કરે છે.

" હું પાપી છું " આવી ભાવનાઓજં તમને નિર્માલ્ય બનાવે છે. 'પાપ'ના અને 'દુઃખ'ના વિચારોજ તમને દુઃખી કરે છે. આ ભાવનાઓની અસર ત્હમારા મગજ ઉપર થાય છે અને પરિણામે તે ભાવનાનું ફળ તમને મળે છે. દૂનિયાં દુઃખી છે તે ઘણે ભાગે પોતાની દૂઃખમય ભાવનાઓના પરિણામેજ! **મનુષ્ય પોતાની ઇચ્છાથી દુઃખ ખમે છે.** ( The man suffers of his own will. ) જ્યારે ભાવનાઓથી પરિણામ ત્હમારા હાથમાં છે ત્યારે ઉચ્ચ ભાવનાઓ કેમ ન રાખો કે જેથી ઉચ્ચ બનાય? ભાવનામાં દ્દઢ શ્રદ્ધા રાખો; નહિતો ત્હમારી ભાવના ફલનાર નથી. દરેક ભાવનામાં આત્મશ્રદ્ધાની સહાય જોઇએ છે. શ્રદ્ધાથી વિમૂખ થયા કે ત્હમારી ભાવનાનો તત્ક્ષણે નાશ!

એક સુથારનો છોકરો કોઈ એક સિંહાસનને રંદો મારતો હતો, એવામાં સિંહાસનની સુંદરતા જોઇ તેને મન થયું કેઃ— "આવા આસન ઉપર જો એક વખત હું બેસું તો કેવું

સારૂં ? ” આ ઇચ્છા તેની દિવસે દિવસે પ્રબળ થવા માંડી, અને કોઈ પણ ઉપાયે સિંહાસન પર બેસવું એવી તેને સબળ ભાવના થઇ. તેણે પોતાની આ ઇચ્છા પોતાના બાપને કહી પણ બાપ અજ્ઞાન તેથી કહ્યું:–“ આ સિંહાસન ઉપર આપણાથી તે બેસાય ? એતો ન્યાયાધીશનું સિંહાસન છે. એવો દિવસ ક્યાંથી કે તું ન્યાયાધિશ થાય અને સિંહાસન ઉપર બેસે ? ! ” છોકરે હઠ લીધી પણ બાપે તેને મૂર્ખ ગણી હશી કહાડયો. ( ભાવનાના પ્રાબલ્યની તે બિચારાને શું ખબર ? ) વખત જતાં એવું બન્યું કે તે છોકરો પુરુષાર્થથી આગળ વધતાં વધતાં ન્યાયાધિશની પદવીએ પહોંચ્યો; અને તેજ સિંહાસન કે જેને એક વખત પોતે રંદો માર્યો હતો તે ઉપર બેઠો. તેની ઇચ્છા પૂર્ણ થઇ ! તેને પોતાના આત્મબળમાં દૃઢ શ્રદ્ધા હતી. પુરુષાર્થથી તે ભાવના સફલ થઈ.

સ્કોટલૅંડનો ન્હાનો બાળક–વોટિંગટન્ ભાવનાના બળથી ઘંટના નાદના “ ટિન્ ! ટિન્ ! ટિન્ ! ટિન્ વોટિંગટન્ ! લૉર્ડ મેયર ઑફ લંડન્ ! ” શબ્દોના ભાવસૂચક કાલ્પનિક શબ્દોથી આત્મશ્રદ્ધા અને પુરુષાર્થના બળે પોતાની ઇચ્છા પ્રમાણે આખરે લંડનનો લૉર્ડ મેયર બન્યો.

એક ખારવાની સામાન્ય જાતિમાંથી આખા યુરોપને એક વખત ધ્રૂજાવનાર માણસ પણ ત્હમારા જેવોજ હતો. તેનામાં બીજી વિશેષતા હતી નહિ. તેજ તે નેપોલીઅન છે કે જેણે જગતને બતાવ્યું હતું કેઃ–“ **મનુષ્ય સર્વ શકિતમાન છે. અશકય એવું તેને કંઇજ નથી, પોતાની ઇચ્છાથી ગમે તે**

**ધારણા પાર પાડી શકાય છે. પ્રારબ્ધ પુરુષાર્થને આધીન છે. પોતાના પ્રારબ્ધનો કર્તા મનુષ્ય પોતે છે.*"**

**अथ खलु क्रतुमयः पुरुषः।**

छान्दोग्योपानषद्.

અર્થઃ—મનુષ્ય પોતાની ઈચ્છાનો બનેલો છે.

અર્થાત્ મનુષ્ય જે પ્રકારના વિચાર અગર ચિન્તવન કરે છે તેવો તે અવશ્યમેવ બને છે.

જ્યારે આ પ્રમાણે સર્વ માર્ગ તમારે માટે ખુલ્લા છે ત્યારે 'પાપી' અને 'પાપ'ની ઈચ્છા કરી, જાતે પાપી શા માટે બનવું? એમ કેમ ન ઈચ્છા કરવી કે;—"હું બ્રહ્મ છું." '**अहम् ब्रह्मास्मि**'।

શ્રુતિ કહે છે કે;—

**ब्रह्मविद् ब्रह्मैव भवति।**

"બ્રહ્મને જાણનાર મનુષ્ય બ્રહ્મરુપ બને છે."

જગતને પોકારીને કહો કે;—

**अनन्तं विभुं सर्वयोनिं निरीहं,**
**शिवं संगहीनं यदोंकारगम्यम्।**
**निराकारमत्युज्वलं मृत्युहीनं,**
**परं ब्रह्म नित्यं तदेवाहमास्मि॥+**

---

* Man is the man and master of his own fate.

—*Proverb.*

+ શ્રી વિજ્ઞાનનૌકા.

ભાવાર્થઃ—" જે અનંત, વ્યાપક, સર્વની ઉત્પત્તિના હેતુ-રુપ, ઇચ્છારહિત, કલ્યાણ સ્વરુપ, સંગરહિત, કળાંવડે, જાણવા યોગ્ય, નિરાકાર, અતિ ઉજ્જવલને વિનાસંરહિત નિત્ય પરબ્રહ્મ છે તે હુંજ છું. "

" હું બ્રહ્મ છું, હું સર્વ છું " એવી પ્રબળ ભાવના કરો. સર્વ પ્રકારના અજ્ઞાનને સત્યજ્ઞાનથી દૂર કરો; અને પછી તપાસો કે તમે કોણ છો ? અનુભવ વગર ત્હમારા સત્યસ્વરુપનું જ્ઞાન થાય એમ નથી. આને માટે કોઇ પણ પ્રકારના પુરાવાઓ અપાય એમ નથી. પૂરાવાઓ અને દૃષ્ટાંતોથી સત્ય પુરવાર થતું નથી. **સત્ય પોતાનો મેળેજ પ્રકાશે છે.** આંતરિક અતિ પ્રબળ ભાવનાઓને અન્તે તમને આત્મશ્રદ્ધા થશે અને તે વખતે તમે આત્માનું સ્વરુપ જોઇ શકશો. **જ્યાં સૂધી તમને પોતાને ત્હમારા ઉપર શ્રદ્ધા નથી ત્યાં સૂધી કોઈ પણ શાસ્ત્ર અગર માણસ તમને સત્ય જ્ઞાન આપી શકે એમ નથી.** સત્યજ્ઞાન તમારે જાતેજ મેળવવાનું છે. આત્મામાં જ્ઞાનનો ભંડાર ભર્યો છે. તેને ઉઘાડવાની કુંચી મળી કે તે સાથેજ તમે અગાધ સમૃદ્ધિવાન્ થયા જાણજો. જ્ઞાનચક્ષુથી અજ્ઞાન આવરણ દૂર થયું એટલે સત્યનો પ્રકાશ ઝટ અંદર આવશે. સત્યજ્ઞાનની સાથે તમોને ભાન થશે કેઃ-તમે આ અખિલ બ્રહ્માંડને નિયમમાં રાખનાર કોઈક સમર્થ શક્તિ—બ્રહ્મ છો.

એક રાજપુત્ર મૃગયા રમવાને એક વખતે જંગલમાં ગયો. ત્યાં પોતાના જોડીદારોથી છૂટો પડી તે ઘણે દૂર અરણ્યના ઉંડાણમાં શીકારની પાછળ જઈ ચ્હડયો. આજુબાજુ સર્વ જ-ગ્યાએ જોયું પણ પોતાની સાથે આવેલાં માણસોમાંના કોઈ પણ

ત્યાં જણાયા નહિ. આખરે જ્યાંથી આવ્યો હતો તે સત્ય માર્ગ પાછો ન જડતાં તે ત્યાં રહ્યો. થોડા વખત પછી ત્યાં રહેનારા ભીલ, કોળી ઇત્યાદિ જાતિના મનુષ્યો તે બેઠો હતો તે જગ્યાએ આવ્યા; અને તેને પોતાની સાથે પોતાને ઘેરે લઇ ગયા. તેની સાથે આવેલા માણસો રાજપુત્રનો પત્તો ન લાગતાં સઘળી જગ્યાએ તપાસ કરી આખરે નિરાશ થઈ ચાલતા થયાં. આમ ઘણાક વર્ષો વીત્યાં; અને સર્વ આ વાત ભૂલી ગયા. રાજપુત્ર ન્હાનો હતો એટલે તેને પણ આ વાતની સ્મૃતિ રહી નહિ. કોળી અને ભીલના છોકરાઓની સાથે તે ત્યાંજ ઉછરી મ્હોટો થયો.

હવે એક દિવસ એવો બનાવ બન્યો કે તે રાજપુત્ર પોતાના કેટલાક ભીલ મિત્રોને સાથે લઈ અરણ્યમાં નિકળી પડયો. તેજ દિવસે તે રાજ્યનો પ્રધાન પણ કંઈક કારણ નિમિત્તે તે જંગલમાં આવી ચ્હડયો. દૂરથી તેણે રાજપુત્રને ઓળખ્યો; અને "એ અહિં ક્યાંથી ?" એવી તેને શંકા થઈ; એટલે સહજ પાસે જઇ બરોબર તપાસ કરવાનો તેણે વિચાર કર્યો. નજદિક આવતાં આ તેનો સંશય સત્ય નિવડયો. પ્રધાને રાજપુત્રને ઉદ્દેશી કહ્યું:—"ભાઇ ! તું અહિં ક્યાંથી ?" રાજપુત્ર આ પ્રશ્ન સાંભળી ચમકયો. તેણે વિચાર્યું કે:—"આ કોઈક મને પકડવાને માટે આવ્યું છે." આથી તેણે ન્હાસવાનો પ્રયત્ન કર્યો; પણ પ્રધાને તેને પકડયો એટલે તેની સાથેના બીજા ભીલ, કોળીના પુત્રો ન્હાસી ગયા રાજપુત્ર ગભરાયો. પ્રધાને તેને કહ્યું:—"ભાઇ ! તું તો રાજપુત્ર છે. તારે માટે રાજ્ય સિંહાસન ખાલી પડયું છે, અને તું અહિં આવી સ્થિતિમાં દુઃખ ભોગવે છે ? ત્હારી શું સ્થિતિ છે તેની તને ખબર

છે. ? તું તો રાજાધિરાજ છે. ચાલ, મ્હારી સાથે." રાજપુત્રને આ હકીકત કંઈ સત્ય લાગી નહિ. તેણે ધાર્યું:–" હું રાજા ક્યાંથી ? હું તો અહિં ભીલકોળીમાં જન્મ્યો છું; અને આ તો કહે છે કે "તું રાજા છે. આ વાત મનાય કેમ ?" એટલામાં વળી તેને સંદેહ પડયો;–" કદાચ શું એ કહે છે તેમ પણ ન હોય ? ત્યારે શું હું રાજા હોઇશ ?" થોડો વખત વિચારમાં પડી તેણે પ્રધાનને કહ્યું;–" પણ હું રાજા છું તેની ખાત્રી શું ?" પ્રધાને કહ્યું;–" આવો સંશય કરવાનું કશું કારણ નથી જો તેની ખાત્રી કરવી હોય તો જો કે તું ભીલ અને કોળીઓના છોકરાઓ કરતાં રંગે રુપે અને સર્વ બાબતે કેટલો ભિન્ન છે." રાજપુત્રે પાસેની નદિમા જઈ પોતાનું સ્વરુપ જોયું અને તેમાં તે મોહ પામ્યો. હવે તેની ખાત્રી થઇ કે;–' પોતે દેખાય છે તેવું તેનું સત્ય સ્વરુપ નથી પણ તેથી કંઈક બીજું છે.'

ભાઇઓ ! તમે પણ આ રાજપુત્રની માફક સંસાર અરણ્યમાં ભૂલા પડચા છો. જ્યાંથી ત્હમારી ઉત્પત્તિ છે તેનું તમને ભાન નથી એટલે જવાનો માર્ગ તમને સુઝતો નથી. પરિણામ એ આવ્યું કે:–**સત્ય માર્ગના અજ્ઞાનને લીધે તમે અધમ દશામાં આવ્યા છો; અને અન્તે તેજ સ્થિતિમાં ઘણો વખત રહેતાં ત્હમારૂં સત્ય સ્વરુપ તમે ભૂલી ગયા છો. આથી તમે પોતાને અધમ અને નીચ કિંવા પતિત અને પાપી ધારો છો. વાસ્તવમાં આ જણાય છે. એ ત્હમારૂં સત્ય સ્વરુપ નથી. તમે તેનાથી કોઇક જૂદાજ છો.** જ્ઞાન–ગંગામાં ઉંડા ઉતરી ત્હમારૂં સત્ય સ્વરુપ તપાસો એટલે તમને સહજ માલમ પડશે કે:–" તમે ત્હમારાં સ્થૂલ શરીરથી ભિન્ન હોઈ કોઇક ઉચ્ચ કો-

ટીના આત્મા છો. આ શરીર એ કંઇ ત્હમારૂં સત્ય સ્વરુપ નથી.* **તમે અનંત બ્રહ્માંડના અધિરાજ છો. ચરાચર વિશ્વ ત્હમારી આજ્ઞા પ્રમાણેજ ચાલે છે.”** આમાં શંકા કરવાનું કશું પ્રયોજન નથી. આની પ્રતીતિ તમને આત્મસાક્ષાત્કાર વખતે થશે. સંપૂર્ણ જ્ઞાન વગર આ કથન સત્ય લાગે એમ નથી.

કદાચ તમને શંકા થશે કે, જ્યારે આ અખિલ વિશ્વ મ્હારી આજ્ઞા અને ઈચ્છા પ્રમાણે ચાલે છે, ત્યારે તેની મને ખબર કયેમ નથી ? પણ જરા જુઓ કે, આ ત્હમારૂં શરીર ત્હમારી ઇચ્છા પ્રમાણે વર્તે છે? તે ત્હમારી આજ્ઞામાં છે? હા ! ત્હમારી આજ્ઞામાં છે. ત્હમારી મરજી પડે ત્યારે તમે દોડી શકો છો, બેસી શકો છો, ઉભા થાઓ છો. શરીર ત્હમારૂં છે. તે સાથે માથું પણ ત્હમારુંજ છે; છતાં તમારા માથાના વાળ કેટલા છે એ તમે જાણી શકતા નથી. ત્હમારા શરીરમાં શું શું પ્રક્રિયાઓ થાય છે તેનું તમને ભાન નથી. લોહી કેમ ફરે છે, અને શ્વાચ્છોશ્વાસ કેમ ચાલે છે એની તમને ખબર નથી માટે શું શરીર એ ત્હમારૂં નથી ? ‘ડાકટરો’ તે જાણે છે. તમે તે જાણતા નથી. તમે જ્યારે

---

* સરખાવોઃ—

We are often made to feel that there is another youth and age than that which is measured from the year of our natural birth. ‘*The over-soul.*’
Emerson.

“ આપણને ઘણી વખત એવી પ્રેરણા થાય છે કે, જન્મ કાલથી ગણાતાં વર્ષો અને વયના કરતાં કોઇક અન્ય ઉત્તમ જીવન અસ્તિત્વમાં છે.” **એમરસન.**

'ડાકટર' થશો ત્યારે તમને ત્હમારા શરીરની સમજણ પડશે. વેદાન્ત કહે છે;—**જ્યારે તમને સત્યનું જ્ઞાન થશે; અને જ્યારે તમે બ્રહ્માકારમાં લીન થશો ત્યારે તમને આ અખિલ બ્રહ્માંડ માત્ર એક રમકડું થઈ જશે.** ત્યારે તમે જાણશો કે એ વિશ્વ કેમ ચાલે છે. આત્મસાક્ષાત્કાર કરો; અને સત્યને અનુભવ સિદ્ધ કરી બતાવો. પ્રભુભક્તિનો આ પણ અર્થ થાય છે. ત્હમારો આત્મા, ત્હમારૂં સત્ય સ્વરૂપ એ પ્રભુ છે. એનું સંશોધન અને સાક્ષાત્કાર થયા પછી તેના પ્રતિનો પ્રેમ એ ભક્તિ છે. પ્રભુભક્તિ સત્યનો સાક્ષાત્કાર કરવાનું કહે છે; અને પોતે સાધ્ય વસ્તુના સાધન તરિકે મદદ કરે છે. પ્રભુભક્તિ કંઈ એક પ્રકારની નથી. આત્મજ્ઞાન અને આનંદ પ્રાપ્તિ એ પ્રભુભક્તિના અંતરગત્ ઉદ્દેશો છો. ભક્તિ કરતાં પરિપક્વ અવસ્થાએ સર્વનું ભાન થાય છે.

મોહથી અજ્ઞાનમાં રહેલા આત્માઓ ! તમને ખબર નથી કે તમે કોણ છો? તમારી અંદર સર્વ વસ્તુઓનું મૂળ છે;* સર્વ જીવાત્માઓનું પોષણ છે; અને સાધ્ય વસ્તુ છે, આનંદ એ ત્હમારા પોતાનોજ ગુણ છે. લાંબા વખતને લીધે તમે તે ભૂલી ગયા છો. સ્મૃતિ જાગ્રત કરો એટલે એ સર્વ સ્પષ્ટ થશે. સર્વ ભૂત માત્રોનાં અસ્તિત્વનું કારણ તમે છો;× આની પ્રતીતિ યોગ્ય સમયે તમને થશે. **તમે દારિદ્ર અને દુઃખી ન બનો. દુઃખો તમારે માટે નથી.** આત્મા દુઃખથી લેપાતો નથી. તે દુઃખને જાણતો નથી. દુઃખો માત્ર અધ્યાસ છે.

---

* Within man is the soul of the whole.

× All spiritual being is in man.

પ્રભુભક્તિમાં દુ:ખ સંભવતું નથી. પ્રભુ સચ્ચિદાનન્દ સ્વરુપ છે. ત્યાં આનંદ વગર અન્ય શું હોય? દુ:ખ તમે પોતે કલ્પી લીધું છે એ માત્ર ત્હમારૂં અજ્ઞાન !

તમને ત્હમારા સત્યસ્વરુપનું કિંવા આત્મતત્વનું–ત્હમારા ઈશ્વિરત્વનું વિસ્મરણ થયું છે; અને તે વાત જ્ઞાનના પ્રકાશ વિના ત્હમારા ધ્યાનમાં આવે તેમ નથી. ત્હમારૂં અજ્ઞાન એ એક વિચિત્ર અજ્ઞાન છે. પરંપરાના ખાલી અધ્યાસથી તે ત્હમારા હૃદયમાં દૃઢ થઇ ગયું છે. એને દૂર કરવું એ મહા કઠિન છે. એ કામ તમારા પોતાના સિવાય બીજાથી બને તેમ નથી. ત્હમારી ખોવાયેલી વસ્તુનું પુનઃ સ્મરણ તમનેજ થઈ શકે. તે ઉપર વિચાર કરો. ત્હમારા આત્મામાં તે બાબતની ખોજ કરો. ત્હમારા આત્માને વિવેક બુદ્ધિથી તપાસી જૂઓ એટલે ખોવાયેલી વસ્તુ તમને પુનઃ પ્રાપ્ત થશે. ત્હમારૂં ઇશ્વરત્વ તમે ગુમાવ્યું છે તે તમે પાછું મેળવો. આ કામ તમારા પોતાના હાથમાં છે.

જગતમાં દાસબુદ્ધિને લીધે તમે દુઃખી થાઓ છો. તમે રાજા છો એ ભૂલી જઈ એક કેદીની માફક આજુબાજુ ભયથી જૂઓ છો પણ એ સર્વ ત્હમારૂં છે એનું તમને ભાન નથી. તમે દાસત્વ જાતે કબૂલ કર્યું છે. ત્હમારૂં સ્વામિત્વ ત્હમારે હાથે તમે ખોયું છે. તે પુનઃ મેળવો એટલે તમે રાજાના પણ રાજા છો.

ત્હમારા આત્માના પ્રકાશથી સ્વસ્વરુપને જાણો પછી તમે કેટલી ભૂલમાં પડયા છો તે તપાસી જુઓ. તમને ત્હમારી પોતાની મર્ખાઈ ઉપર હસવું આવ્યા વગર રહેશે નહિં. એક

રાજા પોતે કેદી ધારી જેટલો દુઃખી થાય છે તેટલાજ તમે પોતે અધમ છો એમ માની દુઃખી થાઓ છો. ઘરમાં ધન હોવા છતાં દારિદ્ર રહેવું એતો મૂર્ખાઇની હદ કહેવાય. હાથમાં દીવો હોવા છતાં અંધારામાં ભટકયા કરવું એ કેટલું હાસ્ય-પાત્ર ! તમારી પણ આજ સ્થિતિ છે. આત્મારુપી ધન તમારી પાસે છે છતાં તમે "હું દારિદ્ર છું" એમ માની લઇ દુઃખી થાઓ છો; તમે સંસારાધંકારમાં ગોથાં ખાઓ છો એ કેટલું આશ્ચર્યજનક !

તમને કશું પણ બંધન કરી શકે એમ નથી. વિષયોથી તમે પર (Above) છો. દુઃખોથી તમો દૂર છો; પાપોથી તમે અલિપ્ત છો. તમે તો શુદ્ધ સ્વરુપ આત્મા છો. આ સત્યની તમે એક વખત ખાત્રી કરો પછી મારે કશું કહેવાનું રહેશે નહિં.

તમે જન્મ મરણ પોતાને માનો છો, અને મરણના ભયથી દુઃખ પામો છો પણ ત્હમારો "આત્મા કોઈ દિવસ જન્મતો નથી, તેમ કોઈ દિવસ મરણ પણ પામતો નથી. તે તો જન્મ અને મરણના વિકાર રહિત છે."

**न जायते म्रियते वा कदाचि-**
**न्नायं भूत्वा भविता वा न भूयः ॥**

ગીતા.

ષડ વિકારોથી તે પર છે. તેનું સત્ય સ્વરુપ શુદ્ધ છે. તેજ ત્હમારૂં વાસ્તવ રુપ ! એ રુપના નિરિક્ષણમાં જ્યારે તમે લીન થઈ જશો ત્યારે સર્વ પ્રકારની ઉપાધિઓ એની મેળેજ આપો-આપ દૂર થશે. "હું **અધમ છું; મલિન છું; દુષ્ટ છું."** આદિ **કોઇ પણ ભાવના** કદિ **પણ મનમાં લાવશો નહિ.** ત્હમારા શુદ્ધ

સ્વરુપ–આત્મામાં વિકાર નથી. **आत्मनो विक्रिया नास्ति।** તો તમે વિકારવાળા અધમ, પાપી કયાંથી બન્યા ? **હવે પછી કદિ પણ એવો ઉચ્ચાર કરશો નહિં કે:—" હું અધમ છું, પાપી છું, અજ્ઞાન છું. "** યાદ રાખો ! કે આમ કહેવું એ પાપ કિંવા અજ્ઞાનનું પરિણામ છે કેમકે સત્ય સ્વરુપમાં તમે શુદ્ધ છો. તો ભૂલે ચૂકે પણ " હું દુષ્ટ છું " એમ કહ્યું તો તે એક પ્રકારનો આત્મ દ્રોહ થયો. એનો અર્થ એવો થાય છે કે,–એ વાકયનો બોલનાર પોતે પોતાનું સત્ય સ્વરુપ જાણતો નથી. આ કેટલી નવાઇ ! તમને કોઈ કદાચ પૂછે કે;—"તમે કોણ છો ?" અને જ્યારે આનો જવાબ તમારાથી ન અપાયો ત્યારે તમારી શી કિંમત ? આ કેટલી મૂર્ખાઇ !

" હું પોતે મૂાતમંત ચચ્ચિદાનંદ સ્વરુપ છું. હું સર્વ પ્રકાશ–ઓજસ છું " એવી ભાવનાઓ ચાલુ રાખો અને '**सोहम्**' નો ઉચ્ચાર સતત કર્યે જાઓ. ત્હમારી ભાવનાઓને પ્રતિપળે વિશેષ દૃઢ કરતા જાઓ એટલે તમને કશું પણ બાધ કરી શકે એમ નથી. ॐ ! ॐ ! !

કદાચિત કોઇ તમને પૂછે કે, તમે કોણ છો ? તો તેને સત્વર જવાબ આપજો કે;—

**नाहं मनुष्यो न च देवयक्षो**
**न ब्राह्मण क्षत्रिय वैश्य शूद्रा।**
**न ब्रह्मचारी न गृही वनस्थो**
**भिक्षुर्नचाहं निजबोधरुप ॥**

हस्तमालक स्तोत्र.

ભાવાર્થ;—

માનુષ હું ના નહિ દેવ યક્ષ,
  ન બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર;
ન બ્રહ્મચારી નહિ હું ગૃહસ્થ,
  ગ્રહ્યા નથી મેં હજી વાનપ્રસ્થ
સન્યાસીના હું હજીએ કહાવું,
  એ નિજ-બોધ-રૂપ એક હું છું.



# ૬–ભક્તિના ભિન્ન ભિન્ન પ્રકારો.

**आकाशात् पतितं तोयं यथा गच्छंति सागरम् ।**
**सर्व देवे नमस्कारं केशवं प्रति गच्छति ॥**
**श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पाद सेवनम् ।**
**अर्चनं वन्दनं दास्यं सख्यमात्मा निवेदनम् ॥ ६ ॥**

"જેમ જુદી જુદી નદિઓ જુદાં જુદાં સ્થાનોમાંથી નીકળી જુદે જુદે માર્ગે વહી છેવટે સાગરને મળે છે તેવીજ રીતે બધા ધર્મો–સંપ્રદાયો જુદા જુદા લક્ષ્ય બિંદુઓમાંથી ઉદ્‌ભવ પામી છેવટે હે, પ્રભુ! તનેજ મળે છે."

"પ્રભુના ગુણોનું શ્રવણ, કીર્તન, અને ત્હેના પ્રવિત્ર નામનું સ્મરણ, તથા તેઓના ચર્ણાવિંદનું પ્રક્ષાલન તથા અર્ચન અને વંદન, તથા આત્મ નિવેદન અને દાસ્યભાવ એ પ્રભુ સેવાના મુખ્ય માર્ગો છે." ૬

પ્રભુભક્તિ તણા ઉચ્ચ માર્ગ વિષે
અનેકાનેક રમ્ય પ્રકાર દીસે.
'બહુ માર્ગ થયે ભુલ થાય ઘણી'
સમજી ગ્રહવો એક પંથ સહી.

અતિ ઉત્તમ એક પ્રકાર લઇ,
—પરમાર્થ વિના કંઇ અન્ય નહિ—
જન સેવક સર્વ સદાય બનો;
એજ માર્ગ છે ભકિતને મુકિત તણો.

ભક્તિનો વિશ્વમાં કંઈ એકજ પ્રકાર નથી, એટલે તેને સંકુચિત બનાવી—પરિમિત કરી તે વિષયે કંઇ પણ આલેખવું અગર તેમ કરી ભકિતને મર્યાદિત કરવા વૃથા યત્ન કરવો એ તો એક પ્રકારની પ્રભુભકિતના ભિન્ન ભિન્ન સ્વરુપોના રહસ્યોનું અજ્ઞાનજ લેખી શકાય. પ્રભુભક્તિના સત્ય રહસ્યને જાણનાર તો સર્વ કાર્યોને ભકિતજ માને છે. " તે આપે છે તે દીક્ષા; તે ખાય છે તે હવિ; તે પીએ છે તે એનું સોમપાન; તેને જે આનંદ આપે છે તે ઉપસદ વિધિ ( એક પ્રકારનો યજ્ઞ ), તે ફરે છે, ઉભો રહે છે તે તેનો પ્રવર્ગ્ય ( સોમ યજ્ઞની એક આરંભ ક્રિયા ), તેનું મુખ તેજ આહુવર્નીય અગ્નિ ( યજ્ઞનો ખાસ એક જાતનો અગ્નિ ); તે જે બોલે છે તે આહુતિ; અને તેનું વિજ્ઞાન ( અનુભવયુક્ત જ્ઞાન ) તેજ હવન.*" શરીર અને વ્યવહારની સર્વ ચેષ્ટાઓ

* यावद्दयते सा दीक्षा यदश्नाति तद्धवि
र्यत्पिबति तदस्य सोमपानं यद्रमते तदुपसदो,
यत्संचरत्युपविशत्युत्तिष्ठते च, प्रवर्ग्यो

એક રીતે ભકિતજ છે. દૂનીઆના સર્વ મનુષ્યો આત્માના-પ્રભુના ભકતો છે; અને તેઓના વર્તનો એક અગર બીજી રીતે ભકિતનોજ માર્ગ સૂચવે છે.

આંગ્લ ભાષામાં લખતાં કોઇ એક વિદ્વાન લેખક પ્રભુભક્તિની અનન્તતા માટે જણાવે છે કે:—

"They asked a great man, how many ways are there to God?' He said, 'There are as many ways as there are atoms in the Universe, but the best and the shortest is Service."

ભાવાર્થ:—તેઓએ કોઈ એક મહાત્માને પ્રશ્ન કર્યો કે, 'ઇષ્ટ પ્રાપ્તિને માટે કેટલા માર્ગ છે?' તેણે પ્રત્યોત્તર આપ્યો કે, 'સૃષ્ટિમાં જેટલા અણુઓ છે તેટલા (ઈષ્ટ પ્રાપ્તિના) માર્ગ છે; પણ સેવા એ સર્વોત્તમ અને ટુંકામાં ટુંકો માર્ગ છે.

"અમુકજ પ્રકારે સત્યભક્તિ થઇ શકે, અને અમુકજ વાસ્તવિક રીતે પ્રભુભક્તિ છે, અગર આજ પ્રભુભક્તિનો સત્ય માર્ગ છે." એમ નિશ્ચયાત્મક રીતે કહી જો કોઇ પણ મનુષ્ય પોતાનો પરિમિત સિદ્ધાંત કબૂલ કરાવી, સ્વધર્મની સ્થાપના કરવા યત્કિંચિત્ યત્ન કરે તો તે સ્હામા મનુષ્યની વિવેક બુદ્ધિ ઉપર ત્રાપ મારી તેને પરતંત્ર કરવાનો એક અનિચ્છિત હુમલો છે. તે બિચારાને હજી ખબર ખબર નથી કે, વિશ્વમાં ભક્તિના કરોડો માર્ગ છે; જેમાંનો એક આપણો પોતાનો હોય ઈતર

---

यन्मुखं तदाहवनीयो या व्याहृतिराहुति
र्यदस्य विज्ञानं तज्जुहोति ॥

સર્વ ધર્મો (જેઓ આપણાથી વિરુદ્ધ દેખાતા હોય તેઓ પણ) આપણા પ્રતિસ્પર્ધીઓના છે.

**સત્યને મર્યાદિત બનાવ્યું ત્યાંથીજ તે ઉપદેશક પોતે અસત્ય છે અગર તો સત્યને તે પોતેજ જાણતો નથી** એમ સ્પષ્ટ થયું. આથી જો કોઈ ભક્તિના ભિન્ન ભિન્ન માર્ગોને પરિમિત બનાવી, 'સત્ય માર્ગ અમુક છે' કહી, વિશાળતાને સંકુચિત કરે તો તે એક પ્રકારની મૂર્ખાઇ કિંવા અજ્ઞાનજ ગણી શકાય. સત્ય તો એકજ છે. **एकं सत्** ।

એક અવિભાજ્ય (Undividable) વસ્તુના વિભાગો કરવા યત્ન કરવો અને પાણીના પ્રવાહને લાકડીથી જૂદો કરવા પ્રયત્ન કરવો નિરર્થક છે તેમ પ્રભુભકિત જેવા એક અવિભક્ત વિશાળ ઉદધિને તેના ભાગો પાડી પરિમિત બનાવવા યત્ન આદરવો એ તેટલુંજ વ્યર્થ છે. સત્ય તો ત્રિકાળમાં હંમેશાં એકજ છે, પણ વિદ્વાનો પોતાની બુદ્ધિચાતુર્યનો ઉપયોગ કરી તેને વિવિધ પ્રકારે વર્ણવે છે.

**एकं सद्विप्रा बहुधा वदन्ति ।**

**જગતમાં સત્ય શોધવાના એક બે નહિ પણ કરોડો કરોડ માર્ગ છે.** જે માર્ગેથી જેને જવું યોગ્ય લાગતું હોય તેણે તે માર્ગે જવું વ્યાજબી છે. આ બાબતમાં કોઈ ખાસ પ્રતિબંધ નથી.

પર્વતના શીખર ઉપર મુકેલા એક અમુલ્ય મણિને હસ્તગત્ કરવાને માટે જેમ અનેક માર્ગો લઇ શકાય, જેવા કેઃ— આધુનિક સમયમાં 'ઝેપલીન' માં બેસી પર્વત ઉપર જવાય, બીજી રીતે 'રેલ્વે' કરી તે મારફતે પણ ઠેઠ તેના શીખર

પર્યંત જવાય, તથા ત્રીજી અગર ચોથી અને આખરે કોઇ પણ નહિ તો પગે ચ્હડી પણ તેના મથાળાં સૂધી પહોંચાય તેમ પ્રભુભક્તિ કિંવા સત્ય શોધના ઉચ્ચ શીખરે રહેલા પ્રભ પ્રેમ કિંવા નિજાનંદ રૂપી હીરાને પ્રાપ્ત કરવાને માટે, પ્રભુગુણોનું શ્રવણ પણ કરી શકાય, તેનું કિર્તન પણ ગાઈ શકાય અને એજ પ્રમાણે પૂજન તેમજ અન્ય કોઈ પણ પ્રકાર ગ્રહણ કરી શકાય. આમાં કોઇ પણ ખાસ અમૂક મર્યાદિત માર્ગની જરૂર નથી. અસ્તુ !

**સત્ય કદિ પણ મર્યાદિત થઇ શકે એમ નથી.** સત્યને પરિમિત બનાવ્યું એટલે તે સાથેજ તે અસત્ય થયું. હા ! **અમુક સત્ય છે એમ કહેવાય, પણ આટલુંજ સત્ય છે એમ કહેવાય નહિ.** વિશ્વની સર્વ વસ્તુ સત્ય છે. તે સત્યનાંજ રૂપો છે.

અહિંથી સાથે નીકળી કોઇ એક દૃષ્ટિબિંદુ તરફ જનાર મનુષ્યમાંનો એક જો બીજા ઇતર જનોને એમ કહે કે, માત્ર હુંજ એક તે નિર્માણ સ્થાને પહોંચીશ અને અન્ય સર્વે (મ્હારા હરીફો) વચ્ચે અથડાય મરશે, અગર તો મ્હારા એકનોજ તે લક્ષ્યબિંદુએ પહોંચવાનો માર્ગ સત્ય છે માટે સર્વે તેજ માર્ગ ગ્રહણ કરો, નહિ તો તમને કદાપિ પણ તે નિર્મિત સ્થાન પ્રાપ્ત થશે નહિ કેમકે તમે સર્વે ખોટા માર્ગે જાઓ છો." તો આ તેનું કથન કેટલું અવાસ્તવિક અને હાસ્યપાત્ર છે તે વિવેકી હ્રુદય તરતજ જોશે.

સહજ સરલતાને ખાતર આ સિદ્ધાંતનો યથાર્થ ઉલ્લેખ જો ન્યાયદૃષ્ટિથી આપણે કરીએ તો વિગતો આપોઆપ વધુ સ્પષ્ટ થશે. ઇંગ્લૅન્ડ જનાર મનુષ્યોમાંના કેટલાક પોતાની ઇચ્છા-


નુસાર ‘ સ્ટીમરની ’ સહાયથી દરીયાઈ માર્ગે ત્યાં જાય છે; એટલે કે મુંબઇ છોડી એડન થઇ સુએઝની નહેરમાંથી ‘મારસેલ્સ-ને રસ્તે થઇ ઇંગ્લૅંડ પહોંચે છે; કેટલાકો પ્રસંગવશાત્ જમીનને માર્ગે પેશાવર થઇ અફગાનીસ્તાનમાંથી પસાર થઈ એરેબીઆની જગ્યા છોડી એસીઆ માઇનોરના રસ્તે થઇ યુરોપમાં પ્રવેશી આખરે ઇંગ્લૅન્ડ આવી પહોંચે છે; જ્યારે કેટલાકો ટુંકા માર્ગથી અજ્ઞાન હોઇ, કેપ ઑફ ગુડ હોપનો રસ્તો લઈ, સાઉથ આફ્રીકાની પ્રદક્ષિણા કરી ઈંગલૅંડ જાય છે; અને જ્યારે કેટલાક નવીન શોધકો ‘ ઓવરલેન્ડ–રૂટ ’ના ટુંકે રસ્તે બ્રીન્ડીઝી નામના બંદર આગળથી દરીયા અને જમીનનો મિશ્ર માર્ગ લઇ આંગ્લદેશ પહોંચે છે; ત્યારે હાલના નૂતન વિજ્ઞાનિકો ‘ ઝેપલીન ’ જેવા યાંત્રિક સાધનના બળથી અદ્ધર ઇંગલૅન્ડ પહોંચવા પુરુષાર્થ કરી રહ્યા જણાય છે તો હવે કહો કે, આ સર્વ માર્ગોમાંથી આપણે કયા માર્ગને સત્ય કહેવો ? સત્યમાં વધુપણું ક્યાં રહ્યું છે ? સત્ય સારૂં નબળું હોતુંજ નથી. ઉપર્યુકત દૃષ્ટાંતમાં શું તે સર્વ પથિકજનો આખરે ભિન્ન ભિન્ન માર્ગે થઇ ઇંગલૅંડ પહોંચનાર નથી ? જો આમજ છે ત્યારે “ માત્ર હુંજ એક પહોંચીશ અને અન્ય સર્વે ગુંચવાશે, તથા નિમિત્ત આશ્રય સ્થાને હુંજ એક જઈશ અને બીજાઓ તો ખોટે માર્ગે ચ્હડેલા છે એટલે રહી જશે. ” એમ કહેવાનો ‘ કેપ ઑફ ગુડ હોપ ’ના રસ્તાવાળાને અગર ‘ ઓવર–લેન્ડ-રૂટ ’ના મુસાફરોને અગર તો ‘ ઝેપલીન ’ માં જનાર વિજ્ઞાનિકોને અગર અન્ય કોઇ પણ પથિકને શું હક્ક છે ? અને તેમ કહેવાનું તેની પાસે શું વાસ્તવિક પ્રમાણ છે ? “ બીજાઓ

પહોંચશે નહિ " એમ તે શા ઉપરથી અનુમાની શકે ? શું તે પોતે તે રસ્તેથી કદિ ગયો છે ? ત્યારે કદાચ તે પોતેજ ખોટા માર્ગ પર હોય એમ પણ કેમ ન બને ? ત્યારે જ્યાં પોતાની સ્થિતિના સત્યનો ભરૂસો નથી ત્યાં અન્યને ચ્યુત, અસત્ય અગર માર્ગભ્રષ્ટ કહેવા એ કેટલું અયુકત !

વર્તમાન ધર્મોપદેશોની પણ આજ સ્થિતિ છે. ખ્રિસ્તિનો પાદરી આવી કહેશે કે, " ઇશ્વરને પ્રાપ્ત કરનાને ક્રાઇસ્ટ કિંવા બાયબલનો ધર્મ અંગીકાર કરવો પડશે. " કોઇક વેદાન્તિ કહેશે કે,–" **अहम् ब्रह्मास्मि** " ' હું બ્રહ્મ છું ' એવી ભાવના ઉત્પન્ન થયા વગર મુકિત થશે નહિ. " કોઇ પુરાણી કહેશે કે, "ભક્તિ વગર મુકિત નથી. " વળી કોઇ બૌદ્ધમાર્ગી કહેશે કે, "બુદ્ધના નિયમો માન્યા વગર તમોને સત્ય નહિ જડશે." આ શું કહેવાય ? શું એ સંપૂર્ણ સત્ય જાણ્યાના ચિન્હો કહેવાય ? કદિ નહિ ! તેઓને માત્ર સત્યની કિંચિત્ ઝાંખીજ થઈ છે. સનાતન સત્ય શું છે તે તેઓ જાણી શકયા નથી; અને તેનેજ લીધે તેઓ " માત્ર મ્હારૂંજ સત્ય છે. " એમ કહે છે. **સત્યનો યથાર્થ જાણનાર સત્યને મર્યાદિત કરવા ઇચ્છતો નથી.** તે તો કહે છે કે, સર્વ સત્યજ છે.

હવે એક બીજાજ તર્કથી ઉપર્યુકત ન્યાયને તપાસી જોઇએ. સહજ સંકુચિત કિંવા સુક્ષ્મ દૃષ્ટિથી આગળ વધી આપણે જ્ઞાનબળે વિશાળ દૃષ્ટિ કરીએ તો સ્પષ્ટ થશે કે, ભૂતળવિદ્યાના નિયમ પ્રમાણે પૃથ્વી ગોળ હોઈ જયાંથી આપણે નિકળીશું ત્યાંજ અન્તે આપણે પાછા આવી પહોંચીશું. આથી માલમ પડશે કે, વિશ્વમાં ભૂલા પડવાનો અગર કોઇ ખોટા માર્ગે

રહુડી, માર્ગભ્રષ્ટ થઇ નૃષ્ટ થવાનો આપણને જરા પણ ભય નથી.




આકૃતિ ૧ લી.

આપેલા મ્હોટા વર્તુલને પૃથ્વીનું સ્વરુપ કલ્પો; અને તેમાં આપેલાં કિનારી ઉપરનાં આવાં ‿ ચિન્હને ई કહો એટલે ઇરાન અગર ઇંગ્લૅન્ડ અગર પૃથ્વી ઉપર આવેલો કોઈ પણ એક દેશનો ભાગ માની લ્યો; અને अ, ब, क, ड આદિ ચિન્હોને ई પ્રતિ જનારા ચાર ભિન્ન ભિન્ન માર્ગો ગણો કે જેમાંના બે अ અને क બીજા બે ब અને ड થી તદ્દન વિરુદ્ધ છે. એટલું જ નહિં પણ अ અને क સુદ્ધાં એકજ માર્ગના હોઇ પ્રથમ દૃષ્ટિએ શરૂઆતથી એક એકની સ્હામે જણાય છે. આજ પ્રમાણે ब અને ड માં પણ → ના દેખાવથી તેઓના માર્ગની દિશાઓ દર્શાવી છે, એટલે अ એ ब અને ड થી તદ્દનજ ઉલટી દિશા લે છે કે જેની આગળ क તેજ દિશામાં પૂર્વનો નિકળ્યો છે.

આકૃતિ ૧લી તરફ નજર કરતાં માલમ પડશે કે, ई ની પ્રાપ્તિને માટે अ, ब, क અને ड એ સર્વે ભિન્ન ભિન્ન માર્ગે યત્ન કરી

રહ્યા છે. હવે કેટલાક સમય પછી क તે નિર્માણ સ્થાને ( ઈ આગળ ) આવી પહોંચે છે; અને આજ સમયે ड પણ તેનાથી ઉલટી દિશાં તરફથી સ્હામે માર્ગે ત્યાં આવે છે. થોડા સમય પછી ब પણ તેજ જગ્યાએ ત્રીજે માર્ગેથી આવે છે, અને આખરે બાકી રહેલો अ પણ પોતાનું ક્રમણ ફાવે તે માર્ગે પૂર્ણ કરી સર્વેને ત્યાં આવી મળે છે. શું આ ચારે પથિકો ત્યાં ભેળા નહિ થાય ! શું તેઓ દરેકને ઈ ( તેઓની સાધ્ય વસ્તુ ) મોડી વહેલી ગમે તે માર્ગે પ્રાપ્ત ન થઈ ? તો જો क બને અગર ब અને અને अ બને અગર ड कને કદાચ એમ કહે અગર પોતાના ક્રમણ વખતે વિચારે કે, " સર્વે ( પોતાના ઈતર પ્રતિસ્પર્ધીઓ ) સત્યથી ચ્યુત થયેલા છે, અગર તો તેઓ સર્વે ઉંધાજ માર્ગે વળ્યા છે એટલે નિષ્ફળ જશે." આમ કહેવાનો તે ચારમાંના કોઇ એકને પણ શો હક્ક છે ? अ, ब, क અને ड આમાંના કયા માર્ગને તમે સત્ય અને કયાને અ-સત્ય કહેશો ? સાધ્ય વસ્તુ પ્રાપ્ત થઈ એટલે તે માટે લીધેલો કોઈ પણ માર્ગ સત્યજ છે. આ સર્વ માર્ગોને પ્રેક્ષક દૃષ્ટિથી જો-નાર મનુષ્ય તો તે સર્વેને સત્યજ કહેશે. કદાચ તેમ ન કરતાં જો તે એકને સત્ય કહેશે, તો તે સાથેજ તે સર્વ માર્ગો સત્ય છે એમ સ્પષ્ટ થશે; પણ જો ' એક ખોટો છે અને બીજો ખરો છે' એમ કહ્યું તો તો સર્વે એક સાથેજ ખોટા ગણાય. કયાં તો આમાંના સર્વને સત્ય કહો કે કયાં તો તે બધાજ ખોટા છે એમ માનો.

આવીજ રીતનો જયાં દરેક ર્મને પરસ્પર સંબંધ છે ત્યાં " અમુક ધર્મ ખોટો અને અમુક સાચો; અગર અમુક

ઢોંગ, પતિત અને અધમ તથા અમુકજ સત્ય; અને બીજાનો ઉંધો અને અમારોજ સાચો કિંવા સરળ" એમ કહેવાનો કયા ધર્મવાળાને લેખિત હક્ક છે? વાચક! જરા વિચાર કરી જો કે આમ કહેનાર ધર્મવાળોજ પોતાના ધર્મની શી ખાત્રી આપી શકશે? શું ત્હારી પાસે ત્હારા પોતાના ધર્મનાજ સત્યની કોઇ ખાસ પ્રતિતી છે? બહુ થશે તો કદાચ તે એમ કહેશે કે, "અમારા ધર્મશાસ્ત્રોમાં એમ લખ્યું છે;" અને પછી પોતાના ધર્મશાસ્ત્રોના પ્રમાણો કહાડીને તેને ઈશ્વર પ્રેરિત કહી, બહાના-રૂપ ખાસ ઈશ્વરનો પુરાવો આપવા તે તૈયાર થશે, પણ તેણે જરા વિચારવું જોઇએ કે, બીજા અન્ય ધર્મવાળાઓ પણ પોતાના ધર્મશાસ્ત્રો ઈશ્વરપ્રરિત ગણી, તેની સાક્ષી પોતાના ધર્મને શ્રેષ્ઠ અને સત્ય સાબિત કરવામાં આપશે. આ તો નકામો વિતંડાવાદ!

ભાઇઓ! દૃષ્ટિબિંદુઓ પહોંચો, ઈ ને પ્રાપ્ત કરો, **આત્મસાક્ષાત્કાર અનુભવો, અને વિશ્વવ્યાપી પ્રેમ કરો પછી જૂઓ કે, કયો ધર્મ સાચો છે?** ઇષ્ટ પ્રાપ્તિ કર્યા પછી કહો કે, અમુક ધર્મ ખોટો છે? સાધ્ય વસ્તુની પ્રાપ્તિ કર્યા પૂર્વેજ તેને પ્રાપ્ત કરવાનો માત્ર એક પોતાનોજ માર્ગ સત્ય છે એમ હોકી બેસાડવું એ કેટલું શોચનીય! અંતિમ સ્થિતિમાં આવો કોઇ પણ પ્રકારનો માર્ગ ભેદ રહેતો નથી. **ભેદ એતો માત્ર મંદબુદ્ધિનું પરિણામ છે. સત્યને જાણનાર મનુષ્યમાં ભેદ ભાવ સંભવિત નથી.** જ્યાં સૂધી ભેદભાવવાળી બુદ્ધિ છે ત્યાં સૂધી તે સર્વાંશે અપૂર્ણતા દર્શાવે છે. **વિશ્વવ્યાપી પ્રેમથી ભેદ ભાવનો ક્ષય કરી સમાન્ય એકતા અનુભવવી એજ ભક્તિનો શ્રેષ્ઠ માર્ગ છે.**

ભક્તિ એ શું છે ? ભક્તિ એ એક પ્રકારનો અનન્ય પ્રેમ છે; પણ **પ્રેમમાં કદિ ભેદ બુદ્ધિ સંભવતી નથી** તો ભક્તિમાં પણ હોયજ ક્યાંથી ? ભેદ ભાવના કિંવા ભિન્નતાનું અસ્તિત્વ કંઇજ નહિ પણ પૂર્ણ અને વિશ્વવ્યાપી પ્રેમની ન્યૂનતા અને સત્યનું અજ્ઞાન સુચવે છે. આ રીતે જ્યાં કોઈ પણ પ્રકારનો ભેદજ નથી ત્યા અમુકનો ધર્મ ખોટો, અને અમારોજ ખરો અગર અમુક ઢોંગ છે અને અમારૂંજ વાસ્તવિક છે" એમ કહેવાનો અવકાશજ ક્યાંથી રહે ?

સર્વ પ્રકારની ભેદબુદ્ધિથી પર થાઓ; અને સત્ય પ્રભુ પ્રેમ અનુભવો; આત્મસાક્ષાત્કાર કરો અને મનુષ્ય માત્રને પ્રભુરુપ જૂઓ; અને દોષ બુદ્ધિ મુકી સર્વાંશે ગુણાનુરાગી થાઓ એટલે સર્વ સત્ય આપોઆપ પ્રકાશીત થશે. આજ પ્રભુભક્તિનો આંતર આદેશ અને ઉદ્દેશ છે.

મણિ કહે છે કે, **પાપીને પાપી કહેવાનો તમને કશો પણ હક્ક નથી.** આજ **પાપી જણાતો મનુષ્ય કાલે મહાત્મા થઇ આવે છે;** તો હવે પાપી કોને કહેવો ? અધમને અધમ કહેવાનો તમારી પાસે શું પુરાવો છે ? અધમ કાલે ઉત્તમ થઈ ઉભો રહ્યો ત્યાં અધમ કોણ રહ્યો ? નાસ્તિકને અધમ, પતિત અને પાપી કહેવાને તમારી પાસે શું પ્રમાણ છે ? મતસ્વાતંત્ર્ય અને વિચારસ્વાતંત્ર્યને જાળવી લોકવિરુદ્ધ કશું પણ આચરણ કરવું એને દુરાચાર છે, એમ કહેવાને માટે તમારી પાસે કયો સબળ આધાર છે ? "નીતિથી વિરુદ્ધ" એમ કહેવું એ કંઇ વાસ્તવિક પ્રમાણ થયું ગણાય નહિ. અમુકજ નીતિ અને અમુક અમુક અનીતિ એમ સ્પષ્ટ કહેવા માટેનું કોઇ પણ સપ્રમાણ

હજી કોઈ દેશમાં શોધાયું નથી. નીતિના માત્ર કેટલાક સામાન્ય નિયમો છે પણ તે માત્ર ઘણાજ થોડા. હાલ તો એક જગ્યાની નીતિ તે બીજી જગ્યાની અનીતિ અને અન્ય દેશની અનીતિ તે આપણે ત્યાંની નીતિ ગણાય છે;* એટલે નીતિ અનીતિનું પ્રમાણ કંઈ ખાસ મર્યાદિત નથી. નીતિને તો આપણેજ શિષ્ટાચારને અનુસરી પરિમિત બનાવી છે. **કુદરતનું યથાર્થ અનુકરણ એજ સત્ય અને માન્ય નીતિ છે.**

સદાચાર અને દુરાચાર પણ આજ પ્રમાણે. કુદરત એજ સર્વમાં મૂખ્ય છે. તે પોતાના નિયમો તમારી પાસે ગમે તે રીતે પૂર્ણ કરાવશે. કુદરતના મિયમોની વિરુદ્ધ વર્તી તમો નીતિ પાળવા જાઓ તો કુદરત તમારી પાસે અદૃશ્ય રીતે અનીતિજ કરાવશે. સદાચાર અને દુરાચાર પણ કુદરત ઉપરજ આધાર રાખે છે. **કુદરતોના નિયમોનું સર્વાંશે કરેલું પાલન એજ સદાચાર! અને કુદરતા નિયમોથી કરેલું કોઈ પણ વિરુદ્ધ વર્તન એ દુરાચાર!**

---

* ટીબેટ આદિ હિંદુસ્તાનની ઉત્તર બાજુના કેટલાક પ્રદેશોમાં એક સ્ત્રી ને એકથી ગમે તેટલા પુરુષો (ધણીઓ) કરવાની છુટ છે; પણ જો કોઇ પુરુષ ત્યાં એકથી વધારે સ્ત્રી (પતિ) કરે તો તે અનીતિ કહેવાય છે. જ્યારે હિંદુસ્તાનમાં કેટલીક જગ્યાએ પુરુષો એકથી વધારે સ્ત્રી કરી શકે છે, પણ જો કોઇ સ્ત્રી એકથી વધારે પુરુષ કરે તો તે મહાન્ અનર્થ ગણાય છે. બંગાળાની અંદર કોઇ એક ઉચ્ચ બ્રાહ્મણ કુળનો માણસ છે કે જેને એકસો ને અઢાર સ્ત્રીઓ હોવાનું જણાવે છે. આજ પ્રમાણે કેટલાક દેશોની એકએકમાં ભિન્નતા; તો અનીતિ રહી ક્યાંથી?

ગ્રં. પ્ર.


પ્રત્યેક વ્યક્તિ પોતાના ઉન્નતિક્રમમાં આગળ વધી રહી છે. દરેકે દરેક વસ્તુ તે અનન્ત સત્ય તરફ પરમ પુરુષાર્થ કર્યે જાય છે; અને આ રીતે ઉત્ક્રાંતિક્રમના નિયમ પ્રમાણે અધમથી મધ્યમ અને શ્રેષ્ટ એમ રુપાન્તર લે છે. આથી કોઇ પણ વ્યક્તિથી થઈ ગયેલું જીવનપરિક્રમણનું 'પાપી' કહેવાતું કોઇ પણ કર્મ તેની વાંચ્છના કિંવા વાસનાને પૂર્ણતા આપી, તેટલી ઇચ્છાનો ત્યાંથી ક્ષય કરી, તેને ઉન્નતિમાં આગળ ધકેલે છે. અર્થાત તે કર્મ તે વ્યક્તિ પરત્વે તે સમયને માટે યોગ્ય અને શુભ છે.

આજ પ્રમાણે નાસ્તિકતા પણ તે શ્રેણીના મનુષ્યને માટે તે સ્થિતિમાં યોગ્ય હોઇ સ્તુતિપાત્ર છે. સત્ય પ્રભુભક્તની ત્રણ સ્થિતિઓ છે. પહેલી સ્થિતિ અંધ આસ્તિકતા; પછી અનેકાનેક શંકાઓને લીધે થયેલી નાસ્તિકતા; અને આખરે શંકાનું સ્વયં સમાધાન થતાં ઉદ્ભવ થયેલી આસ્તિકતા. આ રીતે સહજ નીરિક્ષણ કરતાં માલમ પડશે કે, નાસ્તિકતા એ પણ સત્ય પ્રભુભક્તની એક સ્થિતિ છે. નાસ્તિકતા વગર સત્ય પ્રભુભક્તિ હોઇ શકતી નથી. એટલુંજ નહિ પણ હું તો આગળ વધી ખુલ્લી રીતે જણાવું છું કે, **નાસ્તિકતા એ પણ પ્રભુભક્તિનોજ એક પ્રકાર છે.**

આ કથન કદાચ કેટલાકને આશ્ચર્યજનક લાગશે પણ એમાં તેવું કશું નથી. આ તમારા સ્વાનુભવનીજ હકીકત છે, પણ તમે તે માન્ય કરતાં બ્હીઓ છો. **તમારા અંતઃકરણને બરોબર તપાસી જૂઓ તો તમને માલમ પડશે કે, મ્હારૂં લખાણ માત્ર તમારા પોતાનાજ વિચારોનું વર્ણન છે.**

આપણા પોતાના અંગદ આચાર અગર વિચારથી કોઇ


મનુષ્ય ભિન્ન અને વિરૂદ્ધ વિચારનો હોય તેથી તે અસત્ય અને અયોગ્ય છે એમ કહેવું એતો પાણી ઉપર પોતે ઉભા રહી હોડીઓમાંનાને ડુબતા કહેવા જેટલું હાસ્યપૂર્ણ અને દયાપાત્ર છે. આપણા આચાર અથવા વિચાર તદ્દન શુદ્ધ છે એમ નિશ્ચયાત્મક રીતે કહેવાને માટે આપણી પાસે આપણા અંતઃકરણની પ્રેરણા સિવાય અન્ય કોઈ સાક્ષી કિંવા પુરાવો હાજર નથી. એટલે અન્યના અંતઃકરણને જાણ્યા વગર તેના આચારો અથવા




આકૃતિ ૨ ૭.

વિચારો અયોગ્ય છે એમ કહેવું એતો માત્ર એકદર્શીપણાનુ પરિણામ થયું.

નાસ્તિકતા એ પણ પ્રભુભક્તિનો એક પ્રકાર કેવી રીતે છે તે સહજ સ્પષ્ટ સમજવાને માટે પૃષ્ઠ ૧૪૬ ઉપર આપેલી આકૃતિ ૨ જી તરફ ધ્યાન આપવું જરૂરનું છે.

આવી  આપેલી મ્હોટી આકૃતિ ब्रह्मांड ની સંજ્ઞાથી ઓળખવામાં આવી છે. બ્રહ્માંડની મધ્યમાં આપેલી ० ગોળ આકૃતિને सच्चिदानंद प्राप्ति કહી છે કે જેને મેળવવાને માટે पू એટલે પૂર્વ, उ એટલે ઉત્તર, અને प એટલે પશ્ચિમ, તેમજ द એટલે દક્ષિણ આદિ વિશ્વની સર્વ દિશાઓ તરફથી જૂદે જૂદે માર્ગે પ્રયત્નો થઈ રહ્યા છે. 'સચ્ચિદાનંદ પ્રાપ્તિ'નો મહદ્ ઉદ્દેશ સર્વ મનુષ્ય માત્રના હૃદયમાં જીવનની શરૂઆતથીજ સામાન્ય રીતે હોય છે; અને તેજ જીવન સાધ્ય ઇપ્સિત વસ્તુ કોઈ પણ પ્રકારે પ્રાપ્ત કરી કૃતાર્થી થવા વિશ્વની પ્રત્યેક વ્યક્તિ ભિન્ન ભિન્ન દિશાઓ અને જૂદા જૂદા માર્ગેથી સતત પુરુષાર્થ કરી રહી છે.

ચિદ્‌ભાનુ યાને આનંદરવિ યાને ઈશ્વરપ્રાપ્તિ કહો કે મોક્ષ અગર તો પ્રભુપ્રેમ કિંવા સત્યની યત્કિંચિત્ ઝાંખી કરવાને માટે કયો હૃદયશૂન્ય પુરુષ અનુત્સુક હોય? આજ તે અનન્ત સુખ અને શાન્તિ કિંવા સત્-ચિત્ અને આનંદ છે કે જેને પ્રાપ્ત કરી જીવન ઉદ્દેશના સાફલ્યને માટે દરેક વ્યક્તિ સત્યના પૃથક્

પૃથક્ માર્ગે પોતાનું બનતું કર્યે જાય છે.

કેટલાકો કદાચિત્ એમ પણ કહેશે કે, આનંદપ્રાપ્તિને માટે તેઓને સહજ પણ ઇચ્છા નથી તો આનો જવાબ માત્ર એટલોજ આપી શકાય કે, તેઓ હજી પોતાની આંતરગત્ વૃત્તિઓને અને પ્રતિદિનના પ્રવૃત્તિના કારણને બરોબર ઓળખી શક્યા નથી. સત્ય સુખ કિંવા આનંદની ઇચ્છા જગતમાં કોને નથી ? આખું જગત્ સુખની ઝાંખીને માટેજ અનેક પ્રકારે ફાંફાં મારી રહ્યું છે. કવચિત્ કોઇ 'યાંત્રિક મનુષ્ય+' પોતાના જીવન ઉદ્દેશને ન જાણતો હોય તો ભલે; પણ તે (આનંદની પ્રાપ્તિની તીવ્ર આકાંક્ષા) અવ્યક્ત, અદૃશ્ય અને પરોક્ષ રીતે તેના સંકુચિત હૃદયમાં અસ્તિત્વ ભોગવે છે એ નિઃસંદેહ !

ઉપર્યુક્ત પ્રમાણને પુરવાર કરવાને માટે. એટલે આનંદ કિંવા સચ્ચિદાનંદની પ્રાપ્તિને માટે પ્રત્યેક વ્યક્તિ પોતાનાથી બનતો પુરુષાર્થ કરે છે એ સિદ્ધ કરવાને માટે આ સિવાય બીજાં કારણો પણ આપી શકાય એમ છે; પણ વિષયાન્તર થવાના ભયને લીધે તે બાબતનો પૂર્ણ ઉલ્લેખ હાલ તરત કરી શકાય એમ નથી. આથી અહિં વધુ લંબાણ ન કરતાં સહજ સવડને ખાતર 'સચ્ચિદાનંદ પ્રાપ્તિ' એ સર્વ જીવાત્માઓનો મહામંત્ર છે એમ ગણી લઇએ.

---

+ પ્રતિદિન સ્હવારના ઉઠી, કુદરતી કાર્યો અકુદરતી રીતે કરી, દિવસના પોતાનો ધંધો કરી રાત્રે પાછા સુઇ, સ્હવારમાં ઉઠી એક યંત્રની માફક જીવનનો અંતિમ ઉદ્દેશ જાણ્યા વગર જીંદગી વ્યતિત કરનાર મનુષ્ય.

ગ્રં. પ્ર.

આ ઇષ્ટપ્રાપ્તિને માટે ભિન્ન ભિન્ન પ્રકારો છે; જેવા કે:- **वे** એટલે વેદાન્ત, **स** એટલે સદાચાર, **प्र** એટલે પ્રભુ અસ્તિત્વ, **श्र** એટલે શ્રદ્ધા, **से** એટલે સેવા, **भ** એટલે ભક્તિ, **दु** એટલે દુરાચાર, **ना** એટલે નાસ્તિકતા, **वि** એટલે વિજ્ઞાન અને **स्वा** એટલે સ્વાર્થ, તેમજ માનવ આચારથી પ્રતિત થતાં દરેકેદરેક કાર્ય તેમજ અનેક ધર્મ પંથો અને અન્ય સર્વ મતમતાંતરો કે જેઓને પૃથક્ પૃથક્ ખાસ નામો ન આપતાં A, B, C, D, E, F, G, H, I, J, આદિ સામાન્ય સંજ્ઞાઓ આપી છે. આ સર્વ પ્રકારો વિશ્વ કિંવા બ્રહ્માંડમાંથીજ ઉત્પન્ન થઇ સચ્ચિદાનંદ-પ્રાપ્તિ પ્રતિ જતા જૂદા જૂદા માર્ગો છે. પણ એ સર્વનો ઉદ્દેશ (આનંદપ્રાપ્તિ) એકજ છે. માત્ર માર્ગોમાં ભેદ જણાય છે એટલુંજ !

આકૃતિ ૨ જીના નિરિક્ષણથી સહજજ માલમ પડશે કે,- **वे** એ **भ** થી તદ્દન ઉલટો માર્ગ છે; અને બન્નેની પ્રવૃત્તિ એક-મેકની સ્હામસ્હામી છે. એક જ્યારે '**अहं ब्रह्मास्मि।**' એટલે 'હું બ્રહ્મ છું' એમ કહે છે, ત્યારે બીજો તેથી તદ્દનજ ઉલટું '**दासोऽहम**' એટલે 'હું ત્હારો દાસ છું' એમ કહે છે. આજ પ્રમાણે **स** એ પણ એક ઈશ્વરપ્રાપ્તિનો માર્ગ હોઇ **दु**ના માર્ગથી સ્વાભાવિક વિરુદ્ધ છે; જેમાંના **स** પ્રકારને આપણે ઉત્તમ કહીએ છીએ, અને **दु** માર્ગને ધિક્કારીએ છીએ, પણ સહજ વિશાળતાથી તપાસતાં માલમ પડશે કે તેઓ બન્ને એકજ દૃષ્ટિબિંદુ તરફ પ્રયત્ન કરી રહ્યા છે, અને અન્તે તેઓ ત્યાંજ મળશે. સંકુચિત દૃષ્ટિએ **श्र** એ **वि**થી તદ્દન વિષમ છે;

આમાંનો પ્રથમ પ્રકાર જ્યારે શ્રદ્ધાથી સર્વ સત્ય માનવાનું જણાવે છે. ત્યારે બીજો અનુભવ અને વ્યવહાર કિંવા પ્રયોગ-(Experiment) સિદ્ધિ શોધે છે. જ્યારે આજ મર્યાદિત ન્યાયે એક પંથ સેનો માર્ગ સ્વીકારે છે, ત્યારે કેટલાકો વળી 'આનંદપ્રાપ્તિ'ને માટે સ્ત્રાને આધીન થાય છે; પણ આખરે તેઓ પહોંચવાના તો એકજ જગ્યાએ છે. આતો તદ્દન નિર્વિવાદ!

હવે નાસ્તિકતાનો કિંચિત્ વિચાર કરતાં આકૃતિ ઉપરથી આપણે જોઇ શકીશું કે પ્રથી તે તદ્દન વિરૂદ્ધ દિશાનો છે; તથાપિ નાએ ૦ ચિદ્ભાનુ તરફજ પહોંચવા પુરુષાર્થ કરી રહ્યો છે, એ પરોક્ષ રીતે પ્રેક્ષકદૃષ્ટિથી આપણે જોઇ શકીશું. ના અને પ્રમાં ભેદ માત્ર એટલોજ છે કે, આપણે પ્રની બાજુના છીએ અને આપણી દિશા દક્ષિણ છે. એટલે ના એ આપણને સ્વાભાવિક રીતે આપણાથી વિરુદ્ધ પક્ષ કિંવા માર્ગનો લાગે છે. આથી તે પ્રકાર અથવા માર્ગ (સચ્ચિદાનંદપ્રાપ્તિનો) ચ્યુત, પતિત અગર અધમ છે એમ કહેવાને મતાભિમાનને લીધે આપણે સાહજિક પ્રેરાયે છીએ. એમાં કારણ માત્ર એટલુંજ કે તે આપણાથી સ્હામી એવી ઉત્તર દિશા તરફથી સત્યનો માર્ગ શોધે છે. તો આવા કારણને માટે આપણે તે માર્ગને અધમ કહેવો એતો માત્ર મર્યાદિત બુદ્ધિ કિંવા સંકુચિતપણાનું પરિણામ થયું.

વિશ્વદૃષ્ટિ ધ્યાનમાં રાખતાં એટલું યાદ રાખવું જરૂરનું છે કે, જેમ નાંએ આપણને પ્રની અપેક્ષાથી તપાસતાં વિરુદ્ધ લાગે તેમ માને પણ પોતાના સ્થિતબિંદુથી જોતાં પ્ર અસત્ય જણાય

છે. એટલે સ્વાભાવિક શું થાય છે કે, ના પ્રને અસત્ય માને છે અને પ્ર'નાને અસત્ય કહે છે. હવે જો કોઇ એમ કહે કે, "નાસ્તિકતા અધમ કિંવા અસત્ય છે" તો તે કેટલા પુરતું સંભવિત છે કે, તે પોતાના મતથી અર્થાત્ પ્રભુઅસ્તિત્વના નિયમથી વિરુદ્ધ છે; બસ એટલુંજ! પણ એટલાથી "નાસ્તિકતા તે અનન્ત સત્ય (Eternal Truth)ની પણ વિરુદ્ધ છે" એમ કહેવાનું આપણી પાસે કોઇ પણ પ્રમાણભૂત સાધન તો નથીજ. એટલે જો નાસ્તિકને આપણે કોઈ પણ રીતે પતિત કહીએ તો તે એક પ્રકારની અંધશ્રદ્ધા કિંવા એકદર્શીપણું ગણાય.

નાસ્તિકતા એ માત્ર આપણાથી વિરુદ્ધ માર્ગ છે એટલુંજ! નહિ તો તે પણ વિશ્વદૃષ્ટિએ જોતાં ભક્તિ કિંવા સત્ય શોધના ભિન્ન ભિન્ન પ્રકારોમાંનો એક છે. આથી નાસ્તિકતાને ધિક્કારવું અગર તે પ્રત્યે ઘૃણા દર્શાવવી એ જાતેજ પોતાની મૂર્ખતા ઉપર હસવા જેવું છે. પ્રભુભક્તિના માર્ગોમાંનો આપણો ધર્મ જેમ એક માર્ગ છે તેમ નાસ્તિકતા પણ પ્રભુભક્તિના ભિન્ન ભિન્ન પ્રકારોમાંનો એક કેમ ન હોય શકે? આ કલ્પનાનાં અસત્યની શી ખાત્રી? આપણે હજી સંપૂર્ણ સત્ય જાણ્યું નથી ત્યાં નાસ્તિકતા અગર ઇતર ધર્મ પ્રત્યે ઘૃણા કેવી. જો સત્ય જાણ્યું હોત તો ત્યાં ભેદ રહેત નહિ.

આકૃતિ ૨ જીને જે વિવેકી મનુષ્ય પ્રેક્ષક દૃષ્ટિએ જોનાર છે તે તો સાહજિક એમ કહેશે કે, **દુરાચાર, નાસ્તિકતા, વિજ્ઞાન અને સ્વાર્થ આદિ અધમ ગણાતા પ્રકારો કંઈજ નહિ**

**પણ સચ્ચિદાનંદની પ્રાપ્તિ પ્રતિ આડેઅવળે માર્ગે લઇ જનાર ભિન્ન ભિન્ન માર્ગોજ છે.**

સત્ય હંમેશાં એકજ હોય છે. **एकं सत्** । વિદ્વાનો તેને જૂદા જૂદા શબ્દોથી સમજાવે છે.

**एकं सद्विप्रा वहुधा वदन्ति ।**

ઉદકનાથ એકજ છે કે જ્યાં ભિન્ન ભિન્ન નદિઓ જૂદે જૂદે રસ્તેથી આવી એકત્રિત થાય છે. આમાંની જો એક નદિ બીજીને કહે કે, " અલિ ! તું તો ખોટે માર્ગે જાય છે. એ માર્ગે તો નાથને ત્યાં પહોંચશે નહિ. તો શું આ તેનું કથન વિશ્વ-દૃષ્ટિથી હાસ્યજનક કિંવા અસત્ય નથી ?

આજ પ્રમાણે જો A, B, C, D, E, F, G, H, I, J, આદિ ભિન્ન ભિન્ન માર્ગવાળાઓ–ધર્મવાળાઓ જો સત્ય માર્ગને માટે વૃથા લડી મરે તો તે એક પરોક્ષ રીતે કિંવા પ્રેક્ષક દૃષ્ટિથી જોનાર મનુષ્યને કેટલું રમુજી અને બાળક બુદ્ધિ લાગે ? અ-હાહા ? ! ! તેઓનું મતાભિમાન અને મંદબુદ્ધિ કેટલી સરલ-તાથી સમજાય છે ! પ્રભુ ! પ્રભુ ! !

આધુનિક સર્વ ધર્મોને વિશાળતાના ' દૂરબીન 'થી **મણિ** ઘણીજ સારી રીતે જોઈ શકયો છે; અને તેઓની એકમેકમાં સ્થૂલ દૃષ્ટિથી દેખાતી વિરુદ્ધતા અને ભિન્નતા આગળ જતાં કેવી અભેદભાવના અનુભવે છે તે પણ તે સ્વાનુભવ અને વિવેક-બુદ્ધિની સહાય્યથી જાણી શકયો છે. આથી **ધર્મભેદ એતો વિ-વેક બુદ્ધિને માત્ર માર્ગ ભિન્નતા જણાય છે.** આથીજ તે કદિ પણ કોઈ મનુષ્યને **સ્વધર્મ ફેરવી** પોતાના ધર્મમાં આવવાનો

આગ્રહ કરતો નથી. તે તો વિચાર સ્વાતંત્ર્યને અનુસરી પોકારીને કહે છે કેઃ—

**સત્ય મ્હારૂં છે તેમજ સર્વનું છે. જેટલો સત્ય ઉપર મ્હારો હક્ક છે તેટલોજ તમારો કિંવા સર્વનો છે.** તમને પસંદ પડે તે માર્ગ તમે સ્વિકારો. તે માર્ગના તમે જવાબદાર છો. મણિને પોતાને અંગદ માર્ગ પસંદ છે. તે તેનાજ આશયથી ચાલે છે; અને તેને માટેજ તે સર્વાંશે જવાબદાર છે.

મતસ્વાતંત્ર્ય અને વિચારસ્વાતંત્ર્યનો ઉપાસક તો સર્વને ખુલ્લુંજ જણાવશે કેઃ–" **તમારો ધર્મ તમારે પોતાને માટે યોગ્ય છે. તેને આચારમાં મુકતાં કિંચિત્ બ્હીશો નહિ** તમારા સ્વતંત્ર વિચારોમાંજ તમે વધુ દૃઢ થાઓ. પણ એટલું યાદ રાખજો કે, તમારા પોતાના સિવાય **બીજા કોઇને પણ તેના વિચાર વિરુદ્ધ તમારા મતમાં જોરજુલમથી લાવવાનો તમને હક્ક નથી.** પ્રભુ ભક્તિનો કંઈ એકજ માર્ગ નથી. ॐ ! ॐ ! !

**મ્હાત્મા રામ** ઉપદેશે છે કેઃ–

" કોઇ પણ વસ્તુને તેના પોતાના ગુણદોષપરથીજ સ્વીકારજો. કોઈ પણ ધર્મપર ત્હેના પોતાનાજ ગુણ જોઇને શ્રદ્ધા રાખજો. **ત્હમો પોતે ત્હેની પરિક્ષા કરો અને પોતેજ પસંદ કરો.** બુદ્ધ, ખ્રિસ્ત, **મહમ્મદ** કિંવા કૃષ્ણને ત્હમારૂં સ્વાતંત્ર્ય વેચશો નહિં. બુદ્ધે એક ઉપદેશ આપ્યો, ખ્રિસ્તે બીજો ઉપદેશ આપ્યો અને **મહમ્મદે** ત્રીજોજ ઉપદેશ આપ્યો, એ કાર્ય તેમણે તેમને પોતાને માટે યોગ્યજ કર્યું છે. તે જૂદા જૂદા કાળમાં થઈ ગયા. તેમના વખતની સ્થિતિ ઉપરથી તેમણે માર્ગ શોધ્યા અને ધર્મો

સ્થાપ્યા. પોતાની બુદ્ધિ પ્રમાણે તેમણે નિરિક્ષણ કર્યું. તેમનું કર્તવ્ય પ્રચંડ હતું પરંતુ તમો અત્યારના કાળમાં છો. **તમારે પોતેજ તમારી બાબતનો વિચાર કરીને તમારો માર્ગ નક્કી કરવો જોઇએ.** સ્વતંત્રાપૂર્વક તમારી પોતાની દૃષ્ટિથી દરેક બાબત જોતાં શીખો, બીજાના પ્રયત્ન ઉપર આધાર રાખનારી બુદ્ધિને છોડી દ્યો. ત્હમારા પૂર્વજો અમુક ધર્મમાં શ્રદ્ધા રાખતા હતા તે તેમને યોગ્યજ હતું ! * * * * *

**ત્હમારો ઉદ્ધાર કરવો એ કામ કંઈ ત્હમારા પૂર્વજોનું નથી.** અમુક ધર્મ ઉપર તેમને શ્રદ્ધા હતી તે પ્રમાણે ચાલીને તેઓ તર્યાં હોય કે નહિ હોય પરંતુ **ત્હમારૂં સ્વતંત્ર્ય ત્હમારેપોતેજ મેળવવું જોઇએ.** જે જે ત્હમારી સ્હામે આવે તેની યોગ્ય પરિક્ષા કરો અને તે તમો જાતેજ કરો. **તમારૂં સ્વતંત્ર્ય કદિ પણ વેચશો નહિ.** કદાચિત્ ત્હમારા પૂર્વજોને એક ધર્મ બતાવવામાં આવ્યો હશે પરંતુ ત્હમારી સ્હામે સર્વ પ્રકારનાં સત્ય, સર્વ પ્રકારના ધર્મ, સર્વ પ્રકારનું તત્વજ્ઞાન, અને સર્વ પ્રકારનાં શાસ્ત્રો સપ્રયોગ સિદ્ધ કરી બતાવવામાં આવે છે. * * *

" **સત્ય કોઇ એકજ જણાની મિલકત નથી.** એ કંઈ ઇશુની મિલકત નથી માટે ઇશુના નામે તે આપી (ઉપદેશી) શકાય નહિ. તે કંઇ બુદ્ધનો વારસો નથી કે તેને બુદ્ધના નામે ઉપદેશાય ! તેમ તે કંઈ મહમ્મદનું વડિલોપાર્જીત ધન નથી, તેમજ તે કૃષ્ણનું પણ નથી. તે કોઇની મિલકત નથી. તે સૌનું છે. તે ઉપર સૌની સરખી માલિકી છે. "

**સત્યને જુલમથી કબુલ કરાવવાનો કોઇનો હક્ક નથી.** સત્ય એવી રીતે સમજાતું નથી. **સત્ય પોતાની મેળેજ પ્રકાશ આપે**

છે. દરેકે દરેક વ્યક્તિના અંતઃકરણ સત્યને જાણે છે; ભુલ માત્ર એટલીજ થાય છે કે તેઓ અંતઃકરણને પરિપૂર્ણ ઓળખી શક્યા નથી.

પ્રત્યેક વ્યક્તિને પોતાને મનપસંદ માર્ગ ગ્રહણ કરવા દો. તેઓના વ્યક્તિ સ્વાતંત્ર્ય ઉપર બળાત્કાર કરવાનો તમોને મને અગર અન્ય કોઈ પણ સત્યશોધક કિંવા ધર્માત્માને કશો પણ હક્ક નથી. પ્રત્યેક વ્યક્તિ અવ્યક્ત રીતે પ્રભુભક્તિ કરે છે. વિષમતા માત્ર પ્રકારમાંજ પ્રત્યક્ષ થાય છે; અને પ્રકારો અગર માર્ગોની ભિન્નતા એતો ખાલી ઢોંગો—ખોટા ખ્યાલો છે !

ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત થઈ—ઇચ્છિત્ વસ્તુ મળી પછી તે કયા માર્ગથી મળી તે બાબત તકરારમાં પડવાની શી જરૂર છે? ઈશ્વર પ્રાપ્તિ થઇ પછી તે ભલે બુદ્ધ ધર્મથી થઇ હોય, ભલે તે ખ્રિસ્તિ ધર્મથી થઈ હોય, ભલે તે વેદાન્ત ધર્મથી થઇ હોય, ભલે તે સનાતન ધર્મથી થઇ હોય કિંબહુના ગમે તે અણધારેલા માર્ગે થઇ હોય તો તેથી શું નુકશાન? ત્યારે ધર્મો વચ્ચે ઝઘડા કેવા? સત્ય માટે તકરારો કેવી! આ બધી શી મૂર્ખતા? મણી તો હજી એ બધું સમજીજ શક્યો નથી!

આ અખિલ વિશ્વમાં, વર્તમાન સમયમાં, પ્રત્યક્ષ થતા સર્વે ધર્મો—ક્રિશ્ચિયાનિટિ, વેદાન્ત, બૌદ્ધ તેમજ હેમાંથી ઉદય પામેલી ન્હાની ન્હાની શાખાઓ ‘રૉમન કેથોલીસીઝમ’, ‘પ્રોટેન્ટેનીઝમ’, ‘કવીકેરીઝમ’; તેમજ સનાતન, આર્યસમાજ, બ્રહ્માસમાજ, પ્રાર્થનાસમાજ; તેમજ જૈન આદિ ભિન્ન ભિન્ન આધુનિક અગ્રગણ્ય પ્રચલિત મતમતાંતરો; તેમજ સર્વેથી છુટો પડી કંઇક નૂતન પ્રકાશ આપનાર મુખથી ધિક્કારાયલો છતાં

વિવેકી હૃદયમાં માન પામેલો એક નવિન ઉત્સુક સત્ય-શોધકને હાથ લાગેલો, અને ત્યાંથીજ શરૂઆત થઇ સ્થપાયેલો ' **નાસ્તિકતા** 'ની સંજ્ઞાથી ભુષિત થએલો વિચિત્ર માર્ગ-ધર્મ; આ સર્વે પ્રભુભક્તિના અંતિમ દૃષ્ટિબિંદુએ જૂદે જૂદે માર્ગે પહોંચવાના ભક્તિના ભિન્ન ભિન્ન પ્રકારો-માર્ગો છે. અસ્તુ !

ભક્તિનો અર્થ **મણિ** કંઈ સેવા પૂજામાંજ સમાવી દેતો નથી. તે તો ભક્તિ એટલે પ્રેમ અને તેથી મળતું સુખ અર્થાત્ સત્ય આનંદ તેજ ભક્તિ છે એમ ગણે છે. ભક્તિનો વિસ્તીર્ણ અર્થ સત્ય પ્રતિ પ્રેમ એમ પણ થાય છે; આથી ભક્તિના ભિન્ન ભિન્ન પ્રકારો એટલે સત્ય અને આનંદ પ્રાપ્ત કરવાના જૂદા જૂદા માર્ગો સમજવા આથી વધુ ' ભક્તિ 'ના અર્થને સંકુચિત થાય એમ નથી.

વિધવિધ ધર્મપન્થો આ દૂર્લભ વસ્તુ પ્રાપ્ત કરવાના અનેકાનેક માર્ગ બતાવી રહ્યા છે; જેઓ હેતુ એક્ય ન જોતાં માર્ગ ભિન્નતાના કારણે વૃથા લડી મરે છે. લોકો તરફથી વિદ્વાન્ તરીકે ખ્યાતિ પામેલા તેમજ પણ્ડિતની ઉપાધિથી જોડાયલા ઘણાક શિક્ષિત મનુષ્યો પણ વિશ્વદર્શીપણાની ન્યૂનતાના કારણે સત્યને માટે ખાલી શાસ્ત્રાર્થો-વ્યાખ્યાનો આદિ પીડામાં વણસમજ્યે કહો કે સમજીને પડે છે, એ પણ કેટલું આશ્ચર્ય !

જ્યારે તમો જાણો છો કે સર્વ પદાર્થ યાને દ્રવ્ય અને ભૂત યાને જીવાત્મા ઉત્કર્ષ કિંવા સત્ય અને આનંદ પ્રતિ આકર્ષાય રહ્યાં છે, તો તેમાં સત્યાસત્યની દલિલો આપી તેઓની ઉન્નતિમાં વિક્ષેપ શા માટે નાંખવો જોઇએ ? તેઓ સર્વમાં આપણા જેટલી અક્કલ છે.

તમો કહો છો એજ કિંવા એટલુંજ સત્ય એમ તો કંઈ **નથીજ! સત્યાસત્યનો નિર્ણય કરવાનો અંતઃકરણનેજ હક્ક છે.** ધર્મશાસ્ત્રોમાં લખ્યું હોય, કોઇક મહાત્માએ કહ્યું હોય, અગર પરંપરાથી ચાલતું આવે છે માટેજ તે સત્ય કહેવાય નહિ, પણ તે સત્ય તરિકે ત્યારેજ ગ્રહણ કરી શકાય કે જ્યારે આપણું અંતઃકરણ ત્હેને સત્ય તરીકે સ્વીકારે. આજ માટે પ્રભુભક્તિના ભિન્નભિન્ન માર્ગોમાંથી અગર પ્રકારોમાંથી જે માર્ગ–ધર્મ આપણુને અંતઃકરણ રૂચિત હોય તેજ સ્વીકારવો.

મહાત્મા બુદ્ધનો તો એજ સ્વતંત્ર ઉપદેશ છે કેઃ–

"કોઇએ કહ્યું હોય તે ઉપરથી, અથવા પ્રાચિનકાળથી ચાલી આવેલી દંતકથાઓ ઉપરથી, અથવા લોકોમાં ઉડતી વાતો ઉપરથી, તેમજ ઋષિઓએ લેખો લખેલા છે માટે તે લેખો ઉપરથી, અથવા કોઇ દેવે પ્રેરણા કરી હોય એવા ભ્રમ ઉપરથી, અથવા ઉપમાને લીધે સરખું લાગતું હોય તે ઉપરથી, અથવા તો આપણા ગુરુઓના કે શિક્ષકોના આપ્ત વાકયો ઉપરથી, કોઈ પણ બાબતને માની લેતા નહિ; પરંતુ જ્યારે કોઈ **લેખ, સિદ્ધાંત અથવા ઉપદેશ આપણી બુદ્ધિ તથા અંતઃકરણ કબુલ કરે ત્યારેજ તે સત્ય તરીકે સ્વીકારવા.**"

* * * * *

હાલ અદ્વિતિય, અભિન્ન અને અગાધ ઉદધિ–ધર્મના વિભાગો કરવા પાછળ જૂદા જૂદા મહાત્માઓ, વિધવિધ સમાજો, અનેકાનેક સંસ્થાઓ, મંડળીઓ અને કાર્યાલયો પ્રવૃતિમાં લાગી ગયા છે; ભલે તેઓ સર્વે તેમ કરે! સત્ય શોધવાનો તેઓને સર્વ

પ્રકારે સંપૂર્ણ હક્ક છે. **સત્ય તમારૂં છે તેટલુંજ અન્યનું પણ છે.**

એક દૃષ્ટાંતનું સ્મરણ થતાં હજી પણ મણિને સહજ હાસ્ય થાય છે. વિવેકી વાચક ! એ દૃષ્ટાંતની સાથેજ હાલ પ્રકાશમાં આવેલા જૂદા જૂદા ધર્મો—જૈન, સનાતન, આર્યસમાજ, બ્રહ્મો-સમાજ—ઇત્યાદિમાં કેટલું મહત્વ છે તે તાત્કાલિક પ્રત્યક્ષ થશે.

પ્રાચીન કાળમાં કેટલાક વેપારીઓ ( ધર્માત્માઓ ) પોતાનાં ભાડે રાખેલાં થોડાંક માણસો ( તેના અનુયાયીઓ) સાથે સુવર્ણ (ઇશ્વર)ની પ્રાપ્તિ માટે કેટલીક શંકા પડતી જમીન* રાખી, તેટલાને પોતાના વાડા+ ઠરાવી, કાંચનની શોધ માટે પોતાના માણસોને તેટલામાં કામે લગાડતા.

દરેક પોતપોતાને મનઅનુકૂળ જગ્યા પસંદ કરતો, અને આ રીતે તે પોતાના ક્ષેત્રમાં—'વાડા'માં—ધર્મમાં પોતાના મનુષ્યોની સાથે સુવર્ણપ્રાપ્તિ માટે, અન્ય દિશા અગર વાડા તરફ ધ્યાન ન આપતાં, તેમાંજ નીચી નજર રાખી (અંધશ્રદ્ધા રાખી) આશામાં ઉદ્યોગ કરતો.

એક વખત એક વિચિક્ષણ મનુષ્યે (વિવેકબુદ્ધિએ) કુતુ-હલથી એક વેપારીને સોનાની શોધમાં મદદ આપવાને માટે

---

* અખિલ વિશ્વ એ પ્રભુભક્તિનું વિશાળ ક્ષેત્ર છે; તેમાંથી પોતાને મનરૂચિત્ 'અહિંથીજ મને સોનું મળશે' એવી કલ્પના અને શંકાથી પ્રભુભક્તિના ભિન્ન ભિન્ન પ્રકારોમાંથી હસ્તગત કરેલો એક માર્ગ, આજ તે 'શંકા પડતી જમીન.'

+ પોતાની હદ જણાવવા વાડ કરી, સંકુચિત્ કરી લીધેલો જમીનનો ટુકડો; એટલે નિયમો, આજ્ઞાઓ, પ્રતિનિયમો અને કાયદાઓથી બાધિત કરી વિશ્વધર્મમાંથી છૂટો પાડેલો પોતાનો મનાનુકૂળ ધર્મ. **ગ્રં. પ્ર.**

બંધાવાનું કહ્યું. તે એક વેપારીને મળ્યો. પેલા વેપારીએ (ધર્માત્માએ અગર નવીન પન્થ સ્થાપનારે) તેને (વિવેકબુદ્ધિને) કહ્યું, "શું તું મ્હારા 'વાડા'–ધર્મમાં રહેવા રાજી છે?" પેલાએ ઉત્સુકતાથી હા પાડી, એટલે તો પોતાના મતને વિજય મળતો જોઇ પેલા વેપારીએ આગળ લંબાવ્યું, "જો! આ બીજા સર્વ વાડાવાળાઓને* કંઇ પણ મળતું નથી. હું તો બિચારાઓને કહી કહીને થાક્યો, અને અમારા વાડામાં–ધર્મમાં આવવાનું કહ્યું પણ તેઓ માનતા નથી; અને હજી અંધકારમાંજ કુટાયા કરે છે. મેં તેઓને કહ્યું કે, અહિં થોડી મહેનતમાં તમો સોનું મેળાવી શકશો, પણ મ્હારી વાતને તેઓ હસી કહાડે છે. તમોજ જોશો કે અમારો કેવો સરળ માર્ગ છે! અમારા સિવાય ઇતર સર્વ 'વાડાવાળાઓ' મહા ભૂલ કરે છે; તેઓ હજી સત્ય માર્ગ જાણતા નથી. બિચારાઓની મને ઘણી દયા આવે છે. પણ...."

હજી તો તે પુરૂં બોલે તે પહેલાંજ પેલા મનુષ્યે કહ્યું કે, "તેઓ પણ કહેતા કે તમારી તેઓને દયા આવે છે. **હું સમજી શકતો નથી કે** (તમારા બધામાં) **સત્ય કોણ છે?**"

હાલ આજ પ્રમાણે દરેક ધર્મ સ્થાપનાર 'વાડા' બાંધી ગયો છે; અને પોતાનોજ ધર્મ સત્ય છે,–એમ કબૂલ કરાવવા બીજાઓનું ખંડન કરી પોતાનું મંડન કરે છે; તથા પોતાનોજ માર્ગ સત્ય છે, અર્થાત્ પોતાનોજ ધર્મ ખરો છે એમ માની

---

* આવી રીતે ઉદય પામેલા જૂદા જૂદા ધર્મો, અને સ્થાપિત થયેલા અનેકાનેક વાડાઓના મુખ્ય નેતાઓ અને ધર્મ સંપાદકો તેમજ વાડામાં કામ કરતાં અન્ય સર્વ **મજુરો** (તેના અનુયાયીઓ); આ સર્વ માટે વપરાયેલો એક શબ્દ 'વાડાવાળાઓ.' **ગ્રં. પ્ર.**

અન્ય પ્રતિ દોષદૃષ્ટિ રાખે છે. "**મ્હારો ધર્મ કબૂલ કરવાથીજ મુક્તિ થશે" એમ નિશ્ચયાત્મક રીતે કહેનાર કોઇ પણ ધર્માત્મા હજી સૂધી સત્ય જાણી શકયો નથી.**

આજથી લગભગ આઠેક મહિના પૂર્વે એટલે કે ઇ. સ. ૧૯૧૬ ના **ઑકટોબરમાં મણિને** એક **ખ્રિસ્તિ** ઉપદેશકની મુલાકાત થઇ;–આ ઉપદેશક પોતે વિદ્વાનમાં લેખાતો હતો, તેમજ **બાયબલની મુખ્ય** 'સૉસાયટી'માં પણ અગ્રગણ્ય હતો એટલે એની સાથેના પરિચયથી તે તેમજ **મણિ** ઉભય પ્રસન્ન થયા. એક દિવસ ધર્મ વિષયે બોલતાં તેણે એવું કહ્યું કેઃ–

Salvation is through Christ and Christ only.

"મુક્તિ ફક્ત **ક્રાઇસ્ટની** મારફતેજ સંભવિત છે." અર્થાત્ તેનો કહેવાનો આદેશ એવો હતો કે, **ખ્રિસ્તિ** ધર્મ માન્ય કર્યેથીજ મુક્તિ થાય છે; અન્ય ધર્મથી નહિ, **न्यायः पन्था विद्यते ऽयनाय ।**

**મણિના** વિશ્વદર્શીપણાને આ વાકય કિંચિન્માત્ર રૂચ્યું નહિ તેણે તરતજ કહ્યું;—

"You see from the red the samething I see from the white. The difference is only in glass."

**"જેને હું ધોળા રંગથી જોઉં છું તેનેજ તમો રાતા રંગથી જૂઓ છો; ભેદ માત્ર કાચોનોજ છે."**

આ શબ્દો સાંભળી તે ઉપદેશક વિસ્મય પામ્યો. તે સમજ્યો કે પોતે ઉપર્યુકત વાકય બોલવામાં કેટલી ભુલ કરી!

આજ પ્રમાણે જો કોઈ અન્ય ધર્મ ઉપદેશક ઉદ્ધત રીતે

કહે કે, "બુદ્ધથી, કૃષ્ણથી, અગર અમુકથીજ તમારી મુક્તિ થશે" તો તેને ફક્ત એટલુંજ કહેજો કે:-

**आकाशात् पतितंतोयं यथा गच्छंति सागरम् ।**
**सर्व देवे नमस्कारः केशवं प्रति गच्छति ॥**

"જેમ જૂદી જૂદી નદિઓ જૂદાં જૂદાં સ્થાનોમાંથી નીકળી જૂદે જૂદે માર્ગે વહી છેવટે સાગરને મળે છે તેવીજ રીતે બધા ધર્મો-સંપ્રદાયો જૂદા જૂદા લક્ષ્યબિંદુઓમાંથી ઉદ્ભવ પામી સીધે કે આડે માર્ગે થઇને છેવટે ઓ પ્રભુ! તનેજ મળે છે."

**દરેક ધર્મ એમજ ધારે છે કે, પ્રભુ પ્રાપ્તિનો સરળ અને સત્ય માર્ગ પોતેજ શોધી કહાડયો છે;** અને પોતા સિવાય અન્ય સર્વે તિમિરમાં માથાં મારે છે. આથી તે ધર્મના પ્રચારકો અને તેના સહાનુધ્યાયીઓ એટલા તો અંધશ્રદ્ધામાં ડુબી ગયા હોય છે કે, અન્ય ધર્મ પ્રતિ દૃષ્ટિ કરી સત્યાસત્યનો નિર્ણય કરવા જેટલી પણ વિવેકબુદ્ધિ તેઓમાં રહેતી નથી. આના પરિણામે સત્યને બાજુએ રહેવા દઇ જુદા જુદા 'વાડાવાળાઓ', Opposition gives opinion strength ના નિયમાનુસાર મતાગ્રહી બની જાય છે, એટલે મતમતાંતરોના સામાન્ય સ્વભાવ પ્રમાણે દ્વેષ, ઘણા અને ઇર્ષા સર્વ પથિકજનો-સત્યશોધકોમાં ઉદય પામે છે. આજ સત્ય કહીએ તો ન્યાયદૃષ્ટિથી પોતાના મુખ્ય કિંવા પ્રથમ નિયમનું ઉલ્લંઘન છે.

બાયબલ શું કહે છે? તે કહે છે કે:-Love your neighbour as thyself.

"તમારા પડોશી ઉપર તમારી જાત જેટલોજ પ્રેમ રાખો." પ્રત્યેક ધર્મો વિશ્વવ્યાપી પ્રેમ (Universal Love.) ને માટે

આજ્ઞા કરી રહ્યા છે; પણ તેના કયા અને કેટલા અનુયાયીઓ (followers) તે પ્રમાણે વર્તે છે? **ધર્મના નેતાઓ ગણાઈ કોણે ધર્મની આજ્ઞાઓ પૂર્ણાંશે પાળી છે? ત્યારે તો એમજ થયું કે તેઓ પોતેજ પોતાના ધર્મને માનતા નથી.** ૐ।

કોઇ એક સત્ય શોધકે **મણિને** આધુનિક સમયમાં વધી પડેલા મતમતાંરો અને ધર્મોપ્રતિ ણા દર્શાવતાં કહ્યું, "એક હિંદુસ્તાનની અંદરજ જૂઓ તો સેંકડો ધર્મો છે, એટલે એકતા ક્યાંથી આવે?" **મણિએ** તેને હિંમત આપતાં કહ્યું, "એમ નાશીપાસ થવાનું કંઇ પણ કારણ નથી; તેત્રિશ કરોડ મનુષ્યોને પ્રભુપ્રતિ જવાના ફકત હજાર કે બે હજાર માર્ગોજ જડયા જાણી **મણિ** અતિ દુ:ખી થાય છે. હું તો ઇચ્છુ છું કે, **તેત્રીશ** કરોડ **મનુષ્યોને માટે તેત્રિશ** કરોડ માર્ગ હોવા એજ **ઉત્તમ છે."** ત્યારે ઐકય સંભવે કયેમ? **મણિ** કહે છે કે, એકતા કંઇ બાહ્યભિન્નતા સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ રાખતી નથી. પતિ પત્નિ બાહ્ય દૃષ્ટિથી ભિન્ન છે પણ તેથી શું તેઓમાં એકતા નથી? **એકતાનું અવલંબન માત્ર પ્રેમ ઉપર છે; એટલે જયાં પ્રેમ છે ત્યાંજ ઐકય સંભવે છે.** વિજાતિય મનુષ્યો વચ્ચે શું પ્રેમ થયો નથી? થયો છે, અને તેથીજ તેઓ અભેદતા અનુભવે છે. એટલે માર્ગભેદો અને ધર્મભેદોથી ઐકયમાં વિક્ષેપ પડતો નથી. પ્રેમ થયો ત્યાં ભિન્નતા રહેતી નથી; પણ હિંદુસ્તાનમાં મુખ્યત્વે પ્રેમનોજ અભાવ છે એટલે ઐકય ન હોય એ સાહજિક છે." તો આનો સર્વ દોષ ધર્મોને શા માટે આપો છો?

તમારે મન અનુકૂળ માર્ગ–ધર્મ તમે ગ્રહણ કરો અને અન્યને તેના મન પસંદ માર્ગ–ધર્મ લેવા દો, પણ પ્રેમ ભુલતા

નહિ, પછી જૂઓ કે કેવી એકતા અનુભવાય છે? આથીજ પ્રેમનું સ્વરુપ ભક્તિમાં ઉત્તમ કહ્યું છે.

નવધાભક્તિમાં ભક્તિના નવ પ્રકારો દર્શાવ્યા એ પણ મનની અનુકૂળતાને માટેજ ! તમોને નવે માર્ગ એક વખતે પ્રભુ પ્રાપ્તિ માટે ગ્રહણ કરવાને કોઇ પણ કહેતું નથી; તમો કાંતો કીર્તન ભક્તિ કરો, કાંતો શ્રવણ ભક્તિ કરો; કાંતો પ્રેમ ભક્તિ સ્વીકારો, અગર તો અન્ય ગમે તે ભક્તિ ગ્રહણ કરો. તેમાં અમુક એવી મર્યાદા બતાવી નથી.

મનુષ્યોને યોગને માટે કેટલાઓ યોગના પ્રકાર બતાવવામાં આવ્યા છે; જેવા કેઃ—રાજયોગ, હઠયોગ, ભક્તિયોગ, વિભુતિયોગ, જ્ઞાનયોગ, કર્મયોગ ઇત્યાદિ. આમાંથી કર્મયોગ જો જ્ઞાનયોગને અગર તો ભક્તિયોગ જો જ્ઞાનયોગને અગર રાજ-યોગ જો હઠયોગને મિથ્યા કહે તો તે એક પ્રકારની ગેરસમજુત છે; કારણકે માર્ગ ભિન્ન હોવા છતાં પણ આખરે સર્વ એક જગ્યાએજ પહોંચનાર છે; એટલે સત્યાસત્યનો નિર્ણય તો પોતાની રૂચિ ઉપર કરવાનો છે. **ખોટું કંઇજ નથી.** સત્ય સર્વ છે, તેને જોતાં શીખવું તેનોજ આ પુરુષાર્થ !

આજથી લગભગ ત્રણેકજ દિવસ પૂર્વે **મણિ**ને મળવાને માટે કેટલાક જીજ્ઞાસુઓ આવ્યા હતા; જેમાનાં એકે કહ્યું કે, “હઠયોગીઓ જગતને શું ઉપયોગી ? તેઓ તો સ્વાર્થી છે. યોગ શીખી તેઓ જંગલના એકાદ ખુણામાં પડી રહે; તેથી હિંદુસ્તાનનું શું ભલું થયું ? ” આમ કહી તેણે તિલક, ગાંધી, ગોખલે આદિ કર્મવિરોના કાર્યોની પ્રસંસા કરવા માંડી. **મ-ણિ**ને આ એક દર્શીપણામાં ઘણીજ ન્યૂનતા જણાઈ. તેણે સહજ તેઓને શાન્ત પાડતાં કહ્યું, “ મહાશયો ! આપનું

કહેવું યથાર્થ છે; પણ ઢાલને બન્ને બાજુએ જુદા જુદા રંગો છે તેની તમોને ખબર છે? તમે તો માત્ર રૂપાંવાળી બાજુ જોઇ, સોનાવાળી બાજુ તો હજી બાકીજ છે. તે બાજુ જોશો એટલે આ કર્મવિરોની પ્રસંસા તમો ભૂલી જશો. મણિ તો હરહંમેશ એજ ઉપદેશ આપે છે કે, **સહજ આંખો ઉઘાડી વિશ્વદર્શી થાઓ એટલે સર્વ એની પોતાની મેળેજ સ્પષ્ટ થઈ જશે.** તમો કહો છો કે, 'હઠયોગીએ હિંદુસ્તાનનું શું ભલું કીધું?' **મણિ** એનો જવાબ હવે આપે છે કે, "તેત્રિશ કરોડ હિંદવાસીઓમાંથી તે એક બાદ થતાં બાકી રહેલા તમારા ૩૨૯૯૯૯૯૯૯ કર્મવિરોએ હિંદુસ્તાનનું શું ભલું કર્યું છે? તે એકના ઉપર તો કંઇ હિંદુસ્તાનના ઉદ્ધારનું અવલંબન નહતું. ત્યારે તમો બાકી રહેલાએ શું કર્યું? જ્યારે તમારા આટલાથી કંઈ થતું નથી ત્યારે તે એકને શો દોષ? તમો પણ કર્મો કરીને આખરે તો તેના જેવાજ છો; ત્યારે તમારાં કર્મોનું પણ શું ફળ! **સૃષ્ટિને એક હાથે કોઇ સુધારી શકનાર નથી.** વસ્તુતઃ સૃષ્ટિ પોતે બગડીજ નથી. બગાડો એજ સુધારો છે. અને સુધારો કુધારાને માટે છે."

**મણિ** તો ધર્મોને ફકત માર્ગ ભેદો કહે છે, એટલે પ્રત્યેક વ્યકિત પોતાને મનપસંદ માર્ગ ગ્રહણ કરવા સંપૂર્ણ સ્વતંત્ર છે. કોઇને વ્યાયામને ખાતર કદાચિત લાંબો માર્ગ લેવો હોય તો ભલે તે તેમ કરે; **કોઇને રોકવાનો અગર ના કહેવાનો તમોને તેમજ મને જરા પણ હક્ક નથી.** ભકિતના ભિન્ન ભિન્ન પ્રકારોને વિશાળતા આપ્યા સિવાય અન્ય કોઈ પણ રીતે **મણિનું** વિશ્વદર્શીપણું તેને સંકુચિત્ કરી વ્યકત કરી શકે એમ નથી. ૐ! ૐ!! ૐ!!!

# ૭-પ્રભુભક્તિમાં સત્યાનંદ.

अहिमिव जनयोगं सर्वदा वर्जयेद्यः
कुणपमिव सुनारीं त्यक्तकामो विरागी।
विषमिव विषयान्यो मन्यमानो दुरंतान्
जयति परमहंसो मुक्तिभावं समेति ॥ ७ ॥

"જે વૈરાગ્યશીલ પુરુષ, સદાય સર્પની પેઠે, મનુષ્ય સંગ કરવાની ઇચ્છા કરતો નથી, શબની પેઠે સુંદર સ્ત્રીનો ત્યાગ કરવાને ઇચ્છે છે, તથા પરિણામે દુઃખ દેનારા વિષયોને વિષ સમાન માને છે, તે પરમહંશ વિજય મેળવે છે તથા મુક્તિને પામે છે." ૭

શક્યા નહિ તોય હજી મથે છે
સુખોની પુઠે અલિમાળ પેઠે,
આનંદ લેવાજ અમ્બુજમાંથી
જનો બની અંધ ફરે છે વિશ્વે.

એકે મળ્યું સુખ ન તો બીજેથી
ત્યજી વળી તે પણ ના મળ્યેથી
અનેક ત્યજતા, વળી આવી રીતે
અનેક ત્યજશે, સૌગંધ માટે.

આનંદની તૃપ્તિ હજી ન તોયે
થઇ, ગ્રહ્યે પક્ષ બહુ બહુ એ.
સંસારના સુખ ખ પુષ્પ જેવાં;
યત્નો સઉ વ્યર્થ છે ભ્રાન્તિમાંના.

પ્રભુ મહિં આનંદ જે રહ્યો છે,
ચિરકાળ તે એક રુપે રહે છે.
રે ! નાશ તેનો ન કો દિ થવાનો-
વિકાસ પામી ઉદધિ થવાનો.



સંસાર સુખો અંતે નાશવંત છે. કીર્તિ પણ ચિરસ્થાયી નથી. સુખ અને દુઃખ ઉભય માત્ર ભ્રમણા છે. ભૌતિક વિષયો વિષ સમાન છે. ઇન્દ્રિયો તેમાં સુખ માને છે, પણ એ સ્થૂલ સુખો (ઇન્દ્રિય જન્ય) સાથે આવનાર નથી.

આવી સ્થિતિમાં આનંદને પોતાનાથી બહાર શોધવા નિકળેલા સત્ય કેન્દ્ર ( Real centre ) થી ચ્યુત્ જીવાત્માઓ ભ્રમરોની માફક એક વિષયમાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં એમ વિષયોના અનેકાનેક રુપોમાં—પદ્મો ઉપર સ્થિત્યાન્તર થયા કરે છે. એક કુમુદના સૌગંધના સૌન્દર્યથી તૃપ્ત ન થતાં અલિ ( મધુકર ) બીજા ઉપર ઉડી બેસે છે. અને જી-

વનાન્ત સૂધી આજ પ્રમાણે સુખ કિંવા આનંદની ઝાંખી કરવાના સુખમય ઉદ્દેશથી લોભાઇ દિનનાથના ઉદયની સાથેજ અગ્રભુજ પાછળ ભમ્યા કરે છે; પણ તેને કો દિ આનંદની તૃપ્તિ થઇ નથી, અને થનાર પણ નથી.

મનુષ્યો પણ સામાન્ય રીતે આજ પ્રમાણે અનેકાનેક વિષયો તરફ, આકર્ષાઇ, તેના મોહમાં બંધાઇ, તે ઈન્દ્રિય વિષયક વિષયો તરફજ મોહાન્ધ બની દોરાયા કરે છે. તેઓ તુચ્છ વિષયો પાછળજ ભમ્ય કરે છે તદપિ તેઓના આનંદની તૃપ્તિ હજી સૂધી થઇ નથી. તેઓ આમાંના એકથી પણ સંતુષ્ટ થયા નથી. તે એ એક વિષય ત્યજી બીજો વિલાસ હાથમાં લે છે, અને આમ મર્ણાન્ત સૂધી વિષયોમાંથી આનંદ મેળવવા પુરુષાર્થ કરે છે. પણ પ્રભુ તેઓને આ ક્ષુદ્ર ઉ શમાં કોઇ પ્રકારે વિજય આપતો નથી. ણ જાણે કે શાથી પ્રભુ તેઓની આ તુચ્છ વાંચ્છના પૂર્ણ કરતો જણાતો નથી. ઠીક થાય છે કે આથી તેઓ સત્ય પ્રતિ અથડાતા કુટાતા અન્તે આવે છે. નહિ તો તેઓની શી સ્થિતિ ?

બાળક ન્હાનું હોય છે ત્યારે તે પોતાના અંગુઠામાંજ સર્વ સુખ માને છે. તે પોતાના અંગુઠાને ભ્રમથી માતાનું સ્તન ધારે છે,—અને તેનાજ પાનમાં પોતાનીજ લાળથી સંતુષ્ટ થાય છે.

**असारे खलु संसारे सुखभ्रान्ती शरीरिणां**
**लालापानमिवांगुष्ठे बालानां स्तन्यविभ्रमः ॥**

ભાવાર્થ—પોતાના અંગુઠાને ધાવતાં પોતાનાજ મુખની લાળ મુખમાં આવે તેને, છોકરાં જેમ દૂધ ધારે છે, તેમ આ સં-

સારમાં સુખ નથી, પણ દુ:ખમય પ્રસંગ આવે છે તેનેજ મનુષ્ય સુખ-આનંદ માની લે છે.

આતો એક સંપૂર્ણ અને હડહડતું અજ્ઞાન ! દિનનાથ (સૂર્ય) ને ઉદધિનાથ (ચંદ્ર) કહેવો એ જેટલી મૂર્ખાઈનું કાર્ય છે, તેટલીજ મૂર્ખાઇ બલ્કે તેથી પણ વિશેષ મૂર્ખાઈ ઇન્દ્રિયજન્ય સુખો એ વાસ્તવ સુખો છે એમ કહેવામાં છે. વિષયી સુખો કદાચિત્ તેટલા વખતને માટે આનંદ આપે એમ આપણે માનીએ, પણ તેઓ સદાકાળ ટકનાર નથી; તેઓ ક્ષણિક ( Transient ) છે. અનંતકાળ ટકનાર નહિ એવી ચીજો માત્ર ભ્રાન્તિ અગર મિથ્યા છે. વિષયી સુખો પણ પાછળથી દુ:ખ દે છે એટલે વાસ્તવમાં તેઓ સત્ય સુખો નથી. તે સુખો માત્ર કાલ્પનિક છે ? સત્ય સુખ તો આત્મામાં પોતાનામાં છે. અન્ય સ્થળે તેને શોધવાની કશી જરૂર નથી.

**મનુષ્યો પોતેજ દુ:ખ ઉત્પન્ન કરે છે. દુ:ખ અને સુખ ખાલી દ્વંદ્વિક અધ્યાસ છે.** તેઓ એક પરિચિત યુગ્મ છે. સત્ય કહીએ તો, **દુ:ખ અને સુખ એ ઉભય** એક દિર્ઘકાલીક **મહાન સ્વપ્નના અધ્યાસ માત્રો છે;** વાસ્તવમાં વિશ્વમાં સુખ પણ નથી અને દુ:ખ પણ નથી. વિશ્વ ઉભયથી પર છે. વિશ્વ આનંદ છે; અને આનંદમાંજ તેની સ્થિતિ છે. તો આનંદથી ભિન્ન મનુષ્યો શી રીતે હોઇ શકે ?

**आनन्दादेव तज्जातं तिष्ठत्यानन्द एव तत् ।**
**आनन्द एव लीनं चेत्युक्तानन्दात्कथं पृथक् ॥**

पंचदशी.

સત્યાર્થઃ—નજરે પડતું જગત્ આનંદથીજ ઉત્પન્ન થયું છે; તે આનંદમાંજ સ્થિતિ કરીને રહેલું છે; અને તે અંન્તે આનંદમાંજ લીન થાય છે. આ રીતે વર્ણવેલા આનંદથી હું અને જગત્ ભિન્ન કેમ હોય ?

શું દુઃખ ? એ તો માત્ર કલ્પના છે. શું સુખ? એ તો માત્ર ભ્રાન્તિ છે. ત્યારે સત્ય શું ? સત્ય એક માત્ર આનંદ છે; તે નાશવંત નથી. શું સુખ એ આનંદ નથી ? આનંદ એ સુખથી પર છે; સુખને આનંદ કહી શકાય નહિ; સુખ ઈન્દ્રિય-જન્ય છે. આનંદ કંઇક આત્મિક અને આંતરિક છે. સુખમાં માત્ર આનંદનો આવિર્ભાવ થાય છે. સુખ સ્થૂલ છે. આનંદ સૂક્ષ્મ છે. સુખ વિચારની મર્યાદામાં છે; આનંદ વિચારોથી પર છે. કોઈ પણ રીતે સુખનું આત્મામાં આરોપણ થઇ શકે એમ નથી; સુખ વિષયજન્ય છે, આનંદ જ્યારે આત્માનોજ ગુણ છે. આત્મા—પુરુષ સત્, ચિત્, અને આનંદ છે. ૐ ! ૐ ! !

**॥ अथ खलु क्रतुमयः पुरुषः* ॥**

छान्दोग्योपनिषद्.

વસ્તુતઃ સુખ દુઃખ ઉત્પન્ન કરનાર તમો પોતેજ છો. સુખ અને દુઃખ ઉભય તમારા પોતાનામાંજ છે. આની પ્રતીતિ તમને થઇ નથી. માત્ર એટલુંજ ? એક મજુરને આઠ આના મળ્યેથી તે તેમાં સુખ માનશે. એક બીજો શિક્ષિત મનુષ્ય પ્રતિ-દિનના તે આઠ આનાથી રાજી ન થતાં તેમાં દુઃખ ધારશે. તેનો લોભ મ્હોટો છે; તેને રૂપીઆ જોઇએ છે. એક માણસ રોટલામાં સુખ માને છે; બીજાને તે દુઃખકર જણાય છે. વિષયી

---

*અર્થઃ—માણસ પોતાની ઇચ્છાનો બનેલો છે.

પોતે સ્ત્રી અને સાંસારિક વિષયોમાં સુખ ગણે છે; જ્યારે એક વિરક્ત સન્યાસી તેમાં દુઃખ અને અધોગતિનું મૂળ જુવે છે. વસ્તુ એકજ છે. અપેક્ષાઓ ભિન્ન ભિન્ન છે. વિષયજન્ય સુખોની અપેક્ષાથી તપાસતાં તેમાં એક સુખ માને છે; બીજો તેમાં દુઃખ ગણે છે. સુખ દુઃખો કોઈ અમુક ચોક્કસ વસ્તુમાંજ સ્થિતિ કરી રહ્યાં નથી, અગર તો કોઈ પણ વસ્તુને હજી સૂધી કંઇ ખાસ 'પેટન્ટ ટ્રેડમાર્ક' (સુખ અગર દુઃખનો) મળ્યો નથી. **સુખ અગર દુઃખ તમો પોતેજ તમારી ઇચ્છાથી ઉત્પન્ન કરો છો.** અમુકમાંજ સુખ અગર અમુકમાંજ દુઃખ એમ કંઈ નિર્મિત્ નથી પણ મનુષ્યો પોતાની અનુકૂળતા પ્રમાણે સુખ માની લે છે. સુખ તમારા પોતામાંજ છે. તમો તેનું માત્ર બાહ્ય વસ્તુઓમાં આરોપણ કરો છો. ભૂલ માત્ર એટલીજ ! **"હું પોતે-આત્મા-આનંદરુપ છું" એવી ભાવના કરી કે તે સાથે દુઃખો નાસી જાય છે.** જગત્‌ને પોકારીને કહો કેઃ—

**"વિશ્વમાં કોઇ સ્થળે દુઃખ નથી. દુઃખ એ તો માત્ર ખાલી અધ્યાસ છે. તમે આનંદરુપ છો. જગત્ આનંદરુપ છે. એક વખત તેનો અનુભવ કરો."** વસ્તુઓમાં તમે સુખ માની લ્યો છો; પણ વાસ્તવમાં તે વસ્તુઓ પોતે સુખ નથી. ઘણા વર્ષથી દૂર દેશાવર ગયેલા તમારા મિત્રના આગમનની ખુશ ખબર કોઇ માણસ તમને આપે છે. તમો તેમાં સુખ માનો છો. આ વખતે તમારો મિત્ર એ તમારા સુખનું કારણ થયું. થોડા સમયમાં તમારો મિત્ર આવે છે; તમારી મુલાકાત થાય છે. તમોને તેથી આનંદ થયો. તે મિત્ર બે ત્રણ મહિના ત્યાં રહે છે; હવે તે (મિત્ર) તેને આનંદ આપી શકતો નથી.

તે કોઇ કોઇ વખત દુઃખી જણાય છે. જો તે મિત્રજ તેના સુખનું કારણ હોત, તો સુખનું સાધન પાસે હોવા છતાં પણ તે મનુષ્ય દુઃખી કેમ થાત ? હવે તે મિત્ર એ કંઈ વાસ્તવિક સુખનું કારણ ન હતું. સુખ તેના પોતાના મનમાંજ છે. આની તેને ખબર નથી. પરિણામમાં–તેણે તે સુખ પોતાના મિત્રમાં માની લીધું.

**मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ।**

શબ્દાર્થઃ—મન એજ બન્ધ અને મોક્ષનું કારણ છે.

મનુષ્યજન્મ ધરી દુઃખો ખમશો તો તે તમો તમારી પોતાનીજ ઈચ્છાથી કરો છો. ઈશ્વર કોઇને દુઃખી જોવા ઈચ્છતો નથી. દુઃખો તો તમો તમારી જાતેજ વહોરી લો છો. ઈશ્વર **દુઃખ અને પાપની નિશાળમાં ભણ્યા નથી તો જગતમાં તેઓ ( દુઃખ અને પાપ ) નું અસ્તિત્વ હોયજ ક્યાંથી ?**

એક વિશ્વદર્શી મહાત્માને કોઇક કારણસર કેદ કરવામાં આવ્યા. તેની મુલાકાતે જનાર કેટલાક મનુષ્યોમાંથી એકે પુછ્યું; “ મહારાજ ! આપ અહિં કેટલા દુઃખી થાઓ છો ? તમારી મુક્તિ માટે અમો રાજા સ્હામે બંડ કરીશું.” તે શાન્તરમ્ય મૂર્તિએ જવાબ આપ્યો:—“ તેમ કરી તમો મને દુઃખી કરશો નહિ; કેમકે મ્હારી ઝુંપડી જેટલોજ મને અહિં આનંદ મળે છે.” તે મહાત્મા સંપૂર્ણ રીતે જાણતા હતા કે, **સુખ દુઃખ ઉભય પોતામાંજ છે.** એટલે કેદખાનાની કોટડી તેને પોતાની ઝુંપડી જેટલીજ સુખમય લાગી. અર્થાત સુખ કંઈ તેની પોતાની ઝુંપડીમાં હતું નહિ, અગર દુઃખ કંઇ તેની કેદખાનાની કોટડીમાં હતું નહિ, પણ ઉભય તેના પોતામાંજ હતાં. અસ્તુ

"પ્રભુ ! હું બહુજ દુઃખી છું." કહી દુઃખનો આરોપ પ્રભુ ઉપર ઢોળવાનો તમને જરા પણ હક્ક નથી. પ્રભુએ કંઈ તમને દુઃખી થવાને માટે જન્મ આપ્યો નહતો. જાતે કૂવો ખોદી દીવો લઇ અંદર પડી પછી બુમો પાડો અને ત્રાહ્ય, ત્રાહ્ય પોકારો, અને વિવિધ પ્રકારે દુઃખો માની લઈ દૈવને શીર તેનો આક્ષેપ મુકો આતો એક પ્રકારની ચોખ્ખી મૂર્ખતા થઇ. પ્રભુએ કદિ તમને એમ કહ્યું હતું કેઃ—"જગત્માં જન્મી તમે દુઃખ ખમજો ?"

પ્રભુ તો મનુષ્યરૂપે બોધે છે કે :—

"જગત્ વિશે જન જન્મજ પામી સાથ નિજ શું લઈ જાશે !
આજ જીવવું, મરવું કાલે ! તડિત ઘડી ચમકે મધ્યે !
આદિ અન્તમાં મેઘજ કાળા, અંધકાર બાકી સંધે ! જગત્૦
એ ચમકાર સમે થઈ લેજો સફળ નેત્ર, સઉ નેત્રવતા !
જો જો ઘડીભર, રમજો ઘડીભર, ભ્રૂવિલાસ થાજો કરતા ! જગત્૦
(સ્નેહમુદ્રા.)

**વિશ્વમાંથી લુંટાય તેટલો આનંદ અને પ્રેમ લુંટો. જીવન આનંદને માટે છે;** અને વળી તેમાં પણ દુઃખો અનુભવવાં એતો વિભુકૃતિ સ્હામે દ્રોહજ કર્યો કહેવાય. આથીજ **સ્પેન્સર** કહે છે કેઃ—

Gather therefore the rose, whilest yet is prime,
For soon comes age that will her pride deflower:
Gather the rose of love, whilest yet is time,
Whilest loving thou mayest loved be with equal crime.
*(Faerey Queene Book II).*

જીવન ઉત્કર્ષને માટે છે. ( Life is for Evolution ) દુઃખો ઉન્નતિમાં વિક્ષેપ નાંખે છે. દુઃખો આત્માને સંકુચિત-મર્યાદિત કરે છે. પ્રેમ-આનંદ ઉત્કર્ષનું રહસ્ય છે. ઇન્દ્રિયજન્ય વિષયો એ વિશ્વ-કાસારમાં સ્થળાંન્તરે ઉગેલાં પદ્મો છે કે જેના ઉપર ભ્રમરો-મનુષ્યો સુખ માની સ્થિરતા પકડે છે. આખરે તે સુખ-સ્થૂલ આનંદ પણ યાવચ્ચંદ્રદિવાકર નથી, એમ અનુભવથી સિધ્ધ થાય છે. આત્મા એક માત્ર સત્ય છે. તે અનાદિ છે.

સર્વે ક્ષણિક સુખો સત્ય સુખો નથી, કેમકે તે સુખ તેટલા વખતને માટે માત્ર સુખ જેવું લાગે છે, પણ વાસ્તવમાં તેમ નથી. **સુખ ફક્ત આત્મામાં છે.** સુખોનું કેન્દ્ર માત્ર એક આત્મા છે. સત્ય સુખ એજ આનંદ છે; અને આનંદ એ આત્માનો ધર્મ ( ગુણ ) છે. આત્માની સહાય લેનાર મનુષ્ય હંમેશાં આનંદજ અનુભવે છે. ૐ !

કંટાળીને આવતાં તમોને કોઇ શુભ સમાચાર ( Glad tidings ) કહે કે;—" ત્હમારે ત્યાં પુત્ર જન્મ થયો છે," તો તમે કેટલા ખુશ થાઓ છો ! તમો આ ખબરથી તે વખતે સુખ અનુભવો છો. વાસ્તવમાં તે જન્મ પામેલો છોકરો કંઇ તમારા સુખનું મૂખ્ય કારણ ન હતું, કેમકે હજી તો તમે તેને જોયો પણ નથી. પાછળથી વીશેક વર્ષ પછી તમોને તે છોકરા સાથે કારણવશાત્ તકરાર થાય છે. અને તમો તેનાથી જૂદા રહો છો. એજ વખતે તમોને તેજ છોકરાથી દુઃખ થાય છે, કે જેમાં એક સમય તમે સુખ માન્યું હતું. પણ યાદ રા-

ખબર ! કેઃ—મૂળ સુખ તે ખબર મળતી વખતના ત્હમારા ચિત્તની સ્થિરતા ઉપર અવલંબી રહ્યું છે. ત્હમારે ત્યાં પુત્ર જન્મ્યો છે.” એ શબ્દોની સાથીજ તમો બીજા વિષયો ઉપ-રથી ચિત્તને દૂર કરી ઐહિક દુઃખોથી તેટલા વખતને માટે નિવૃત્ત થાઓ છો; એટલે સ્થૂલ ઉપાધિયુકત આવરણ દૂર **થતાં આંતર આત્મા પ્રકાશે છે; અને તેજ સુખાનુભવ છે.** વિષયજન્ય સુખોની ઝાંખી તમને આજ કારણથી થાય છે.

વિષયોથી મળતાં સુખોમાં ખુબી એટલી થાય છે કે, મન-અંતઃકરણ તે વખત માટે સ્થિરતા પકડે છે; એટલે ચિત્તની સ્થિરતાના પરિણામે આનંદનો અનુભવ થાય છે. વાસ્તવમાં સુખ એ આત્માના પ્રકાશનું પ્રતિબીંબ છે. મન તો તે વખતને માટે ફકત સ્થિરતા પકડે છે એટલુંજ આત્મરૂપી સૂર્યનું અંતઃ કરણરૂપી નિર્મળ પાણીના સરોવરમાં, વિષયોરૂપી વિધવિધ પવન લ્હેરીઓના પ્રભાવે, પાણીની ચંચળતાને લીધે, પ્રતિબિંબ પડતું નથી; એટલે સૂર્યની અગર તેના પ્રકાશની આપણને ઝાંખી થતી નથી. વિષયોની લ્હેરીઓ જ્યારે બંધ પડે છે ત્યારે અંતઃકરણ—સરોવર શાન્ત થાય છે; અને તેના પરિણામે આત્મા—સૂર્યનું સંપૂર્ણ પ્રતિબીંબ, જેટલા પ્રમાણમાં તેની સ્થિરતા તેટલા પ્રમાણમાં આનંદ કિંવા સત્ય સુખનો સાક્ષા-ત્કાર કરાવે છે. અંતઃકરણ જેમ જેમ વિષયોથી વિરકતતા પામી વધારે શાન્ત બનતું જાય છે તેમ તેમ આત્માનો પ્રકાશ તેમાં અધિક અધિક પડતો જાય છે; અને જ્યારે તે સંપૂર્ણ શાન્ત થઇ કેન્દ્રની સત્તામાં આવે છે ત્યારે આત્માનો તેમાં પરોક્ષ રીતે યથાર્થ અનુભવ થાય છે. અને આત્માનો ધર્મ-

**સ્વભાવ આનંદ હોય વાસ્તવિક આનંદ અનુભવાય છે.**

અંતઃકરણ એ એક નિર્મળ કાચ છે. માત્ર વિષયોનાં આંદોલનોથીજ તે ફક્ત હલ્યા કરે છે. તમારૂં મ્હોં તમો તેમાં જોવા ઇચ્છો છો, પણ અસ્થિરતાને લીધે, તમો તે જોઈ શકતા નથી. કાચ સ્હામે છે છતાં પણ આમ થવાનું કારણ ફક્ત કાચ અને તમારી વચ્ચેના વિષયોના આવરણની સત્તાજ છે. વિષયોની ધ્રુજારીથી હજી અંતઃકરણ સ્થિર થયું નથી. જ્યારે વિષયોના આંદોલનો આવતાં બંધ થાય છે, અર્થાત્ અંતઃકરણ કોઇ પણ પ્રકારના આંદોલનો ગ્રહણ કરતું બંધ પડે છે, ત્યારે કાચ સ્વાભાવિક રીતે સ્થિરતા ધરે છે. એ સમયે તમો તમારૂં સત્યસ્વરુપ અંતઃકરણરૂપી કાચના સાધનથી જોઈ શકો છો. આનંદ અને સુખ એ પણ આ અંતઃકરણની સ્થિરતાનુંજ પરિણામ છે. નહિ તો સુખ કિંવા આનંદ કોઈ અમુક ખાસ વસ્તુઓમાં છે એમ નથી.

આનંદ પ્રાપ્તિની ઇચ્છા રાખતા હો તો વિષયોનાં આંદોલનો ( Vibrations ) થી વિરક્ત થાઓ; ચિત્તને સ્થિર કરો; અંતઃકરણને ધ્રુજવા ન દ્યો; અને વૃત્તિઓને શાન્ત બનાવો. **આંતર વિરકતતા અને વૈરાગ્યવીના સત્યાનંદની પ્રાપ્તિ થતીજ નથી. કયાં તો વિષયસુખો ત્યજો અગર તો સત્યાનંદ મુકો.** એક હાથે બે લાડુઓ ખાનાર વિશ્વમાં ઘણાજ થોડા છે. પુરાતન કાળથી તે અત્યાર સૂધીમાં દૃષ્ટાંત્ રૂપ ફક્ત એક **જનકજ** છે કે જેણે ઐહિક અને પારલૌકિક સુખોની સાથે સત્યાનંદ અનુભવ્યો હોય.

બન્ને બાજુ સાધ્ય કરવાને ઘણાઓએ પ્રયત્ન કર્યો છે પણ સાધ્ય ઘણાજ થોડા કરી શક્યા છે. તેઓ કેટલાક શુદ્ધ અને ઉન્નત આત્માઓજ છે કે જેઓ જળકમળવત્ નિર્લેપ રહી શકે છે. કાજળની કોટડીમાં ડાઘનો ઘણોજ ભય છે. સાચવશો તોપણ કદાચ નડશે. સાહસ ખેડી આખરે મૂર્ખ ન થાઓ એવું કરજો. તમો તે બેમાંથી ફક્ત એક કરી શકશો. એક મ્યાનમાં બે તલવારો સાથે ન સમાય! પ્યાલામાં કયાં તો પાણી હોય શકે કે કયાં તો હવા! ઉભય સાથે હોય તો બંન્નેની અપુર્ણતા છે. અર્ધું પ્યાલું પાણીથી ભરો તો અર્ધું પાણી રહેશે અને અર્ધી હવા રહેશે. ઉભય પૂર્ણ નથી.

એક મગજની અંદર બે વિરુદ્ધ વિચારોની સ્થિતિ સંભવિત નથી; અને હોય તો તે પણ મહા પરાકાષ્ઠાએ! એક માણસ જુઠો અને સત્યવક્તા એકી વખતે હોય શકેજ નહિ. પ્રેમ અને દ્વેષના વિચારો એક જગ્યાએ એકી વખતે ટકી શકેજ નહિ. પ્રકાશ છે ત્યાં અંધકાર નથીજ; અને અંધકાર છે તો ત્યાં પ્રકાશ નથીજ! પ્રકાશ અને અંધકાર ઉભય સાથે રહીજ શકતાં નથી. આ તદ્દન નિર્વિવાદ છે. જળ અને અગ્નિ બે વિરુદ્ધદર્શક ( Diametically opposite. ) પદાર્થોને એકજ વખતે, એકજ જગ્યાએ સાથે રાખી શકાય નહિ. કયાં તો અગ્નિ હોય શકે કે કયાં તો જળ!

ભર્તૃહરિ એ માટે જણાવે છે કેઃ—

**एको देवः केशवो वा शिवो वा**
**एकं मित्रं भूपतिर्वा यतिर्वा ।**

**एको वासः पत्तने वा वने वा**
**एका भार्या सुन्दरी वा दरी वा ॥**

ભાવાર્થ:—એકજ દેવને ભજવો જોઇએ, કાં તો વિષ્ણુ ભગવાન કે કયાં તો શિવ; મૈત્રી પણ એમાંથી એક સાથે રાખવી, કાં તો રાજા સાથે કે કયાં તો સન્યાસી સાથે; નિવાસસ્થાન પણ એમાંથી એક સારૂં, કાં તો શહેર કે કાં તો વન; તેમજ સ્ત્રી પણ એકજ સારી, કયાં તો સુંદર અંગવાળી સ્ત્રી કે કયાં તો ગુફા !”

અર્થાત્ કયાં તો વિષ્ણુમાર્ગી થવું કે કયાં તો શિવમાર્ગી; મિત્રતા પણ સંસારમાં ઉત્તમ એવા રાજા સાથે રાખવી કે જેથી સુખ મળે, અને તેમ ન થાય તો સન્યસ્ત લેવો. નિવાસ પણ શહેરમાં રાખવો નહિ તો વૈરાગ્ય લઇ વનમાં રહેવું. આજ પ્રમાણે સ્ત્રી જાતિમાં પણ સુખને માટે કોઇક દેવાંગનાનો ઉપભોગ કરવો, અને તેમ નહિ તો ત્યાગી થઇ ગુફાથીજ સંતોષ માનવો. અર્થાત્ કયાં તો રાગી રહો કે કયાં તો ત્યાગી થાઓ ! આનંદનો આ બેથી ત્રીજો માર્ગ નથી. **नान्यः पन्था विद्यतेऽयनाय ।**

બાઇબલ પણ ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરતાં લખે છે કે;—

No man can serve two masters: for either he will hate the one, and love the other; or else he will hold to the one, and despise the other. Ye cannot serve God and mammon.

“એક મનુષ્ય બે સ્વામિ (શેઠ) રાખી શકે નહિ, કારણ કે કયાં તો તે એકના પ્રત્યે દ્વેષ અને બીજાના પ્રતિ પ્રેમ

દર્શાવશે; અગર તો એકને વળગી રહેશે અને બીજાની ઘૃણા કરશે. **તમો ઇશ્વર અને દ્રવ્યની સાથે સેવા કરી શકો એમ નથી.**"

શ્રેષ્ટ સુખ યાને આનંદ વસ્તુતઃ માત્ર આવરણનું દૂર થવું છે. વાદળાંઓના આચ્છાદિત થવાના પરિણામે સૂર્યનો પ્રકાશ બહાર આવી શકતો નથી; એટલે વાસ્તવમાં કંઇ એમ નથી કે સૂર્યમાં પ્રકાશ નથી અગર તો ત્યાં સૂર્ય નથી, પણ આવરણના આભારે પ્રકાશના અભાવ રૂપે અંધકાર જણાય છે. આજ પ્રમાણે **દુઃખ એ માત્ર સુખનો અભાવ છે.** પ્રકાશ હોય છે ત્યાં અંધકાર રહેતોજ નથી. દુઃખ એ પણ આત્માના પ્રકાશના બાહ્ય આવરણથી ઉપજેલા તિમિરનું પરિણામ છે. વાસ્તવમાં દુઃખ નથી; અને દુઃખની નિવૃતિરૂપે સુખ મેળવવાને માટે કરવાનું ફક્ત એટલુંજ છે કે, પેલાં વાદળાંઓને સૂર્યની રહામેથી ખસેડી લેવાં; અને આત્માને પ્રકાશવાને અવકાશ આપવો.

સ્થૂલ વિષયોના આંદોલનરૂપી આવરણ જ્યારે આત્માની રહામેથી કારણવશાત્ દૂર થાય છે ત્યારે સુખાનુભવ થાય છે. જો કે સુખ કિંવા આનંદ એ તો આત્મામાં હંમેશાં છેજ, છતાં પણ તેનો અનુભવ આપણને થતો નથી, કેમકે અજ્ઞાનનું વાદળ હજી વિદ્યમાન છે. **સત્ય સુખ કિંવા આનંદ પ્રાપ્ત કરવાનું મૂખ્ય સાધન એ છે કે, આસુરી વૃત્તિઓને–વિષયની ઇચ્છાઓને દુર કરવી. ક્ષુદ્ર વાંચ્છનાઓ દૂર થઈ કે આત્મપ્રકાશની ઝાંખીજ થઈ સમજવી.** સુખ કંઇ એવી વસ્તુ નથી કે જે તમારાથી ભિન્ન હોય તમારી બહાર છે. તે તો તમારી અંદરજ છે; વસ્તુતઃ તે તો હંમેશને માટે છેજ, પણ અજ્ઞાનતાના વાદળ–આવરણને લઇને તમો તેનો સાક્ષાત્કાર કરી

શકતા નથી. આવરણને દૂર કરો–પડદો દૂર ખસેડો એટલે એની મેળેજ પ્રકાશ અંદર આવશે.

સ્થૂલમાંથી સત્ય સુખ કિંવા આનંદ ન મળવાનું મૂખ્ય કારણ તો એ છે કે, **સ્થૂળ સત્તાધારી નથી,** તેમાં સ્વતઃ શક્તિ નથી, તેના ઉપર ચૈતન્યનો અધિકાર છે; વાસ્તવમાં તે અપૂર્ણ છે. અપૂર્ણતા સુખ આપી શકે એમ નથી, કારણ કે કોઈ પણ પ્રકારની અપૂર્ણતામાં ભય રહ્યો છે* સ્થૂલ સર્વ અધ્યાસ માત્ર છે, એટલે સ્થૂલનું સુખ માત્ર ભ્રાન્તિ છે; ભ્રાન્તિ નહિ તો પણ અન્તે તે એક કલ્પના તો ખરીજ !

આધિભૈતિક સુખો સત્ય સુખો નથી પણ માત્ર કલ્પેલો સુખનો અધ્યાસ છે. ઐહિક સુખો સ્થૂલ દેહને આનંદ આપી શકે છે, પણ તેમાં સત્ય સુખ અને આત્મિક આનંદ આપવાની શક્તિ નથી. દેહ સ્થૂલ છે, વસ્તુઓ સ્થૂલ છે. સ્થૂલથી માત્ર સ્થૂલનેજ આનંદ મળે છે. દેહને સુખો જણાય છે.તે ફક્ત સ્થૂલ દૃષ્ટિથીજ. સત્યાનંદની વૃત્તિઓ કદિ સ્થૂલમાંથી ઉદ્ભવતી નથી. તેનો સંબંધ આત્મા સાથે છે. તે આંતર આનંદ ઇચ્છે છે. સત્યાનંદ એજ આંતર આનંદ–સુખ છે. વાસ્તવમાં સત્યાનંદ આ સ્થૂલ સૃષ્ટિના સ્થૂલ સાધનોથી મળતો નથી; તેને કંઇક અલૌકિકતા અને ઉત્તમતા જોઈએ છે. પ્રભુમાં કે આત્મામાં તેવા સુખનું સ્થાન છે. **સત્યાનંદની પ્રાપ્તિ માત્ર આત્મામાંથી થાય છે. તમારા સર્વ શકિતમાન આત્મા-**

---

*'અંગ્રેજી' કહેવત સરખાવો:—

A little knowledge is a dangerous thing.

*(Proverb.)*

**માંજ સર્વ સુખો કિંવા આનંદનું કેન્દ્ર છે.**

ઇન્દ્રિયજન્ય વિષયો ઇન્દ્રિયોને સંતોષ આપે છે; એટલે તેમાં સુખનો આભાસ થાય છે. પણ ઇન્દ્રિયો ઉપર કોઇ પ્રકારનો ભરોસો રખાય એમ નથી. ઇન્દ્રિયો આજે એક ચીજમાં સુખ જુવે છે. બીજેજ દિવસે તેને તે ફાવતું નથી. સાકર આજે સારી લાગે છે, ગાન આજે મધુરૂં લાગે છે, સરોવર તીર આજે રમણિય જણાય છે, પણ શું ? અહાહા ! કાલેજ ઇન્દ્રિયાવકારોથી સાકરમાંથી સ્વાદ જતો રહે છે; ગાનમાંથી માધુર્યતા હરાઇ જાય છે; અને સરોવરનું સૌંદર્ય ભયંકરતામાં ફેરવાઈ જાય છે. જોકે ઈન્દ્રિયો તો તેજ છે તો પણ આંતરિક વિકારોના પરિણામે તેમાં સ્થૂલવિષય નિયમાનુસાર પરિવર્તન થાય છે. કાલેજ ખાધેલી મીઠાઇ આજે મ્હોંથી ઉતરી જાય છે; તે તમારી જીંહ્વાને સ્વાદ આપી શકતી નથી. મીઠાઈ તેજ છે, પણ ઇન્દ્રિયમાં કોઈક વિકાર પેઠો છે. ઈન્દ્રિયો વિકારિક સ્વભાવવાળી છે. તેઓ ભરોસાદાર નથી. કમળાથી પીડિત મનુષ્યને પાણી પીળું લાગે છે; સર્વજ તેને પીળું જણાય છે. જો કે વાસ્તવમાં પાણીએ પીળું નથી, તેમજ ચાક પણ પીળો નથી. આ ચક્ષુના વિકારનું પરિણામ છે. ઇન્દ્રિયો અન્યના **પ્રકાશથી પ્રકાશે છે.** આત્મા એ સર્વનો પોષક છે. આવી પરાધીન વૃત્તિઓ ઉપર કેટલો વિશ્વાસ રખાય ?

**જેનું પોતાનું અસ્તિત્વજ ક્ષણિક છે તેનું સુખ ચિરસ્થાયી કયાંથી હોઇ શકે કે?** જ્યારે તે ચિરસ્થાયી નથી ત્યારે તે વાસ્તવમાં સુખજ નથી. ઇન્દ્રિયો સદાકાળ રહેનાર નથી; તેનું અસ્તિત્વ સ્થૂલ દેહની સાથેજ પુરૂં થાય છે; અને તેનાં સર્વ

સુખો પણ તેટલા પુરતાંજ ! આવાં ક્ષણભંગુર સુખો માટે શો વ્યર્થ યત્ન ! તેને માટે જીવનમાં કેટલું ભ્રમણ ! એ તો હજી શુદ્ધ અજ્ઞાન ! જે **સત્** છે તેજ આનંદ આપી શકશે. ઇન્દ્રિયો **સત્** નથી; તેઓ **અસત્** છે. **સચ્ચિદાનન્દ** રૂપ માત્ર એક આત્માજ છે. 'પ્રભુ' એ આત્માનું બીજું નામ છે.

જો **સ્વામિ શં**કરાચાર્ય કહે તેમ જગત્ મિથ્યા હોય, "**जगन्मिथ्या।**"; જો **સ્વામિ રામ** કહે તેમ તે ફક્ત ભ્રાન્તિજ હોય, "It's mere illusion."; જો **મહાન્ તત્ત્વ**વેત્તા **પ્લેટો** કહે તેમ તે ફક્ત સ્વપ્નજ હોય, "The world a dream;" જો તે **સમર્થ જર્મન તત્વજ્ઞાની કેન્ટ** ના અનુમાન પ્રમાણે માત્ર પડછાયો (Reflaxion of the Truth.) જ હોય; જો તે **શ્રી કૃષ્ણ ચૈતન્ય**ના સમજવા પ્રમાણે "પ્રભુ-લીલા" હોય; જો તે **પ્રો. હક્ષલી** જેવા પદાર્થવિજ્ઞાનશાસ્ત્રીઓના ધારવા પ્રમાણે "અણુ અણુ અને પરમાણુ (Atoms)નું બનેલું" હોય; જો તેની ઉત્પત્તિ **મહા**ત્મા **બુદ્ધ**ના અનુભવ પ્રમાણે "શુન્યમાંથી થઈ" હોય; અગર તો કાર્ય કારણ (cause and effect)ના સામાન્ય નિયમ પ્રમાણે આપણે તેનો લય પ્રલય માનીએ તોપણ અન્તે સર્વ વ્યાવહારિક સુખો નાશવન્ત છે એમ કબૂલ કર્યા વગર તો આપણે ચાલશેજ નહિ. સ્થૂલ સુખો માત્ર સ્થૂલ દેહના અસ્તિત્વ સૂધીજ સ્મરણમાં રહે છે, જે પછી તેનો નાશ છે એ નિઃસંદેહ.

* * * *

કોઈ પણ વસ્તુ નાશ પામનાર નથી એમ કેટલાકો કહે છે; ભલે તે તેમ હશે, પણ તે વિષયાન્તર થાય છે એટલું તો

તેઓ કબૂલ કરશેજ. એટલે એક લાકડું કોહી જવાથી નાશ પામ્યુ નથી પણ તેના અણુઓ વિશ્વપરમાણુઓમાં ભળી ગયા છે. અર્થાત્ તે અણુઓ હવે લાકડુંરૂપ રહ્યા નથી. તેજ અણુઓ વખત જતાં કદાચિત્ લોહમાં પણ ફેરવાય જશે; તો તે વખતે શું તે લોહને આપણે લાકડું કહી શકશું? નહિજ! ત્યારે આજની સુખની શક્તિને આપણે સુખ કેમ કહી શકશું? કદાચિત્ એમ કેમ ન બને કે તેજ શક્તિઓ ઉપર્યુક્ત નિયમાનુસાર દુ:ખમાં પરિવર્તન પામી વિષયાન્તર થાય. ત્યારે સુખ, દુ:ખ કોને કહી શકીશું? તેઓ તો વિષયાન્તર–સ્થળાન્તર થયા કરે છે. વાસ્તવમાં એ સર્વે નાશવન્ત છે. જ્યારે આ પ્રમાણે કોઈની જ સ્થિર સ્થિતિ નથી ત્યારે નાશવન્ત સુખો પ્રાપ્ત કરવાને માટે વ્યથા પ્રયત્નો શા માટે કરવા? **સત્યજ ફકત નાશવંત નથી.** નામરુપાદિક સર્વ ઉપાધિઓ છે, કે જેઓ નાશવન્ત હોઈ મિથ્યા છે. તેઓનું અવલંબન સત્ય ઉપર રહ્યું છે. રુપ છે તો તેનું નામ થયું. આમ્રફળનું કોઈ પણ રુપ છે, તેથીજ તેનું નામ પડ્યું. આ રીતે નામની ઉપાધિ રુપમાં લય પામી; પણ રૂપ કોનું હોઇ શકે? રુપ માત્ર તેનુંજ હોઈ શકે કે જેનું અસ્તિત્વ ( Existence ) છે. આમ્રફળનું અસ્તિત્વ છે–તેની વિદ્યમાનતા છે તેથીજ તેનું રુપ અને નામ હોઇ શકયાં. તે સત્ છે. તે એક છે–**एकं सत्** એટલે તેનું જ્ઞાન થયું. અર્થાત્ ચિત્; અને જ્યારે તેનું જ્ઞાન થયું ત્યારે તેથી આનંદ મળ્યો. અર્થાત્ તે આનંદરૂપ છે. વસ્તુત: દરેક ચીજના નામ–રુપાદિ ઉપાધિનો લય મૂળ ત્રણ વસ્તુઓમાં થાય છે. તે ત્રિપુટી સત્, ચિત્, અને આનંદ છે. એજ નાશવન્ત નથી;

અન્ય સર્વ નાશવંત છે. આજ માટે **સચ્ચિદાનન્દનો આશરો લેવો એજ ઉત્તમ છે;** કેમકે તેજ અમર, અજર, અને ત્રિકાલજ્ઞ છે. તેનોજ આનંદ સત્ય છે; આથીજ **મણી** જણાવે છે કે:– **"સત્યાનંદ પ્રભુમાં—આત્મામાં છે. તેની ભકિત એજ તેના પ્રતિનો અનન્ય પ્રેમ છે. તેનું જ્ઞાન એજ સત્ય પ્રેમનું કારણ છે. અને જ્ઞાનનું સ્વરુપ એજ આત્માનો વ્યકત** ( Menifested ) **પ્રકાશ છે."**

જન્મતાંની સાથે તો બાળક કશાંથી આનંદ પામતો નથી; તે રડે છે. આવી સ્થિતિમાં તેને કેટલોક સમય રાખી તેની માતાના સ્તનની તેને પ્રથમ ઓળખાણ આપવામાં આવે છે. તે તેમા સુખ અનુભવે છે. આજ ભ્રાન્તિથી લોભાઇ, તે પોતાના અંગુઠાનેજ કેટલીક વખત સ્તન માની આનંદ લે છે. આ વખતે તેના સુખ અને આનંદનું કારણ માતાના સ્તનો છે. વૃદ્ધિના ક્રમમાં આગળ વધતાં તેને રમકડાંઓનો સંસર્ગ થાય છે, અને તેને તે સુખનું સાધન ગણે છે. પરિણામે તે પણ સુખ નથી એમ વખત જતાં તેનું માનવું થાય છે; હવે કેટલોક સમય પછી તેના સુખનું કારણ પુસ્તકોમાં સંકુચિત થાય છે. પુસ્તકોમાંથી તે ઘણો વખત સૂધી સુખ કિંવા આનંદ લે છે; પણ હવે તે કંઇક નવીન અનુભવે છે. તેને સ્ત્રીઓ પ્રતિપ્રેમ થાય છે. તેનું સુખ યુવતિઓમાં મર્યાદિત થાય છે. તેને સર્વ સુખ સાધનો કરતાં એક રસીક રમણીજ વધુ પ્રિયકર અને સુખકર લાગે છે. તે એક બાળિકાના પ્રેમમાં આનંદ લે છે; અને આખરે તે પ્રેમ મોહમાં ફરી જતાં તે તેને પોતાની

સ્વકીયા તરીકે ગ્રહણ કરે છે. તેના સંબંધથી તે આનંદ માને છે. વિકાસક્રમમાં તે આટલો આગળ વધ્યો છે. ભોગવિલાસો એજ સત્યાનંદ છે એવી તેની પોતાની સ્ત્રીના સંબંધથી દૃઢ માન્યતા થાય છે. હજી તેના સુખના કેન્દ્રનું સ્થાન વિષયાન્તર થાય છે, તે સ્થિર નથી. હવે તેને દ્રવ્યમાં આસક્તિ થાય છે; અને દ્રવ્ય જેવા સ્થૂલ પદાર્થની વૃદ્ધિમાંજ તે સત્ય સુખ કલ્પે છે. હજી તેના સુખના સાધનોના પરિવર્તનનો અન્ત આવ્યો નથી. એજ વખતે કુદરતના સામાન્ય નિયમાનુસાર તેની સ્ત્રીના સંસર્ગના પરિણામે એક બાળકની ઉત્પત્તિ થાય છે. તેના સુખનું સુકાન ફેરવાયું. તેને પુત્રાદિક ઉપર મોહ થાય છે. હજી તેના સુખનું કારણ નક્કી થયું નથી. આજ રીતે મર્ણાન્ત સુધી તે પ્રયત્નો કરે છે, પણ હજી સૂધી તેને સુખનું કેન્દ્ર જડયું નથી.

એક સામાન્ય મનુષ્યના જીવનપરિક્રમણની એજ સર્વે સ્થિતિઓ છે. ત્યારે સુખ ન મળવાનું કારણ શું ? કારણ માત્ર એટલુંજ કે તે નવીન સુખોના સ્થાનો સર્વે સ્થૂલ છે. તેને જગદ્સુખ જોઇએ છે; તે આત્મિક સુખ શોધતો નથી. સંસાર સુખના સાધનો ભિન્ન ભિન્ન છે, અને તે સર્વે ક્ષણિક છે; એટલે આગળ ગણેલાં સુખના સાધનો તેને પોતાનેજ નિરર્થક લાગે છે. મોટા થયા પછી રમકડાં તેને અજ્ઞાન લાગશે. એટલે સત્ય કહીએ તો આ સર્વે અજ્ઞાનનાંજ પરિણામ છે.

**આશક્તિનું કોઇ પણ સાધન પૂર્ણ નથી.** અપૂર્ણતાને લીધે તેમાં ભય રહે છે. **ભય વગરનો માત્ર એક વૈરાગ્ય છે.**

વેદાન્ત ત્યાગને માટેજ ઉપદેશ આપે છે. ગીતાનો પણ એજ ઉદ્દેશ છે.*

'भोगे रोगभयं कुले च्युतिभयं वित्ते नृपालाद्भयं
मौने दैन्यभयं वले रिपुभयं रुपे जराया भयम् ।
शास्त्रे वादभयं गुणे खलभयं काये कृतान्ताद्भय
सर्वं वस्तु भयान्वितं भुवि नृणां वैराग्यमेवाभयम् ॥

भर्तृहरि.

શબ્દાર્થ:—ભોગમાં રોગનો ભય, કુલિનતામાં લાંચ્છનનો ભય, ધન હોય તો રાજાનો ભય, મૌનમાં દૈન્યનો ભય, બળમાં શત્રુનો ભય, રુપમાં ઘડપણનો ભય, શાસ્ત્ર ભણવામાં વાદનો ભય, ગુણમાં ખલ-નઠારાં માણસનો ભય, અને શરીરને કાળનો ભય છે; આ રીતે જગતમાંસર્વે વસ્તુઓ માટે માણસોને ભય રાખવો પડે છે. માત્ર **વૈરાગ્ય** છે તેજ નિર્ભય છે.

વસ્તુતઃ સંસારમાં ઉચ્ચ ગણાતી સુખ આપનાર વસ્તુઓ જેવી કે;-ભોગ, કુલિનતા, ધન, મૌન, બળ, રુપ, ગુણ ઇત્યાદિ સર્વેમાં કંઈ નહિ તો કંઇનો પણ ભય રહ્યા છે. માત્ર નિર્ભયમાંજ એક વૈરાગ્ય ! !

કેટલાક માનુષ દેહધારીઓ કીર્તને માટે સુયત્નો કરે છે; અને તેથીજ આનંદ અને ઇચ્છિત અમરતા પ્રાપ્ત થશે એવી ખાલી ભ્રમણા-માન્યતા રાખે છે. તેઓ પોતાના પ્રમાણે માટે જણાવે છે કે:—

---

* ગીતાને ઉંધી રીતે વાંચતાં "તાગી, તાગી" એવો ઉચ્ચાર થાય છે. અર્થાત્ તમે ત્યાગી થાઓ. ગ્રં. પ્ર.

"નામ રહંતા ઠક્કરો નાણા નવ રહંત;
કીર્તિ તણા જે કોટડાં તે પાડ્યા નવ પડંત."
(લૌકિક.)

તેઓ નામને દિર્ઘકાલિક માને છે. હજી તેઓએ દૃષ્ટિ વિશાળ કરી નથી; પરિણામ એ આવ્યું કે દ્રવ્ય પુત્રાદિક સર્વ નાશવન્ત ગણી નામ-કીર્તિ અચળ ગણાઈ. પણ **મણિ** કહે છે કે, **કીર્તિ તો ફક્ત દેખવાને માટેજ છે; તે તો નાશવન્ત છે.** અમુક એક મહાત્માનું ગણો કે, **વેદ વ્યાસ, મનુ, શંકરા**-ચાર્ય આદિ કોઈ પણ મહા પુરુષનું નામ-કીર્તિ એક પ્રલય સુધીજ ! પ્રલયને અન્તે નવીન સૃષ્ટિની ઉત્પત્તિ વખતે સૃષ્ટિની સાથે સૃષ્ટિની દરેક વસ્તુઓ નાશ પામશે. કીર્તિના અમર કોટડાંઓ પણ આ વખતે પ્રલયના ઝપાટામાં ભાંગી પડશે. નવીન સૃષ્ટિમાં **મનુ**ને કોઇ જાણશે નહિ; **શં**કરાચાર્યને કોઈ ઓળખશે નહિ; અને **વેદ વ્યાસ**ની નામના પણ લય પામશે. આવી સ્થિતિમાં કોઇક એવી ચીજને માટે પુરુષાર્થ કરવો જોઇએ કે, જેનો આ પ્રલયોની સાથે પણ અન્ત નહિ આવે. તેજ પ્રભુભક્તિ છે અને તેમાંજ ઉદ્ભવતો સત્યાનંદ છે કે જેનો કદિ પણ નાશ થનાર નથી. અભેદતાનો આનંદ ચિરસ્થાયી છે. તેનો અન્તકાળે પણ લય નથી. તેમજ લય પ્રલયમાં પણ તેનો નાશ થતો નથી. સ્વરુપમાં સ્થિતિ પામેલો આનંદજ સાથે આવનાર છે. **સત્, ચિત્**, અને **આનંદ** એ ત્રિપુટી છે. આનંદને માટે પુરુષાર્થ કરશો એટલે ત્રણે વસ્તુઓ પોતાની મેળેજ પ્રાપ્ત થશે. ત્રણેની ઉત્પતિ પ્રભુ-આત્માથી છે કે જેનો એ ગુણ છે. પ્રભુ-

આત્મા અમર છે; તેની સાથેનો આનંદ કોઇ પણ સ્થિતિમાં નાશવન્ત નથી.

વિધવિધ પ્રકારની ઉપાધિઓમાંથી મુક્ત થઇ પૂર્ણ થવું એજ સત્યાનંદ મોક્ષ છે. મોક્ષ એવી ચીજ કોઈ અન્યે સ્થાને નથી. સ્વરુપમાં લીન થઇ આત્માનુભવ કરવો એજ આનંદનું સાધન છે. સાંસારિક બંધનોથી મુક્તિ પામવી એજ સત્યાનંદ પ્રાપ્તિ કહેવાય. આનેજ માટે વિશ્વની પ્રત્યેક વ્યક્તિ ન્હાના પ્રકારે પુરુષાર્થ કરી રહી છે. વ્યાવહારિક બંધનોના સંકુચિતપણામાંથી દૂર થાઓ એટલે આત્મા એની મેળેજ પ્રકાશ આપશે. તે પોતે સ્વયં પ્રકાશિત છે, એટલે તેને કોઇપણ પ્રકારની સહાયની જરૂર નથી.

“વૈરાગ્ય! ત્યાગ! વિરક્તતા!” એજ સર્વ ધર્મોનો ઉપદેશ છે. ત્યાગથી શારીરિક અને માનસિક બંધનો છુટી જાય છે. ત્યાગ વગર સત્યાનંદની પ્રાપ્તિ કદિ થતીજ નથી. પ્રભુભક્તિ પણ સંપૂર્ણ કિંવા શુદ્ધ ત્યાગવિના સંભવિત નથી.

પ્રભુ સ્વહસ્તે એક જગ્યાએ લખે છે કે:—

Verily I say unto you, that a richman shall hardly enter into the Kingdom of heaven. And again I say unto you, It is easier for a camel to go through the the eye of a needle, Than for a rich man to enter into the Kingdom of God. * * * * * * And every one that hath forshaken houses, or bretheren, or sisters, or father, or mother, or wife, or children, or lands, for my name's shake, shall receive and hundredfold, and shall inherit *overlasting life.*

*( New Testament St. Mathew, 19. )*

"હું તમોને સત્ય કહું છું કે, એક ઐહિક સંપ્રત્તિવાળો મનુષ્ય ભાગ્યેજ સ્વર્ગના દ્વારમાં દાખલ થઇ શકશે. અને પૂનઃ હું તમોને સૂચવું છું કે, એક સમૃદ્ધિવાન્ મનુષ્યને પ્રભુના દરબારમાં દાખલ થવાનાં કરતાં એક ઉંટને સોયના નાકામાંથી પસાર થવું સ્હેલું છે. અને પ્રત્યેક વ્યક્તિ કે જેણે મ્હારે બલ્કે મ્હારા નામને ખાતર પોતાના ગૃહો, અગર બંધુઓ, અગર ભગિનીઓ, અગર પિતા, અગર માતા, અગર પત્નિ, અગર પુત્રકલત્ર, અગર ઐશ્વર્ય ત્યજી દીધું છે, તે તેનાથી સોગણું પાછું મેળવશે, અને એક **સર્વકાલિક જીવનનો** વારસો પ્રાપ્ત કરશે."

પણ ત્યાગ કેવો હોવો જોઈએ? બાહ્ય ત્યાગ એ કંઈ વાસ્તવિક ત્યાગ નથી. સત્ય ત્યાગ તો આંતરિક ત્યાગ છે. અને આંતર ત્યાગ વગર આનંદ પ્રાપ્તિ થતી નથી. ત્યાગનું સત્ય રહસ્ય સમજાવવા **સ્વામી રામ** નીચે પ્રમાણે દૃષ્ટાંત આપે છે કેઃ–

પૂર્વે હિંદુસ્તાનમાં એક પ્રતાપી રાજા થઈ ગયો. તેને પ્રભુનો સાક્ષાત્કાર કરવો હતો. આ ઉપરથી તેણે સન્યાસ લેવાનો વિચાર કર્યો. ઘરમાં સ્ત્રી જ્ઞાની હતી, તે તેને સમજાવવા લાગી પણ કાંઇ માન્યું નહિ; ને સન્યાસ લીધો. સ્ત્રીએ રાજ્યતંત્ર હાથમાં લીધું. રાજા હિમાલય પર્વતમાં જઇને વર્ષ દિવસ રહ્યો.

આ દરમ્યાન રાણીએ રાજાને ખરૂં સુખ પ્રાપ્ત કરી આપવા વિચાર કર્યો; ને પોતે સંન્યાસિનીનો વેષ લઈ રાજા જે સ્થળે હતો ત્યાં ગઇ. જઇને જૂવે તો રાજા ધ્યાન ધરતો હતો. રાણી તેની પાસે જઇને ઉભી રહી, ને રાજા ધ્યાનથી મુક્ત થયો એટલે આ વેષધારી સન્યાસિનીને જોઇને તે ખુબ આનન્દ પામ્યો. પાસે ફુલ પડયાં હતાં તે વડે સન્યાસિનીને વધાવી લીધી; ને

બોલ્યો; "પ્રભુએ કૃપા કરી સંન્યાસિનીના રુપમાં મ્હારો ઉદ્ધાર કરવા કૃપા કરી છે એમ લાગે છે."

રાણીઃ—સત્ય છે રાજા! **જો પરમાનન્દ પ્રાપ્ત કરવો હોય તો સર્વનો ત્યાગ કરવાની જરૂર છે.**

રાજા વિસ્મય પામી બોલ્યોઃ—મ્હેં રાજ્યપાટ બધું તજ્યું છે, સ્ત્રી બાળકો વિગેરેને પણ તજ્યાં છે; તો પછી હવે શું ત્યજવાનું બાકી રહ્યું?

રાણીઃ—રાજા! તમે કાંઈ ત્યજ્યું નથી.

રાજાઃ—એમ કયેમ?

રાણીઃ—હજી તો રાજા! તમો આ પર્ણકુટી કરી રહ્યા છો; તમારી પાસે જળપાત્ર રાખ્યું છે, આ સન્યાસિનો દંડ રાખ્યો છે; તેથી તમે પૂર્ણ ત્યાગ નથી કર્યો.

આ ઉપરથી રાજાએ પર્ણકુટી, જળપાત્ર, તથા દંડ વિગેરે બાળી નાંખ્યાં; ને પછી કહ્યુંઃ-"કયેમ હવે તો ત્યાગી થયોને?"

રાણીઃ—હે રાજા! આ વસ્તુઓ બાળી; પણ હજી જે જગ્યા પર તમો વસો છો, અને રાત્રે નિંદ્રા લ્યો છો એટલી જગ્યા તમો રાખી રહ્યા છો; હજી તો તમારૂં સાડાત્રણ હાથનું શરીર પણ ત્યજ્યું નથી તો ત્યાગ કયાં થયો?

રાજાએ શરીરને પણ બાળી નાંખવા વિચાર કરી ચિતા સળગાવી ને અંદર કુદી પડવા જતો હતો એટલામાં રાણીએ ઝાળી રાખી કહ્યુંઃ—"અરે, રાજા! શરીર બળી ગયા પછી પણ તેની રાખ રહેશે તે કોની કહેવાશે?"

રાજાઃ—મ્હારી રાખ.

રાણીઃ—ત્યારે શરીર બાળ્યાં છતાં પણ તમે એટલું તો ત્યાગ નહિ કરો. તો ત્યાગ પૂર્ણ નથી થવાનો.

રાજાઃ—ત્યારે શું કરૂં ?

રાણીઃ—આ શરીર કોનું છે ?

રાજાઃ—મ્હારૂં.

રાણીઃ—મન કોનું છે ?

રાજાઃ—મ્હારૂં.

રાણીઃ—ઠીક ! ત્યારે એ બધું ત્યાગો.

* * * *

**બાહ્ય ત્યાગ એ કંઇ સત્ય ત્યાગ નથી. સત્ય ત્યાગ તો માત્ર આંતર ત્યાગ છે. બાહ્ય ત્યાગ એતો માત્ર દૂનિઆને ઠગવાને માટે છે, જ્યારે આંતર ત્યાગ પોતાના સુખને માટે છે. ત્યાગના સત્ય રહસ્યને જાણનારને માટે બાહ્ય ત્યાગની કશી પણ જરૂર નથી;** તોપણ માનસિક ત્યાગ સર્વથા આવશ્યક છેજ. આનંદ કિંવા સત્ય સુખ માત્ર ત્યાગમાંજ છે. અમર રહેવું હોય, સદાકાળ આનંદમાં રહેવું હોય, સત્યને જાણવું હોય, અને વિશાળતાનો અનુભવ કરવો હોય તો બસ ત્યાગ ! ત્યાગ ! અને ત્યાગ !

સ્વાર્થી ક્ષુદ્ર ઇચ્છાઓમાં જ્યાં સૂધી રચી પચી રહેશો, અધમ ઇન્દ્રિયજન્ય વિષયોની વાંચ્છનાઓ પ્રતિ જ્યાં સૂધી આકર્ષાશો, સંસાર મોહમાં જ્યાં સૂધી બંધાઇ રહેશો, "મ્હારૂં અને ત્હારૂં" આદિ પરિમિત ભાવનાઓમાં જ્યાં સૂધી તમો ગુંચવાયેલા હશો, ત્યાં સૂધી તે તમને સત્યથી ખસેડી લાવશે. સ્વાર્થને ભૂલી જાઓ, વિશાળતા અનુભવો અને ત્યાગને પકડો

એટલે તરતજ સત્યનો પ્રકાશ તમને મળશે. પણ યાદ રાખજો ! કે જ્યાં સૂધી સંપૂર્ણ માનસિક ત્યાગ ન થશે ત્યાં સૂધી સત્ય પ્રાપ્તિ ન થશે. સત્ય જ્ઞાનને માટે કિંવા આનંદ અનુભવને અર્થે વિશુદ્ધ ત્યાગજ પ્રથમ જરૂરનો છે.

પણ ત્યાગ કોણ કરી શકે ? જેની પાસે કંઇ પણ છે તે ! પણ જરા વિચારો કે જેની પાસે કશું છેજ નહિ તે કોને ત્યાગશે ? તે તો સદાનાજ ત્યાગી છે. એ તો “ **अशक्तिमान् भवेत साधु ।** ” આ ત્યાગીને આપણે કઈ શ્રેણીમાં મુકવા યોગ્ય છે ? અને આવા ત્યાગીઓને ત્યાગી કહેવા કે કેમ ? જેની પાસે એક પાઇ પણ ન હોય તેણે કોનો ત્યાગ કર્યો ? પૈસાનો. ના ! એ તો પૈસાએ તેનો ત્યાગ કર્યો. આવા ત્યાગથી શું ફાયદો ભલા !

ભાઈઓ ! ત્યાગનું સત્યસ્વરુપ શું છે ? તેનો જરા તો ખ્યાલ કરો કે માત્ર ‘ત્યાગ’ શબ્દ સાંભળીજ ઘરબાર છોડી દેવાં છે. તમારાં કર્તવ્યો તમે પૂર્ણ ન કરશો તો તમારે તે માટે બીજો જન્મ લેવો પડશે. ત્યારે કર્મોથી બ્હી કયાં ન્હાસવા માગો છો ? કોઇ વસ્તુથી ડરી જઈ ભાગી જવું એતો નિર્વીર્યનું કાર્ય છે. બસ ! આંતરમાં ત્યાગની જ્યોતિ જાગતી રાખી સંસારાંધકારમાંથી પ્રભુપ્રાપ્તિ કિંવા આનંદ પ્રાપ્તિનો માર્ગ શોધી કહાડો, અને આજ રાજમાર્ગે–વીરરસ્તેથી આનંદનો કહો કે સત્યનો સાક્ષાત્કાર કરો. બાયલાઓ, હિચકારાઓ અને નપુંસકો બનવામાં તો દેશ દુર્દશામાં આવ્યો છે. સત્યને ખાતર જરા જુઓ તો ખરા મ્હારા ભદ્રંભદ્રો ! કે દાંભિક ત્યાગનું પ-

રિણામ કેવું આવે છે? પૈસાનો ત્યાગ કર્યો હોવાનો માત્ર બાહ્ય ડોળ કરવો અને કંઈક સારી ભેટ મળતી હોય તો ત્યાં પહેલો હાથ ધરવો આ કેટલું શોચનીય! સ્ત્રીનો ત્યાગ કર્યો દેખાડવું અને સ્ત્રીઓ સાથે ગુપ્ત મેળાપ કરવો, સાંસારિક વિચારોનો ત્યાગ કર્યો કહેવડાવવું અને કંઇ કંઇ ઇન્દ્રજાળો રચવામાં મન પરોવવું, આ સર્વ કેટલું અયુક્ત? ભારત! ત્હારામાં હાલ દંભ કેટલો વધી ગયો છે? શું કરીએ કે જ્યાં ત્યાગના સ્તંભોજ દંભ શીખવે ત્યાં દોષ કોને દેવો? બાહ્યત્યાગની કશી પણ જરૂર નથી. **માત્ર માનસિક ત્યાગ રાખો એટલેજ તમારી મુક્તિ!** સ્થૂલ કરતાં સૂક્ષ્મ વિશેષ ઉત્તમ અને પ્રસંસનીય છે.

એક ભિખારી જો ત્યાગી હોવાનો દાવો કરતાં કહે છે કેઃ– "મ્હેં દ્રવ્યનો સર્વાંશે ત્યાગ કર્યો છે. પૈસાને હું અડકતો નથી. દ્રવ્ય જેવી સ્થૂલ ચીજોમાં મોહ ધરવાથી શું મળે? એ તો નકામી માયા છે, એટલે એનાથી દૂર રહ્યા એટલા સારા. જૂઓ! પ્રભુની પ્રાપ્તિને અર્થે તો ત્યાગનીજ જરૂર છે." આ ત્યાગનો સત્ય ઉપદેશ આપનાર પુરુષાર્થ અને દ્રવ્યહિન ભિખારીના વચનો ઉપર કેટલી શ્રદ્ધા મૂકાય? શું આ સત્ય ત્યાગ છે? સત્ય ત્યાગ તો માનસિક કિંવા આંતરિક છે.

સત્તર વર્ષની ન્હાની ઉમ્મરથી જન્મકેદના હુકમ સાથે કેદખાનામાં પડી રહેલો કેદી જો મૃત્યુના એક દિવસ પૂર્વે કારણવશાત્ મુક્ત થતાં લોકોને જાહેર કરે કે;–"મ્હારા આખા જીવનમાં મ્હેં કદિ પણ સ્ત્રી જાતિનું મ્હોં જોયું નથી; તેઓની સાથે વાર્તાવિનોદ કર્યો નથી; અને આ રીતે અખંડ બ્રહ્મચર્ય પાળ્યું છે. અરે! શું તેઓનો વિચાર સુદ્ધાં પણ મને આવ્યો

નથી. કોઈએ ન પાળેલું એક અખણ્ડિત બ્રહ્મચર્ય મ્હેં પાળ્યું છે." અને સ્વપ્રસંસા કરતાં કદાચિત્ કહે કેઃ-"હું નૈષ્ઠિક બ્રહ્મચારી છું." તો આવા એક નૈષ્ઠિક બ્રહ્મચારી ઉપર તમને કેટલો વિશ્વાસ રહેશે? ભલા! જરા તેને એટલું તો પુછી જૂઓ કે, તે કેદખાનામાં કેટલી સ્ત્રીઓ હતી, અને તેમાંની કેટલી તમને મળવા આવતી? જ્યાં વસ્તુતઃ સ્ત્રીજ નથી ત્યાં તેનો વળી ત્યાગ શું? ત્યારે તો વાંઢા રહેલા મનુષ્યો પણ સર્વ બ્રહ્મચારીઓજ! અને તેમાંજ આ હિંદુસ્તાનની પ્રજા નિર્માલ્ય થઈ ગઈ હશે! આમ તપાસીએ તો તો ઘણાએ કેદીઓ વર્ષોના વર્ષો સૂધી (જ્યાં સૂધી તેને ગુન્હાની સજા હોય ત્યાં સૂધી) બ્રહ્મચર્ય પાળે છે. શું આ તે ખરૂં બ્રહ્મચર્ય ગણાય, અને શું આ તે સત્ય ત્યાગ કહેવાય?

ત્યાગ તો આનું નામ કે સોળહજાર ગોપીઓ જોડે રાસ રમ્યા છતાં **શ્રી** કૃષ્ણ બ્રહ્મચારી કહેવાયા. સ્થૂલ દેહે રાસ રમાયો. સર્વ થયું, પણ માનસિક રીતે તેમાં નિર્લિપ્તતા હતી એટલે તેજ સત્ય ત્યાગ છે. ગોપીઓનો આણેલો સર્વ પ્રસાદ દુર્વાસા આરોગી ગયા છતાં પણ તેઓ સદા અપવાસી ગણાયા; કેમકે ખાવાનું કામ તો તેની ઇન્દ્રિયે કર્યું હતું પણ તેનું મન તે સમયે ખોરાકથી પર હતું. આજ નિષ્કામ કર્મ, અને આનું નામજ એકતા, અને એજ યથાર્થ ત્યાગ!

કેટલીક વખત એવું બને છે કે રાત્રે ધૂનમાંને ધૂનમાંજ કેટલાકોને ઉંઘમાં ઉઠવાની ટેવ હોય છે. ત્યારે તેઓ ઉઠી વાંચનનું અગર લખાણનું અગર કોઈ ઇતર કાર્ય કરી પાછા સુઈ જાય છે અને સ્હવારે ઉઠતાં તેનું તેઓને પોતાનેજ સ્મરણ રહેતું નથી. પોતે શું કર્યું પુછતાં "મ્હેં કશું કર્યું નથી"

એવો જવાબ મળશે. આજ સ્થિતિનો સંસારનો ત્યાગ હોવો જોઈએ. કેટલીક વખત છોકરાઓ 'ક્રિકેટ,' અગર 'ટેનીસ' રમતા હોય છે. શાળા સ્થાપનારની વર્ષગાંઠ હોવાથી કંઈ મીઠાઇ અગર 'ફ્રુટ' અને ઇનામો વહેંચવામાં આવનાર છે. કેટલાક છોકરાઓનું ચિત્ત તે મીઠાઈમાં છે. "તે હવે કયારે મળે ?" આજ વિચાર તેઓ કરતા હોય છે. આ સ્થિતિમાં તેઓ રમે છે, કુદે છે, દોડે છે છતાં પણ તેઓ અકર્તા છે. તેઓનું ચિત્ત અને કેન્દ્ર મીઠાઇમાં છે. કુટંબમાં કોઈ નજદિકનું સગું માંદું હોય છતાં તમારે તમારા મિત્રના અત્યાગ્રહથી કોઈ બાગ બતાવવા તેને લઈ જવું પડે તો તમે સાથે જાઓ છો, ફરો છો, જૂઓ છો, અને સર્વ કરો છો છતાં તમારૂં ચિત કયાં હોય છે ? ઘરના માંદા માણસમાં. "તેને શું થયું હશે ? તેને કેટલો તાવ હશે ? " ઇત્યાદિ કલ્પનાઓમાં તમારૂં મગજ ગુંચવાયલું રહેશે. આ વખતે તમે બાગમાં ફરવા છતાં તે બાગમાં નથી પણ તમારા ઘરમાં છો. આજ રીતનો સત્ય માનસિક ત્યાગ ! અને એજ જળકમળવત્ કહેવાનો ઉદ્દેશ !

नैव किंचित्करोमीति युक्तो मन्येत तत्ववित् ।
पश्यन्शृण्वन्स्पृशन्जिघ्रन्नश्नन्गच्छन्स्वपन्श्वसन्–
प्रलपन्विसृजन्गृह्णन्नुन्मिषन्निमिषन्नपि ।
इंद्रियाणींद्रियार्थेषु वर्तंत इति धारयन् ॥ गीता०

ભાવાર્થઃ—(સત્ય ત્યાગને જાણનાર) તત્વજ્ઞાની પુરુષ જોતો છતાં, સાંભળતો છતાં, સ્પર્શ કરતો છતાં, સુંઘતો છતાં, ખાતો છતાં, ચાલતો છતાં, ઉંઘતો છતાં, શ્વાસ લેતો છતાં, બોલતો છતાં, ત્યાગ કરતો છતાં, ગ્રહણ કરતો છતાં અને આંખ ઉઘા-

ડતો તથા વિંચતો છતાં પણ "ઇન્દ્રિયો ઇંદ્રિયોના વિષયોમાં વર્તે છે" એવી ધારણા રાખીને "હું કાંઈ પણ કરતો નથી" એમ માને છે.

**સર આઇઝેક ન્યુટન** એક વખત પોતાના પ્રયોગોમાં તદ્રુપ થઇ ગયો હતો. નિયમિત વખતે તેનો ખોરાક આવ્યો. તેણે તે ખાધો, પણ તેનું ચિત્ત પેલા પ્રયોગોમાં હતું. "પોતે ખાય છે" એવું તેને ભાન રહ્યું નહિ, અને ખોરાક લીધા પછી પાછો પ્રયોગો પાછળ મંડયો. એવામાં એક મિત્ર આવ્યો. તેણે તેની સાથે વાત કરવાને માટે ખબર મોકલાવી. **સર આઇઝેક ન્યુટને** કહ્યું:–"જરા થોભો હું મ્હારો ખોરાક લઇ આવું." મિત્ર અંદર ગયો અને તેના ખોરાકની ઓરડી પાસે ઉભો રહ્યો. ન્યુટન કોટડી ઉઘાડી અંદર ગયો તો ટેબલ ઉપર 'ડીશ'ને ખાલી જોઇ. "પોતે ખાધું છે" એ વાત તો તે જાણતોજ નહતો. તેનું તેને વિસ્મરણ થયું હતું. "પોતે ખાધું છે કે નહિ." એ બાબતની તેને શંકા પડી એટલે ચાકરને બોલાવ્યો, અને પુછયું:–"કેમ મ્હારો ખોરાક મુકી ગયો હતો કે? મને લાગે છે કે મ્હેં હજી ખોરાક લીધો નથી." ચાકર શેઠના આવા પ્રશ્નથી વિસ્મય પામ્યો. તેણે વિચાર્યું કે:–"હમણાંજ હું શેઠની 'ડીશ' મુકી આવ્યો અને તેમણે ખાધું; અને વળી પાછું હમણા પુછે છે કે, મ્હેં ખાધું નથી. આતો પૂર્ણ આશ્ચર્ય!" થોડો વખત પછી સત્ય હકીકત જણાવતાં ચાકરે "સાહેબ! હું હમણાંજ 'ડીશ' મુકી ગયો હતો અને આપે ખોરાક લીધો છે." ન્યુટનને આ સાંભળી કંઈક પૂર્વ સ્મરણ થયું. એટલે તેના ધ્યાનમાં આવ્યું કે પોતે થોડા સમય પર

ખોરાક લીધો છે. પછી પાસે ઉભેલા મિત્ર પ્રતિ ફરતાં તેણે કહ્યું:-"મહાશય! મ્હેં થોડા સમય પર ખોરાક લીધો હતો; પણ તેનું મ્હને સ્મરણ રહ્યું નહિ."

ભાઈઓ! આવા મનુષ્યો સદાના ત્યાગી છે. તેઓનોજ ત્યાગ સફલ છે. તેઓ કર્તા છતાં અકર્તા છે, ભોક્તા છતાં અભોક્તા છે, અને રાગી છતાં ત્યાગી છે. તેઓને ફળની આસક્તિ નથી. તેઓ ફળની ઇચ્છાથી પર છે. વાસ્તવ ત્યાગ તે આનું નામ!

**त्यक्त्वा कर्मफलासंगं नित्यतृप्तो निराश्रयः ।**
**कर्मण्यभिप्रवृत्तोऽपि नैव किंचित्करोति सः ॥**

**गीता॰ अ ४. श्लो २०.**

સત્યાર્થઃ—ફળની આસક્તિ ત્યજીને સદા સંતોષી તથા આશ્રય વિનાનો મનુષ્ય **કર્મમાં મચેલો હોય તોપણ તે કંઇજ કરતો નથી.**

માનસિક ત્યાગી કોઇ પણ કર્મ કરવાથી બંધાતો નથી '**कृत्वापि न निबध्यते।**' તે સદાને માટે આસક્તિઓમાંથી મુક્ત છે. તે કર્મ કરતો દેખાતો છતાં કર્મમાં લુપ્ત નથી. રસલાભ લેતો છતાં તે રસમાં ડુબ્યો નથી. આવા માનસિક ત્યાગની આત્માનુભવ માટે જરૂર છે. આવા ત્યાગ પછીજ પ્રભુભક્તિ ફળે છે. વાસ્તવ આનંદ પણ ત્યારેજ મળે છે. માનસિક ત્યાગી કદિ પણઃ—

**शारीरं केवलं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ।**

અર્થઃ—"શરીર સંબંધી કર્મ કરવાથી પાપને પામતો નથી."

જે સત્યને, આત્માને, પ્રભુને જાણે છે; અને તેમાંજ કિંવા તેના સ્વરુપ નિરુપણુમાંજ સદાકાલ મસ્ત રહે છે તેને બાહ્ય સ્થૂલ વસ્તુંઓ કોઈ પણ રીતે અસર કરી શકતી નથી. સત્ય-જ્ઞાનની સાથેજ અજ્ઞાન અંધકાર દૂર થાય છે, ત્યાગની સાથેજ મિથ્યા બંધનો તુટી જાય છે, અને સ્વસ્વરુપમાં લીન થતાંજ દુખના અધ્યાસો નાશ પામે છે. આત્મા આ વખતે આવરણોથી મુક્ત થાય છે; આપણી આંતર પ્રભુરુપ જયોતિ આ વખતે પ્રકાશે છે અને તેના ગુણોઃ–સત્, ચિત્ અને आनंदની આપણુને કિંચિત્ ઝાંખી થાય છે. પ્રભુભક્તિ એ આત્મનિરુપણ છે, અને એમાંજ સત્ય સુખ કિંવા આનંદ છે.

એકતા એ એક પ્રકારનો ત્યાગ છે. કોઈ વસ્તુમાં એકતા થઈ અને તેમાં અભેદતા અનુભવી–તદ્રુપ બન્યા કે તે સાથેજ તે સિવાયની વિશ્વની સર્વ સૂક્ષ્મ કિંવા સ્થૂલ વસ્તુઓ ભાન જતું રહ્યુંજ સમજવું. પ્રભુભક્તિ કિંવા આત્મસ્વરુપચિંતનમાં જે વખતે તમે સંપૂર્ણ ઓતપ્રોત થયા તે સમયે તમે યથાર્થ ત્યાગી થયા છો. બાહ્યજગત્નું આ વખતે તમને ભાન રહેતું નથી. જગત્ તમારી આગળ અદૃશ્ય થાય છે. સ્થૂલ સંબંધો તે વખતે નાશ પામે છે. આ વખતે તમે ઐકયનો અનુભવ કરો છો. આજ ત્યાગની સત્ય સ્થિતિ છે.

માનસિક ત્યાગમાંજ સત્ય આનંદ રહ્યો છે, અને આત્મ-સ્વરુપનો પણ ત્યારેજ સાક્ષાત્કાર થાય છે.

बाह्यस्पर्शेष्वसक्तात्मा विंदत्यात्मनि यत्सुखम् ।
स ब्रह्मयोगयुक्तात्मा सुखम क्षय्यमश्नुते ॥

भ० गी० अ० ५ श्लो० २१.

શબ્દાર્થઃ-બ્હારના વિષયોને ભોગવવામાં આસક્તિ વિનાનો પુરુષજ આત્મામાં જે સુખ રહેલું છે તેને અનુભવે છે. અને તેવા-બ્રહ્મ પ્રાપ્તિના યત્નમાં જોડાયલો-પુરુષજ અક્ષય સુખ કિંવા આનંદને ભોગવે છે. ”

સંસારમાં રહીને પણ એક ત્યાગી મનુષ્ય પોતાના અપૂર્વ માનસિક ત્યાગને લઇને નિર્લેપ રહી શકે છે;* પણ આટલું તો ખરૂં કે, ત્યાગ કોઈ પણ અવસ્થામાં જરૂરનો છે. ત્યાગની ભાવનાથી સર્વ દુઃખો જતાં રહે છે.

**સત્ય વસ્તુનું જ્ઞાન થયું કે તે સાથેજ ત્યાગ આવ્યો જાણવો.** પ્રભુભક્તિ એ સત્ય પ્રતિનો પ્રેમ છે; આત્મતત્વનું સંશોધન અને તેમાં પામેલી એકતા એ પ્રભુભક્તિનું સાર્થક છે. સત્ય કહીએ તો પ્રભુભકિત એ પણ એક પ્રકારનો ત્યાગજ છે. ત્યાગનું પ્રથમ પ્રગટીકરણ મુમુક્ષુતા છે. સત્ય જાણવાનો પ્રેમ થયો કે તે સાથે અન્ય અસત્ વસ્તુઓ પ્રતિ સ્વાભાવિક વૈરાગ્ય આવે છે. સત્ય શોધકોનો મોહ ઐહિક વસ્તુઓ પરથી ઉતરી જાય છે. ન્યુટને વિષયસુખને લાત મારી હતી. એડીસને ભૌતિક સુખોનો અનુભવ કર્યો નહતો. કેન્ટને વ્યવહાર તરફ વિરકતતા હતી. અનેક તર્કવિતર્કોના પરિણામે શોધી કહાડેલો એક અમુલ્ય

---

* **આંગ્લ** કવિ ગૉલ્ડસ્મિથનું આજ ભાવ સુચવતું કાવ્યઃ—

And as some tall cliff that lifts its head on high

* * * *

Eternal sunshine settles on his head.

‘*Deserted Village.*’

નિયમ કેન્ટ ગોઠવતો હતો તે વખતે નિવાસસ્થાન પાસે રહેતા એક કુકડાએ "કુકરેકુક" એવો અવાજ કર્યો. કેન્ટ પોતાના અધ્યાત્મ વિચારોમાંથી ચ્યુત્ થયો. તેણે પોતાનું નિવાસસ્થાન બદલવું વ્યાજબી ધાર્યું. સત્ય શોધકોને જગત્ સાથે ઘણોજ થોડો સંબંધ હોય છે. **પ્રભુભક્તોનું બાહ્યરીતે જગતમાં મૃત્યુ છે.** **સોક્રેટીસ**ની જગતમાં કેટલી કિંમત હતી? તેના વખતની પ્રજા તેને કેટલું માન આપતી હતી? **સત્ય શોધકો પ્રકાશમાં આવ્યા પછીજ તેની કિંમત થાય** છે નહિ તો ત્યાં સૂધી તેની જગતમાં હાંસીજ! પ્રભુભક્તોની પ્રભુભક્તિ પણ આજ વખતે સફલ થાય છે. કહ્યું છે કેઃ—

જ્યાં લગી જગમાં હોય ન હાંસી,
ત્યાં લગી ભક્તિ હોય ન સાચી.

સત્યની શોધ (પ્રભુભક્તિ) પાછળ મનુષ્ય મંડયો એટલે વિષયો તે સ્વાભાવિક ભૂલી જાય છે. વિકારો, ઇચ્છાઓ, વાંચ્છનાઓ, અને વિષયોથી દૂર થતાં તેને પોતાનું કેન્દ્ર જડે છે. તે પ્રભુમાં–આત્મામાં પોતાના કેન્દ્રને જૂએ છે. કેન્દ્રની પ્રાપ્તિની સાથે તેને આનંદનો સાક્ષાત્કાર થાય છે. ઘણી વખતની મનની અસ્થિર સ્થિતિમાં હજી પણ સંપૂર્ણ આનંદની ઝાંખી થતી નથી. થોડા કાલની સ્થિરતા પછી તેની ભાવનાઓ આત્મામાં પ્રભુમાં વધુ દૃઢ થાય છે; અને પરિણામે તેનો આનંદ વિકાસ પામી વૃદ્ધિ પામતો જાય છે. પ્રભુમાં સ્થિરતા થયા પછી તેના આનંદનો અવધિ રહેતો નથી. હવે તે આનંદમાંજ રમણ કરે છે. સત્ય આનંદની આજ પરિસીમા! અને પ્રભુપ્રાપ્તિનું આજ ફળ!

પ્રભુમાં પોતાનું સર્વસ્વ માનનાર પ્રભુભકતજ ત્યાગનો સત્યાર્થ સમજી શકશે. પ્રભુભકિતજ ત્યાગનો ઉપદેશ દે છે. પ્રભુનું હરહંમેશનું સ્મરણ એજ દૃશ્ય વ્યવહારોનું વિસ્મરણ!" અને આખરે વાસ્તવ આનંદ ! આજ પ્રભુભક્તિમાં સત્યાનંદનું રહસ્ય છે.

त्वमेव माता च पिता त्वमेव ।
त्वमेव बंधुश्च सखा त्वमेव ॥
त्वमेव विद्या द्रविणं त्वमेव ।
त्वमेव सर्वं मम देव देव ॥





# ૮—प्रकीर्ण.

## Sparks of the Eternal Light.

### सत्यमेव जयते नानृतम् ।

સત્ય શું ? એ બાબતનો નિર્ણય હજી સૂધી કોઇએ સંપૂર્ણપણે કર્યો નથી. "અમુકજ સત્ય છે." એમ તો કદાચિત્ કહી શકાય પણ "આટલુંજ સત્ય છે." એમ નિશ્ચયાત્મકરીતે કદિ પણ કહી શકાય નહિ. સંપૂર્ણ સત્યને જાણનાર ઘણાજ થોડા વિરલ પુરુષો છે. તે તો વિશ્વની સર્વ ચીજોને સત્ય માને છે.

અપેક્ષાઓ ભિન્ન થતાં અનુમાનો ફરી જાય છે. Conclusions vary with their differences in aspects. સામાન્ય રીતે એક દડાને બહારની અપેક્ષાથી તપાસતાં તે બાહ્યગોળ ( convex ) છે એમ જણાશે; અને તેજ દડાને અંદરની અપેક્ષાથી તપાસતાં તે અંતર્ગોળ ( concave ) જણાશે. આથી અમુક એક ઉકિત માટેના કોઇ પણ પ્રકારના નિર્ણય અગર અનુમાન ઉપર આવતાં પહેલાં જે ખાસ અપેક્ષાથી તે સવાલને તપાસવામાં આવ્યો હોય તે અપેક્ષા પ્રથમ

જણાવવી ઘણીજ આવશ્યક છે. " કોઈ પણ પ્રમાણ સત્ય છે કે અસત્ય તે કહેવા પૂર્વે જે અપેક્ષાથી તેને તપાસવામાં આવ્યું હોય તે અપેક્ષા દર્શાવવા કદિ પણ ભુલવું નહિ.* "

વાસ્તવિક રીતે સનાતન સત્ય શું છે? એને માટે કશો પણ ચોક્કસ નિર્ણય થઇ શકે એમ નથી. અમુક ચીજ પરંપરાથી સત્ય છે એમ ઘણી જગ્યાએ માનવામાં આવે છે. પણ તે મૂળરૂપે શું છે? એવા સવાલના જવાબમાં પરંપરાની પ્રણાલી સિવાય અન્ય કશો પણ જવાબ અપાય એમ નથી.

કાર્ય કારણના નિયમોમાં જો ઉંડા ઉતરીએ તો જણાશે કે, વર્તમાન સમયમાં પ્રચલિત શબ્દો વાસ્તવમાં સત્ય છે કે નહિ તે ચોક્કસ કહી શકાય નહિ. દરેક કાર્યના કારણમાં જો ઉંડા ઉતરીએ તો આખરે ' અનાદિ ' શબ્દજ કબૂલ કરવો પડે છે. " અમુકમાં શું અને અમુકમાં શું " એવો જો વિચાર કરીએ તો તે વસ્તુ સત્ અને અસત્ બન્ને છે, એમ જૂદી જૂદી અપેક્ષાઓ ધ્યાનમાં લેતાં માલમ પડે છે.

**પરાપૂર્વથી ચાલતા આવતા કોઇક કાયદાનેજ જો કોઈ તેનાં પ્રાચીન પૃથાના કારણને લીધે સત્ય કહેતો હોય તો જાણજો કે તેની વિવેક બુદ્ધિ બહેર મારી ગઇ છે. અંધ શ્રદ્ધાને માન આપનારા માણસોને સત્યનો પ્રકાશ કદિ પણ પહોંચી શકે એમ નથી.** પુરાણા કાયદા કે જેઓ સત્ય તરિકે પોતાનું

---

* To say whether a statement is true, the aspect it is viewed from must always be given.

*'Lectures on Concentration.'*

V. R. Gandhi.

રુપ રજુ કરે છે તેઓ માત્ર મંદબુદ્ધિના પરિણામો છે. તેના વાસ્તવિક સત્યને માટે ઉંડા ઉતરી કોઇએ ખોજ કરી નથી; અને તેને લીધેજ તે અસત્ય કાયદાઓ પોતાનું સત્ય તરિકેનું અસ્તિત્વ ટકાવી શકયા છે.

મનુષ્યોમાં પુરુષોને વિશેષ અધિકાર છે અને સ્ત્રીઓને કશો અધિકાર નથી એવી હિન્દુ પરંપરાની માન્યતા કેટલી સત્ય છે તે કુદરતના નિયમો અને બનાવોને ધ્યાનમાં લેતાં માલમ પડશે.

આગળ કહ્યું એ તો એક ચોક્કસ પ્રમાણ થયું, પણ શોધક હવે એક સામાન્ય બીના જાહેર કરે છે. તે કહે છે કે, તમારો જમણો હાથ એ જમણો નથી તેમજ ડાબો હાથ એ ડાબો નથી; માથું એ માથું નથી, તેમજ છાતી કહો છો એ વાસ્તવિક છાતી પણ નથી. તે પૂછે છે કે,-ડાબાને ડાબો કહેવાને તેમજ જમણાને જમણો કહેવાને તેમજ માથાને માથું અને છાતીને છાતી કહેવાને તમારી પાસે શું સત્ય પ્રમાણ છે? હજી પણ જરા આગળ વધી તે જણાવે છે કે, જેને તમો પૂર્વ દિશા કહો છો એ વસ્તુતઃ પૂર્વ દિશા નથી. જેને પશ્ચિમ કહો છો એ પશ્ચિમ નથી. આ સર્વ ઘટનાઓ તમને કદાચિત્ વિપરિત લાગશે, પણ શોધક તેનો હમણાંજ યોગ્ય ખુલાસો કરે છે.

ધારો કે, તમારા જમણા હાથને અનાદિ કાળથી ડાબાનો સંકેત આપ્યો હોત, ધારો કે, તમારા માથાને સૃષ્ટિ ઉત્પત્તિથીજ નાક કહેતા હોત અને છાતીને પગની સંજ્ઞા આપી હોત, તો શું હજી પણ તમે જમણાને ડાબો, માથાને નાક, છાતીને પગ અને પગને કંઇક બીજાનીજ સંજ્ઞાથી ન ઓળખતા હોત

કે ? આ તો એક ફક્ત અનાદિકાળથી ચાલતા આવેલા પુરાણા સંકેત માત્રનું પરિણામ છે. વસ્તુતઃ એ તો એક કલ્પના થઇ.

ખુલ્લા શબ્દમાં કહીએ તો, સનાતન સત્ય શું છે, તે હજી આપણે જાણતા નથી. આપણે તો ખાલી કલ્પનાસૃષ્ટિમાં ભ્રમણ કરીએ છીએ એટલે આપણો ડાબો હાથ તે શું વાસ્તવિક ડાબોજ હશે અગર માથું તે માથુંજ હશે ? આ માટેની કોઇ ખાસ પ્રતીતિ પરંપરાના સંકેત સિવાય અન્ય આપણી પાસે નથી.

આ રીતે આપણે સર્વે એક અગર બીજી સંજ્ઞાથી વસ્તુઓને ઓળખીએ છીએ; બાકી સત્ય શું ? તેની આપણને સહજ પણ ખબર નથી.

કોઇ મનુષ્ય અમુકને સત્ય કહેશે. કોઇ અમુકને અસત્ય કહેશે. વળી કોઈ એક કાર્યને નીતિ કહેશે અને બીજો તેને અનીતિ ગણશે. આ પ્રમાણે **વિશ્વમાં એક સત્યના અજ્ઞાનને લીધે અંધાધુંધી ફેલાઇ રહી છે.**

હંમેશાં સુજ્ઞ હૃદયોમાં એજ વિચાર આવ્યા કરે છે કે, “ આ વિશ્વમાં વાસ્તવિક સત્ય શું ? લોકો તો અમુકને સત્ કહે છે અને અમુકને અસત્ કહે છે તો આપણે તેમાંથી કયું ગ્રહણ કરવું ? ” આજ પ્રમાણે અમુક પાપ અને અમુક પુણ્ય, અમુક નીતિ અને અમુક અનીતિ તથા અમુક સારૂં અને અમુક નબળું એમ માત્ર લોકો પરંપરાના અધ્યાસને લીધે કહે છે એટલુંજ ! ત્યારે આપણે કોને માન્ય કરવું ? ” કેટલીક ચીજો માત્ર સંકલનાથી સત્ય ગણાય છે તો વાસ્તવમાં તેઓ શું છે ? અગર તેને સત્ય કહેવાનું કોઈ પ્રમાણ છે કે નહિ એ એક મહત્વનો વિચારવા યોગ્ય સવાલ રહ્યો.

**હાલ તો પ્રાચીન પ્રથાના કારણને લીધે કેટલીક ચીજો સત્ય છે એમ મનાય છે પણ તે ઉપર વિવેકબુદ્ધિથી કોઇએ નિર્ણય કર્યો નથી.** તો આ પ્રમાણે આંધળાની જાનમાં આપણે પણ આંધળા બની વરરાજાને વગર જોયે વખાણવો એ કેટલી બુદ્ધિ શુન્યતા ગણાય? એકે કહ્યું, બીજાએ કહ્યું, ત્રીજાએ કહ્યું, અને એમ ઘણાએ કહ્યું માટે આપણે પણ તે લોકોની માફક ગાડરીયા પ્રવાહમાં તણાયા કરવું એ વિચારસ્વાતંત્ર્યની કેટલી પરાધીનતા! ચાલતી આવતી પરંપરાનો એક સામાન્ય દૃષ્ટાંત જૂઓ. રૂપીઆની જગ્યાએ વપરાતી હાલની 'નોટો' શું છે? અમૂક નિશાનીવાળા, અમૂક શબ્દ સંકેતવાળા, અમૂક સાહીથી ભૂષિત થયેલા, અમુક દેશને માટે અમૂકજ રંગથી સુંદર બનેલા કાગળને વિનિમયની સવડતાને ખાતર આપણે ફક્ત કલ્પનાથી 'નોટ' કહીએ છીએ. જો કે વાસ્તવમાં 'નોટ' કહેવા માટે આપણી પાસે કોઈપણ સબળ કારણ અગર પ્રમાણ વિદ્યમાન નથી.

આ તો એક કાગળના ચોક્કસ સાંકેતિક શબ્દોથી 'નોટ' થઈ, પણ વિના સંજ્ઞાના લાકડાના અમુક કકડાઓ અમુક રીતે ગોઠવ્યા હોય, એટલામાંજ તેને આપણે ખુરશી કેમ કહીએ છીએ? વળી તેજ લાકડાના કકડાઓને અમુક પ્રમાણમાં ગોઠવ્યા હોય તો તેટલામાં તે ટેબલજ કેમ થઈ ગયું? શું તે લાકડાના કકડાઓને ખુરસી અગર ટેબલ કહેવાને માટે તમારી પાસે કોઇ પણ વાસ્તવિક કારણ છે? સત્ય કહીએ તો એ માત્ર એક કલ્પના થઈ. **યાદ રાખો, કે તમે કાલ્પનિક સૃષ્ટિ** ( Mental world ) **માં ભ્રમણ કરો છો; એટલે જ્યાં સૂધી તમે** આ સ્થિતિમાં છો, ત્યાં સૂધી તમે સર્વ અજ્ઞાનમાંજ ફાંફાં મારો છો.

પ્રતિદિન દૃષ્ટિમાં આવતા સર્વ સ્વરુપો સત્ય વસ્તુની મૂર્તિઓ છે. એટલે જ્યાં સુધી તમોને સત્યનું યથાર્થ જ્ઞાન થયું નથી, ત્યાં સૂધી તમે અજ્ઞાન અને પરતંત્રતાના અવ્યક્ત ઉપાસક છો, એ નિઃસંદેહ! આ સિદ્ધાન્ત પરાવલંબી પરતંત્ર વિચારકોને હાલ સમજાશે નહિ, પણ ભવિષ્યમાં આજ પ્રમાણ તેઓને આડકતરી રીતે ગ્રહણ કરવું પડશે.* સત્ય શોધવાને માટે તમે તમારા પોતાના વિચારો અને તર્કોને માન નથી આપતા એજ મ્હોટી ભૂલ થાય છે. **સત્યતત્ત્વ જાણવાને માટે તો અંતઃપ્રેરણાની સર્વ ઉર્મિઓ અને અનેક તર્કવિતર્કોને ધ્યાનમાં રાખવા એજ આવશ્યક છે.** નહિ તો સામાન્ય રીતે ઘરમાં બેઠાં બેઠાં સત્ય શોધાય, એતો **न भूतो न भविष्यति ।** પુરુષાર્થ વગર સત્ય પ્રાપ્તિ થતી નથી.

તત્વવેત્તા **શોપનહોર** સત્ય માટે લખતાં જણાવે છે કેઃ—

" Truth is no prostitude that throws herself away upon those who do not desire her; she is rather so coy a beauty that he who sacrifices everything to her cannot even then be sure of her favour."

---

* Yet he dismisses without notice his thought, because it is his. In every work of genius we recognise our own rejected thoughts: they come back to us.........

* * * *

Else, to-morrow a stranger will say with masterly good sence precisely what you have thought and felt all the time, and *we shall be forced to take* with shame our own opinion from another. ' *Self-Reliance.* '

Emerson.

“ સત્ય છે તે પોતાની ઉપર ઇચ્છા ન કરનારા ઉપર પોતાની જાતને ખરાબ કરે એવી વેશ્યા જેવું નથી; એ તો એક એવી શરમાળ સૌન્દર્ય મૂર્તિ છે કે એને માટે સર્વસ્વનો ભોગ આપનારને પણ એની કૃપાની ખાત્રી રહેલી કઠિન છે. ”

સત્યને માટે સતત પુરુષાર્થ કરો. તેની પ્રાપ્તિને અર્થે સર્વસ્વનો ભોગ આપો તોજ તમને તેના સૌન્દર્યની કિંચિન્માત્ર ઝાંખી થશે. **લોકો કહે છે તેટલુંજ સત્ય છે એવું માનવાને માટે તમે બંધાયા નથી.** કોઇ **શાસ્ત્રમાં લખ્યું છે માટેજ તે સત્ય છે એમ માનશો નહિ.** કોઇ **મહા પુરુષ અમુક કહી ગયો છે માટેજ તે સત્ય છે એવી પરાધીન બુદ્ધિ રાખશો નહિ; પણ સત્યને ત્યારેજ કબૂલ કરજો** કે જ્યારે તમારૂં અંતઃકરણ **તે સત્ય છે એમ સ્વીકારે.** તમારા પોતાના વિચારોને માટે તમે એકજ જવાબદાર છો.

શાસ્ત્રો, મહા પુરુષો અને લોક વાયકાઓ કેટલીક વખત અમૂક બતાવે છે, અને કેટલીક વખત તેથી તદ્દન વિરુદ્ધજ દર્શાવે છે એટલે તેવા પ્રમાણોપર અદ્ધર લટકવાની તમારે કશી પણ જરૂર નથી. જ્યાં સૂધી સત્ય તપાસવાનું કોઈ એક સાધન તમારી પાહે હશે નહિ ત્યાં સૂધી તમારી સ્થિતિ ધોબીના કુતરાના જેવી રહેશે. આ સાધન તે તમારૂં અંતઃકરણ છે. એના ઉપર પૂર્ણ શ્રદ્ધા મૂકજો અને એની સહાયથી સત્યાસત્યનો નિર્ણય કરજો. આ સિવાય સત્ય માપવાની કોઇ બીજી ચાવી વિદ્યમાન નથી.

તર્કો ગમે તે રસ્તે અસત્‌ને પણ સત્‌ તરિકે પૂરવાર કરે છે. શાસ્ત્રો પોત પોતામાં વિરુદ્ધ જાય છે; અને મહાપુરુષો

પોતાને મનપસંદ ઉપદેશો આપે છે;+ તો આમાં સત્ય તરિકે કોને ગ્રહણ કરવું ? **કોઈ હજી સૂધી એવો મહાત્મા થયો નથી કે જેણે સંપૂર્ણ સત્ય જાહેર કર્યું હોય;** તો વિશ્વાસ કોના ઉપર રાખવો ?

આ સર્વ પ્રકારના અજ્ઞાનાંધકારમાં કોઇક એવી વસ્તુ હોવી જોઇએ કે જેના ઉપર આપણે સત્યાસત્યના નિર્ણય માટેનો સંપૂર્ણ વિશ્વાસ રાખી શકીએ. જો આમ ન હોય તો મનુષ્યો સર્વ ભૂલાવામાં પડયા વગર રહે નહિ. જેમ પૃથ્વી અને અન્ય ગ્રહો ફરે છે એ વાત સિદ્ધ કરવાને સૂર્ય એવા કોઇક સ્થિર દ્રવ્યની જરૂર છે કે જેના ઉપરથી ઉક્ત પ્રમાણ નિકળે છે તેવી રીતે દરેક મનુષ્યની પાસે કોઇ એક એવું સત્ય તપાસવાનું સાધન હોવું જોઇએ કે જે ઉપરથી કહી શકાય છે કે, "અમૂક સત્ય છે અને અમૂક અસત્ય છે."

પ્રત્યેક વ્યક્તિ પાસે આ સત્યાસત્યનો નિર્ણય કરનાર એક જબરજસ્ત સાધન છે કે જેને આપણે **અંતઃકરણ** (conscience)

---

\+ સરખાવો:—

**तर्कोऽप्रतिष्ठः श्रुतयो विभिन्नाः**
**नासौ मुनिर्यस्य वचः प्रमाणम् ।**
**धर्मस्य मूलं निहितं गुहायां—**

* * *

सुभाषितवल्ली.

" તર્ક અવિશ્વાસપાત્ર છે અને શાસ્ત્રો એક બીજાથી જૂદાં પડે છે; તથા કોઇ એવો મહાત્મા નથી કે જેના વચનોને સંપૂર્ણ માન અપાય, ધર્મનાં મૂળો તો ઘણાંજ ઉંડાં છે. * * * * * "

કહીએ છીએ. આ અંતઃપ્રેરણાઓ ઉપર જો આપણે બરોબર ધ્યાન આપીએ તો આપણને સત્યથી ચ્યુત થવાનો કદિ પણ ભય રહે નહિ. અંતઃકરણ સત્યને જાણે છે. સર્વના અંતઃકરણ સમાન છે. મહાત્મા એમરસન કહે છે કેઃ—

There is (but) one mind common to all individual men.

"મનુષ્ય માત્રનું મન સામાન્ય રીતે એક છે."

આ અંતઃકરણ ઉપર ભરોસો મૂકનાર માણસો આખરે જીતે છે. જેમ રંગબેરંગી ફાનસોમાંનો દીપક સદા સર્વદા એકજ છે, પણ માત્ર કાચનાજ કારણે જૂદા જૂદા રંગો અને પ્રકાશ જણાય છે. જોકે વાસ્તવમાં પ્રકાશનું સત્ય સ્વરુપ એકજ છે તેવી રીતે અંતઃકરણ–દીપક ઉપર સાંસારિક સંજોગોની જૂદી જૂદી 'ચીમનીઓ' મૂકવામાં આવી છે તેથીજ તેનો પ્રકાશ સમ–વિષમ જણાય છે નહિં તો મૂળ અંતઃકરણનો પ્રકાશ હરહંમેશ એકજ છે.

ચોરનું અંતઃકરણ તેમજ ખુનીનું હૃદય સત્યને જાણે છે, પણ તેને સંજોગોને અનુસરવું પડે છે એટલુંજ ! ચૌર્ય કાર્ય કરતી વખતે ચોરનું અંતઃકરણ તેને ડંખે છે છતાં પણ તે તેની વિરુદ્ધ કર્મ કરે છે. ખુનીને પણ ખુન કરતી વખતે તેનું અંતઃકરણ સૂચના આપે છે. તે ઉભયનાં હૃદયો તેમ કરતાં બ્હીએ છે. ચોર જાણે છે કે "ચોરીનું કાર્ય ખોટું છે" છતાં પણ જીવનના પ્રસંગો તેને તેમ કરવાની ફરજ પાડે છે.

એક વેપારી સાથેના પ્રસંગમાં મણિને માલુમ પડયું હતું. કે, "લુચ્ચાઇ કરનાર પોતે જાણે છે કે લુચ્ચાઈ સારી નથી છતાં પણ તે અંતઃપ્રેરણાથી વિરુદ્ધ વર્તે છે." વ્યભીચાર કર-

નાર પોતે જાણે છે કે વ્યભીચાર એ અનીતિ છે છતાં તે તેમ કરે છે. આજ હાલના જમાનાની ખુબી છે. મનુષ્યો અન્યને છેતરે એતો ઠીક! પણ તેઓ પોતાના અંતઃકરણને છેતરવામાં પણ ચુકતા નથી, એતો એક ન જોયલું આશ્ચર્ય !!!

"ખોટું બોલીને તમે લોકોને કેમ છેતરો છો ?" એવો એક દુકાનદારને સવાલ કરતાં, તેણે કહ્યું;–"ભાઇ! દુનીઆને ત્હેં હજી જોઈ નથી; એટલે શું કહીએ ? અમે જાણીએ છીએ કે જુઠું ન બોલવું જોઇએ પણ પ્રસંગો એવા આવે છે કે જુઠું બોલ્યા વગર ચાલતું નથી; અને જો તેમ ન કરીએ તો ભીખ માગવાનોજ વારો આવે." મણિને તો તેના આ જવાબથી પૂર્ણ સંતોષ થયો. ખરેખર ! મનુષ્યો કેટલા અધમ અને સત્યથી ચ્યુત છે તેનો ખ્યાલ આજેજ આવી શકયો.

લોકો કહે છે કે, "આમ ન કરવું જોઇએ." પણ જો તેઓના ચારિત્રને તપાસીએ તો તે આચરણ તેણેજ પ્રથમ કર્યું હોય એમ માલમ પડે છે. હાલ તો સર્વત્ર મહદ્ સૂત્રોને ચરિતાર્થ કરનાર વીર પુરુષોનીજ ઘણી જરૂર છે. Example is better than precept. બોલવું એ તો સર્વ મિથ્યા છે. તમે જાણો છો કે, અમુક કરવું એ ખોટું છે છતાં તમે તેમ કરો એ એક પ્રકારનો સ્વયં વિશ્વાસઘાત કર્યો કહેવાય.

તમે જાણો છો કે, ઝેર ખાવાથી મનુષ્ય મરી જાય છે છતાં પણ તે જ્ઞાનને તમો આચારમાં ન મૂકો તો પરિણામ શું આવવાનું ? તમે જાણો છો કે, જુગાર ન રમવો જોઇએ, ક્રોધ ન કરવો જોઇએ, છતાં પણ જો તમે તેમ કરો તો તમારા જ્ઞાનનું

શું ફળ? એક બાજુથી તમે કહેતા જાઓ કે, નિંદા ન કરવી જોઈએ અને તેજ વખતે તમે કોઈની નિંદા કરવા માંડો તો તમારા કથનની શી કિંમત? "બ્રહ્મચર્ય પાળવું જોઇએ, અને તેથી અપૂર્વ શક્તિ આવે છે" એવું ભાષણ કરનાર મનુષ્ય જો પોતે યોગ્ય બ્રહ્મચર્ય ન પાળતો હોય તો તેના શબ્દો ઉપર કેટલો વિશ્વાસ રહે?

ભાઇઓ! સત્ય જ્ઞાન તો તેજ છે કે જેને આચારમાં મુકયું છે. જયાં સૂધી કોઇ જ્ઞાનને તમે આચારમાં મુકયું નથી ત્યાં સૂધી તે તમારે માટે સત્ય નથી. સત્ય જ્ઞાની તો તેજ છે કે જેણે પોતાના જ્ઞાનને વર્તનમાં ઉતાર્યું છે.

જગતમાં નીતિ, જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યની વાતો કરનાર ઘણા છે, પણ વ્હાલાંઓ! જરા તપાસી જૂઓ કે તેમાંથી કેટલા મનુષ્યોએ નીતિ પાળી છે; અને કેટલાઓએ ઘરબાર છોડી દીધાં છે, "સંસાર સર્વ મિથ્યા છે, અન્તે કશું પણ આવનાર નથી. 'જે હાથે તે સાથે' પૂત્ર કલત્ર કોના છે? દૂનીઆ ફાની છે. એતો એક દિવસનું મુસાફરખાનું છે." એમ परोपदेश पाण्डित्यम् દર્શાવનારા ઘણા પુરુષો જગતમાં દૃશ્ય થાય છે પણ તેમાંથી કેટલાઓએ સત્ય ત્યાગ ગ્રહણ કર્યો છે? તેમાંના કેટલા પોતાના કથનને વર્તનમાં ઉતારે છે?

હાલ તો ડાહી ડાહી વાતો કરવાજ મનુષ્યોનું શુરાતન આવી ગયું છે. એક અધમમાં અધમ ગણાતો મનુષ્ય પણ તત્વ-જ્ઞાનની વાતો કરવા ચૂકશે નહિ. પાપી પણ પાપને ધિક્કાર્યા વગર રહેશે નહિ; વ્યભિચારી પણ વ્યભીચાર પ્રત્યે ઘૃણા દર્શા-

ળવા ભૂલશે નહિ; પણ સત્યવીર પુરુષ તો તેજ છે કે જે એ સર્વ બાબતોને પોતાના જીવનમાં પ્રત્યક્ષ કરી બતાવે. સત્યજ્ઞાન તે એનું નામ છે. બોલવા અને લખવાના કરતાં આપણા વર્તનનેજ આપણું પુસ્તક બનાવો. આ સિવાય બીજે કોઇ માર્ગે લોકોને સત્ય જ્ઞાન આપી શકાય એમ નથી.

नान्यः पन्था विद्यतेऽयनाय ।

જો અંતઃકરણની પ્રેરણા પ્રમાણે દરેક મનુષ્ય ચાલવા પ્રયત્ન કરે તો હું નથી ધારતો કે દુનીઆમાં વિશેષ દુઃખ રહે. એક વખત શાસ્ત્રોને માનવું બાજુએ મુકીએ, ગુરુના કથનને ઉથાપીએ, અને મહાપુરુષોના વચનોને ઉંચે ટાંગી દઇએ પણ જો આપણા અંતઃકરણને યોગ્ય ન્યાય આપીએ તો તેથી કદિ પણ અસત્ય થવાનો ભય નથી.

મહાત્મા એમર્સન લખે છે કેઃ—

On my saying, what I have to do with the sacredness of traditions, *if I live wholly from within?* My friend suggested,—"But these impulses may be from below, not from above." I replied, "They do not seem to me to be such; *if I am the Devil's child, I will live then from the Devil." No low can be sacred to me but that of my nature.*

શાસ્ત્રો શું કહે છે? તેઓ તો તમારી અંતઃપ્રેરણા પ્રમાણે ચાલવાને માટે આજ્ઞા આપે છે. મહાત્માઓ શું કહે છે? તેઓ પણ ઉપર પ્રમાણેજ ઉપદેશ આપે છે; પણ સર્વથી શ્રેષ્ઠ તો એ કે, જગતના વિચારોને બાજુએ રહેવા દઇ તમારી

પોતાની અંતઃપ્રેરણાને અનુસરો. આ સિવાય સત્ય જાણવાનો અને તેને વ્યહવારમાં મુકવાનો અન્ય માર્ગ નથી.

વેદના ઉપાસકો ! વેદમાંજ કેમ બંધાવો છો ? તેટલાનેજ સત્ય ગણી તેટલામાંજ કેમ અંધ બનો છો ? શું આ સિવાય વિશ્વમાં બીજું સત્ય હશેજ નહિ ? અમુકમાં મર્યાદિત થવાનું શું પ્રયોજન ? હે ! ખ્રિસ્તીઓ ! માત્ર બાયબલનેજ કેમ અંધપણે વળગી રહો છો ? બુદ્ધના અનુયાયીઓ ! માત્ર બુદ્ધનાજ વિચારોને કેમ સર્વ સત્ય માનો છો ? હે ! સર્વ ધર્મના સંપ્રદાયવાળાઓ ! ત્હમારાં ધર્મશાસ્ત્રોનેજ કેમ ત્હમારી વાડ બનાવો છો ? તેટલામાંજ કેમ સંકુચિત થાઓ છો ? તમારે માટે આખુ જગત્ ખુલ્લું છે. શાસ્ત્રમાં સંકુચિત થતાં તમારે તેના દરેકે દરેક પ્રમાણો સત્ય માની, તેના નિયમો પાળી, પરિમિત અને પરતંત્ર થવું પડે છે. શા માટે તમો વેદ, કુરાન, બાયબલ આદિ એકનેજ માનો છો ? અને અમૂક ત્હમારો ધર્મ હોઈ તેમાં છે તેટલું બધુંજ સત્ય છે એમ શ્રદ્ધા મુકી દો છો ? ખુલ્લે ખુલ્લું જગતને પોકારીને કહો કેઃ-

અમે વેદના, પુરાણના, બાયબલના, કુરાનના અગર કોઇ પણ શાસ્ત્ર કિંવા ધર્મના ઉપાસક નથી પણ સત્યના ઉપાસક છીએ. અમે સત્યના અનુયાયી છીએ. વેદ, અગર અમુક ધર્મશાસ્ત્રજ અમારૂં પ્રમાણ નથી. સત્યજ અમારૂં પ્રમાણ છે. તેજ અમારો ધર્મ છે.

**नास्ति सत्य समो धर्मो न सत्याद्विद्यते परम् ।**

**સત્યની ઉપાસના એજ ખરી પ્રભુભક્તિ છે. અને સત્યના ઉપાસકોજ માત્ર સહ પ્રભુભકતો છે.**

અહિં પણ હું એટલું જણાવીશ કે, આ પુસ્તક અગર કહો કે મ્હારૂં લખાણ કદાચ તર્ક અને ઉકિત પ્રમાણે સત્ય જેવું લાગતું હોય, અગર તો શાસ્ત્ર આધારે સત્ય છે એમ જણાય માટેજ ( એમ ગણી સંકુચિત થઈ) તેને સત્ય તરીકે એકદમ માન્ય કરશો નહિં. હજી પણ એના સંપૂર્ણ સત્ય માટેની તમને યથાર્થ પ્રતિતી ન થઈ હોય તો **મણિ** હજી જણાવે છે કે, મ્હારા લખાણને પૂર્ણ સત્ય માનશો નહિ. જેટલું સત્ય તમને મ્હારા લખાણમાં જણાય તેટલુંજ ગ્રહણ કરવાને તમે બંધાયો છે. આ લખાણ મ્હારે માટે સત્ય છે પણ બીજા મ્હારા વાચકવૃંદને માટે હું કશું કહી શકું એમ નથી. **સત્યાસત્યનો નિર્ણય કરવાનો દરેક મનુષ્યને પોતાને હક્ક છે.**

કેટલાકોનું કહેવું એવું થાય છે કે, "શાસ્ત્રોમાં લખ્યું હોય, પરાપૂર્વથી ચાલતું આવતું હોય અને સ્વજાતિય મનુષ્યે શોધ્યું હોય તોજ તેને સત્ય તરિકે માન્ય કરી શકાય." આ પ્રમાણે તેઓ સત્યની વિશાળતાને મર્યાદિત કરવા પ્રયત્ન કરે છે. આ ઉક્તિને વિશાળ દૃષ્ટિથી જોઇએ તો, "આગળ હતું નહિ અને હાલ થયું, તેમજ કોઇ પણ ધર્મશાસ્ત્રોમાં લખ્યું નથી, તેમજ અન્ય જાતિએ (ખ્રિસ્તીએ, મુસલમાને, અગર અન્ય કોઇએ ) કોઇ પ્રમાણ શોધી કહાડયું છે માટે તે સત્ય નથી" એમ કહેવું એતો સત્યને પરિમિત કરનારૂં એક અંધશ્રદ્ધાનું પરિણામ થયું.

મણિ હવે સ્વતંત્રપણે પૂછે છે કે, શું વેદમાં લખ્યું હોય તેજ અને તેટલુંજ સત્ય છે એમ કહેવાનો તમારી પાસે કયો આધાર છે? અમૂકજ સત્ય છે એમ કહેવાનો તમારી પાસે કોઈ પણ સબળ પુરાવો છે? વેદ ઇશ્વરપ્રેરિત છે એમ કહેશો તો તે સાથેજ અન્ય ધર્મ પુસ્તકો પણ ઇશ્વરપ્રેરિત છે એમ કહ્યા વગર ચાલશે નહિ, કેમકે જેટલો ઈશ્વરને હિંદ ઉપર પ્રેમ છે તેટલોજ તેને ઇતર દેશોપ્રતિ પણ છે. ઇશ્વર પક્ષપાતી નથી. તેને તો સર્વ દેશો સમાન છે, એટલે ઇશ્વર વેદમાંજ સર્વ સત્ય સમાવી દે અને અન્ય કોઇ પણ ધર્મશાસ્ત્રને સત્યનો પ્રકાશ ન આપે એમ ગણવું અગર કહેવું ઈશ્વરને ન્યાયી ગણનાર મનુષ્યને ઉચિત નથી. આ રીતે વેદમાં અગર કોઈ ધર્મશાસ્ત્રમાં અમક નથી માટે તે સત્ય નથી એ ન્યાય તદ્દન અવાસ્તવિક છે. વિશાળતાના ઉચ્ચ ઉદ્દેશને સંકુચિત પ્રમાણ કેટલું સત્ય લાગે છે?

"સૂર્યની ફરતે પૃથ્વી ફરે છે એવું બાયબલમાં અગર વેદમાં કિંવા અન્ય કોઈ ધર્મશાસ્ત્રમાં લખ્યું ન હતું, તેમજ પૂર્વે કોઇ મનુષ્યે આ સત્ય શોધ્યું ન હતું, તેમજ ગેલીલીઓ નામના એક વિજાતિય (ખ્રિસ્તી) મનુષ્યે તે શોધી કહાડયું માટે હિંદુસ્તાનના કોઈ પણ મનુષ્યે અગર યુરોપીયન સિવાયના કોઇ પણ માણસે તે સત્ય તરિકે ગ્રહણ કરવું નહિ? આ શું વાસ્તવિક પ્રમાણ થયું.

ન્યુટન એક વિદેશીય ખ્રિસ્તી હતો; ગુરુત્વાકર્ષણનો મુખ્ય

નિયમ પૂર્વે કોઇ પણ મનુષ્યના જાણવામાં ન હતો, તેમજ બાયબલ અને વેદ આદિ કોઇ પણ ધર્મશાસ્ત્રમાં તેને માટે કશો પણ ઉલ્લેખ કર્યો ન જણાયો, માટે શું ગુરુત્વાકર્ષણનો કાયદો ખોટો છે? અગર તો તે કાયદો કોઇ વિજાતિય મનુષ્યોએ માન્ય ન કરવો એ શું વાસ્તવિક કારણ થયું? આવી મર્યાદિત વ્યાખ્યાઓ શું સત્યને લાગુ પડી શકે એમ છે?

**સત્યને પુરાવર કરવાને માટે પ્રમાણોની જરૂર નથી. સત્ય શાસ્ત્રોની મદદ માગતું નથી.** સ્વતંત્રતા અને સત્યનો ઉપાસક તો હંમેશાં એમજ કહેશે કેઃ—

સત્યને માટેજ તમારૂં જીવન છે; કહો કે, સત્યજ તમારે માટે છે. શાસ્ત્રના પ્રમાણો અને સિદ્ધાંતોને બાજુએ મુકી જે વખતે ગમે તે જાતિના મનુષ્ય તરફથી તમને કોઇ પણ પ્રકારનું સત્ય મળે તો તે ગ્રહણ કરવું સર્વ રીતે યોગ્ય છે. એટલુંજ નહિ પણ તે ગ્રહણ કરવા કદિ પણ ચુકવું નહિ. સત્યને માટે દેશ, કાળ, જાતિ, ભેદ, ધર્મ આદિ કોઇ પણ સાધનો વિઘ્નકર્તા નથી.

'ચાંડાલની પાસેથી પણ વિદ્યા મળે તો તે શીખવી, અને નીચ કુળમાંથી પણ કુલિન સ્ત્રી પ્રાપ્ત થાય એમ હોય તો તે લેવી. **સત્ય કદિ પણ અશુદ્ધ થતું નથી; તે તો સદા સર્વદા શુદ્ધજ છે.**

જો કોઈ પણ બાબતનું સત્ય રહસ્ય તમને બરોબર રીતે ધ્યાનમાં ઠસ્યું હોય, જો તેના સત્યની પ્રતિતી તમને કોઇ પણ

રીતે થઇ હોય, તો પછી ધર્મશાસ્ત્રોના અગર નીતિશાસ્ત્રોના પ્રમાણો દૂર શોધવા જવાની તમારે જરા પણ જરૂર નથી. અંતઃકરણે કબૂલ કર્યું તેજ સત્ય છે; અને સત્ય ઠર્યું ત્યાંથીજ તે શાસ્ત્ર પ્રમાણ થયું. સત્યને સત્ય ઠરાવવાને માટે બીજા કોઇ પણ વિશેષ પ્રમાણની આવશ્યકતા નથી. સત્ય પોતાની મેળેજ પ્રકાશે છે.

ૐ ! !! ૐ !!!

સમાપ્ત

# અગત્યના શબ્દોનું શુદ્ધિપત્રક.

| પૃષ્ઠ. | લીટી. | અશુદ્ધ. | શુદ્ધ. |
| --- | --- | --- | --- |
| ૨ | ૨૧ | ‘ ગાડ ’ | ‘ ગૉડ ’ |
| ૧૫ | ૨૦ | સત્ય પ્રાપ્ત | સત્ય પ્રાપ્તિ |
| ૨૨ | ૮ | જીવના | જીવનના |
| ૨૩ | ૪ | પૂતવી | પૂતળી |
| ૨૪ | ૧ | આપો. | આપો- |
| ૩૨ | ૧૫ | તમારાં | તમારામાં |
| ૪૬ | ૨૩ | Nor | Now |
| ,, | ૨૪ | Nor | Now |
| ૫૧ | ૬ | પ્રભુના | પ્રભુભકતોનાં |
| ૫૭ | ૨૨ | how live | how to live |
| ૬૭ | ૬ | વિવેક વૃદ્ધિથી | વિવેક બુદ્ધિથી |
| ૬૯ | ૨ | મકવાની | મૂકવાની |
| ૭૦ | ૩ | એશ્વર્યનું | ઐશ્વર્યનું |
| ૭૪ | ૧૭ | તે | .... |
| ૮૧ | ૨ | ાપ્ત | પ્રાપ્ત |
| ૯૧ | ૧૮ | થયા | થાય |
| ૯૪ | ૨૦ | પુતળી | ઢીંગલી |

| પૃષ્ઠ. | લીટી. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ૧૦૪ | ૧૦ | ઉઘાડની | ઉઘાડવી |
| ,, | ૨૪ | नित्यधस्तुषु | नित्यवस्तुषु |
| ૧૩૧ | ૧૨ | મૂાતમંત | મૂર્તિમંત |
| ૧૩૯ | ૭ | કરનાને | કરવાને |
| ,, | ૧૭ | કકવા | કરવા |
| ૧૪૪ | ૧૦ | મિયનોની | નિયમોની |
| ,, | ૧૪ | કુદરતા | કુદરતના |
| ૧૫૨ | ૫ | वहुधा | बहुधा |
| ૧૫૮ | ૪ | જન | જૈન |
| ૧૬૧ | ૧૮ | ઘણા | ઘૃણા |
| ૧૬૨ | ૬ | ઘણા | ઘૃણા |
| ,, | ૧૨ | માગા | માર્ગો |
| ૧૮૦ | ૮ | ઇદ્રિન્યાવકારો | ઇન્દ્રિયવિકારો |
| ૧૮૫ | ૧૮ | કીતને | કીર્તિને |

છપાય છે!  છપાય છે!!

# પરમહંસની —

# — પ્રસાદી.

નીતિ તથા સત્ય જ્ઞાનનો ઉત્તમ બોધ આપનાર **મહાત્મા શ્રી પરમહંસજી માધવદાસજી**ના અમૂલ્ય વચનામૃતનું લેખક મસ્ત-"**મણિ**" તરફથી તૈયાર થયેલું એક અપ્રતિમ પુસ્તક. ઉક્ત **મહાત્માશ્રીની** નૈતિક કથાઓને મૂળરૂપે રાખી તેના ઉપર સંપૂર્ણ તેમજ સ્ફૂટ વિવેચન કરવામાં આવ્યું છે. પૃષ્ઠ લગભગ ૪૦૦ થશે; સારાં લીસાં 'ગ્લેઇઝ' પૃષ્ઠો અને પાકું સોનેરી પુઠું છતાં પણ મહાન વિગ્રહના પ્રસંગે કિંમત માત્ર રૂ. ૨-૦-૦. આગળથી ગ્રાહક થનારને રૂ. ૧-૮-૦ ગ્રાહક થવાને સત્વર નીચેને શીરનામે લખોઃ—

**મણિભાઇ હરિભાઇ દેશાઇ.**

હાલર, (વાયા વલસાડ.)